ગુજરાત રાજ્યના શિક્ષણવિભાગના પત્ર-ક્રમાંક
મશબ/1215/178/છ, તા. 24/11/2016 -થી મંજૂર

# રાજ્યશાસ્ત્ર

## ધોરણ 12

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર-382010

© ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર

આ પુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**વિષય-સલાહકાર**

પ્રા. દિનેશ એમ. શુક્લ

**લેખન-સંપાદન**

ડૉ. હેમા એમ. જીકાદરા (કન્વીનર)
ડૉ. ગજેન્દ્ર બી. શુક્લ
ડૉ. ભાનુકુમાર એમ. પરમાર
ડૉ. અશોક બી. પુરોહિત
પ્રા. મુકેશ એસ. પટેલ

**સમીક્ષા**

પ્રા. ધીરુભાઈ જે. ધંધુકીયા
ડૉ. પુષ્પાબહેન મોતીયાની
ડૉ. ડી. ડી. ઝાલા
ડૉ. ગજેન્દ્રસિંહ પી. જાડેજા
ડૉ. નિપા યુ. વ્યાસ
શ્રી ગૌતમભાઈ બી. પટેલ
શ્રી અનિલભાઈ એચ. પંડ્યા
શ્રી ધર્મેશકુમાર સી. પટેલ
શ્રી રામભાઈ એન. કેશવાલા

**ભાષાશુદ્ધિ**

ડૉ. જશભાઈ પટેલ

**સંયોજન**

શ્રી આશિષ એચ. બોરીસાગર
(વિષય-સંયોજક : ગણિત)

**નિર્માણ-સંયોજન**

શ્રી હરેન શાહ
(નાયબ નિયામક : શૈક્ષણિક)

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય અભ્યાસક્રમોના અનુસંધાનમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. આ અભ્યાસક્રમો ગુજરાત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા મંજૂર થયેલા **ધોરણ 12, રાજ્યશાસ્ત્ર** વિષયના નવા અભ્યાસક્રમ અનુસાર તૈયાર કરવામાં આવેલ આ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ આનંદ અનુભવે છે.

આ પાઠ્યપુસ્તકનું લેખન તથા સમીક્ષા નિષ્ણાત શિક્ષકો અને પ્રાધ્યાપકો પાસે કરાવવામાં આવ્યાં છે. સમીક્ષકોનાં સૂચનો અનુસાર હસ્તપ્રતમાં યોગ્ય સુધારાવધારા કર્યા પછી આ પાઠ્યપુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકને રસપ્રદ, ઉપયોગી અને ક્ષતિરહિત બનાવવા માટે મંડળે પૂરતી કાળજી લીધી છે. તેમ છતાં શિક્ષણમાં રસ ધરાવનાર વ્યક્તિઓ પાસેથી પુસ્તકની ગુણવત્તા વધારે તેવાં સૂચનો આવકાર્ય છે.

**પી. ભારતી** (IAS)
નિયામક
તા. 04-11-2019

કાર્યવાહક પ્રમુખ
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : 2017, પુનઃ મુદ્રણ : 2018, 2019, 2020**

**પ્રકાશક** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર 10-એ, ગાંધીનગર વતી પી. ભારતી , નિયામક
**મુદ્રક** :

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે, તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની;

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

*ભારતનું સંવિધાન : કલમ 51-क

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ | 1 |
| 2. | ભારતમાં ચૂંટણીઓ | 13 |
| 3. | ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો | 24 |
| 4. | વિકાસ અને લોકશાહી | 36 |
| 5. | શાંતિ અને વિકાસ | 43 |
| 6. | ભારત અને વિશ્વ | 50 |
| 7. | સંયુક્ત રાષ્ટ્ર | 62 |
| 8. | પર્યાવરણ અને વૈશ્વિક રાજકારણ | 68 |


●

# 1 ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ

કોઈપણ લોકશાહી રાજ્યમાં રાજકીય પક્ષો મહત્ત્વનાં અંગ તરીકે અગત્યનું સ્થાન ધરાવે છે. કારણ કે લોકશાહીમાં રાજકીય પક્ષો અનિવાર્ય ગણવામાં આવે છે. રાજકીયપક્ષો એ લોકશાહીનો પાયો છે. લોકશાહીના સામાન્ય રીતે બે પ્રકાર પાડવામાં આવે છે. (1) પ્રત્યક્ષ લોકશાહી અને (2) પરોક્ષ લોકશાહી. વિશાળ વિસ્તાર અને વસ્તી ધરાવતા ભારત જેવા દેશમાં લોકો પ્રત્યક્ષ રીતે શાસન ચલાવી શકે નહિ. આથી લોકો પ્રતિનિધિઓને ચૂંટે છે. તેઓ લોકો વતી  અને લોકોને જવાબદાર રહી શાસન ચલાવે છે, તેને પરોક્ષ અથવા પ્રાતિનિધિક લોકશાહી કહેવામાં આવે છે. પરોક્ષ અથવા પ્રાતિનિધિક લોકશાહીમાં શાસન ચલાવવાનું સાધન તે રાજકીય પક્ષો. આપણે આ પ્રકરણમાં રાજકીય પક્ષ તેનો અર્થ-વ્યાખ્યા-સ્વરૂપ, ભારતમાં પક્ષપ્રથા, મિશ્ર-સરકાર, લોકશાહીમાં વિરોધપક્ષની ભૂમિકા, લોકમત, હિતજૂથો અને દાબજૂથો વિશે ચર્ચા કરીશું. અહીં એટલું નોંધવું જોઈએ કે લોકશાહીમાં રાજકીય પક્ષોની ખૂબજ અગત્ય હોવા છતાં, સામાન્ય રીતે, લોકશાહી દેશોનાં બંધારણોમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવતો નથી.

**વ્યાખ્યા અને સ્વરૂપ**

લોકશાહીમાં વિચાર, વાણી, અભિવ્યક્તિ તેમજ સંગઠનનું સ્વાતંત્ર્ય હોય છે. આથી અનેક મત અથવા વિચારસરણી ધરાવતા રાજકીય પક્ષો લોકશાહીમાં શક્ય બને છે. મોટા ભાગે વ્યક્તિઓ કોઈ ને કોઈ રાજકીય પક્ષ સાથે જાણે-અજાણે વૈચારિક રીતે સંબંધ ધરાવે છે. સામાન્ય રીતે રાજકીય પક્ષ એ પ્રજાકીય પ્રશ્નો વિશે સમાન વિચારો ધરાવતા વધારે કે થોડા મનુષ્યોનો સમૂહ છે, જે રાજકીય એકતાથી કાર્ય કરી પોતાની પૂર્વયોજિત નીતિના અમલ અર્થે શાસનતંત્ર ઉપર અંકુશ મેળવવા પ્રયત્નશીલ હોય છે.

રાજકીય પક્ષની જુદા-જુદા વિદ્વાનોએ જુદી-જુદી વ્યાખ્યાઓ આપી છે જે નીચે મુજબ છે.

(i) પ્રો. મેકાઈવરના મતે '' રાજકીય પક્ષ એ એક એવું સંગઠન છે કે જે ચોક્કસ સિદ્ધાંત કે વિચારસરણીના આધારે બંધારણીય માર્ગો દ્વારા સત્તાનાં સૂત્રો કબજે કરવા પ્રયત્ન કરે છે.''

(ii) ગિલક્રિસ્ટના મંતવ્ય પ્રમાણે '' રાજકીય પક્ષની એવી વ્યાખ્યા આપી શકાય કે તે નાગરિકોનો એક વ્યવસ્થિત સમૂહ છે, જે સમાન રાજકીય વિચારો ધરાવે છે અને રાજકીય એકમ તરીકે વર્તીને સરકારને અંકુશિત કરવાનો અથવા સત્તા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે.''

રાજકીય પક્ષની આ વ્યાખ્યાઓમાંથી તેના સ્વરૂપને સ્પષ્ટ કરતા નીચેના મુદ્દાઓ તારવી શકાય.

(ક) રાજકીય પક્ષ સમાન વિચારધારા ધરાવતા નાગરિકોનું વ્યવસ્થિત સંગઠન હોય છે.

(ખ) રાજકીય પક્ષમાં રાજકીય વિચારોની સમાનતા હોય છે.

(ગ) લોકશાહીમાં રાજકીય પક્ષનો મુખ્ય ઉદ્દેશ બંધારણીય માર્ગે રાજકીય સત્તા પ્રાપ્ત કરવાનો છે.

(ઘ) રાજકીય પક્ષોનો હેતુ પોતાની માન્યતા અનુસાર પ્રજાકીય હિત સાધવાનો હોય છે.

**રાજકીય પક્ષની અગત્ય**

લોકશાહી શાસન વ્યવસ્થામાં રાજકીય પક્ષોએ ઘણી જ અગત્યની જવાબદારી અદા કરવાની હોય છે. લોકશાહી ઢબે આધુનિક રાજકારણનું સંચાલન રાજકીય પક્ષો વિના લગભગ અશક્ય છે. રાજકીય પક્ષો લોકો અને સરકાર વચ્ચે સંધાન કરી આપતી કડી છે. વિવિધ સામાજિક વર્ગો અને પરિબળોને રાજકારણમાં પ્રતિબિંબિત કરવાનું કાર્ય પણ રાજકીય પક્ષો કરે છે. લોકોનું રાજકીયકરણ કરવામાં રાજકીય પક્ષો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એટલું જ નહિ, પણ રાજકારણમાં ભાગ લેવા માટે સંસ્થાકીય માળખું પૂરું પાડે છે.

રાજકીય પક્ષોની ઊણપો અને ખામીઓ હોવા છતાં, આધુનિક પ્રાતિનિધિક લોકશાહીમાં તેમનો અન્ય કોઈ વિકલ્પ નહીં હોવાથી રાજકીય પક્ષો વિના લોકશાહીનું સંચાલન કરવું અતિ મુશ્કેલ છે. લોકશાહીની કેટલીક અનિવાર્ય જરૂરિયાતોના કારણે રાજકીય પક્ષોનું અસ્તિત્વ અને કાર્યો મહત્ત્વનાં બની રહે છે.

**રાજકીય પક્ષોનાં કાર્યો**

આપણે જોયું તેમ આધુનિક લોકશાહી પક્ષપ્રથા પર આધારિત છે. પક્ષો લોકો અને સરકારીતંત્ર વચ્ચે મહત્વની કડીની ભૂમિકા ભજવે છે. રાજકીય પક્ષો નીચે મુજબનાં કાર્યો કરે છે.

**(1) લોકોને સંગઠિત કરવાનું કાર્ય કરે છે :** રાજકીય પક્ષોનું પ્રથમ કાર્ય રાજ્યમાં રહેતા ભિન્ન-ભિન્ન વિચારસરણી ધરાવતા લોકોમાંથી સમાન વિચારો ધરાવતા લોકોને સંગઠિત કરવાનું છે. રાજકીય પક્ષો લોકોની ઇચ્છાને ચોક્કસ અને સ્પષ્ટરૂપ આપીને તેને વ્યક્ત કરવાનું કાર્ય કરે છે.

**(2) લોકમત ઘડવાનું કાર્ય કરે છે :** દરેક રાજકીય પક્ષનું મુખ્ય ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોય છે. આ માટે બહુમતી મતદારોનો ટેકો મેળવવો અનિવાર્ય બની જાય છે, પરિણામે દરેક પક્ષ લોકમતને ઘડવાનું અને તેને પોતાની તરફ વાળવાનું કાર્ય કરે છે.

**(3) મતદારોને રાજકીય શિક્ષણ પૂરું પાડે છે :** રાજકીય પક્ષો મતદારોને પોતાની નીતિ સમજાવે છે. પોતાના ઉમેદવાર તથા કાર્યક્રમ માટે વિવિધ રીતે પ્રચાર કરે છે. રાજકીય પક્ષો મતદારોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જાગૃત કરે છે. ટૂંકમાં, મતદારોને રાજકીય સમજ આપીને પક્ષો ચૂંટણી સમયે તેમને નિર્ણય કરવા પ્રોત્સાહન પૂરું પાડે છે. આમ રાજકીય પક્ષો મતદારોને રાજકીય શિક્ષણ પૂરું પાડે છે.

**(4) સરકારની રચના કરવાનું કાર્ય કરે છે :** રાજકીય સત્તા પ્રાપ્ત કરવી અને સરકારની રચના કરવી એ કોઈ પણ રાજકીય પક્ષનું સૌથી મહત્ત્વનું કાર્ય અથવા ધ્યેય છે. સંસદીય લોકશાહીમાં જે પક્ષને ધારાસભાના નીચલાગૃહમાં બહુમતી બેઠકો મળે તે સરકારની રચના કરે છે અને તે દ્વારા તેણે જાહેર કરેલાં કાર્યક્રમો, નીતિઓ, ધ્યેયો વગેરેને અમલમાં મૂકવાનો પ્રયાસ કરે છે.

**(5) વૈકલ્પિક સરકાર રચવાની તક પૂરી પાડે છે :** સંસદીય શાસનપ્રથામાં કોઈ એક જ પક્ષ કાયમ માટે સત્તા પર રહેતો નથી. કોઈ કારણસર સત્તાધારી પક્ષ બહુમતી ગુમાવે, તો વિરોધપક્ષ વૈકલ્પિક સરકારની રચના કરે છે.

**(6) વિરોધપક્ષ તરીકેની કામગીરી બજાવે છે :** વિરોધપક્ષનું કાર્ય સરકાર પર અંકુશ રાખવાનું હોય છે. જે પક્ષ સામાન્ય ચૂંટણીમાં બહુમતી મેળવે તે સરકાર રચે છે અને બાકીના પક્ષો વિરોધપક્ષની કામગીરી બજાવે છે. વિરોધપક્ષનું મુખ્ય કાર્ય સરકારની ખામીઓ, ઊણપો, ગેરરીતિઓ વગેરે ખુલ્લી કરવાનું અને તેવી નીતિઓની ટીકા કરવાનું છે. વિરોધપક્ષ જો જાગૃત હોય તો સરકારને ખડેપગે રહેવું પડે છે. આ રીતે વિરોધપક્ષ સરકારને સત્તાનો દુરુપયોગ કરતાં રોકે છે.

**(7) લોકો અને સરકારને સાંકળવાનું કાર્ય કરે છે :** રાજકીય પક્ષો લોકો અને સરકાર વચ્ચે કડી બનવાની કામગીરી બજાવે છે. રાજકીય પક્ષોની હાજરી અને કામગીરી લોકોને સરકારના સંપર્કમાં રાખે છે. સત્તાધારી પક્ષ લોકોને પોતાનાં કાર્યોથી માહિતગાર રાખે છે તેમજ વિપક્ષ લોકોને સરકારનો ગેરવહીવટ, ગેરરીતિઓ તથા નબળાઈઓની ટીકાઓ કરીને તેમને માહિતગાર કરે છે. આમ પક્ષો લોકો અને સરકારને સાંકળે છે.

રાજકીય પક્ષો આ બધાં કાર્યો ત્યારે જ અસરકારક રીતે બજાવી શકે, જો તેઓ વ્યવસ્થિત રીતે સંગઠિત થયેલા હોય અને પોતાની ભૂમિકા વિશે જાગૃત હોય.

**રાજકીય પક્ષના લાભ-ગેરલાભ**

રાજકીય પક્ષોની ભૂમિકા જોયા પછી હવે આપણે રાજકીય પક્ષના લાભ-ગેરલાભનો અભ્યાસ કરીશું.

**રાજકીય પક્ષના લાભ**

**(1) સમાન વિચારસરણી ધરાવતા લોકોને સંગઠિત કરે છે :** જે લોકો જુદા-જુદા પ્રશ્નો અને તેમના નિવારણ સંબંધી સમાન વિચારો ધરાવે છે, તેમને એકત્ર અને સંગઠિત કરવાનું કાર્ય રાજકીય પક્ષો કરે છે. જુદા-જુદા વિસ્તારોમાં રહેતા લોકો અમુક પ્રશ્નો અને તેમના નિવારણ માટે સમાન વિચારો ધરાવતા હોય તેમને એકત્ર કરે છે.

**(2) અહિંસક માર્ગ દ્વારા સરકારની ફેરબદલ શક્ય બનાવે છે :** રાજકીય પક્ષોનો સ્વીકાર એટલે ચૂંટણી પ્રથાનો સ્વીકાર. પરિણામે નિયત સમયે અથવા તો જરૂર પડે તો, તે પહેલાં પણ સામાન્ય ચૂંટણી યોજવામાં આવે છે. જેમાં વિવિધ પક્ષો ભાગ લે

છે, અને બહુમતી બેઠકો મેળવતો પક્ષ સત્તા ધારણ કરે છે, આમ ચૂંટણીઓના માધ્યમથી સરકારની શાંત-અહિંસક ફેરબદલમાં રાજકીય પક્ષો ઉપયોગી પુરવાર થાય છે. જ્યાં મજબૂત પક્ષપ્રથા ન વિકસી હોય તેવા દેશોમાં સરકારોમાં પરિવર્તન કરવા હિંસા અથવા ક્રાંતિનો આશરો લેવામાં આવે છે.

**(3) સરકારી તંત્રને ગતિશીલ બનાવે છે :** રાજકીય પક્ષો જ્યારે વિરોધપક્ષો તરીકે કામ કરે છે ત્યારે તેમનું મુખ્ય કાર્ય સરકારનાં કાર્યો, નીતિઓ, વહીવટ વગેરેની ટીકા કરવાનું હોય છે. વિરોધપક્ષની ટીકાઓ સરકારને ખડેપગે રહેવાની ફરજ પાડે છે અને ટીકાઓથી બચવા સરકારી તંત્ર વધુ વ્યવસ્થિત કાર્ય કરે છે. આમ પક્ષો સરકારી તંત્રને ગતિશીલ બનાવવામાં ફાળો આપે છે.

**(4) સરકાર નિરંકુશ બની શકતી નથી :** આપણે સૌ જાણીએ છીએ કે લોકશાહીમાં સરકાર જાહેરમત પર ચાલતી હોવાથી સરકાર સત્તાનો દુરુપયોગ ન થાય, તેમજ પોતાની વિરુદ્ધ જાહેરમત ન જાય તેની ખાસ કાળજી રાખે છે. આમ, વિરોધપક્ષ જાહેરમતને પોતાના તરફ વાળવા સતત પ્રયત્નશીલ હોવાથી સરકારની ટીકા કરવાની તક જતી કરતો નથી અને તેનાથી ડરીને સરકાર નિરંકુશ બનવાની હિંમત કરી શકતી નથી.

**(5) ચૂંટણી લડવા માટે અસરકારક પીઠબળ પૂરું પાડે છે :** આજના સમયમાં ચૂંટણી વ્યવસ્થા એટલી બધી ખર્ચાળ તથા વ્યાપક બની ગઈ છે કે રાજકીય પક્ષની મદદ સિવાય ચૂંટણીમાં ભાગ લેવો શક્ય નથી. પક્ષના સભ્ય બનવાથી પક્ષના સમગ્ર તંત્રની તેમજ નાણાં ભંડોળની ચૂંટણી પ્રચાર માટે મદદ મળી રહે છે. આમ, પક્ષ ચૂંટણી લડવા માટે જરૂરી નાણાકીય પીઠબળ પૂરું પાડે છે.

રાજકીય પક્ષોનાં કાર્યોમાં આપણે જોઈ ગયા છીએ કે તેઓ લોકોમાં જાગૃતિ આણવાનું , દેશ અને સમાજના પ્રશ્નો વિશે સભાન કરવાનું, લોકોને ઉદ્યુક્ત અને સંગઠિત કરવાનું વગેરે કાર્યો કરે છે. આ બધાને રાજકીય પક્ષોના લાભ તરીકે પણ ઘટાવી શકાય. રાજકીય પક્ષોના જેમ લાભ છે તેમ તેના કેટલાક ગેરલાભ પણ છે, જે નીચે પ્રમાણે છે.

**રાજકીય પક્ષના ગેરલાભ**

**(1) સમાજમાં જૂથવાદ ઊભો કરે છે :** જુદા-જુદા રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવવાથી સમાજ તેના ટેકેદારો વચ્ચે વહેંચાઈ જાય છે. એટલે કે સમાજમાં રહેતા લોકો જુદા-જુદા પક્ષના ટેકેદારો હોવાથી પક્ષાપક્ષી ઊભી થાય છે, જ્યારે રાજકીય પક્ષો રાજકીય રમતના નિયમો પ્રમાણે રમતા નથી, ત્યારે આ પ્રકારનો જૂથવાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. પરિણામે દેશનું રાજકીય જીવન ડહોળાઈ જાય છે.

**(2) બુદ્ધિશાળી અને શક્તિશાળી વ્યક્તિઓના લાભથી સમાજ વંચિત રહે છે :** સંસદીય શાસનપ્રથામાં ધારાસભામાં બહુમતી ધરાવતો પક્ષ સરકારની રચના કરતો હોવાથી પ્રધાનમંડળમાં પોતાના પક્ષના સભ્યોની જ પસંદગી કરે છે. વિરોધપક્ષમાં કે રાજકારણમાં ન હોય એવી બુદ્ધિશાળી, કાર્યક્ષમ વ્યક્તિઓની સેવાઓના લાભ પક્ષપ્રથાને કારણે મળતો નથી. રાજકીય પક્ષો રાજકારણને એટલું બધું ડહોળી નાંખે છે કે બુદ્ધિશાળી વ્યક્તિઓ રાજકારણમાં ભાગ લેતાં અચકાય છે.

**(3) રાજકીય પક્ષો કૃત્રિમ સમાનતા ઊભી કરે છે :** રાજકીય પક્ષો પોતાના રાજકીય સ્વાર્થ સાધવા માટે વિચારોમાં સામ્ય ન હોય છતાં સામ્ય છે એવો ભાસ ઊભો કરીને કૃત્રિમ સમાનતા ઊભી કરે છે. પરિણામે પોકળ સમાનતા અસ્તિત્વમાં આવે છે, જે આવકારદાયક નથી.

**(4) વ્યક્તિનાં વ્યક્તિત્વ અને સ્વાતંત્ર્યને હાનિ પહોંચાડે છે :** વ્યક્તિનું આગવું વ્યક્તિત્વ કે સ્વાતંત્ર્ય રહેતું નથી. કારણ કે પક્ષના સભ્ય તરીકે તેણે પક્ષના નિર્ણયો સ્વીકારી તે પ્રમાણે જ વર્તવું પડે છે. આ જ પ્રમાણે ધારાસભામાં પણ પક્ષના સભ્યોએ પક્ષના આદેશ પ્રમાણે મતદાન કરવું પડે છે. કેમકે પક્ષની શિસ્તનો ભંગ કરવો મુશ્કેલ છે અને શિસ્તભંગ કરનારને શિક્ષા માટે પણ તૈયાર રહેવું પડે છે. તેનો અર્થ એવો થાય છે કે વ્યક્તિ પોતાનું વ્યક્તિત્વ અને સ્વતંત્રતા ગુમાવે છે. પરિણામ એ આવે છે કે વ્યક્તિ પક્ષરૂપી યંત્રનો એક ભાગ બની જાય છે.

**(5) રાજકીય જીવન અસ્થિર બનાવે છે :** જ્યારે સંસદીય લોકશાહીમાં બે સબળ પક્ષો હોતા નથી અને કોઈ પણ પક્ષ સરકાર રચવા જેટલી બહુમતી મેળવી શકતો નથી ત્યારે અસ્થિર રાજકીય જીવન શરૂ થાય છે. અનેક પક્ષો દ્વારા રચાયેલી સરકારમાંથી

પક્ષપલટો થતાં અથવા એક કે એક કરતાં વધુ પક્ષ દ્વારા ટેકો પાછો ખેંચી લેતાં બહુમતી લઘુમતીમાં ફેરવાઈ જાય છે અને સરકારનું પતન થાય છે. આવું વારંવાર બને તો સ્થિર સરકાર રચવી મુશ્કેલ બને છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે દેશના વિકાસ માટે સ્થિર સરકાર અનિવાર્ય ગણાય છે.

**(6) સંકુચિત દૃષ્ટિને પ્રોત્સાહન મળે છે :** રાજકીય પક્ષો વિશાળ દૃષ્ટિકોણ અપનાવવાને બદલે પોતાનો રાજકીય સ્વાર્થ સાધવા સંકુચિત દૃષ્ટિકોણ અપનાવે છે. રાષ્ટ્ર અથવા રાષ્ટ્રહિતો કરતાં પક્ષ અથવા પક્ષીયહિતોને અગ્રિમતા આપે છે. 'પક્ષ પહેલાં, રાષ્ટ્ર પછી' ની માનસિકતા રાષ્ટ્રને નુકસાન પહોંચાડે છે.

**(7) લોકોની લાગણીઓને ઉશ્કેરે છે :** ક્યારેક રાજકીય પક્ષોના નેતાઓ અથવા કાર્યકરો પક્ષીય સ્વાર્થ ખાતર લોકોની લાગણીઓને બહેકાવે છે, ઉશ્કેરે છે. લોકશાહીમાં સ્વસ્થચિત્તે, બુદ્ધિપૂર્વક નિર્ણય લેવાની પ્રક્રિયામાં આથી અવરોધ ઊભો થાય છે. ક્યારેક લોકશાહી ટોળાશાહીમાં સરકી પડે છે, જેનાં ગંભીર દુષ્પરિણામો આવી શકે.

આ પ્રમાણે રાજકીય પક્ષના લાભ-ગેરલાભ અસ્તિત્વ ધરાવે છે. રાજકીય પક્ષના લાભ અને ગેરલાભનો અભ્યાસ કર્યા પછી આપણે એમ કહી શકીએ કે પક્ષપ્રથામાં ખામીઓ રહેલી હોવા છતાં પણ તેમાં જે ફાયદા છે તેણે પક્ષપ્રથાને અનિવાર્ય બનાવી દીધી છે. લોકશાહીમાં તો પક્ષપ્રથાનો વિકલ્પ મળવો મુશ્કેલ છે.

**પક્ષપ્રથાના પ્રકાર**

આધુનિક પ્રાતિનિધિક લોકશાહીમાં રાજકીય પક્ષો અગત્યનું સ્થાન ધરાવે છે. અસરકારક અને કંઈક અંશે પ્રભાવશાળી રાજકીય પક્ષોની સંખ્યા કેટલી છે એને આધારે પક્ષપ્રથાના પ્રકાર પાડવામાં આવ્યા છે. આ દૃષ્ટિએ પક્ષપ્રથાના સામાન્ય રીતે ત્રણ પ્રકાર સ્વીકારવામાં આવ્યા છે. (i) એકપક્ષ પ્રથા (ii) દ્વિપક્ષ પ્રથા અને (iii) બહુપક્ષ પ્રથા.

**(i) એકપક્ષ પ્રથા :** જ્યાં એક જ રાજકીય પક્ષ હોય અને સત્તાનાં સૂત્રો તે રાજકીય પક્ષ જ ધરાવતો હોય તેવી વ્યવસ્થાને 'એક પક્ષ પ્રથા' કહેવામાં આવે છે. આ એક જ પક્ષને કાયદેસર માન્યતા મળેલી હોય છે અને અન્ય પક્ષોને પ્રતિબંધિત કરવામાં આવ્યા હોય છે. એટલું જ નહિ, જરૂર પડે દબાવી દેવામાં કે કચડી નાંખવામાં આવ્યા હોય છે. તેના નેતા અને અગત્યના કાર્યકરો કાં તો જેલમાં પુરાય છે અથવા તેમની હત્યા કરાય છે. ઘણું ખરું આવી પ્રથા બિનલોકશાહી શાસનતંત્રોમાં જોવા મળે છે. આવા તંત્રોમાં નામ પૂરતી ચૂંટણી યોજવામાં આવે તો એક જ પક્ષના ઉમેદવારોને મત આપવો પડે છે. સરમુખત્યારશાહી તંત્રો પોતાની સરકારને લોકોનું સમર્થન છે એવું દેખાડવા ખાતર આવી ચૂંટણી યોજે છે. સામ્યવાદી, ફાસીવાદી વગેરે શાસનપ્રથાઓ એકપક્ષ પ્રથાના દાખલા પૂરા પાડે છે.

**(ii) દ્વિપક્ષ પ્રથા :** દ્વિપક્ષ પદ્ધતિ આધુનિક લોકશાહીને પોષક ગણાય છે. સંસદીય પ્રકારની લોકશાહીમાં દ્વિપક્ષ પદ્ધતિ અત્યંત ઉપયોગી ગણવામાં આવે છે. દ્વિપક્ષ પદ્ધતિ એટલે બે મુખ્ય અને સબળ રાજકીય પક્ષોનો સ્વીકાર. પરંતુ તેનો અર્થ એવો નથી કરવાનો કે રાજ્યમાં માત્ર બે મુખ્ય પક્ષો સિવાય અન્ય કોઈ રાજકીય પક્ષો હોતા નથી. હકીકતમાં તો બે રાજકીય પક્ષો ઉપરાંત બીજા રાજકીય પક્ષો પણ અસ્તિત્વ ધરાવતા હોય છે. પરંતુ રાજકીય સ્પર્ધા મુખ્યત્વે બે પક્ષો વચ્ચે ચાલતી હોય ત્યાં દ્વિપક્ષ પ્રથા અસ્તિત્વ ધરાવે છે એમ કહી શકાય. બ્રિટન, અમેરિકા અને કેટલાક પશ્ચિમી દેશોમાં દ્વિપક્ષ પ્રથા કામ કરતી જોવા મળે છે.

**(iii) બહુપક્ષ પ્રથા :** બહુપક્ષ પ્રથા એટલે જ્યારે રાજ્યમાં કોઈ પણ બે સબળ રાજકીય પક્ષ હોતા નથી, પરંતુ ઘણા રાજકીય પક્ષો હોય છે, ત્યારે તે પક્ષપ્રથાને 'બહુપક્ષ' પ્રથા કહેવામાં આવે છે. આવી પક્ષપ્રથા હેઠળ કોઈ એક પક્ષને સરકાર રચવા કે ચલાવવા જેટલી બહુમતી પ્રાપ્ત ન થાય તો વધુ પક્ષો જોડાણ રચીને મિશ્ર સરકાર અથવા જોડાણ સરકારની રચના કરે છે. જોકે આવી સરકારોમાં અસ્થિરતાનું પ્રમાણ વધારે જોવા મળે છે. આમ છતાં બહુપક્ષપ્રથા હેઠળ રચાતી મિશ્ર સરકારો હંમેશાં અસ્થિર અને બિન અસરકારક જ હોય એવું નથી. દા.ત. ભારતમાં યુનાઈટેડ પ્રોગ્રેસિવ એલાયન્સ (UPA) ની સરકાર 2004 થી 2014 સુધી એમ બે મુદત સુધી રહી અને પોતાની કામગીરી બજાવી હતી.

**ભારતમાં પક્ષપ્રથાનું સ્વરૂપ : એક પક્ષ પ્રભાવપ્રથા**

રાજ્યશાસ્ત્રના અભ્યાસીઓએ વિવિધ રાજ્યોમાં અસ્તિત્વ ધરાવતી રાજકીય પક્ષ પદ્ધતિનો અભ્યાસ કર્યા પછી તેને ત્રણ પ્રકારમાં વહેંચવામાં આવી છે. એકપક્ષ પ્રથા, દ્વિપક્ષ પ્રથા અને બહુપક્ષ પ્રથા. ભારતમાં સંખ્યાની દૃષ્ટિએ બહુપક્ષ પ્રથા છે. પણ

છેલ્લા સાત દાયકા દરમિયાન થોડા વર્ષોના ગાળાને બાદ કરતાં એક પક્ષ (કોંગ્રેસ) નો પ્રભાવ રહ્યો છે. ભારતમાં પ્રવર્તતી પક્ષપ્રથાને આ ત્રણેય પ્રકારમાંથી કોઈ પણ એકમાં મૂકી શકાય તેમ ન હતું. પરિણામે 1964 ના અરસામાં પ્રા. મોરિસ જોન્સ અને પ્રા. રજની કોઠારીએ તેને 'એક પક્ષ પ્રભુત્વ પ્રથા' કે 'એક પક્ષ પ્રભાવ પ્રથા' એવું નામ આપ્યું છે.

ભારતમાં આઝાદી પછી એકપક્ષ પ્રભાવપ્રથાના ઉદ્ભવ અને ઠીક-ઠીક લાંબાગાળા સુધીના સાતત્ય પાછળનાં કારણો અને પરિબળો ટૂંકમાં નીચે મુજબ બતાવી શકાય.

(1) રાષ્ટ્રીય મુક્તિ આંદોલનનો દીર્ઘ વારસો, કોંગ્રેસ પક્ષના પ્રભાવ અને સાતત્ય માટે મહદઅંશે જવાબદાર છે. આઝાદી પછી આંદોલનનું સ્વરૂપ ધરાવતા કોંગ્રેસ પક્ષનું એક શક્તિશાળી રાજકીય પક્ષ તરીકે રૂપાંતર થયું છે. અગાઉના રાષ્ટ્રીય ધ્યેયો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા ઘણેબધે અંશે આઝાદી પછી પણ ચાલુ રહી છે.

(2) આઝાદી પછી બીજા પક્ષો લોકસમર્થન અને રાષ્ટ્રવ્યાપી લોકપ્રિયતા હાંસલ કરવામાં સફળ થયા નહીં. સમગ્ર દેશમાં સંગઠન અને નેતૃત્વની દૃષ્ટિએ બીજા પક્ષો કોંગ્રેસની તુલનામાં એકંદરે નબળા રહ્યા છે, જોકે છેલ્લા ત્રણ દાયકા દરમિયાન તેમાં પરિવર્તન આવ્યું છે.

(3) દેશના બહુજન સમાજના વિવિધ સમૂહોને ઉદ્યુક્ત કરી પોતાની તરફેણમાં વાળવાની કોંગ્રેસ પક્ષની શક્તિ અન્ય પક્ષોની તુલનામાં વધારે હતી.

(4) આઝાદીની લડત દરમિયાન મહાત્મા ગાંધીજી, સરદાર પટેલ, પંડિત જવાહરલાલ નેહરૂ, મૌલાના અબુલ-કલામ-આઝાદ, સુભાષચંદ્ર બોઝ, બાબુ જગજીવનરામ જેવા લોકપ્રિય નેતાઓએ કોંગ્રેસને નેતૃત્વ પૂરું પાડેલું. આઝાદી પછી પંડિત નેહરૂ, શ્રીમતી ઇન્દિરા ગાંધી જેવા લોકસંમોહક નેતાઓએ કોંગ્રેસને નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ લોકપ્રિય અને લોકસંમોહક નેતાગીરીનો ફાળો એક પક્ષ પ્રભાવપ્રથાના ઉદ્ભવ અને સાતત્યમાં નાનો સૂનો નથી.

ભારતમાં છેલ્લા ત્રણેક દાયકાથી બહુપક્ષ પ્રથા અસ્તિત્વમાં આવી છે. જોકે 2014 માં થયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપાએ સ્પષ્ટ બહુમતી મેળવી હતી. આ પહેલાં ત્રણેક દાયકાથી કેન્દ્રકક્ષાએ કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હતી. એટલે વધુ પક્ષોની જોડાણ સરકારો કેન્દ્રમાં સત્તા પર આવી હતી. જોકે કેટલાંક રાજ્યોમાં દ્વિપક્ષપ્રથા સ્થપાતી જાય છે.

## મિશ્ર સરકાર : અર્થ, વ્યાખ્યા અને અનિવાર્યતા

### મિશ્ર સરકાર

લોકશાહી શાસન વ્યવસ્થામાં જ્યારે એવી સ્થિતિ સર્જાય છે કે કોઈ પણ એક રાજકીય પક્ષને સરકારની રચના કરવા જેટલી બહુમતી બેઠકો પ્રાપ્ત થતી નથી ત્યારે આવી સ્થિતિમાં મિશ્ર સરકાર રચવાની શક્યતાઓ તપાસવામાં આવે છે. મિશ્ર સરકારની રચના માટે જુદા-જુદા નાના-મોટા રાજકીય પક્ષોની સાથે ચર્ચાઓ, મંત્રણાઓ કરીને રાજકીય પક્ષો સાથે મળીને જોડાણ બનાવે છે. આવું જોડાણ જરૂરી સંખ્યાબળ પ્રાપ્ત કરી શકે, ત્યારે જ તેવા જોડાણના નેતાને સરકાર રચવાનું આમંત્રણ આપવામાં આવે છે અને જે સરકાર બને છે તેને મોરચા સરકાર, સંયુક્ત સરકાર કે મિશ્ર સરકાર તરીકે ઓળખવામાં આવે છે. આ સંયુક્ત સરકાર, એ 'જોડાણના રાજકારણની પ્રક્રિયા'નું પરિણામ છે. 'જોડાણ' માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ coalition લેટિન શબ્દ coalitiõ ઉપરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ 'નજીક આવીને જોડાવું' એવો થાય છે.

આમ, જ્યારે ધારાગૃહમાં કોઈ પણ પક્ષને પોતાની તાકાતના જોરે સરકાર રચવા માટે જરૂરી બહુમતી ન મળે ત્યારે સરકાર રચવામાં મુશ્કેલી ઊભી થાય છે અને એટલે જ છેવટે સરકારની રચના કરવા માટે જુદા-જુદા રાજકીય પક્ષો ભેગા મળીને મિશ્ર સરકારની રચના કરતા હોય છે. ઘણી વખત મિશ્ર સરકારમાં રાજકીય પક્ષો જોડાય છે અથવા તો બહારથી સરકારને મુદ્દા આધારિત ટેકો પણ આપતા હોય છે.

જોડાણ સરકાર કે મિશ્ર સરકાર બે પ્રકારની હોય છે, જેમકે ચૂંટણી પહેલાં જ કેટલાક પક્ષો સમજૂતી સાધી અલગ અલગ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખે છે. તો બીજા પ્રકારમાં પરિણામો આવ્યા પછી કેવી રીતે, કોનો ટેકો લઈ સત્તા પર બેસી શકાય તે આધાર પર જોડાણો કરવામાં આવે છે. જોકે ચૂંટણી પછીનું જોડાણ વધુ 'તકવાદી' હોય છે. તેમાં ટેકો આપનાર પક્ષને

સંતોષવામાં ન આવે તો ટેકો પાછો ખેંચવાની શક્યતા વધારે રહે છે; જ્યારે ચૂંટણી પહેલાંનું જોડાણ વિચારસરણી, નીતિ અને સમાન કાર્યક્રમની વિચારણા પછી કરેલું હોવાથી વધુ ટકાઉ અને આધારભૂત બને છે.

### ભારતમાં મોરચા-મિશ્ર સરકાર

ભારતમાં 1967 ની ચોથી સામાન્ય ચૂંટણીઓમાં આઠેક રાજ્યોમાં જુદાજુદા રાજકીય પક્ષોએ સંગઠિત થઈ સરકાર રચી, પણ તે દરેક રાજ્યમાં જે રાજકીય અસ્થિરતા સર્જાઈ, તેનાથી સૌ ચોંકી ઊઠયા. 1989 પછી કેન્દ્ર કક્ષાએ પણ આવી પરિસ્થિતિ ઊભી થઈ હતી, ત્યારથી આપણે ત્યાં 'મોરચા સરકાર, સંયુક્ત સરકાર કે મિશ્ર સરકારનો યુગ (Age of co-alition-એજ ઓફ કો-એલિશન) ની શરૂઆત થઈ તેવો વિચાર પ્રચલિત બનવા લાગ્યો.

જોડાણ સરકારો એક જ સ્વરૂપની હોતી નથી, ક્યારેક જોડાણ નીચેના બધા પક્ષો સરકારમાં સામેલ થાય છે તો કેટલાકમાં બહારથી ટેકો આપે છે. ભારતમાં 1999 થી 2004માં અટલ બિહારી બાજપેયીની રાષ્ટ્રીય લોકશાહી જોડાણ/મોરચા (નેશનલ ડેમોક્રેટીક એલાયન્સ-એન.ડી.એ. -NDA) ની સરકાર આ પ્રકારની હતી. 2004 થી 2014 સુધી ડૉ. મનમોહન સિંઘની સંયુક્ત પ્રગતિશીલ જોડાણ/મોરચા (યુનાઈટેડ પ્રોગ્રેસીવ એલાયન્સ-યુ.પી.એ. -UPA) પણ આ પ્રકારની સરકાર હતી.

જ્યારે કેટલીકવાર જોડાણ સરકાર લઘુમતીમાં હોય છે. તેને બહારથી ટેકો આપવામાં આવ્યો હોય છે. 1989 માં વી. પી. સિંઘ સરકારને બહારથી સામ્યવાદી પક્ષો અને ભાજપાનો ટેકો હતો. 1996માં એચ. ડી. દેવગૌડા તથા આઈ. કે. ગુજરાલની જનતાદળની મોરચા સરકારને કોંગ્રેસ તથા સામ્યવાદી પક્ષોનો બહારથી ટેકો હતો. 2004 ની ડૉ. મનમોહન સિંઘની યુ. પી. એ. સરકારને સામ્યવાદી પક્ષોનો બહારથી ટેકો હતો.

મિશ્ર સરકાર સંદર્ભમાં રાજકીય ચિંતક બ્યુનોદ મેસ્ક્યૂનું કહેવું છે કે'' વિચારસરણી જોડાણ માટે ગૌણ ભૂમિકા ભજવે છે. પૂરતી મદદ માટેની રાજકીય જરૂરતને લીધે પક્ષો તેમના વૈચારિક મતભેદો બાજુ ઉપર મૂકે છે.'' જોડાણના આ રાજકારણમાં બે અથવા વધુ પક્ષો તેમની રાજકીય જરૂરિયાત પ્રમાણે નજીક આવે છે અને બહુમતી ઊભી કરે છે.

ભારતમાં કેન્દ્ર કક્ષાએ 1989થી શરૂ થયેલ મિશ્ર સરકારના યુગના સંદર્ભમાં રાજકીય પંડિતો માનતા હતા કે હવે ભારત મિશ્ર સરકારોના યુગમાં પ્રવેશ્યો છે તે ઘણાં વર્ષો સુધી ચાલશે અને ભારતમાં હવે કોઈ એક રાજકીય પક્ષ એકલે હાથે સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત કરી, સરકાર બનાવે તેવી સ્થિતિ નથી; પરંતુ 2014 ની લોકસભાની સામાન્ય ચૂંટણીએ રાજકીય પંડિતોને ખોટા ઠેરવ્યા હતા અને આ ચૂંટણીમાં ભાજપાએ એકલે હાથે સ્પષ્ટ બહુમતી બેઠકો પ્રાપ્ત કરી હતી.

### વિરોધપક્ષની ભૂમિકા અને મહત્ત્વ

સંસદીય લોકશાહી એ સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ એ બે પૈડાંથી ચાલતો રથ છે. લોકશાહીમાં જેટલું મહત્ત્વ સત્તાધારી પક્ષનું છે, તેટલું જ મહત્ત્વ વિરોધપક્ષનું પણ છે. દ્વિપક્ષ પદ્ધતિમાં એક પક્ષ સરકારની રચના કરે છે તો બીજો પક્ષ અથવા પક્ષો વિરોધપક્ષની ભૂમિકા ભજવે છે.

### વિરોધપક્ષ કોને કહેવાય?

સામાન્ય ચૂંટણીમાં જે પક્ષને ધારાસભાના નીચલાગૃહમાં બહુમતી બેઠકો મળે છે તે સરકારની રચના કરે અને તેનાથી ઓછી બેઠકો મેળવતા પક્ષનો વિરોધપક્ષ તરીકે સ્વીકાર કરવામાં આવે છે. ભારતમાં માન્ય વિરોધપક્ષ માટે ગૃહના 10% સભ્યો તે પક્ષના હોવા જોઈએ. (ભારતમાં લોકસભામાં જે પક્ષ 10% એટલે કે 54 (545 સભ્ય સંખ્યાના 10%) બેઠકો મેળવે છે તેને અધ્યક્ષ વિરોધપક્ષ તરીકે માન્યતા આપી, તેને વિરોધપક્ષ તરીકે જાહેર કરે છે.)

### વિરોધપક્ષના કાર્યો

વિરોધપક્ષના કાર્યો નીચે મુજબ છે.

### (i) વૈકલ્પિક સરકારની રચના

સત્તાધારી પક્ષ ધારાસભામાં બહુમતી ગુમાવે અથવા તેની વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પસાર થાય અથવા કોઈ કારણસર તેને સત્તા ત્યાગ કરવાની ફરજ પડે ત્યારે રાજ્યના વડા (ભારતમાં રાષ્ટ્રપતિ, યુ. કે.માં રાજા કે રાણી) વિરોધપક્ષના નેતાને સરકાર રચવા માટે આમંત્રણ આપે છે. આમ, વિરોધપક્ષ વૈકલ્પિક સરકાર રચવાની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આવી

પરિસ્થિતિ ગમે ત્યારે ઊભી થાય તો તેને પહોંચી વળવા બ્રિટન જેવા દેશોમાં તો વિરોધપક્ષમાં 'છાયા પ્રધાનમંડળ' (Shadow Cabinet) ની પણ રચના કરવામાં આવે છે. વિરોધપક્ષના આ 'છાયા પ્રધાનમંડળ' માં પક્ષના અગ્રગણ્ય સભ્યો જુદી-જુદી બાબતો ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે અને જ્યારે વૈકલ્પિક સરકાર રચવાની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે સરળતાથી સત્તાનાં સૂત્રો સંભાળી લે છે.

**(ii) લોકમતને આકર્ષવાનો પ્રયાસ**

સંસદીય લોકશાહીમાં સત્તા પ્રાપ્ત કરવા માટે લોકમતને પોતાની તરફ વાળવા માટે વિરોધપક્ષ સતત પ્રયત્નશીલ હોય છે. સરકારની નીતિઓ, ગેરરીતિઓ, વહીવટી ભ્રષ્ટાચાર વગેરેની ટીકા કરીને પોતાની નીતિ કેટલી લોકો ઉપયોગી અને વ્યવહારુ છે તેનો લોકોને સતત ખ્યાલ આપે છે. ઉપરાંત ક્યારેક રચનાત્મક સૂચનો કરીને પણ લોકમતને પોતાની તરફેણમાં વાળવાનો પ્રયાસ કરે છે. આખરે તો, લોકશાહીમાં લોકમત નિર્ણાયક છે. સત્તાધારી પક્ષ અને વિરોધપક્ષ બન્ને લોકમતને પોતાની તરફેણમાં વાળવાનો સતત પ્રયાસ કરતા રહે છે.

**(iii) સરકાર ઉપર અંકુશ મૂકે છે**

વિરોધપક્ષનું એક મહત્ત્વનું કાર્ય સરકાર પર અંકુશ મૂકવાનું છે. પ્રશ્નોત્તરીના સમય દરમિયાન વિરોધપક્ષના સભ્યો જુદા-જુદા ખાતાઓને લગતા પ્રશ્નો પૂછીને સરકાર ઉપર અંકુશ મૂકવાનું કાર્ય કરે છે. ઉપરાંત, (1) નાણાકીય માંગ દરમિયાન (2) સભા મોકૂફીની દરખાસ્ત દ્વારા (3) ઠપકાની દરખાસ્ત દ્વારા કે પછી (4) અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરીને વિરોધપક્ષ સરકારને સતત જાગૃત રાખે છે અને તે દ્વારા તેના ઉપર અંકુશ રાખે છે.

આજનો સત્તાધારી પક્ષ આવતીકાલે વિરોધપક્ષ બની શકે, જ્યારે આજનો વિરોધપક્ષ આવતીકાલે સત્તાધારી પક્ષ પણ બની શકે. આથી બન્ને પક્ષોએ જવાબદારીપૂર્વક પોતાની ભૂમિકા ભજવવી જોઈએ. વિરોધપક્ષે કેવળ વિરોધ કરવા ખાતર વિરોધ ન કરવો જોઈએ તેમ સત્તાધારીપક્ષે વિરોધપક્ષ તો વિરોધ જ કરે, એમ માનીને તેનાં ઉપયોગી સૂચનો અને રચનાત્મક ટીકા ટિપ્પણની ઉપેક્ષા ન કરવી જોઈએ. વિરોધપક્ષનું મહત્ત્વ જોતાં લોર્ડ બ્રાઈસ નામના રાજ્યશાસ્ત્રી કહે છે કે ''વિરોધ નહીં તો લોકશાહી નહીં''(No Opposition, No Democracy).

**વિરોધપક્ષના નેતાનું મહત્ત્વ**

સંસદીય લોકશાહીમાં વિરોધપક્ષના નેતાનું પણ એટલું જ મહત્ત્વ છે, જેમ સત્તાધારી પક્ષ પોતાના નેતાની પસંદગી કરે છે, જે વડાપ્રધાન પદનો કાર્યભાર સંભાળે છે. તેમ વિરોધપક્ષ કે પક્ષો પણ પોતાના નેતાની પસંદગી કરે છે, જે વિરોધપક્ષના નેતા તરીકેની જવાબદારી અદા કરે છે. સંસદીય ચર્ચામાં જ્યારે વિરોધપક્ષના નેતા ભાગ લે છે ત્યારે વડાપ્રધાન સહિત સૌ પ્રધાનો તેમને શાંતિથી અને આદરથી સાંભળે છે. જેમ આજનો વિરોધપક્ષ આવતી કાલનો સત્તાધારી પક્ષ છે, તેમ આજના વિરોધપક્ષના નેતા એ આવતી કાલે વડાપ્રધાન પણ બની શકે છે. આમ, સંસદીય લોકશાહીમાં વિરોધપક્ષના નેતાનું ગૌરવભર્યું સ્થાન છે. તેમને કેબિનેટ કક્ષાના પ્રધાન જેવો દરજ્જો આપવામાં આવે છે.

**લોકમત**

પક્ષપદ્ધતિના વિચારની સાથે લોકમત-જાહેરમતનો ખ્યાલ ગાઢ રીતે સંકળાયેલો છે. એટલું જ નહીં, પરંતુ લોકશાહીમાં લોકમત એ રાજકીય પક્ષોનો ઑક્સિજન ગણાય છે. લોકશાહીમાં છેવટની સત્તા તો લોકો પાસે હોય છે, લોકો જેને ઇચ્છે તેને સત્તાસ્થાને બેસાડી શકે છે અને સત્તાસ્થાનેથી દૂર પણ કરી શકે છે. આથી ''લોકોની ઇચ્છા'' અથવા લોકમત લોકશાહીમાં સૌથી વધુ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. પરિણામે રાજકીય પક્ષો લોકમતને પોતાની તરફેણમાં વાળવાના સતત પ્રયાસ કરતા રહે છે. આ સંદર્ભમાં લોકમતનો ખ્યાલ મેળવવો જરૂરી છે.

**લોકમતની વ્યાખ્યા અને અર્થ**

લોકમતનો સામાન્ય અર્થ છે : લોકોએ વ્યક્ત કરેલ મત અથવા અભિપ્રાય. જ્યારે કોઈ પણ બનાવ, ઘટના, કાયદો, નીતિ-વિષયક મુદ્દા વગેરે વિશે લોકો પોતાની ઇચ્છા કે મત વ્યક્ત કરે ત્યારે લોકમત વ્યક્ત થાય છે એવું આપણે કહેતા હોઈએ છીએ.

લોર્ડ બ્રાઈસ લોકમતની વ્યાખ્યા આ રીતે આપે છે ''સામાન્ય રીતે જે બાબતો પ્રજાને અસર કરે છે અથવા તો જેમાં પ્રજાને રસ પડે છે, તેમના વિશે જ્યારે લોકો સમાન વિચારો ધરાવે છે ત્યારે તેને લોકમત કહેવામાં આવે છે.''

ટૂંકમાં લોકો તેમને સ્પર્શતા પ્રશ્નો અંગે રસ લઈને યોગ્ય માહિતી મેળવી, ચિંતન કરી, તાર્કિક રીતે ચકાસીને જે અભિપ્રાય આપે છે તે લોકમત છે. તે બહુમતીનો મત હોવાની સાથે લઘુમતી પણ વત્તેઓછે અંશે તેમાં સૂર પુરાવતી હોય છે. શાળા કે કૉલેજમાં ફી વધારો કરવામાં આવે ત્યારે ફી વધારો જેમને સ્પર્શતો હોય તેઓ તેનો વિરોધ કરે, ત્યારે એમ કહી શકાય કે લોકમત ફી વધારાની વિરુદ્ધમાં છે.

લોકમતમાં વ્યક્ત થતો મત અથવા અભિપ્રાય, ખરેખર મત અથવા અભિપ્રાય હોવો જોઈએ. મતલબ કે મત ચોક્કસ માહિતી પર આધારિત હોવો જોઈએ. પૂર્વગ્રહો કે ઉતાવળે લેવાયેલ નિર્ણયો પર આધારિત ન હોવો જોઈએ. એ લાગણી કે આવેગ પર આધારિત ન હોવો જોઈએ, પણ તર્કબુદ્ધિ પર આધારિત હોવો જોઈએ; પરિપક્વ ચર્ચા વિચારણા પછી આવેલ તારણ પર આધારિત હોવો જોઈએ.

ઘણીવાર લોકો નેતાઓએ વ્યક્ત કરેલા વિચારોને વગર-વિચારે પોતાના વિચાર અથવા મત તરીકે સ્વીકારી લેતા હોય છે. આવા લોકમતને 'તૈયાર લોકમત'' કહેવામાં આવે છે. તેને સાચા અર્થમાં લોકમત કહી શકાય નહિ. પૂરતી માહિતી અને ચર્ચા વિચારણા બાદ લોકમત ઘડાયેલો હોવો જોઈએ. આવો અસરકારક લોકમત લોકશાહીમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે.

**લોકમતની ભૂમિકા અને અગત્ય**

લોકમતને લોકશાહી સાથે સીધો સંબંધ છે. લોકશાહી આખરે તો લોકમતને આધારે ચાલતી શાસન વ્યવસ્થા છે. જેમ જેમ લોકશાહી પ્રથા સ્થપાતી અને રૂઢ થતી ગઈ તેમ લોકમતના પ્રભાવ અને મહત્ત્વમાં વધારો થતો ગયો છે. ''લોકોની સંમતિ પર આધારિત સરકાર તે લોકશાહી'', એવી લોકશાહીની વ્યાખ્યામાં જ લોકમતની ભૂમિકા અને મહત્ત્વ વ્યક્ત થાય છે. લોકશાહીમાં સત્તા પ્રાપ્ત કરવી, ટકાવી રાખવી કે તેમાં વધારો કરવા લોકમત પર જ આધાર રાખવો પડે છે. સત્તા ગુમાવવાનું એક કારણ પણ પ્રતિકૂળ લોકમત જ હોય છે.

આ દૃષ્ટિએ લોકશાહીમાં લોકમતની ભૂમિકા અગત્યની અને નિર્ણાયક છે. જો લોકમત પોતાની ભૂમિકા બરાબર ન ભજવે તો તે પ્રભાવ ગુમાવે છે અને છેવટે લોકશાહી ખતરામાં મુકાઈ જાય છે. લોકમત લોકશાહી સરકારોની કામગીરીનો મહત્ત્વનો માપદંડ છે.

**આપખુદશાહી અને લોકમત**

લોકશાહીમાં લોકમત અગત્યનું સ્થાન ધરાવતો હોય તે સ્વાભાવિક છે; પરંતુ આપખુદશાહી કે સરમુખત્યારશાહી સરકારોમાં પણ સરમુખત્યારો લોકમત પોતાની તરફેણમાં છે તેમ દેખાડવાના પ્રયત્નો કરતા હોય છે. ઘણીવાર તો આપખુદ શાસક કે સરમુખત્યાર સત્તા પર આવતાં તરત જ વિરોધી લોકમત અને તેના ઘડતર અને અભિવ્યક્તિનાં સાધનોને બળજબરીથી કચડી નાખવાનું કાર્ય કરે છે. તેના પર સખ્ત અંકુશ મૂકે છે. ત્યારબાદ લોકમતને પોતાની તરફેણમાં વાળવા પ્રયાસ કરે છે. સંચાર માધ્યમો પર એકાધિકાર પ્રાપ્ત કરે છે અને પોતાની તરફેણમાં લોકમતને વાળવાનાં વાજિંત્રો તરીકે તેમનો ઉપયોગ કરે છે. આમ, બિન લોકશાહી શાસનતંત્રોએ પણ લોકમત પોતાની તરફેણમાં છે એવું દેખાડવાનો પ્રયાસ તો કરવો પડે છે. આ હકીકત પણ લોકમતનું મહત્ત્વ દર્શાવે છે.

**સંગીન અને અસરકારક લોકમત માટેની જરૂરિયાતો**

લોકમત સાચા અર્થમાં લોકમત બની શકે તેમજ તેની અસર પણ વ્યાપક પ્રમાણમાં થઈ શકે તે માટે નીચે પ્રમાણેની જરૂરિયાતો છે.

(ક) નાગરિકો શિક્ષિત અને જાગૃત હોવા જોઈએ.

(ખ) પ્રજાકીય હિતોની શક્ય એટલી એકરૂપતા હોવી જોઈએ.

(ગ) લોકમત ઘડતર માટેનાં સાધનોનો પ્રામાણિકપણે ઉપયોગ થવો જોઈએ.

(ઘ) રાજકીય સભાનતા હોવી જોઈએ.

(ચ) રાજકીય નેતાઓ પ્રામાણિક અને નિઃસ્વાર્થ ભાવનાવાળા હોવા જોઈએ.

(છ) લોકોને અભિપ્રાય વ્યક્ત કરવાની તેમજ ચર્ચા કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

(જ) બહુમતીએ પણ લઘુમતીના વિચારોનો આદર કરવો જોઈએ.

લોકશાહી શાસન વ્યવસ્થામાં ઉપર્યુક્ત જરૂરિયાતોને જ્યારે સંતોષવામાં આવે ત્યારે જ લોકમત સંગીન અને અસરકારક રીતે ઘડાય છે. એમ થશે તો જ લોકમતનો સાચો હેતુ સરશે, તેથી દરેક લોકશાહી તંત્રમાં ઉપર જણાવેલી શરતોનું પાલન થવું અત્યંત આવશ્યક છે.

## લોકમત ઘડતરનાં સાધનો

લોકમતનું ઘડતર અને તેની અભિવ્યક્તિ જુદાં-જુદાં સાધનો અથવા માધ્યમો દ્વારા થાય છે. જેમાં નીચે પ્રમાણેનાં સાધનો મુખ્ય છે તથા તેઓ લોકમતને વ્યક્ત કરવા માટે આધારભૂત કે અસરકારક ગણવામાં આવ્યાં છે.

**(1) ધારાગૃહો :** ધારાગૃહો લોકમત ઘડતર અને અભિવ્યક્તિનું સૌથી મહત્ત્વનું સાધન છે. ધારાગૃહોમાં થતી ચર્ચા વિચારણા અને વ્યક્ત થતા અભિપ્રાયો લોકમત ઘડવામાં અને તેને વ્યક્ત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિરોધપક્ષો લોકમતને પોતાની તરફેણમાં વાળવા માટે ધારાગૃહોનો સારી રીતે ઉપયોગ કરતા હોય છે. ધારાગૃહોમાં થતી ચર્ચાવિચારણા અને વ્યક્ત થતા અભિપ્રાયોને વ્યાપક પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે, એટલે લોકમત ઘડતર અને અભિવ્યક્તિમાં તેમનું સ્થાન ઘણું મહત્ત્વનું છે.

**(2) રાજકીય પક્ષો અને દાબજૂથો :** લોકમત ઘડતરમાં રાજકીય પક્ષોની ભૂમિકા મહત્ત્વની છે. ચૂંટણી ઢંઢેરા દ્વારા લોકોના પ્રશ્ને સભા, સરઘસ, ઉપવાસ, બંધ, ધરણાં વગેરે દ્વારા લોકમત પોતાની તરફેણમાં વાળવા વિરોધપક્ષો પ્રયત્નશીલ રહે છે. બીજી બાજુ સત્તાધારી પક્ષના નેતાઓ સરકારના કાર્યક્રમોની જાણકારી લોકોને આપીને લોકમતનું ઘડતર કરે છે. જો કે પ્રા. લાસ્કી જણાવે છે તેમ પક્ષો લોકોની વિવેકબુદ્ધિને સ્પર્શવાને બદલે ક્યારેક ભય, ધિક્કાર, ઈર્ષા જેવી હલકી વૃત્તિઓને ઉત્તેજિત કરીને પોતાને અનુકૂળ લોકમત ઘડે છે.

એ જ રીતે સમાજનાં જુદાં-જુદાં જૂથો પોતાના હિતોનું રક્ષણ કરવા માટે વિવિધ મંડળો, સંસ્થાઓ, સંગઠનો રચે છે અને પોતાની તરફેણમાં લોકમત ઘડાય એ માટે સતત પ્રયાસ કરે છે. પોતાની માંગણીઓ સંતોષાશે કે કેમ એનો આધાર છેવટે તો તેમની તરફેણ કે વિરુદ્ધમાં કેટલા પ્રમાણમાં લોકમતનું પીઠબળ છે, તેના ઉપર રહેલો છે. દાબજૂથો અને હિતજૂથો પણ લોકમત ઘડતરના સાધન તરીકે કાર્ય કરે છે, જેની ચર્ચા આગળ કરીશું.

**(3) લિખિત સંચાર માધ્યમો (પ્રિન્ટ મીડિયા) :** લખી-વાંચી શકે એવા લોકોમાં લોકમત ઘડતરનું મહત્ત્વનું સાધન તે લિખિત સંચાર માધ્યમો છે. તેમાં અખબારો, સામયિકો તથા પુસ્તકોનો સમાવેશ થાય છે. અખબારોમાં રજૂ થતા સમાચાર, તેના અંગે થતાં ટીકા-ટિપ્પણો, પૃથક્કરણ વગેરે લોકમત ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એ જ રીતે લિખિત માધ્યમો પ્રવર્તતા લોકમતને વાચા આપવાનું પણ મહત્ત્વનું કાર્ય કરે છે. લોકો શું વિચારે છે તેની જાણકારી નિર્ણય કરનારાઓ અને અમલ કરનારાઓ (સરકાર)ને આ માધ્યમો થકી મળે છે. સામયિકો અને પુસ્તકોનો ફાળો પણ એટલો જ મહત્ત્વનો છે.

**(4) દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો (સિનેમા, રેડિયો અને ટેલિવિઝન) :** જે દેશમાં નિરક્ષરોની સંખ્યા વધુ હોય ત્યાં આ વીજાણુ દૃશ્ય-શ્રાવ્ય સંચાર માધ્યમો ખૂબ અસરકારક ભૂમિકા ભજવે છે. ભારતમાં આ માધ્યમોનો વ્યાપ વધતો જાય છે તેમ તેમનાં મહત્ત્વ અને ભૂમિકા પણ વધતાં જાય છે. ચૂંટણી વખતે તો લોકમતને આમ કે તેમ ઝુકાવ આપવામાં આ માધ્યમો ઘણીવાર મહત્ત્વની ભૂમિકા ભજવે છે. હવે તો ચોવીસ કલાક ચાલતી ન્યૂઝ ચેનલો ભારતમાં શરૂ થઈ છે અને તેમનો પ્રભાવ વધ્યો છે તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

**(5) સભાઓ, રેલીઓ અને સરઘસો :** લોકમત ઘડવામાં અને તેને અસરકારક રીતે વ્યક્ત કરવામાં આ સાધનોનો ઉપયોગ આપણા જેવા દેશમાં વિશેષ પ્રમાણમાં થાય છે. પોતાને કેટલા પ્રમાણમાં લોકોનો ટેકો છે એ દર્શાવવા રાજકીય પક્ષો મોટા પ્રમાણમાં રેલીઓ, સરઘસોનું આયોજન કરે છે. ચૂંટણી વખતે આ સાધનોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે.

**(6) શૈક્ષણિક સંસ્થાઓ :** શાળાઓ, કૉલેજો અને ઉચ્ચશિક્ષણની સંસ્થાઓ લોકમત ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે. લોકમત ઘડતર અને અભિવ્યક્તિમાં તર્કબદ્ધ દલીલોનું મહત્ત્વ વિશેષ છે. આ બધાનું શિક્ષણ અને તેની તાલીમ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ પૂરી પાડે છે. એમનો પ્રભાવ તત્કાળ અને પ્રત્યક્ષ ઓછો હોય છે અને અમુક મુદ્દા કે નીતિની તરફેણમાં કે વિરુદ્ધમાં લોકમત તૈયાર કરવામાં તેઓ અસરકારક ભૂમિકા ભજવે છે. વિકસિત દેશોમાં તેમની ભૂમિકા વિશેષ મહત્ત્વની છે. ભારતમાં પણ તેમનું મહત્ત્વ વધતું જાય છે.

**(7) ધર્મ અને સંપ્રદાય :** લોકમત ઘડતરમાં ધર્મ અને સંપ્રદાય અને તેના વડાઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સામાન્ય રીતે આપણા જેવા દેશમાં ધર્મ અને સંપ્રદાયની અસર લોકમત ઘડતરમાં વિશેષ જોવા મળે છે.

**(8) પ્રત્યક્ષ લોકસંપર્ક :** છેલ્લાં થોડાં વર્ષોથી ચૂંટણીટાણે જાહેરસભાની સાથોસાથ મતદારોમાંથી શક્ય તેટલા મતદારોને પ્રત્યક્ષ મળીને તેમનો સંપર્ક સાધી લોકમતને પોતાની તરફ વાળવાના પ્રયત્નો સતત કરવામાં આવી રહ્યાં છે.

**(9) ટેલિફોન-મોબાઈલ :** લોકમતના ઘડતરમાં ખાસ કરીને ચૂંટણી વખતે નેતાઓ અને કાર્યકરો ટેલિફોનના સાધનનો ઉપયોગ કરી મતદારો સાથે સંપર્ક કરે છે અને પોતાની તરફેણમાં લોકમતને વાળવાના પ્રયાસો થાય છે. છેલ્લાં થોડાં વર્ષોથી મોબાઈલના ઉપયોગનું પ્રમાણ વધતું જ રહ્યું હોવાથી લોકમતને ઘડવા તથા ઈચ્છિત દિશામાં વાળવા માટે એનો સતત ઉપયોગ કરવામાં આવે

છે. તેના દ્વારા SMS-એસ.એમ.એસ. (શોર્ટ મેસેજ સર્વિસ) નો મારો ચલાવીને ચૂંટણી સમયે તેનો લોકમતના સંદર્ભમાં ભારે ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં 2009 માં અને 2014 માં થયેલી સામાન્ય ચૂંટણીમાં ટેલિફોન અને મોબાઈલ ફોનનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવ્યો હતો.

**(10) ઈ-મેઈલ્સ (E-mails ) :** ઇન્ટરનેટના આગમનની સાથે ઇ-મેઇલની સુવિધા પણ પ્રાપ્ત થઈ છે. મતદારોને ઇ-મેઇલ મોકલીને તેમને પોતાના જ પક્ષના ઉમેદવારોને મત આપવાનું દરેક રાજકીય પક્ષ સતત જણાવે છે. ભારતમાં 2004 પછી આ સાધનનો ઉપયોગ ચૂંટણીઓ દરમ્યાન સારા પ્રમાણમાં કરવામાં આવ્યો હતો.

**(11) સોશ્યલ મીડિયા :** આધુનિક સમયમાં સંચાર-માધ્યમો બદલાયાં છે. મતદારો સુધી સહેલાઈથી પહોંચવા માટે હાલમાં રાજકીય પક્ષો સોશ્યલ મીડિયાનો સૌથી વધારે પ્રમાણમાં ઉપયોગ કરે છે. ફેસબુક, ટ્વીટર, બ્લોગ અને વોટ્સએપ દ્વારા પક્ષો લોકમતને પોતાની તરફેણમાં વાળવા સતત પ્રયત્નો કરતા હોય છે. ભારતમાં 2014ની સામાન્ય ચૂંટણીમાં આ સાધનનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવ્યો હતો.

આ પ્રમાણે વિવિધ સાધનોનો ઉપયોગ લોકમત ઘડવા માટે, તેને વ્યક્ત કરવા માટે તેમજ તેને પોતાની તરફ વાળવા માટે રાજકીય પક્ષો દ્વારા કરવામાં આવે છે.

## હિતજૂથો અને દાબજૂથો

આધુનિક રાજ્યોમાં રાજકીય પક્ષો ઉપરાંત વિવિધ રાજકીય જૂથો અસ્તિત્વ ધરાવે છે, જે રાજકીય નિર્ણય પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે. તેમને સામાન્ય રીતે હિતજૂથો અને દાબજૂથો તરીકે ઓળખવામાં આવે છે.

### હિતજૂથો

આપણે જોઈ ગયા છીએ કે સમાજ વિવિધ હિતોનો એક સમૂહ છે. જ્યારે કોઈ માનવસમૂહ સમાનહિત ધરાવતો હોય અને પોતાના હિતનું રક્ષણ કરવા અથવા તેને નુકસાન ન થાય એ સારુ સંગઠિત થઈને સરકારને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તેને હિતજૂથ (Interest Group-ઈન્ટરેસ્ટ ગ્રુપ) તરીકે ઓળખવામાં આવે છે. દાખલા તરીકે ખેડૂતો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, વિવિધ વ્યાવસાયિકો, (ડૉક્ટરો, વકીલો, ઈજનેરો, શિક્ષકો) શ્રમિકો વગેરે પોતાનાં હિતોનું રક્ષણ કરવા અથવા થનાર નુકસાન રોકવા સંગઠિત થાય છે, ત્યારે આવાં હિતજૂથો અસ્તિત્વમાં આવે છે. એમનો મુખ્ય ઉદ્દેશ હિતોનું રક્ષણ કરવાનો હોય છે અથવા પોતાના હિતોને થતું નુકસાન રોકવાનો હોય છે, તે માટે તેઓ રાજકીય પક્ષો, સરકાર, ધારાસભા, વહીવટી તંત્ર વગેરે ઉપર દબાણ લાવે છે. વિશાળ અર્થમાં તેમને દાબજૂથોના એક ભાગ તરીકે પણ ઓળખી શકાય.

હિતજૂથોની સમજૂતી આપતાં કહી શકાય કે હિતજૂથ એ એવા લોકોનું ઔપચારિક સંગઠન છે; જેમનાં સહિયારા હિતો છે, તેમનું રક્ષણ અને સંવર્ધન કરવા નીતિનિર્માણ અને અમલ કરનારાઓને પ્રભાવિત કરવાનો તે પ્રયાસ કરે છે.

### દાબજૂથો

સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયો ઉપર પ્રભાવ પાડનારાં જૂથોને સામાન્ય રીતે દાબજૂથો (Pressure Groups-પ્રેશર ગૃપ્સ) તરીકે ઓળખવામાં આવે છે. તેમનું ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોતું નથી; પણ સરકાર પર દબાણ લાવી તેની નીતિ અથવા કાર્યક્રમોને પ્રભાવિત કરવાનું હોય છે. સામાન્ય રીતે તેઓ સત્તા ઉપર આવવાનો કે પછી ચૂંટણીમાં ઉમેદવારોને ઊભા રાખવાનો હેતુ ધરાવતા નથી; પણ એનો અર્થ એવો નથી કે તેઓ એ હેતુને ચુસ્તપણે હંમેશાં વળગી રહેશે. બ્રિટનના હાલના મજૂરપક્ષની શરૂઆત મજૂરોનાં હિતોનું રક્ષણ કરનાર એક દાબજૂથ તરીકે થઈ હતી; પરંતુ સમયના વહેણ સાથે તેનું સ્વરૂપ બદલાતું ગયું અને તેણે ચૂંટણીઓમાં ઉમેદવારો ઊભા રાખવાનું શરૂ કર્યું. છેવટે તેણે રાજકીય પક્ષનું સ્વરૂપ ધારણ કર્યું. 1945માં પાર્લામેન્ટમાં બહુમતી પ્રાપ્ત કરીને તેણે સરકારની પણ રચના કરી.

દાબજૂથોની સમજૂતી આપતાં કહી શકાય કે, 'દાબજૂથો, સામાન્ય રીતે, કોઈ રાજકીય પક્ષ સાથે નહિ સંકળાયેલી વ્યક્તિઓનું બનેલું સંગઠન છે; જેની રચના કેટલાક સિદ્ધાંતો સિદ્ધ કરવા માટે અથવા પોતાનાં હિતોના રક્ષણ અને વૃદ્ધિ કરવા માટે થઈ હોય છે.' ભારતનાં કેટલાંક પ્રભાવશાળી દાબજૂથોમાં (1) ધી એસોસિયેટેડ ચેમ્બર્સ ઑફ કૉમર્સ (2) ધ ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (FICCI-ફિક્કી) (3) સેન્ટ્રલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (4) ઓલ ઈન્ડિયા ટીચર્સ એસોસિયેશન

વગેરેનો સમાવેશ કરી શકાય. ઉપરાંત રાજ્યસ્તરે પણ આવાં દાબજૂથો હોય છે. જેમકે ગુજરાતમાં કિસાન સંઘ, ગુજરાત ખેડૂત સંઘ, ગુજરાત શિક્ષક સંઘ વગેરે.

**લોબી**

દાબજૂથો અને હિતજૂથો ધારાસભાની બેઠક ચાલુ હોય ત્યારે રજૂ કરવામાં આવતો કોઈ ખરડો કે ઠરાવ, પસાર થાય એ માટે કે પસાર ન થાય એ માટે ધારાસભ્યોને સમજાવવા પ્રયાસ કરે તેને 'લોબી' (Lobby) કહેવામાં આવે છે. સરકાર પર દબાણ લાવવાની આ પ્રકારની પ્રક્રિયાને 'લોબિંગ' (Lobbying)તરીકે ઓળખવામાં આવે છે. મોટા ભાગનાં દાબજૂથો આવી 'લોબી' ધરાવતાં હોય છે અને ધારાસભાની કાર્યવાહી વખતે વિશેષ સક્રિય થતાં હોય છે.

રાજકીય પક્ષો અને દાબજૂથો વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે રાજકીય પક્ષનું ધ્યેય સત્તા પ્રાપ્ત કરવાનું હોય છે, જ્યારે દાબજૂથોનું મુખ્ય ધ્યેય હિતોનું રક્ષણ કરવાનું હોય છે. બીજો તફાવત એ છે કે રાજકીય પક્ષ સમાજમાંથી બને એટલો વધુ ટેકો મળે એ માટે વિવિધ હિતોને આવરી લેવાનો પ્રયાસ કરે છે, જ્યારે દાબજૂથો કોઈ એક ચોક્કસ વર્ગ કે વિભાગના હિતો સાથે સંકળાયેલાં હોય છે.

આમ છતાં ક્યારેક રાજકીય પક્ષો દાબજૂથો જેવી ભૂમિકા ભજવતાં હોય છે. દાખલા તરીકે ભારતમાં એકપક્ષ પ્રભાવપ્રથાના આરંભિક વર્ષો (1952 થી 1967) દરમિયાન વિરોધપક્ષોની ભૂમિકા કોંગ્રેસની અંદરના આ કે તે જૂથ પર દબાણ લાવવાની વિશેષ હતી.

દાબજૂથો પોતાના ધ્યેય પાર પાડવા વિવિધ પ્રકારની પદ્ધતિઓ અપનાવે છે; જેમાં મુખ્યત્વે રાજકીય પક્ષોને મદદ અને સમર્થન, તેમના માટે ચૂંટણીમાં પ્રચાર અને કાર્યકરો દ્વારા મદદ, નીતિ ઘડવૈયાઓ (પ્રધાનમંડળના સભ્યો) અને નીતિઓ અમલ કરનારા અમલદારોનો સંપર્ક વગેરેનો સમાવેશ થાય છે. ક્યારેક દાબજૂથો પોતાની માંગણીઓ સંતોષાય એ માટે હડતાળ, બંધ, ઘેરાવ અને ધરણા જેવા જલદ કાર્યક્રમો પણ આપે છે, ક્યારેક ઉપવાસનો પણ આશરો લે છે. સામાન્ય રીતે આવા જલદ કાર્યક્રમો નાછૂટકે જ આપવા જોઈએ કારણ કે એનાથી ઘણીવાર હિંસા ફાટી નીકળે છે અને કાયદો-વ્યવસ્થાના ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

લોકશાહીમાં રાજકીય પક્ષોની જેમ દાબજૂથોની પણ અગત્ય છે. તેમની અસરકારકતાનો આધાર કેટલાંક પરિબળો પર રહેલો છે. જેમકે; તેમાં નેતાઓની પ્રામાણિકતા અને પારદર્શક વ્યવહાર, સભ્યસંખ્યા, હેતુની સ્પષ્ટતા, વિવિધ સાધનોનો યોગ્ય સમયે ઉપયોગ કરવાની કુશળતા, વાટાઘાટો, સમજાવટ વગેરે કાર્યોમાં કુનેહ વગેરેનો સમાવેશ કરી શકાય.

ભારતમાં શિક્ષણનું ઓછું પ્રમાણ તેમજ દાબજૂથોની રચના અને કામગીરીને લાંબો સમય નહીં થયો હોવાથી ભારતીય દાબજૂથો પશ્ચિમી દેશોનાં દાબજૂથો જેટલાં વિકસિત, સંગઠિત અને પ્રભાવશાળી નથી. તેમનાં મોટાભાગનાં કાર્યો તો રાજકીય પક્ષો જ કરી લેતા હોવાથી રાજકીય પક્ષોથી અલગ અને સ્વાયત્ત એવાં દાબજૂથોનો વિકાસ ધીમો છે.

**સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો**

(1) રાજકીય પક્ષનાં કાર્યોની ચર્ચા કરો.
(2) રાજકીય પક્ષના લાભ-ગેરલાભની ચર્ચા કરો.
(3) વિરોધપક્ષનું મહત્ત્વ સમજાવી તેનાં કાર્યોની ચર્ચા કરો.
(4) લોકમત ઘડતરનાં સાધનોની ચર્ચા કરો.

**2. ટૂંક નોંધ લખો**

(1) રાજકીયપક્ષની અગત્ય
(2) એક પક્ષ- પ્રભાવ પ્રથા
(3) મિશ્ર-સરકાર અથવા જોડાણ સરકાર
(4) આપખુદશાહી અને લોકમત
(5) સંગીન અને અસરકારક લોકમત માટેની જરૂરિયાતો

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) વિરોધપક્ષ કોને કહેવાય ?
(2) દાબજૂથો એટલે શું ?
(3) દ્વિ-પક્ષ પદ્ધતિ એટલે શું?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

(1) લોકશાહીના પ્રકાર જણાવો.

(2) પક્ષપ્રથાના સામાન્ય રીતે કેટલા પ્રકાર પાડવામાં આવ્યા છે ?

(3) ભારતમાં લોકસભામાં કુલ કેટલા સભ્યો હોય છે ?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) ભારતમાં કેન્દ્ર કક્ષાએ મિશ્ર સરકારનો યુગ શરૂ થયો. ☐

(અ) 1947 (બ) 1952 (ક) 1989 (ડ) 1991

(2) ભારતમાં માન્ય વિરોધપક્ષ માટે લોકસભામાં જરૂરી સભ્યસંખ્યા. ☐

(અ) 10% (બ) 16% (ક) 20% (ડ) 50%

(3) 'છાયા પ્રધાનમંડળ' ધરાવતો દેશ. ☐

(અ) ભારત (બ) પાકિસ્તાન (ક) બ્રિટન (ડ) શ્રીલંકા

(4) બ્રિટનની પક્ષપ્રથા. ☐

(અ) એકપક્ષ પ્રથા (બ) દ્વિ-પક્ષપ્રથા (ક) બહુપક્ષ પ્રથા (ડ) એકપક્ષ પ્રભુત્વ પ્રથા

(5) દ્વિપક્ષ પ્રથા ધરાવતો દેશ. ☐

(અ) ભારત (બ) પાકિસ્તાન (ક) અમેરીકા (ડ) ચીન

**પ્રવૃત્તિ**

- રાજકીય પક્ષોની કામગીરી અંગેનો અભ્યાસ.
- વિરોધપક્ષના નેતા સાથે મુલાકાત.
- તમારી આસપાસ જોવા મળતા હિતજૂથોની યાદી તૈયાર કરવી.

●

# 2 ભારતમાં ચૂંટણીઓ

ભારત વસતીની દૃષ્ટિએ વિશ્વમાં સૌથી મોટો લોકશાહી દેશ છે. બધા લોકશાહી દેશોમાં સૌથી વધારે મતદારો ભારતમાં છે. આટલો વિશાળ દેશ અને આટલી મોટી વસતી ધરાવતા ભારતમાં આપણે પ્રાતિનિધિક લોકશાહીનો સ્વીકાર કર્યો છે. મતદારો પોતાના પ્રતિનિધિઓને મુક્ત અને ન્યાયી રીતે ચૂંટે છે અને તેમને સત્તાનાં સૂત્રો નિશ્ચિત સમય માટે સોંપે, એ માટે નિયમિત ધોરણે આપણે ત્યાં ચૂંટણીઓ યોજવામાં આવે છે. આમ લોકશાહીમાં પ્રતિનિધિઓની પસંદગી માટેની અગત્યની પ્રક્રિયા એ ચૂંટણી છે. ચૂંટણી માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ 'ઇલેકશન' (Election) લેટિન ભાષાના 'એલિગેરે' (Eligere) શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ પસંદ કરવું એવો થાય છે.

### ચૂંટણીનું મહત્ત્વ

અભ્યાસીઓએ લોકશાહી માટે ચૂંટણીઓનું મહત્ત્વ નીચે પ્રમાણે જણાવ્યું છે.

(ક) સ્વતંત્ર, મુક્ત અને ન્યાયી ચૂંટણી એ લોકશાહીની આધારશિલા છે. લોકો ચૂંટણી દ્વારા પોતાના પ્રતિનિધિઓને ચૂંટીને શાસનનાં સૂત્રો સોંપે છે અને જો એમનું શાસન પસંદ ન પડે તો ચૂંટણી દ્વારા તેમને દૂર પણ કરી શકે છે. આમ ચૂંટણી જેમ શાસકોને પસંદ કરવાનું સાધન છે તેમ તેમને સત્તા પરથી દૂર કરવાનું શાંત અને અહિંસક સાધન પણ છે.

(ખ) લોકશાહી શાસનમાં લોકો જ સર્વોપરી છે એ સિદ્ધાંત ચૂંટણીઓ દ્વારા સ્થાપિત થાય છે. કોઈ વર્ગ જ્ઞાતિ-જાતિ કે કોમ નહીં, પણ દેશના લોકો જ સર્વોપરી છે. તેમની સંમતિથી સરકાર રચાય છે અને પરિવર્તન પામે છે.

(ગ) ચૂંટણીઓ રાજકીય શિક્ષણનું મહત્ત્વનું સાધન છે ચૂંટણીવેળાએ દેશ સમક્ષના પ્રશ્નો, પડકારો અને એ બધાને કેવી રીતે પહોંચી વળવું એ વિશે રાજકીય પક્ષો, ઉમેદવારો, લોકમત ઘડતરનાં માધ્યમો ચર્ચા કરે છે. આ બધા દ્વારા લોકો દેશના પ્રશ્નોથી માહિતગાર થાય છે.

(ઘ) ચૂંટણીઓ લોકોને રાજકારણમાં ભાગીદાર બનાવવાનું મહત્ત્વનું માધ્યમ પૂરું પાડે છે, તો સાથે સાથે, તે લોકોની ઇચ્છા-અપેક્ષા વગેરેને પણ વ્યક્ત કરે છે.

(ચ) લોકશાહીમાં સત્તાનો સ્રોત લોકો છે. લોકો શાસકોને સત્તા કે શાસન સોંપે છે અને તેનું માધ્યમ એટલે ચૂંટણીઓ. લોકો દ્વારા પસંદ થયેલા પ્રતિનિધિઓ જ શાસનસત્તા ભોગવી શકે, બીજા કોઈ નહીં. આમ ચૂંટણીઓ લોકશાહીને લોકસ્વીકૃતિ પ્રદાન કરે છે. એ સિવાયના શાસનતંત્રો (આપખુદશાહી, સરમુખત્યારશાહી, લશ્કરી તંત્રો વગેરે) આવી લોક સ્વીકૃતિ ધરાવતાં નથી. એ દૃષ્ટિએ મુક્ત અને ન્યાયી ચૂંટણીઓનું જેટલું મહત્ત્વ આંકીએ એટલું ઓછું છે.

### ચૂંટણીના પ્રકારો

સાંપ્રત સમયમાં ચૂંટણી પદ્ધતિ અનિવાર્ય બની ગઈ છે. સામાન્યતઃ ચૂંટણી પદ્ધતિના બે પ્રકાર સ્વીકારવામાં આવ્યા છે. (i) પ્રત્યક્ષ ચૂંટણી અને (ii) પરોક્ષ ચૂંટણી

**(i) પ્રત્યક્ષ ચૂંટણી :-** જ્યારે મતદારો પોતાના પ્રતિનિધિઓને ચૂંટવામાં પ્રત્યક્ષ રીતે ભાગ લે છે ત્યારે તે ચૂંટણી પદ્ધતિને પ્રત્યક્ષ ચૂંટણી (Direct Election) પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને લોકશાહી પ્રથામાં ધારાસભાના નીચલાગૃહના સભ્યો પ્રત્યક્ષ ચૂંટણી દ્વારા જ ચૂંટાય છે. દા. ત. ભારતમાં લોકસભાના સભ્યોને મતદારો પ્રત્યક્ષ રીતે ચૂંટે છે.

**(ii) પરોક્ષ ચૂંટણી :-** જ્યારે મતદારો પોતાના છેવટના પ્રતિનિધિઓને પ્રત્યક્ષ રીતે ચૂંટતા નથી; પરંતુ મતદારમંડળના સભ્યોને ચૂંટે છે અને આ સભ્યો દ્વારા છેવટના હોદ્દેદાર કે પ્રતિનિધિઓને ચૂંટવામાં આવે છે ત્યારે તેને પરોક્ષ ચૂંટણી (Indirect Election) તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે ધારાસભાના ઉપલાગૃહના સભ્યોની ચૂંટણી માટે આ પ્રથા અપનાવવામાં આવે છે. દા. ત. ભારતમાં રાજ્યસભાના સભ્યોને રાજ્યોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો ચૂંટે છે. આપણા રાષ્ટ્રપતિની ચૂંટણી પણ પરોક્ષ રીતે થાય છે.

### પુખ્તવય મતાધિકાર અને ચૂંટણીમાં ભાગીદારી

લોકશાહી શાસન વ્યવસ્થામાં સૌથી મહત્ત્વનો અધિકાર એટલે ચૂંટણીમાં મત આપવાનો નાગરિકનો મતાધિકાર.

આ અધિકાર પ્રાપ્ત કરવા માટે ભૂતકાળમાં જુદા-જુદા દેશોમાં નાગરિકોએ લાંબો સંઘર્ષ કર્યો છે. અગાઉ મોટાભાગના દેશોમાં મર્યાદિત પ્રમાણમાં મતાધિકાર હતો. સ્ત્રીઓને મતાધિકાર તો ઘણા વખત પછી પ્રાપ્ત થયો.

આપણા બંધારણમાં કોઈપણ જાતના ભેદભાવ જેવા કે; શિક્ષણ, જ્ઞાતિ-જાતિ, ધર્મ, લિંગ, સંપત્તિ કે જન્મસ્થળ સિવાય સૌને મતાધિકાર પ્રાપ્ત થયો છે. 18 વર્ષ (અગાઉ 21 વર્ષ) કે તેથી વધુ વય ધરાવનાર સૌ નાગરિકોને મતાધિકાર આપવામાં આવ્યો છે. આથી તેને સાર્વત્રિક પુખ્તવય મતાધિકાર કહેવામાં આવે છે. આપણા જેવા સમાજમાં જ્યાં સારી એવી સંખ્યામાં લોકો નિરક્ષર હોય, ગરીબ હોય ત્યાં સૌને મતાધિકાર આપવામાં આવ્યો છે એ ખરેખર અદ્વિતીય છે.

સ્વતંત્ર ભારતના નાગરિકોને મતાધિકાર પ્રાપ્ત કરવા વિશેષ કોઈ સંઘર્ષ કરવો પડ્યો નથી. બંધારણની એક જ કલમથી સૌ નાગરિકોને કોઈપણ જાતના ભેદભાવ વિના મતાધિકાર પ્રાપ્ત થયો છે. સાર્વત્રિક-પુખ્તવય મતાધિકાર લોકશાહીને સાચા અર્થમાં લોકાભિમુખ બનાવે છે. સત્તાનાં અંતિમ સૂત્રો નાગરિકોને હસ્તક છે. સરકારની રચના અને તેમાં પરિવર્તનના અંતે તો નાગરિકો જ નિર્ણાયક છે, એ હકીકત સ્થાપિત કરે છે.

અત્યારસુધી થયેલી લોકસભાની અને રાજ્ય વિધાનસભાની તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની અસંખ્ય ચૂંટણીઓમાં મતદાન કરીને બંધારણના ઘડવૈયાઓએ ભારતીય મતદારમાં જે શ્રદ્ધા મૂકેલી તેને ચરિતાર્થ કરેલ છે. મત આપવો એ હક છે, તેમ પ્રત્યેક નાગરિકની એ નૈતિક ફરજ પણ છે, એ સૌ નાગરિકોએ યાદ રાખવું ઘટે.

## ચૂંટણીમાં ભાગીદારી

વિવિધ રાજકીય પ્રવૃત્તિઓમાં લોકો સ્વૈચ્છિક રીતે સામેલ થાય અને ભાગીદાર થાય, તેને સામાન્ય રીતે રાજકીય ભાગીદારી કહી શકીએ. મનુષ્ય રાજકીય પ્રાણી છે, એમ જ્યારે કહીએ છીએ ત્યારે તે રાજકારણની વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે, તે અભિપ્રેત છે. રાજકીય ભાગીદારીની ઊંચી માત્રા રાજકીય પ્રથાની લોકસ્વીકૃતિની દ્યોતક છે. લોકશાહી શાસનપ્રથા લોકભાગીદારી પર આધારિત હોવાથી તેની લોકસ્વીકૃતિની માત્રા ઊંચી હોય છે. લોકસ્વીકૃતિનું માપન રાજકીય ભાગીદારીથી થતું હોવાથી આપખુદશાહીઓ પણ પોતાને લોકોનો ટેકો છે એવું ઠસાવવાનો હંમેશાં પ્રયાસ કરે છે.

ઉદારમતવાદી લોકશાહીનું એક આગવું લક્ષણ એ છે કે તેમાં ભાગીદારીનાં વિવિધ સ્વરૂપો જોવા મળે છે. ચૂંટણીમાં મતદાન કરવું એ એવું સ્વરૂપ છે જેમાં મતદાર સમૂહનો મોટો હિસ્સો ભાગ લે છે. ચૂંટણી પ્રચારમાં ભાગ લેવો, રાજકીય પક્ષોના સભ્ય બનવું, પ્રચાર સભાઓમાં હાજરી આપવી, રાજકીય આંદોલનોમાં ભાગ લેવો, આ બધા પણ રાજકીય ભાગીદારીનાં સ્વરૂપો છે. અહીં આપણે ભારતમાં ચૂંટણીઓના સંદર્ભમાં લોકોની ભાગીદારી વિશે સંક્ષેપમાં ચર્ચા કરીશું.

અત્યાર સુધી થયેલી ચૂંટણીઓમાં સમાજના બધા વર્ગો અને વિભાગોએ વધતા-ઓછા પ્રમાણમાં મતદાન કરીને રાજકીય ભાગીદારીની ઊંચી માત્રા પ્રદર્શિત કરી છે. શહેરી-ગ્રામીણ, સ્ત્રી-પુરુષ, ગરીબ-ધનિક સૌ કોઈએ સારા પ્રમાણમાં મતદાન કરીને ભારતીય લોકશાહીને મજબૂત કરવામાં યોગદાન આપ્યું છે. ચૂંટણીમાં સરેરાશ મતદાન 60 થી 65 ટકાની આસપાસ છે એ ભારતના મતદારોની રાજકીય જાગૃતિનું દ્યોતક છે.

## મતદાનને પ્રભાવિત કરતાં પરિબળો

મતદાનમાં ભાગીદારી અને તેને પ્રભાવિત કરતાં પરિબળોને ટૂંકાગાળાના અને લાંબાગાળાના એમ બે ભાગમાં વહેંચી શકીએ.

**(1) કામચલાઉ અથવા ટૂંકાગાળાના પરિબળો :-** કામચલાઉ અથવા ટૂંકાગાળાના પરિબળો એકાદ બે ચૂંટણીને પ્રભાવિત કરતાં હોય છે. જે નીચે પ્રમાણે છે.

### (ક) આર્થિક પરિબળો :-

ચીજવસ્તુઓના ભાવોમાં આવેલો ઉછાળો, બેરોજગારી, આત્મહત્યાના બનાવો, રોડ-વીજળી-પાણીની સમસ્યાઓ વગેરે. ચૂંટણી વખતે આ મુદ્દાઓ પર જોરદાર પ્રચાર કરવામાં આવે તો તેનો પ્રભાવ તે ચૂંટણીનાં પરિણામો પર પડે છે.

### (ખ) નેતાઓનું ચુંબકીય વ્યક્તિત્વ :-

નેતાઓનું આકર્ષક, મોહક વ્યક્તિત્વ, તેમના વક્તવ્યની છટા વગેરે ચૂંટણીને પ્રભાવિત કરે છે. 1952 થી 62 દરમિયાન થયેલી ચૂંટણીઓમાં પંડિત નેહરૂનું વ્યક્તિત્વ, 1971માં બાંગ્લાદેશ યુદ્ધમાં બહાર આવેલું ઈન્દિરા ગાંધીનું નેતૃત્ત્વ, 1984-85 માં રાજીવ ગાંધીનું યુવાન અને મોહક વ્યક્તિત્વ, 1998-99માં અટલ બિહારી બાજપેયીનું વ્યક્તિત્ત્વ અને 2014માં નરેન્દ્ર મોદીના વક્તવ્યની છટા અને મોહક નેતૃત્ત્વ વગેરે આનાં દૃષ્ટાંતો છે. આવાં વ્યક્તિત્વોની છાપ ઝાઝા સમય સુધી અસરકારક રહેતી નથી, એ પણ પછીથી થયેલી કેટલીક ચૂંટણીઓએ દર્શાવ્યું છે.

### (ગ) ચૂંટણી પહેલાંની કેટલીક ઘટનાઓ

ઘણીવાર ચૂંટણીઓ પહેલાં કેટલીક આકસ્મિક ઘટનાઓ બને છે, જે ચૂંટણીને પ્રભાવિત કરતી હોય છે. દાખલા તરીકે 1971 અને 1972 ની ચૂંટણી વખતે બાંગ્લાદેશના પ્રશ્ને ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ અને તેમાં ભારતની જીત, કટોકટીના અતિરેકને કારણે 1977 માં કોંગ્રેસની હાર, 1984 માં ઇન્દિરા ગાંધીની કરપીણ હત્યા અને કોંગ્રેસની તરફેણમાં ઊભું થયેલું સહાનુભૂતિનું મોજું, 13મી લોકસભાની ચૂંટણી પહેલાં કારગિલ યુદ્ધમાં જીત અને તેનો ભાજપાને મળેલો લાભ. 2002ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં ગોધરા- ઘટના અને ત્યારબાદ બનેલા બનાવોની ચૂંટણી પર પડેલી અસર વગેરે ગણાવી શકાય.

### (ઘ) સંચાર માધ્યમોનો પ્રભાવ

ચૂંટણીટાણે લોકમત ઘડતરમાં સંચાર માધ્યમો જેવાં કે રેડિયો, ટીવી, વર્તમાનપત્રો, મોબાઈલ-સોશ્યલ મીડિયા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ માધ્યમો દ્વારા થતો પ્રચાર ચૂંટણીને પ્રભાવિત કરે છે. ચૂંટણી પહેલાં અને મતદાનના દિવસો દરમ્યાન થતા ઓપિનિયન પોલ પણ મતદાનને ક્યારેક પ્રભાવિત કરે છે. આ સંચાર માધ્યમો ક્યારેક રાજકીય પક્ષોના વાજિંત્રો બની જતાં હોય છે. ચૂંટણી જાહેરાતોનો મારો મતદારોને ક્યારેક પ્રભાવિત કરી જતો હોય છે. દાખલા તરીકે, 2014ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સોશ્યલ મીડિયાએ નરેન્દ્ર મોદીને દેશના એક ઊભરતા નેતાની છબી બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આ બધું છતાં ભારતીય મતદારનું મન કળવું મુશ્કેલ છે. ઘણી વખત આ પ્રસાર માધ્યમો અને સર્વેનાં તારણોને તેણે ખોટાં પણ પાડ્યાં છે.

### (2) લાંબાગાળાનાં પ્રભાવનાં પરિબળો :-

ચૂંટણીઓમાં મતદાનને પ્રભાવિત કરનારાં લાંબાગાળાનાં પરિબળો નીચે પ્રમાણે છે.

### (ક) સામાજિક પરિબળ

સામાજિક પરિબળોમાં ઉંમર, લિંગ (પુરુષ-સ્ત્રી), શિક્ષણ, વસવાટ (ગ્રામીણ-શહેરી), જ્ઞાતિ-જાતિ, ધર્મ વગેરેનો સમાવેશ કરી શકાય. આ બધાં પરિબળો વધતા-ઓછા પ્રમાણમાં મતદાનને પ્રભાવિત કરે છે. મતાધિકાર પ્રાપ્ત કરતો યુવાવર્ગ મતદાનમાં ઉત્સાહથી ભાગ લે છે. શહેરી વિસ્તારોની અપેક્ષાએ ગ્રામીણ વિસ્તારોમાં સારા પ્રમાણમાં મતદાન થાય છે. સ્ત્રી-પુરુષોની મતદાનની ટકાવારીમાં ઝાઝો તફાવત જોવા મળતો નથી, પણ ક્યારેક અમુક મતવિસ્તારોમાં સ્ત્રીઓની મતદાનની ટકાવારી પુરુષો કરતાં વધારે જોવા મળે છે.

#### જ્ઞાતિ

ભારતનો સમાજ અનેક જ્ઞાતિઓ- જાતિઓમાં વહેંચાયેલો છે. હજુ આપણા સમાજમાં જ્ઞાતિઓની પકડ સારા એવા પ્રમાણમાં છે. જ્ઞાતિઓ (જ્ઞાતિવાદ) મતદાનને મોટા પ્રમાણમાં પ્રભાવિત કરે છે. ઉમેદવારોની પસંદગીથી માંડીને પ્રધાનમંડળની રચના સુધી જ્ઞાતિનો પ્રભાવ જોવા મળે છે. ક્યારેક જ્ઞાતિને આધારે મતદાનની અપીલ પણ કરવામાં આવે છે.

સ્વાતંત્ર્ય પછીના આરંભિક દાયકાઓ દરમિયાન રાજકારણમાં કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓનું વર્ચસ્વ સારા પ્રમાણમાં હતું, પણ હવે અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ અને અન્ય પછાત ગણાતી જ્ઞાતિઓમાં રાજકીય સભાનતા વધી છે. લોકસભા, વિધાનસભાઓ અને પંચાયતી રાજની સંસ્થાઓમાં તેમનું પ્રમાણ વધ્યું છે. જ્ઞાતિઓના ચોક્કસ પક્ષને મતદાનને કારણે Vote Bank (વોટબેંક) નો ખ્યાલ ઊભો થયો છે.

#### ધર્મ-સંપ્રદાય

અન્ય સામાજિક પરિબળોની જેમ ધર્મ અથવા સંપ્રદાય ક્યારેક મહત્ત્વનો ભાગ ભજવે છે. ભારત એક બિનસાંપ્રદાયિક દેશ હોવાથી ચૂંટણીઓમાં ધર્મ અથવા સંપ્રદાયને નામે મતની અપીલ કરવામાં આવે તે આચારસંહિતાનો ભંગ ગણાય છે. પણ વ્યવહારમાં રાજકીય પક્ષો, ઉમેદવારો, નેતાઓ પરોક્ષ રીતે અનૌપચારિક રીતે ધર્મ અથવા સંપ્રદાયનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરે છે.

લઘુમતીઓ પોતાની ઓળખ અને સલામતીને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષો અને ઉમેદવારોને પસંદ-નાપસંદ કરે છે. જેમ જ્ઞાતિવાદ એક દૂષણ છે, તેમ કોમવાદ પણ એક દૂષણ છે.

### (ખ) આર્થિક પરિબળ

આવકની દૃષ્ટિએ જોઈએ તો ભારતનો સમાજ મુખ્યત્વે ત્રણ વર્ગોમાં વહેંચાયેલો છે. ઉચ્ચવર્ગ, મધ્યમવર્ગ અને ગરીબવર્ગ.

સામાન્ય રીતે એવું જોવામાં આવ્યું છે કે સમાજનો ધનિક અથવા સાધનસંપન્ન વર્ગ મતદાનમાં ઓછો રસ ધરાવે છે. મધ્યમવર્ગ બોલકો અને સારા એવા પ્રમાણમાં રાજકીય જાગૃતિ ધરાવે છે પણ ઘણીવાર તે ચૂંટણીઓમાં ઉત્સાહભેર મતદાન કરતો નથી. એનાં હિતોને સ્પર્શતો કોઈ મુદ્દો ચૂંટણી સમયે ઊભો થાય તો ઉલટભેર મતદાન કરે છે. ઓછી આવક ધરાવતો નિમ્ન મધ્યમવર્ગ અને ગરીબવર્ગ સારા એવા પ્રમાણમાં મતદાનમાં ભાગ લે છે. પોતાની હાડમારીઓના નિવારણ માટે અને જરૂરિયાતોની પૂર્તિ માટે અસરકારક રીતે દબાણ લાવવાનું સાધન તે ચૂંટણીઓમાં મતદાન છે એવું તેઓ માને છે. સમાજમાં તેમની સંખ્યા પણ સૌથી વિશાળ હોવાથી બધા રાજકીય પક્ષો તેમને આકર્ષવાના પ્રયાસ કરે છે.

### (ગ) વિચારધારા

લોકો સામાન્ય રીતે કોઈ ને કોઈ રાજકીય વિચારધારા સાથે લગાવ ધરાવતા હોય છે, ભલે તેઓ તેનાથી સભાન ન હોય. મૂડીવાદ, સમાજવાદ, પરંપરા અથવા રૂઢિવાદ, બિનસાંપ્રદાયિકતા વગેરે વિચારધારાઓ પણ મતદારોના મતદાનને પ્રભાવિત કરે છે. સામાન્ય રીતે ધનિક -સાધન-સંપન્ન-વર્ગ રાજ્યની ઓછી દરમિયાનગીરી હોવી જોઈએ એ પ્રકારની વિચારધારા એટલે કે મૂડીવાદમાં માનતો હોય છે. જ્યારે ગરીબ-મજૂર-કામદાર વર્ગ સમાજવાદી કે ડાબેરી વિચારધારામાં માનતા હોય છે. તેમની આ માન્યતાઓ ચૂંટણીવેળાએ તેમના મતદાનને પ્રભાવિત કરે છે.

### (ઘ) કૌટુંબિક પશ્ચાદ્‌ભૂમિકા

કુટુંબ એ રાજકીય સામાજિકીકરણની એક મહત્ત્વની એજન્સી છે. રાજકીય રીતે સભાન અને જાગૃત કુટુંબોમાં ઉછરતાં બાળકોમાં રાજકીય અભિમુખતાનું ઊંચું પ્રમાણ જોવા મળે છે. કુટુંબમાં રાજકારણ, રાજકીય પક્ષો, નેતાઓ વગેરે વિષે ચર્ચાઓ થતી હોય છે, એની છાપ બાળકો પર પડે છે. કુટુંબના સભ્યો અમુક રાજકીય પક્ષ કે વિચારધારામાં માનતા હોય તે અનુસાર મતદાન કરતાં હોય તો બાળકો પણ પુખ્ત ઉંમરના થતાં તે પક્ષ કે વિચારધારા અનુસાર મતદાન કરવાનું વલણ ધરાવે એ શક્ય છે. જો કે હંમેશાં આમ બને એવું નથી.

### (ચ) રાજકીય પક્ષ અને તેનું નેતૃત્ત્વ

મતદાનને પ્રભાવિત કરતું આ મહત્ત્વનું પરિબળ છે. જે પક્ષ અને તેનું નેતૃત્ત્વ મતદારોને પોતાની તરફ આકર્ષિત કરી શકે તેની તરફેણમાં મતદારો મતદાન કરતા હોય છે. રાજકીય પક્ષના કાર્યક્રમો, તેના ચૂંટણી ઢંઢેરા, તેની પ્રચારની પદ્ધતિઓ, સામાન્ય લોકમાનસમાં તેની છાપ, કેટલાક મુદ્દાઓ પરત્વેની તેની વચનબદ્ધતા વગેરે મુદ્દાઓથી મતદાન પ્રભાવિત થાય છે.

ક્યારેક પક્ષના ચુંબકીય આકર્ષણ ધરાવતા નેતાથી અંજાઈને પણ મતદારો મતદાન કરતા હોય છે. પ્રભાવશાળી વ્યક્તિત્વ, આકર્ષક વાક્છટા વગેરેથી પ્રભાવિત થઈને, મતદારો એ નેતા જે પક્ષને મત આપવાની અપીલ કરે તેને મત આપતા હોય છે.

### (છ) પુરુષપ્રધાનતા

આપણો સમાજ મહદ્‌અંશે પુરુષપ્રધાન છે. કુટુંબ, જ્ઞાતિ, કોમ, વ્યવસાય, રાજકારણ સહિત જાહેરજીવનનાં અન્ય ક્ષેત્રોમાં પુરુષોનું સારા પ્રમાણમાં વર્ચસ્વ છે. આ વલણ રાજકારણમાં અને મતદાન પ્રક્રિયામાં પણ પ્રતિબિંબિત થાય છે. પુરુષોના આ વર્ચસ્વને કારણે મહિલાઓ ઘણી વખત તેમના સૂચવ્યા પ્રમાણે મતદાન કરતી હોય છે. જોકે હંમેશાં એવું બને એમ કહી શકાય નહિ.

રાજકીય પક્ષો પણ મહિલા સશક્તિકરણની વાતો મોટા પ્રમાણમાં કરે છે પણ ચૂંટણી વખતે પક્ષ ટિકીટ આપવાના સમયે પાણીમાં બેસી જાય છે. આપણા ધારાગૃહોમાં મહિલા પ્રતિનિધિઓની ટકાવારી દસ-બાર ટકાથી વધી નથી એ કમનસીબ છે. જો કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૩૩ ટકા મહિલા અનામતને કારણે મહિલા પ્રતિનિધિઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયેલો આપણને જોવા મળે છે.

### (જ) નાણાં, બાહુબળ અને સંચાર માધ્યમો

મતદાનને પ્રભાવિત કરનારાં આ મહત્ત્વનાં પરિબળો છે. જે પક્ષ પાસે મોટા પ્રમાણમાં નાણાશક્તિ હોય, મતદાનને પ્રભાવિત કરે એવું બાહુબળ અને સંચાર માધ્યમોની પહોંચ વધુ હોય એ પક્ષો અને ઉમેદવારો મતદાનને પ્રભાવિત કરી શકે છે. આ મુદ્દાની ચૂંટણી સુધારાની ચર્ચામાં થોડી વિગતે ચર્ચા કરવામાં આવી છે.

આમ, ચૂંટણી વખતે મતદાનને પ્રભાવિત કરનારાં આ પરિબળો છે. ક્યારે ક્યું પરિબળ કેટલા પ્રમાણમાં મતદાનને પ્રભાવિત કરશે એ કહેવું મુશ્કેલ છે. ભારતનો સામાન્ય મતદાર અકળ છે. ક્યારે કયા મુદ્દાથી પ્રેરાઈને મતદાન કરશે એ કળવું સરળ નથી.

### ચૂંટણીપંચ અને ચૂંટણીની કાર્યવાહી

ચૂંટણીના મહત્ત્વની ચર્ચામાં આપણે જોઈ ગયા કે ચૂંટણી લોકશાહીને વ્યવહારમાં ચરિતાર્થ કરનાર મહત્ત્વનું સાધન હોવાથી તેની પવિત્રતા, નિષ્પક્ષતા અને તટસ્થતા જળવાય એ અત્યંત મહત્ત્વનું છે. ચૂંટણીઓ યોજનાર, તેનું નિયમન અને નિરીક્ષણ કરનાર તંત્ર એટલે ચૂંટણીપંચ. આવું ચૂંટણીપંચ સરકારથી તટસ્થ અને સ્વાયત્ત હોય એ એટલું જ જરૂરી છે. તો જ તે મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજી શકે.

### બંધારણીય જોગવાઈઓ

ભારતના બંધારણની કલમ 324 માં સ્વતંત્ર, મુક્ત અને ન્યાયી ચૂંટણીઓના આયોજન માટે ચૂંટણીપંચની જોગવાઈ કરાઈ છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સિવાયની બધી ચૂંટણીઓ (લોકસભા, વિધાનસભાઓ, વિધાનપરિષદ, રાજ્યસભા, રાષ્ટ્રપ્રમુખ, ઉપરાષ્ટ્રપ્રમુખ) નાં સંચાલન, નિયમન અને દેખરેખની જવાબદારી ચૂંટણીપંચને શિરે મૂકવામાં આવી છે. બંધારણની કલમો 324 થી 329 માં ચૂંટણીપંચની રચના, તેનાં કાર્યો અને સત્તાઓ તેમજ તેની ફરજોની વિગતવાર જોગવાઈઓ કરવામાં આવી છે. આમ, ચૂંટણીપંચને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે.

ચૂંટણીપંચના મુખ્ય ચૂંટણી કમિશનર અને જરૂર લાગે તો બીજા બે ચૂંટણી કમિશનરોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. અગાઉ ચૂંટણીપંચ એક સભ્ય (મુખ્ય ચૂંટણી કમિશનર)નું બનેલું હતું. 1993 થી ત્રણ ચૂંટણી કમિશનરની જોગવાઈ કરવામાં આવી છે. આ ત્રણેય ચૂંટણી કમિશનરનો હોદ્દો સમાન છે. આમ છતાં જે અગ્રતાક્રમે હોય તે મુખ્ય ચૂંટણી કમિશનર ગણાય છે અને તેના નિર્ણયો બહુમતી દ્વારા લેવાય છે.

ચૂંટણીપંચના સભ્યો સ્વાયત્ત અને નિષ્પક્ષ રીતે કામગીરી બજાવી શકે તે માટે કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. ચૂંટણી કમિશનરોની નિમણૂક છ વર્ષ માટે અથવા 65 વર્ષે નિવૃત્તિ સુધીની હોય છે. તેમના પગાર-ભાડાં-ભથ્થાં સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓ જેટલાં છે. તેમને હોદ્દા પરથી સામાન્ય રીતે દૂર કરી શકાતા નથી. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિઓને હોદ્દા પરથી દૂર કરવાની જે કાર્યવાહી છે તેવી જ કાર્યવાહીથી તેમને હોદ્દા પરથી દૂર કરી શકાય છે.

#### ચૂંટણીપંચનાં કાર્યો અથવા કામગીરી

શરૂઆતમાં જોયું તેમ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સિવાયની દેશની બધી મહત્ત્વની ચૂંટણીઓ યોજવાનું અને તેને આનુષંગિક તમામ કાર્યો કરવાનું ચૂંટણીપંચને શિરે મૂકવામાં આવ્યું છે.

ચૂંટણીપંચનાં મુખ્ય કાર્યો જોઈએ તો :

(1) મતદારયાદીઓ તૈયાર કરવી અને તેમાં જરૂરી ફેરફાર કરીને અદ્યતન બનાવવી, ઓળખપત્રો તૈયાર કરાવવાં.

(2) મત વિભાગોનું સીમાંકન કરવું.

(3) રાજકીય પક્ષોને માન્યતા આપવી.

(4) ચૂંટણી વિષયક કાર્યક્રમોની જાહેરાત કરવી.

(5) રાજકીય પક્ષોને ચૂંટણી પ્રતિકો ફાળવવાં.

(6) ચૂંટણીનાં પરિણામોની જાહેરાત કરવી.

(7) આચારસંહિતાનું પાલન કરાવવું.

(8) ચૂંટણી વિષયક ફરિયાદો / વિવાદોનું નિરાકરણ કરવું, સમાધાન કરાવવું.

(9) ઉમેદવારોએ કરેલા ચૂંટણીખર્ચની તપાસ કરવી.

(10) ચૂંટણી સંબંધિત ગેરરીતિઓ અટકાવવી.

(11) જરૂર પડે તો ફેરચૂંટણી યોજવી અથવા મતગણતરી સ્થગિત કરવી વગેરેનો સમાવેશ થાય છે.

ચૂંટણી પ્રક્રિયાના યોગ્ય અને ધોરણસર સંચાલન માટે સંસદે કેટલાક મહત્ત્વના કાયદા પસાર કર્યા છે. તેમાં મુખ્ય કાયદો છે લોકપ્રતિનિધિ ધારો અને તેમાં વખતોવખત કરવામાં આવતા સુધારા. ઉપરાંત, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેનો કાયદો, મતદારોની નોંધણી માટેનો અધિનિયમ, કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ચૂંટણી સંબંધી અધિનિયમ વગેરેનો સમાવેશ થાય છે.

આપણા દેશમાં વર્ષ 2014 માં મતદારોની સંખ્યા 81કરોડ ને પણ વટાવી ગઈ છે. આટલા મોટા દેશમાં ચૂંટણીઓ યોજવી, તેમના પર દેખરેખ રાખવી અને નિયમન કરવું, સમયસર પરિણામો જાહેર કરવાં, આ એક વિરાટ અને ભગીરથ કાર્ય છે. ભારતનું ચૂંટણીપંચ આ કાર્ય ભારે કુશળતાથી અને કાર્યક્ષમ રીતે બજાવે છે. ભારતના ચૂંટણીપંચની સેવાઓ હવે બીજા દેશો પણ લેવા માંડ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) ના પ્રતિનિધિઓ અને ચૂંટણીપંચના પ્રતિનિધિઓ વચ્ચે આ બાબતે સમજૂતી થઈ છે.

### ચૂંટણી સુધારા

ભારતમાં આપણે પ્રાતિનિધિક લોકશાહીનો સ્વીકાર કર્યો છે. મતદારો પોતાના પ્રતિનિધિઓને મુક્ત અને ન્યાયી રીતે ચૂંટે અને તેમને સત્તાનાં સૂત્રો નિશ્ચિત સમય માટે સોંપે એ માટે આપણે ત્યાં નિયમિત ધોરણે ચૂંટણીઓ યોજવામાં આવે છે. ભારતમાં ચૂંટણીઓનું મહત્ત્વ, ચૂંટણીપંચ અને તેનાં કાર્યો, ચૂંટણી પ્રક્રિયા વગેરે વિશે જાણકારી મેળવી; હવે આપણે ચૂંટણીપ્રથામાં જે ખામીઓ અને ઊણપો જોવા મળે છે તેની અને તેને દૂર કરવાના ઉપાયોની ચર્ચા કરીશું.

ચૂંટણી સુધારાની બાબતે ચૂંટણીપંચ અને તે માટે નીમવામાં આવેલી દિનેશ ગોસ્વામી સમિતિ તેમજ જયપ્રકાશ નારાયણની પ્રેરણાથી રચવામાં આવેલી તારકુન્ડે સમિતિ વગેરેએ આ પ્રશ્નોનો સર્વગ્રાહી અભ્યાસ કરીને ઘણાં ઉપયોગી સૂચનો કર્યાં છે, જેની ચર્ચા આપણે અહીં કરીશું.

**(1) મેળવેલા મત અને બેઠકો વચ્ચેની વિસંગતિને દૂર કરી ચૂંટણીને વધુ પ્રાતિનિધિક બનાવવી :-** આપણી ચૂંટણીપ્રથાની મુખ્ય ખામી એ છે કે ઘણીવાર મળેલા મત અને બેઠકો વચ્ચે મેળ હોતો નથી. જુદા-જુદા પક્ષોને મળેલા મત અને તેમણે પ્રાપ્ત કરેલી બેઠકો વચ્ચે મોટું અંતર જોવા મળે છે. અત્યાર સુધી લોકસભાની થયેલી બધી ચૂંટણીઓમાં બહુમતી મેળવીને સત્તા પર આવેલા પક્ષ અથવા પક્ષોના જોડાણને કુલ થયેલા મતદાનના પચાસ ટકા કરતાં પણ ઓછા મત મળ્યા છે. 'સૌથી વધુ મત મેળવે તે જીતે' તે પદ્ધતિને કારણે મોટાભાગના ઉમેદવારો લઘુમતી મતોથી ચૂંટાઈ આવે છે. એ જ રીતે લઘુમતી મતો મેળવનાર રાજકીય પક્ષને બહુમતી બેઠકો મળે છે. આમ, મત-બેઠકોની વિસંગતિ ઊભી થાય છે. બહુમતી મતો મેળવનાર ઉમેદવારો અને રાજકીય પક્ષોનું કોઈ પ્રતિનિધિત્વ ચૂંટણીઓમાં વ્યક્ત થતું નથી અને તેથી સરકારોમાં પણ વ્યક્ત થતું નથી. આ ખામી પ્રાતિનિધિક દૃષ્ટિએ મોટી ઊણપ ઊભી કરે છે.

આ ખામી દૂર કરવા માટે પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિની ભલામણ કરવામાં આવી છે. આમાં જેટલા પ્રમાણમાં મત મળ્યા હોય એટલા પ્રમાણમાં બેઠકો મળે એવી વ્યવસ્થા છે. આ પદ્ધતિ અપનાવવામાં આવે તો ચૂંટણી પ્રક્રિયાનાં ઘણાં બધાં અનિષ્ટો દૂર કરી શકાય. જોકે આ પદ્ધતિના કેટલાક ગેરલાભ પણ છે. દાખલા તરીકે એનાથી બહુપક્ષીયતાને ઉત્તેજન મળે, રાજકીય પક્ષોમાં ભાગલા પડે, પક્ષના નેતાઓનું વર્ચસ્વ વધે, મતવિભાગો મોટા કરવા પડે અને મતવિભાગ તથા પ્રતિનિધિ વચ્ચેનો સીધો સંબંધ ન સચવાય વગેરે. ઉપરાંત આ પદ્ધતિ જટિલ અને ગૂંચવાડાભરી હોવાથી તેમજ આપણે ત્યાં નિરક્ષરતાનું પ્રમાણ ઘણું હોવાથી આ પદ્ધતિની સફળતા સામે કેટલાક લોકોએ શંકા વ્યક્ત કરી છે.

આ ગેરલાભો ઓછા થાય અને કેટલાંક અનિષ્ટો દૂર કરી શકાય એ દૃષ્ટિએ એવું સૂચન કરવામાં આવ્યું છે કે પચાસ ટકા જેટલી બેઠકો 'યાદીપ્રથા' દ્વારા એટલે કે પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિ અનુસાર અને બાકીની પચાસ ટકા બેઠકો હાલની 'સૌથી વધારે મત મળે તે જીતે'-પદ્ધતિ છે તે દ્વારા ભરવામાં આવે. આવી પદ્ધતિ જર્મનીમાં છે. આમ, મેળવેલા મત અને જીતેલી બેઠકો વચ્ચે કોઈ સહસંબંધ હોવો જોઈએ, નહીં તો રાજકીય પ્રથાના પ્રાતિનિધિક સ્વરૂપને હાનિ પહોંચે.

**(2) ચૂંટણીમાં ઝંપલાવતા વિશાળ સંખ્યામાં પક્ષો અને ઉમેદવારો ઉપર નિયંત્રણ કે નિયમન :-** આપણે ત્યાં બહુપક્ષ પ્રથા વિકસી છે. એક અંદાજ મુજબ દેશમાં નાના-મોટા થઈને લગભગ સાતસો જેટલા પક્ષો છે અને દિન-પ્રતિદિન તેમાં વધારો થયા કરે છે. મોટાભાગના પક્ષો તો સાવ નાના અને અત્યંત મર્યાદિત વિસ્તાર પૂરતા જ સીમિત છે. વધારે પડતા પક્ષો અને ઉમેદવારોની મોટી સંખ્યા મતદારોના મનમાં મોટો ગૂંચવાડો ઊભો કરે છે અને ચૂંટણી સંચાલનની દૃષ્ટિએ વહીવટી પ્રશ્નો ઊભા કરે છે. કેટલાક પક્ષો ચૂંટણી લડવા માટે જ ઊભા થાય છે. બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે છે અને ચૂંટણી પછી અદૃશ્ય થઈ જાય છે. બધા પક્ષો કે અપક્ષ ઉમેદવારો કોઈ ચોક્કસ વિચારધારા કે કાર્યક્રમો ધરાવતા હોય એવું પણ નથી. વધુ પડતા પક્ષો અને વધુ પડતા ઉમેદવારોને કારણે ઓછા મતે ચૂંટાઈ આવવાની શક્યતા વધી જાય છે, કારણ કે બાકીના મત અનેક ઉમેદવારોમાં વહેંચાઈ જાય છે.

આમ, રાજકીય પક્ષોની માન્યતા અંગે ચોક્કસ નિયમો અને કડક ધારાધોરણો હોવા જોઈએ તેવાં સૂચનો થયાં છે. સાથે-સાથે ઉમેદવારની પણ કેટલીક ચોક્કસ અને ખાસ લાયકાતો નક્કી કરવી જોઈએ. નિયંત્રણો અને નિયમનોથી પક્ષોની સંખ્યા મર્યાદિત બની શકે.

**(3) ચૂંટણીઓમાં નાણાશક્તિના વધતા જતા પ્રભાવને ઘટાડવો :** ચૂંટણીઓ દિન-પ્રતિદિન વધુ ને વધુ ખર્ચાળ થતી જાય છે. મોટા મતવિસ્તારો અને મતદારોની બહુ મોટી સંખ્યાને કારણે ઉમેદવારોને પ્રચાર કરવામાં મોટા પ્રમાણમાં ખર્ચ કરવો પડે છે. કેટલોક ખર્ચ રાજકીય પક્ષ કરે છે પણ બાકીનો ખર્ચ ઉમેદવારોએ કરવો પડે છે. તેથી કરીને રાજકીય પક્ષો પણ એવા જ ઉમેદવારને પસંદ કરવાનું વલણ ધરાવે છે કે જે ચૂંટણીમાં ભરપૂર પ્રમાણમાં નાણાં ખર્ચી શકે. ચૂંટણીઓમાં 'કાળું નાણું' કે 'બિનહિસાબી નાણું' મોટા પ્રમાણમાં ખર્ચાય છે. ઉમેદવારો પણ એવી વ્યક્તિઓ પર આધાર રાખે છે કે જેઓ મોટા પ્રમાણમાં નાણાં આપી શકે. ગેરકાયદેસર અને અનૈતિક સાધનો દ્વારા અઢળક નાણાં કમાનારા, કાળા બજારિયા, સટ્ટાખોરો, સંઘરાખોરો, ભ્રષ્ટ કોન્ટ્રાકટરો, ભ્રષ્ટાચારીઓ, ઉદ્યોગપતિઓ અને મોટા વેપારીઓ વગેરે રાજકીય પક્ષો અને ઉમેદવારોને નાણાં આપે છે. ચૂંટાઈ આવ્યા પછી પક્ષો અને ઉમેદવારો તેના બદલામાં તેઓને જુદી જુદી રીતે લાભ કરી આપે છે. આ રીતે, એક વિષમય વર્તુળ ઊભું થાય છે. કહેવાય છે કે, 'કાળું અને ભ્રષ્ટ નાણું કાળા અને ભ્રષ્ટ રાજકારણને જન્મ આપે છે.' આ બધાં કારણોસર સ્વચ્છ, પ્રતિભાવાન અને ચારિત્ર્યવાન વ્યક્તિ ચૂંટણીમાં ઊભા રહેવાની હિંમત કરી શકતી નથી, તેથી દેશને સારા પ્રતિનિધિની ખોટ રહે છે. આપણી લોકશાહી પણ ધનિકોની ઈજારાશાહીની ચુંગાલમાં ફસાતી જાય છે.

ચૂંટણીઓમાં નાણાશક્તિનો પ્રભાવ ઘટાડવા અને કાળા નાણાંની નાગચૂડમાંથી ચૂંટણીઓને મુક્ત કરવા માટે ઘણાં સૂચનો થયાં છે અને તે પૈકી કેટલીક બાબતોનો અમલ પણ કરવામાં આવી રહ્યો છે.

(ક) ચૂંટણી વખતે રાજકીય પક્ષો ઉમેદવારો પાછળ જે ખર્ચ કરે છે તેને ચૂંટણીખર્ચની ટોચ મર્યાદા હેઠળ લાવવો જોઈએ.

(ખ) રાજકીય પક્ષો કોની પાસેથી કેટલાં નાણાં મેળવે છે, તેઓ ક્યાં કેવી રીતે ખર્ચ કરે છે તેનો વ્યવસ્થિત હિસાબ રાખવામાં આવે અને તેનું ઑડિટ કરાવવામાં આવે.

(ગ) રાજકીય પક્ષોના નાણાકીય વ્યવહારો પારદર્શક હોવા જોઈએ. આ બાબતમાં ચૂંટણીપંચને જરૂરી સત્તાઓ આપી શકાય. જોકે, હવેના સમયમાં ચૂંટણીપંચને ઉમેદવારોના ચૂંટણીખર્ચ પર દેખરેખ રાખવાની ઘણી સત્તાઓ પ્રાપ્ત છે.

(ઘ) એક અગત્યનું સૂચન એવું છે કે, રાજકીય પક્ષોને રાજ્ય તરફથી મદદ મળવી જોઈએ. જેને 'સ્ટેટ ફન્ડિંગ' કહેવામાં આવે છે. આ મદદ નાણાકીય સ્વરૂપમાં જ હોય એ જરૂરી નથી. ચૂંટણી સમયે વાહનો માટે અમુક માત્રામાં પેટ્રોલ-ડીઝલ, ચૂંટણી સાહિત્યનું છાપકામ વગેરે રાજ્યને ખર્ચે આપી શકાય. કેટલાક લોકશાહી દેશો જેમકે; જર્મની, ફ્રાન્સ, કેનેડા, ઈઝરાયેલ, જાપાન અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (યુ. એસ. એ.) વગેરેમાં 'સ્ટેટ ફન્ડિંગ' ની જોગવાઈઓ છે.

આમ ચૂંટણીઓમાં કાળા નાણાંનો ઉપયોગ બંધ થાય તે માટે અસરકારક પગલાં ભરવાની જરૂર છે.

**(4) હિંસા અને બાહુબળના વધતા જતા ઉપયોગને બંધ કરવો :** નાણાશક્તિ ઉપરાંત બાહુબળનો ઉપયોગ ચૂંટણીમાં અમુક ઉમેદવારોને જિતાડવા કે હરીફ ઉમેદવારને હરાવવા માટે કરવામાં આવે છે. મતદાન મથકો કબજે કરવાં, મતપેટીઓ કે ઈ.વી.એમ મશીનો (EVM-Electronic Votting Machine) કબજે કરવાં તથા હિંસા અને ભયનું વાતાવરણ ઊભું કરવાના પ્રયત્નો થાય છે. ક્યારેક કોઈક મતદાન મથક પર મોટા પ્રમાણમાં બોગસ મતદાન પણ કરાવવામાં આવે છે. જો કે, આવું બધાં મતદાનમથકો પર થતું નથી. આ રીતે, અનેક પ્રકારના અયોગ્ય અને અનિષ્ટ સાધનો-પદ્ધતિઓનો ઉપયોગ કરતા ઉમેદવારો કે પક્ષના કાર્યકરો અચકાતા નથી. આ ખરેખર ચિંતાજનક છે. આમ, આવા વલણ અને વ્યવહારને રોકવા અત્યંત જરૂરી છે. નાગરિકોની જાગૃતિ આ પ્રકારના અનિષ્ટોને નાબૂદ કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

**(5) રાજકીય પક્ષોના કામકાજનું નિયમન :** ચૂંટણી સુધારા સાથે રાજકીય પક્ષોમાં સુધારા (પાર્ટી રિફોર્મ)ની પણ તાકીદે જરૂર છે. રાજકીય પક્ષોના કામકાજનું જો અસરકારક નિયમન કરવામાં આવે તો ચૂંટણીપ્રક્રિયામાં પ્રવેશેલાં ઘણાં દૂષણો દૂર થઈ શકે તેમ છે. બિન લોકશાહી ઢબે ચાલતા રાજકીયપક્ષો દેશમાં લોકશાહીનું સુચારુ રીતે સંચાલન કેવી રીતે કરી શકે? રાજકીય પક્ષોનું લોકશાહી ઢબે સંચાલન થાય એ માટે કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે. પક્ષોમાં છેક નિમ્ન સ્તરેથી ટોચના સ્તર સુધી નિયમિત ધોરણે અને મુક્ત તેમજ ન્યાયી ચૂંટણીઓ થવી જોઈએ. કોઈપણ સ્તરે નિમણૂકની પ્રથા ન હોવી જોઈએ. આવક-ખર્ચના વ્યવસ્થિત હિસાબો રાખવા જોઈએ અને નિયમિત ઑડિટ થવું જોઈએ. નેતાઓ પક્ષના કાર્યકરોને ઉત્તરદાયી રહે એવી જોગવાઈ હોવી જોઈએ. પક્ષની અંદર અભિવ્યક્તિની સ્વતંત્રતા હોવી જોઈએ. ટૂંકમાં, પક્ષમાં આંતરિક લોકશાહી હોવી જોઈએ.

આ સંદર્ભમાં મહત્ત્વનું સૂચન એવું કરવામાં આવ્યું છે કે, રાજકીય પક્ષો લોકશાહી ઢબે પોતાનું આંતરિક કામકાજ કરે એ જોવાનું કાર્ય ચૂંટણીપંચને સુપ્રત કરવું જોઈએ. આ બાબતોનું પાલન નહીં કરનાર પક્ષની માન્યતા રદ કરવાની સત્તા ચૂંટણીપંચને હોવી જોઈએ.

**(6) જ્ઞાતિવાદી-કોમવાદી રાજકારણને દૂર કરવું :** જ્ઞાતિવાદ અને કોમવાદ ભારતીય રાજકારણનું મોટું અનિષ્ટ છે. ઉમેદવારોની પસંદગીથી માંડીને ચૂંટણીપ્રચાર, સત્તામાં સ્થાન વગેરે બાબતોમાં જ્ઞાતિ અને કોમ નિર્ણાયક ભાગ ભજવતાં હોય છે. ઘણીવાર ઉમેદવારની અન્ય લાયકાતો ગૌણ બની જાય છે અને તે કઈ જ્ઞાતિનો છે કે કઈ કોમનો છે તેને જ વધુ મહત્ત્વ આપવામાં આવે છે. સામા પક્ષે, મતદારો પણ જ્ઞાતિ અને કોમને મહત્ત્વ આપતા હોવાથી રાજકીય પક્ષો અને ઉમેદવારો એ બાબતને ધ્યાનમાં રાખે છે. જોકે, લોકપ્રતિનિધિ ધારો (1951) અનુસાર ધર્મને નામે અપીલ કરીને મત માંગી શકાય નહીં. આમ કરવું એ ચૂંટણી વિષયક ગેરરીતિ ગણાય છે.

જ્ઞાતિ અને ધર્મની ઓળખ પર રચાયેલા પક્ષો વિભાજકતાને ઉત્તેજન આપે છે અને સ્વસ્થ તેમજ તંદુરસ્ત લોકશાહીના વિકાસમાં તે અવરોધક બને છે. આમ, આ ખામીઓ લોકશાહીને વ્યવહારમાં ચરિતાર્થ કરવામાં મોટી અડચણો ઊભી કરે છે. તેથી તેમાં જરૂરી ફેરફાર અને સુધારા આવશ્યક છે.

**(7) રાજકારણના વધતા જતા અપરાધીકરણને રોકવું :** ભારતીય રાજકારણમાં આ બહુ મોટું દૂષણ પ્રવેશ્યું છે. અગાઉ ગુન્હેગારો તથા અસામાજિક તત્ત્વોનો ચૂંટણી દરમિયાન ઉપયોગ કરવામાં આવતો હતો. હવે તો ખુદ આવાં તત્ત્વો જ ચૂંટણીઓમાં ઝંપલાવે છે અને ચૂંટાઈ પણ આવે છે. ગુનાઈત ભૂતકાળ ધરાવતા બધા ઉમેદવારો ગુન્હેગારો છે એમ ન કહી શકાય. છતાં, મોટી સંખ્યામાં શંકાસ્પદ ચારિત્ર્ય ધરાવતા ઉમેદવારો ચૂંટણી લડે છે અને ચૂંટાઈ આવે છે એ ચિંતાજનક બાબત છે.

લોક પ્રતિનિધિ ધારો (1951) ની કલમ 8A અનુસાર અમુક પ્રકારના ગુના માટે જે વ્યક્તિને અદાલતે ગુન્હેગાર જાહેર કરી હોય અને જેલની સજા કરી હોય તે ચૂંટણીમાં ભાગ લઈ શકે નહીં. પણ જો તેમની સામે આરોપો હોય કે અદાલતમાં કાર્યવાહી ચાલતી હોય પણ સજા ન થઈ હોય તો તે ચૂંટણીમાં ઉમેદવારી કરી શકે છે. આ છટકબારીને કારણે ગુનાઈત ભૂતકાળ ધરાવતી વ્યક્તિઓ ઉમેદવારી કરી શકે છે. આમ, જેમની મથરાવટી મેલી છે તેવાં કેટલાંક તત્ત્વો સંસદ અને ધારાસભાઓમાં બેસે છે અને દેશ માટે કાયદા ઘડે છે. એમાંના કેટલાક તો પ્રધાનમંડળમાં પણ સ્થાન પામે છે. આ સંદર્ભમાં અત્યારે કાયદામાં જે જોગવાઈઓ છે એ અપૂરતી છે અને તેમાં કેટલીક છટકબારીઓ છે. આ માટે કાયદામાં સુધારો કરવાનાં ઘણાં સૂચનો કરવામાં આવ્યાં છે. વર્તમાન સમયમાં ચૂંટણીપંચે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતો તેમની સ્થાવર-જંગમ મિલકતો અને ગુનાઈત ભૂતકાળ ધરાવે છે કે કેમ તે વિશે માહિતી આપતાં સોગંદનામા રજૂ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. આનાથી ચૂંટણીમાં ઊભા રહેલા ઉમેદવાર ગુનાઈત પ્રવૃત્તિ ધરાવે છે કે કેમ તે મતદારો જાણી શકે છે. ચૂંટણી વખતે આચારવામાં આવતી ગેરરીતિઓ, બળજબરી, ધાકધમકી, બોગસ મતદાન વગેરેને રોકવાનાં કેટલાંક પગલાં ચૂંટણીપંચે ભર્યાં છે. જ્યાં વ્યાપક પ્રમાણમાં આવી ગેરરીતિઓ થઈ હોય ત્યાં ચૂંટણીપંચ મતદાન અટકાવી શકે છે અથવા મતગણતરી રોકી શકે છે, અને તે મતવિભાગમાં ફેરચૂંટણી કરાવી શકે છે. ચૂંટણી પ્રચાર માટે પણ આચારસંહિતા ઘડવામાં આવી છે અને તેનું ફરજિયાતપણે પાલન રાજકીય પક્ષોએ તથા ઉમેદવારોએ કરવાનું હોય છે. રાજકારણના અપરાધીકરણનો આરંભ ચૂંટણીથી થાય છે એટલે તેને રોકવાના પ્રયાસનો આરંભ પણ ત્યાંથી જ થવો જોઈએ.

**(8) સંચાર-સંવહનનાં માધ્યમોનો દુરુપયોગ અટકાવવો :** આપણે જાણીએ છીએ કે માધ્યમો ચૂંટણી ટાણે ચૂંટણી પ્રચારનું અને લોકજાગૃતિ આણવાનું બહુ પરિમાણીય કાર્ય કરે છે, પરંતુ પ્રવર્તમાન સમયમાં ચૂંટણી સંદર્ભે માધ્યમોની ભૂમિકા વિવાદાસ્પદ બની રહી છે. દૈનિક સમાચારપત્રો ઉપરાંત આજકાલ ચોવીસ કલાક ચાલતી ટી. વી. સમાચાર ચેનલો ચૂંટણી સમયે પ્રિ-પોલ (Pre poll) એટલે કે ચૂંટણીપૂર્વે તથા એક્ઝિટ-પોલ (Exit poll) એટલે કે ચૂંટણીબાદના સર્વેક્ષણ હાથ ધરીને ચૂંટણીમાં કયા પક્ષનો દેખાવ કેવો રહેશે, તેમને અંદાજિત કેટલી બેઠકો પર વિજય મળશે વગેરે બાબતોની આગાહી કરે છે. ચૂંટણીનાં પરિણામો સંદર્ભની આ પ્રકારની માહિતી મતદારોને ગેરમાર્ગે દોરી શકે છે. વધુમાં, આ પ્રકારનાં સંશોધન સર્વેક્ષણની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા અંગે પણ પ્રશ્નાર્થ રહે છે. તેથી હવે આચારસંહિતા લાગુ થયાના સમયથી આવા ચૂંટણી સર્વેક્ષણો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે.

સમૂહ માધ્યમો (Mass Media) ઉપરાંત તાજેતરમાં સોશ્યલ મીડિયા (Social Media) ખૂબ પ્રચલિત અને લોકભોગ્ય બન્યાં છે. એસ.એમ.એસ., ઈ-મેઈલ, ફેસબુક, ટ્વીટર, વોટ્સ એપ જેવા સોશ્યલ મીડિયા હવેની ચૂંટણીઓમાં પ્રભાવી તેમજ અકલ્પનીય ભૂમિકા ભજવી રહ્યાં છે. કેટલાય અભ્યાસો એવું દર્શાવે છે કે, વર્ષ 2014 ની લોકસભાની ચૂંટણીમાં સોશ્યલ મીડિયાએ નિર્ણાયક ભાગ ભજવ્યો છે. સોશ્યલ મીડિયામાં માહિતીની ખરાઈ અંગે અનેક સવાલો છે. કારણ કે, માહિતીની ખરાઈ કે યોગ્ય ચકાસણી થયા વગર વ્યાપક પ્રમાણમાં અને ઘડીના છઠ્ઠા ભાગમાં તેનો ફેલાવો થઈ જાય છે. આમાં ખોટી અને વિકૃત માહિતી ફેલાવાની ગુંજાઈશ વધે છે. હાલના સમયમાં આના પર કોઈ નિયંત્રણ ન હોવાથી તેની ભયાનક અને ગંભીર અસરો ઊભી થઈ શકે છે. વળી, ચૂંટણી પ્રચારના નિયમ મુજબ ચૂંટણીના ૪૮ કલાક પૂર્વે ચૂંટણી પ્રચાર બંધ કરવાનો હોય છે. પરંતુ સોશ્યલ મીડિયા પર છેલ્લી ઘડી સુધી ચૂંટણીપ્રચાર અને તે સંબંધી બાબતો પ્રસાર પામતી રહે છે. આમ, સોશ્યલ મીડિયા પણ

યોગ્ય નિયંત્રણો હેઠળ હોવાં જોઈએ.

આમ, ચૂંટણી સમયે માધ્યમોની પૂર્વગ્રહયુક્ત ભૂમિકા ચર્ચાની એરણે ચઢી છે. પોતાના હિત અને સ્વાર્થ ખાતર માધ્યમો અમુક પ્રકારની સોદાબાજી કરે છે તેવો આક્ષેપ પણ તેમની સામે થાય છે. ટૂંકમાં, માધ્યમોના પ્રભાવનો દુરુપયોગ અટકે તે માટે ચોક્કસ નિયંત્રણો આવશ્યક છે, અને તો જ માધ્યમો પોતાની તટસ્થ અને નિષ્પક્ષ ભૂમિકા ભજવી શકે.

**અન્ય સૂચનો :**

ચૂંટણીઓને નિષ્પક્ષ અને ન્યાયી બનાવવા કેટલાંક સૂચનો થયાં છે જે આ પ્રમાણે છે :

(i) ચૂંટણીમાં ઉમેદવારો ઘણી વખત એક કરતાં વધુ બેઠકો પરથી ચૂંટણી લડે છે તે બંધ કરવું જોઈએ.

(ii) સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં બે કરતાં વધુ બાળકો ધરાવતા નાગરિક ઉમેદવારી નોંધાવી શકતા નથી તે નિયમ ધારાસભાઓને પણ લાગુ પાડવો જોઈએ.

આમ ચૂંટણીઓ લોકશાહીને વ્યવહારમાં ચરિતાર્થ કરવાનું સૌથી મહત્ત્વનું સાધન છે, તેથી આ સાધન જેટલું શુદ્ધ અને તંદુરસ્ત હશે એટલી લોકશાહી તંદુરસ્ત બનશે.

## વિકાસ આધારિત રાજનીતિ

કોઈપણ દેશનું રાજકારણ મહદ્અંશે પોતાના દેશના લોકોના વિકાસને કેન્દ્રમાં રાખીને ઘડાતું હોય છે. છેલ્લા કેટલાક સમયથી ભારતીય રાજકારણમાં વિકાસનો મુદ્દો મહત્ત્વનો બની રહ્યો છે. તેની સાથે રાજકીય નેતાઓ દ્વારા રજૂ કરવામાં આવતી વિકાસની વિભાવના પણ વિવાદાસ્પદ બની છે. અહીં વિકાસ એટલે શું? તે સમજવું અતિ અગત્યનું છે. ઘણી વખત વિકાસને વૃદ્ધિ કે આર્થિક વૃદ્ધિના અર્થમાં મૂલવવામાં આવે છે, પરંતુ તે યોગ્ય નથી. સંયુક્ત રાષ્ટ્રોના વિકાસ કાર્યક્રમ (UNDP) મુજબ વિકાસનું આકલન શિક્ષણ, સ્વાસ્થ્ય, નાગરિકોનું જીવનધોરણ, માથાદીઠ આવક વગેરે બાબતોના સૂચકાંક દ્વારા કરવામાં આવે છે. આ વિકાસ નિરંતર-ટકાઉ અને સર્વગ્રાહી હોય એ અપેક્ષિત છે. આ રીતે વિકાસના ખ્યાલને નાગરિકોના વિકાસના સંદર્ભમાં જ સમજી શકાય. ટૂંકમાં, વિકાસ એ સર્વનો વિકાસ હોવો જોઈએ અને આવો વિકાસ જ સર્વાંગી હોઈ શકે અને તેથી આપણે સહભાગી વિકાસની રાજનીતિનો જ સ્વીકાર કરવો જોઈએ. પણ, કમનસીબે આવું થતું નથી.

આપણા કેટલાક રાજનેતાઓ તથા રાજકીય પક્ષો વિકાસને તેના સાચા અર્થમાં રજૂ કરવાને બદલે મતોના રાજકારણ પ્રેરિત અર્થઘટન કરે છે, અને તે પ્રકારની જ રાજનીતિને આકાર આપે છે. એક ચર્ચા એવી પણ છે કે શું રોડ-રસ્તાઓ કે માળખાકીય સુવિધાઓમાં વધારો એ વિકાસ છે? ચૂંટણી ટાણે કેટલીક વખત રાજકીય પક્ષો દ્વારા આવી બાબતોને વિકાસના મુદ્દા બનાવીને નાગરિકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે. આવી વાતોથી ચોક્કસ વર્ગ ભોળવાય પણ છે. ચૂંટણી સમયે લોભામણી લાલચો આપવા જાણીતા આપણા રાજકીય પક્ષોથી આપણે સારી રીતે વાકેફ છીએ જ. ચૂંટણી સમયે આપેલાં વચનો સમય જતાં પોકળ સાબિત થાય છે. તેનાથી પણ આપણે સહુ સુપેરે પરિચિત છીએ.

આપણે ત્યાં ઘણી વખત કોઈ ચોક્કસ વર્ગ કે વિસ્તાર આધારિત વિકાસનો મુદ્દો બનાવીને રાજકીય વ્યૂહ અપનાવવામાં આવે છે. ચોક્કસ જ્ઞાતિનો વિકાસ, ચોક્કસ પ્રદેશ કે ક્ષેત્રનો વિકાસ એ ખરા અર્થમાં વિકાસ નથી અને તેથી જ્ઞાતિ-જાતિ, ધર્મ કે પ્રદેશ આધારિત વિકાસ ન હોવો જોઈએ. કોઈ ચોક્કસ રાજ્યનો પણ વિકાસ નહીં પરંતુ સર્વગ્રાહી વિકાસનો આદર્શ હોવો જોઈએ. કોઈના ભોગે કોઈનો વિકાસ ક્યારેય હોઈ શકે નહીં. આપણે જ્યારે વિકાસની વાત કરીએ ત્યારે તે નાગરિકના વિકાસને કેન્દ્રમાં રાખીને કરવી જોઈએ અને તેથી આપણી રાજનીતિ પણ તેવા પ્રકારની જ હોવી જોઈએ.

હકીકતમાં આપણે ત્યાં સહભાગી વિકાસ, સર્વાંગી વિકાસ કે સર્વના વિકાસ પ્રત્યે ઓછું ધ્યાન કેન્દ્રિત થાય છે. મોટાભાગે તે પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. લોકશાહીની ફળશ્રુતિ નાનામાં નાના માણસના વિકાસમાં અને પ્રત્યેક નાગરિકના વિકાસમાં રહેલી છે. ટૂંકમાં, વિકાસ એટલે સર્વગ્રાહી, સમતોલ અને નિરંતર વિકાસ. ક્યારેક સમાજના અમુક ચોક્કસ વર્ગ કે વિભાગ જેમકે; બાળકો-કિશોરો, મહિલાઓના વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. તે માટે સરકાર વિશેષ ઉપાયો કરે એ ખાસ જરૂરી છે. જે દેશોએ 'કલ્યાણ રાજ્ય'નો સ્વીકાર કર્યો છે તેમને આ વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે. અલબત્ત, ભારત જેવા લોકશાહી દેશમાં સરકારે જે કંઈ કરવાનું છે, તે બંધારણને ખ્યાલમાં રાખીને કરવાનું છે.

## કાર્યદેખાવ આધારિત રાજનીતિ

છેલ્લા એકાદ-બે દાયકાથી ભારતના રાજકારણમાં ઘણાં પરિવર્તનો જોવા મળે છે. મિશ્ર સરકાર-જોડાણોની સરકાર

જેવા સત્તાના ગઠબંધનો રાજનીતિને એક જુદો જ વળાંક આપી રહ્યાં છે, તો તેની સાથે કાર્યદેખાવ જેવા મુદ્દાઓ પણ ધ્યાનાકર્ષક બની રહ્યા છે અને તે અભ્યાસનો વિષય બન્યા છે.

દરેક ચૂંટણી વખતે જે-તે સરકારે કેવા પ્રકારનાં કાર્યો કર્યાં અથવા તો ચોક્કસ કાર્ય માટે શું નક્કર પ્રયાસો કર્યા તેનાં લેખાં-જોખાં લેવામાં આવે છે. કોઈપણ પક્ષની હાર-જીત માટે પ્રચારને પણ ઘણી વખત નિર્ણાયક બાબત ગણવામાં આવે છે અને તેથી પ્રચારમાં જે પક્ષ પોતાનાં કરેલાં કાર્યોને સુંદર રીતે કે સ્પર્શી જાય તે રીતે રજૂ કરી શકે તે ફાવી જાય છે. જોકે આમાં એક હકીકત ધ્યાને લેવા જેવી છે કે સત્તામાં રહેલા પક્ષો જ પોતાના કરેલાં કાર્યોને દર્શાવી શકે. સત્તા પર ન હોય એવા રાજકીય પક્ષને પોતાના કાર્યદેખાવને રજૂ કરવાનો યોગ્ય અવકાશ મળતો નથી. આ અર્થમાં તે સત્તાધારી પક્ષની સરખામણીમાં થોડો પાછળ રહે છે. જોકે તે ચૂંટણી વખતે વચનોની લ્હાણી કરી શકે છે.

સાંપ્રત સમયમાં શાસનના સો દિવસ કે એક વર્ષ કે બે વર્ષ જેવા નિશ્ચિત સમયને અંતરે તેમની કામગીરીની ચર્ચા સમૂહ માધ્યમોમાં થતી જોવા મળે છે. તેની પાછળનો હેતુ સરકારોને જવાબદાર બનાવવાનો છે. આમ, જોઈએ તો સરકારોને તેમની કામગીરીની પૃચ્છા કરવાનો તથા તેમના કાર્યોનું પૃથક્કરણ કરવાનો નાગરિકોનો અભિગમ લોકશાહી માટે આવકારદાયક છે. સરકારો કે રાજકીય પક્ષોએ કરેલાં કાર્યો અને તેમના શ્રેષ્ઠ કાર્યદેખાવને કારણે તેઓની ભવિષ્યમાં સત્તા પર આવવાની તકો ઉજળી બને છે.

નાગરિકો જ્યારે સરકારનાં કાર્યોનાં લેખાં-જોખાં લે છે ત્યારે તેમણે ચૂંટણી સમયે આપેલાં વચનો યાદ કરે છે અને કરાવે છે. તે પૈકી કેટલાં વચનોની પૂર્તિ કરી છે કે પછી તે પૂર્ણ કરવા પ્રયત્નશીલ છે વગેરેનું મૂલ્યાંકન થાય છે. આ દર્શાવે છે કે હવેનો સમય માત્ર વચનો આપવાનો કે ભાષણો કરવાનો સમય નથી. માત્ર ભાષણો કરવાથી મત મળતા નથી. આ ઉપરાંત રાજનીતિમાં કેટલાક નેતાઓની ચુંબકીય અસર હોય છે. કેટલાક રાજકીય પક્ષોને ચુંબકીય  નેતૃત્વના ઘણા ફાયદાઓ મળે છે. પરંતુ એ પણ એટલું જ સાચું છે કે ચુંબકીય નેતૃત્વની અસર લાંબા સમય સુધી ટકતી નથી. ઘણી વખત તે કામચલાઉ સાબિત થાય છે. અંતે તો કાર્ય દેખાવ એટલે કે પક્ષોએ કરેલાં કાર્યો જ અગત્યનાં છે. ચૂંટણીઓ માત્ર ભાષણો કે પ્રચારને આધારે જીતી શકાતી નથી પરંતુ નક્કર કામગીરી જ ચૂંટણીમાં સફળતાની ચાવી છે. ચૂંટણી વખતે નાગરિકો (મતદારો) 'હિસાબ' માંગે છે. ચૂંટણીપ્રચારમાં તમે આટલાં વચનો આપ્યાં હતાં, તેમાંથી કેટલાનું પાલન કર્યું? અને ન કર્યું તો કેમ ન કર્યું? નાગરિકોની, ખાસ કરીને ચૂંટણી સમયે મતદારોની જાગૃતિ અત્યંત અગત્યની પુરવાર થાય છે. લોકશાહીને જીવંત અને ધબકતી રાખવામાં આ જાગૃતિ અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) ચૂંટણીમાં ભાગીદારી અને મતદાનને પ્રભાવિત કરતાં ટૂંકાગાળાનાં પરિબળો જણાવો.

(2) ચૂંટણીમાં ભાગીદારી અને મતદાનને પ્રભાવિત કરતાં લાંબાગાળાનાં પરિબળો જણાવો.

(3) કોઈપણ બે ચૂંટણી સુધારાની ચર્ચા કરો.

(4) વિકાસ આધારિત રાજનીતિ સમજાવો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) ચૂંટણીનું મહત્ત્વ

(2) રાજકીય ભાગીદારી

(3) ચૂંટણી પંચનાં કાર્યો

(4) કાર્યદેખાવ આધારિત રાજનીતિ

(5) ભારતની ચૂંટણીપ્રથામાં રહેલી ઊણપો દૂર કરવા માટેનાં સૂચનો

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં  જવાબ આપો.**

(1) પ્રત્યક્ષ ચૂંટણી કોને કહેવાય ?

(2) પરોક્ષ ચૂંટણી કોને કહેવાય ?

(3) રાજકારણનું અપરાધીકરણ એટલે શું ?

(4) ચુંબકીય નેતૃત્વ એટલે શું ?

(5) ચૂંટણી દરમિયાન સોશ્યલ મીડિયાની ભૂમિકા જણાવો.

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

(1) ચૂંટણી સુધારા અંગે નિમાયેલ કોઈપણ એક સમિતિનું નામ આપો..

(2) 'સ્ટેટ ફન્ડિંગ' એટલે શું?

(3) ભારતમાં ચૂંટણી કમિશનરની નિમણૂક કોણ કરે છે ?

(4) ભારતમાં ચૂંટણી કમિશનરની નિમણૂક કેટલા વર્ષ માટે કરવામાં આવે છે?

(5) સોશ્યલ મીડિયાના બે ઉદાહરણ આપો.

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) ઈલેકશન શબ્દ કઈ ભાષા પરથી ઉતરી આવ્યો. ☐

(અ) લેટિન (બ) ગ્રીક (ક) અરેબિક (ડ) સંસ્કૃત

(2) ભારતીય બંધારણની આ કલમ હેઠળ ચૂંટણીપંચની જોગવાઈ કરવામાં આવી છે. ☐

(અ) 324 (બ) 326 (ક) 328 (ડ) 356

(3) ભારતમાં ક્યા વર્ષથી ચૂંટણીપંચમાં ત્રણ ચૂંટણી કમિશનરની જોગવાઈ કરવામાં આવી છે? ☐

(અ) 1947 (બ) 1950 (ક) 1952 (ડ) 1993

(4) 'સ્ટેટ ફન્ડિંગ' ની જોગવાઈ ક્યા દેશમાં જોવા મળે છે ? ☐

(અ) જાપાન (બ) જર્મની (ક) કેનેડા (ડ) બધા જ

(5) તારકુંડે સમિતિની રચના કોની સાથે સંકળાયેલી છે ? ☐

(અ) પંચાયતીરાજ (બ) ચૂંટણી સુધારા (ક) સનદી સેવા (ડ) આર્થિક સુધારા

**પ્રવૃત્તિ**

- વિધાનસભા-લોકસભાની ચૂંટણી પ્રક્રિયાનો અભ્યાસ કરાવવો.
- વિધાનસભા-સંસદની મુલાકાત કરવી/કરાવવી.
- ધારાસભ્ય અને સંસદ સભ્ય સાથે વાર્તાલાપ ગોઠવવો.

●

# 3 ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો

વિશ્વમાં વસતીની દૃષ્ટિએ સૌથી મોટી અને એકંદરે સફળ લોકશાહી તરીકેનું ગૌરવ ભારતને ફાળે જાય છે. 15 ઑગસ્ટ 1947ના રોજ સ્વતંત્રતા મેળવતાંની સાથે જ આપણે લોકશાહી શાસનવ્યવસ્થાનો સ્વીકાર કર્યો અને બંધારણના આમુખમાં જ આપણા દેશ માટે લોકશાહી પ્રજાસત્તાકની ઘોષણા કરવામાં આવી. પશ્ચિમના દેશો સાથેના લાંબા સંપર્કને પરિણામે આપણે વ્યક્તિ સ્વાતંત્ર્ય, પ્રતિનિધિત્વવાળી સરકાર, કાયદાનું શાસન વગેરે મૂલ્યો અપનાવ્યાં. બ્રિટન સાથેના સંસર્ગ અને બ્રિટીશ રાજકીય પ્રથાના અનુભવને કારણે આપણે પણ સંસદીય લોકશાહી અપનાવી છે. આઝાદી પછી આપણે અનેક પડકારોનો સામનો કરી રહ્યા છીએ, એમાંના કેટલાક પડકારો આપણને ઐતિહાસિક વારસામાં મળ્યા છે.

સામાજિક-આર્થિક અસમાનતા ભારતીય લોકશાહી સામેનો સૌથી મોટો પડકાર ગણાવી શકાય. જે સમાજમાં વ્યાપક પ્રમાણમાં અસમાનતાઓ હોય ત્યાં લોકશાહીનું સંવર્ધન કેવી રીતે થઈ શકે? એ જ રીતે, નિરક્ષરતા પણ લોકશાહી સામેનો મોટો પડકાર છે. જુદા-જુદા પ્રદેશો વચ્ચેની અસમતુલા પણ લોકશાહી અને રાષ્ટ્રીય એકતા માટે ખતરો ઊભો કરે છે. એમાંથી ભાષાવાદ-પ્રદેશવાદ જેવા પ્રશ્નો ઊભા થાય છે. ઉપરાંત કોમવાદ-સાંપ્રદાયિકતા, જ્ઞાતિવાદ, અલગતાવાદ, રાજકીય હિંસા, નક્સલવાદ, આતંકવાદ વગેરે લોકશાહી સામેના મોટા પડકારો છે.

આ પડકારોનો લોકશાહી માળખામાં રહીને અને લોકશાહી પ્રક્રિયાઓ દ્વારા આપણે સામનો કરી રહ્યા છીએ, એમાં ક્યારેક સફળતા તો ક્યારેક નિષ્ફળતા મળી છે. લોકશાહીને માત્ર શાસનવ્યવસ્થા તરીકે નહીં પરંતુ સામાજિક, રાજકીય અને આર્થિક ન્યાય સહિત સ્વતંત્રતા અને સમાનતાના આદર્શો સિદ્ધ થાય તેવી નેમ બંધારણના ઘડવૈયાઓએ વ્યક્ત કરી છે. આ રીતે આપણી લોકશાહી શાસનવ્યવસ્થા જાતિ, જ્ઞાતિ, સ્ત્રી-પુરુષ એવા લિંગભેદ અને જન્મના ભેદભાવ સિવાય સહુના માટે સમાન અધિકાર સુનિશ્ચિત કરે છે.

### ભારતીય લોકશાહી સામેના પડકાર

ભારતમાં સામાજિક-આર્થિક અસમાનતા વિશેષરૂપે જોવા મળે છે. આપણે સહુ જાણીએ છીએ કે, ભારતીય સમાજ જ્ઞાતિ વ્યવસ્થાને આધારે રચાયેલો છે અને સામાજિક અસમાનતાના મૂળ આ જ્ઞાતિ વ્યવસ્થામાં રહેલાં છે. સામાજિક અસમાનતા ઉપરાંત આર્થિક અસમાનતા પણ આપણે ત્યાં એટલી જ વ્યાપકપણે જોવા મળે છે. ઉત્પાદનનાં સાધનો પર અમુક ચોક્કસ વર્ગનો એકાધિકાર તથા ગરીબી, બેરોજગારી જેવી સમસ્યાઓ પણ બાધારૂપ બની રહી છે. ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં જોવા મળતી અનેક પ્રકારની અસમાનતાની પણ આપણે નોંધ લેવી ઘટે.

### સામાજિક અસમાનતા

પરંપરાગત ભારતીય સમાજ વર્ણવ્યવસ્થાને આધારે રચાયેલો છે. વર્ણવ્યવસ્થા અંગેની સ્તરરચનામાં સૌથી ટોચે કહેવાતી ઉચ્ચજ્ઞાતિઓ જ્યારે સૌથી નિમ્નસ્તરે કહેવાતી નીચલી જ્ઞાતિઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. નિમ્ન ગણાતી જ્ઞાતિઓ જેવીકે; અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ તથા અન્ય પછાતસમૂહો 'પછાતવર્ગો' તરીકે ઓળખાય છે. તેમના પછાતપણા માટે મુખ્યત્વે જાતિગત પૂર્વગ્રહો, આર્થિક અસમાનતા અને શૈક્ષણિક પછાતપણું જવાબદાર ગણાવી શકાય. ભારતની જ્ઞાતિ વ્યવસ્થાનું એક મહત્ત્વનું લક્ષણ જ્ઞાતિ આધારિત વ્યવસાય છે, પરંતુ સમય જતાં અનેક કારણોસર આ ખ્યાલમાં પરિવર્તન આવતું જાય છે. તેમછતાં જ્ઞાતિ અને વ્યવસાય વચ્ચેના સંબંધને નકારી શકાય તેમ નથી.

### (ક) અનુસૂચિત જાતિઓ

ભારતમાં વ્યક્તિની સામાજિક ઓળખ તેની જ્ઞાતિના આધારે નક્કી થાય છે. સામાજિક દરજ્જાની દૃષ્ટિએ જોતાં અનુસૂચિત જાતિઓના લોકો સૌથી નિમ્નસ્તરમાં આવે છે. વળી, તેમાં પણ પેટાજ્ઞાતિઓનો કોટિક્રમ નક્કી થયેલો છે. અસ્પૃશ્ય ગણાતી આ જાતિઓને આપણી પરંપરાગત વર્ણવ્યવસ્થાના માળખામાં પણ સ્થાન અપાયું નથી અને તેથી તેઓને 'અવર્ણ' કે 'પંચમવર્ણ' તરીકે ઓળખવામાં આવતા. પછાત અને અતિપછાત એવી આ અનુસૂચિત જાતિ સાથે અમાનવીય વ્યવહારોના કારણે તેમની સ્થિતિ અત્યંત દયનીય હતી. તેમની વસાહતો ગામની મુખ્ય વસતીથી દૂર રાખવામાં આવતી. આજે પણ તેમની વસાહતો ગામના છેવાડે જ જોવા મળે છે. જાહેર કૂવા, તળાવ કે અન્ય જાહેર સ્થળોનો ઉપયોગ કરવા દેવામાં આવતો નહીં. ધાર્મિક સ્થાનોના પ્રવેશ પર નિષેધ હતો. ડગલે ને પગલે તેઓની સાથે તિરસ્કૃત વ્યવહારો થતા. સાર્વજનિક જીવનમાં તેઓને ભાગ લેવા દેવામાં આવતો નહીં. અનેક પ્રકારની વંચિતતાઓ વચ્ચે તેઓએ પોતાનું જીવન પસાર કરવું પડતું હતું. સ્વતંત્રતા પછી જ

તેમને બંધારણ દ્વારા નાગરિક સમાનતા પ્રાપ્ત થઈ છે. ભારતના બંધારણમાં તેઓને અનુસૂચિત જાતિ હેઠળ સમાવીને સમાન ન્યાય મળી રહે તે અંગેની પૂરતી જોગવાઈઓ કરવામાં આવી છે. આમ, 'અનુસૂચિત જાતિ' એક બંધારણીય કેટેગરી છે.

**(ખ) અનુસૂચિત જનજાતિ**

અનુસૂચિત જનજાતિઓને આપણે સામાન્ય રીતે આદિજાતિ કે આદિવાસી સમૂહો કે વનવાસી સમૂહો તરીકે ઓળખીએ છીએ. તેઓ મુખ્યત્વે દૂર અંતરિયાળ, જંગલ અને પહાડી વિસ્તારોમાં વસવાટ કરે છે. સમાજના મુખ્ય પ્રવાહથી તેઓ અળગા છે. ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન તેમને રેખાંકિત કરવામાં આવ્યા અને તેમની એક ચોક્કસ ઓળખ ઊભી થઈ. આ સમૂહો ભારતના જુદા જુદા ભાગોમાં વસવાટ કરે છે. મુખ્યત્વે ઓરિસ્સા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, ઉત્તરપૂર્વીય રાજ્યો, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્રના ડુંગરાળ વિસ્તારો, આંદામાન-નિકોબાર ટાપુઓ વગેરેમાં તેમની વસતીનું પ્રમાણ વધારે છે.

આ વિસ્તારોમાં ખાણો, જળાશયો, ઔદ્યોગિકીકરણ વગેરે પ્રક્રિયાને પરિણામે તેમના પરંપરાગત જીવનમાં ખલેલ પહોંચવા લાગી છે. તેમના જીવન નિર્વાહના મુખ્ય સ્રોતો એવાં જંગલો, વનપ્રદેશો, ખેતીલાયક જમીનો વગેરે ઝૂંટવાઈ રહ્યાં છે. તેમની પરંપરાગત સંસ્કૃતિ, મૂલ્યો, સમાજ વ્યવસ્થા સામે પડકાર ઊભો થયો છે. તેમની આ આગવી ઓળખ સામે અનેક પડકારો ઊભા થયા છે. તેથી ભારતના મુખ્ય પ્રવાહો સાથે તેમને જોડવા બંધારણમાં કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે.

**સામાજિક અસમાનતાને દૂર કરવાના બંધારણીય ઉપાયો**

ભારતના પ્રત્યેક નાગરિકને સમાનતાનો મૂળભૂત હક પ્રાપ્ત છે. અને તે અન્વયે સૌ નાગરિકો સરખા છે અને સૌને કાયદાનું સમાન રક્ષણ મેળવવાનો હક છે. બંધારણમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે રાજ્ય જ્ઞાતિ, જાતિ, લિંગ, જન્મસ્થળ, ધર્મ કે એવા કોઈ આધાર પર નાગરિકો વચ્ચે ભેદભાવ નહીં કરે. કૂવા, રસ્તાઓ, જાહેર જળાશયોના ઉપયોગની બાબતે કોઈ ભેદભાવ રાખવામાં નહીં આવે. અસ્પૃશ્યતાના આચરણને ગેરબંધારણીય ગણીને સજાપાત્ર ગુન્હો જાહેર કર્યો છે. જોકે, બંધારણ દ્વારા અસ્પૃશ્યતાનું નિવારણ કરવામાં આવ્યું હોવા છતાં તે દિશામાં ઘણું કરવાનું બાકી રહે છે. કારણ કે દેશના જુદા-જુદા ભાગોમાં આજે પણ તેનું પ્રચલન જોવા મળે છે. અનુસૂચિત જાતિઓના મોટાભાગના લોકો આજે પણ જીવનનિર્વાહ માટે કઠિન પરિશ્રમ કરે છે. તેમની એક મોટી સંખ્યા જમીનવિહોણા ખેતમજૂરોની છે. ઉત્પાદનના સ્રોતો જેવા કે, જળ, જમીન અને જંગલ વગેરે ઉપર તેમનું નિયંત્રણ નહિવત્ છે. આપણે જમીનની માલિકીપણા અંગેના યોગ્ય કાયદાઓ તો કર્યા છે પરંતુ તે ધાર્યું પરિણામ લાવી શક્યા નથી.

આજે પણ અનુસૂચિત જાતિના લોકો દુર્વ્યવહારનો ભોગ બનતાં જોવા મળે છે. અનુસૂચિત જાતિ વિરુદ્ધ અત્યાચાર અને હિંસાત્મક ઘટનાઓ અંગેના સમાચાર વારંવાર વર્તમાનપત્રો કે અન્ય માધ્યમોમાં આપણે જોઈએ છીએ. જોકે, સામે પક્ષે તેઓમાં પણ પોતાના અધિકારો માટે જાગૃતિ વધી છે. તેઓ પોતાના પગ ઉપર ઊભા રહેવાની ક્ષમતા કેળવવા લાગ્યા છે, પરંતુ પરંપરાગત પૂર્વગ્રહો તથા સંકુચિત માનસિકતાઓને કારણે તેમનો સામાજિક વિકાસ રૂંધાય છે. આમ, સતત સંઘર્ષમય પરિસ્થિતિમાં તેઓ જીવતાં આવ્યાં છે.

બંધારણની જોગવાઈ મુજબ સમાજના નબળા વર્ગો જેવા કે અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે રાજ્ય દ્વારા ખાસ પ્રબંધો કરવામાં આવે તો તે સમાનતાના હક્કનો ભંગ ગણાતો નથી. તેથી જ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓ માટે તેમની વસતીના પ્રમાણમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભા તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલાઓ માટે પણ અનામત બેઠકોની જોગવાઈ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં મહિલા અનામત બેઠકોની સંખ્યા વર્ષ 2015 થી પચાસ ટકા (50%) સુધી કરી દેવાઈ છે. ઉપરાંત, જાહેર નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેમના માટે અનામત બેઠકોની જોગવાઈ કરવામાં આવી છે. અનામત બેઠકોને પરિણામે આ સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ સારું એવું વધ્યું છે. સરકારી નોકરીઓમાં પણ તેમની ઠીક-ઠીક સંખ્યા જોવા મળે છે.

રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ સમાજના આ નબળા વર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતોને ઉન્નત કરવા અને તેમનું રક્ષણ કરવા ખાસ પગલાં ભરવાની કટિબદ્ધતા દર્શાવાઈ છે. આ પછાત સમૂહોના ઉત્કર્ષ અને કલ્યાણ માટે વિભિન્ન નીતિઓ, યોજનાઓ અને કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે અને તેમનો અમલ કરવામાં આવી રહ્યો છે.

આ બધાના પરિણામસ્વરૂપ અનુસૂચિત જાતિઓની સ્થિતિમાં કેટલુંક પરિવર્તન અવશ્ય થયું છે. તે પૈકી કેટલાકને સામાજિક-સાંસ્કૃતિક તથા રાજકીય રીતે આગળ આવવાની તકો મળી છે. પરંતુ આ બંધારણીય જોગવાઈઓનો પૂરતો લાભ સમાજમાં છેવાડે વસતી જ્ઞાતિઓ સુધી હજુ પહોંચ્યો નથી. અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિનો અલ્પસંખ્યક ભાગ જ

અનામત નીતિઓ અને સામાજિક આર્થિક પરિવર્તનના ફળસ્વરૂપ સમાજમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી શક્યો છે.

જ્યાં સુધી સાક્ષરતાનો પ્રશ્ન છે ત્યાં સુધી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ બીજા સમૂહો કરતાં ખૂબ જ પાછળ છે. અનુસૂચિત જાતિઓના વિદ્યાર્થીઓનો સ્કૂલમાં પ્રવેશ લેવાનો દર અન્ય વર્ગના વિદ્યાર્થીઓ કરતાં ઘણો ઓછો છે. વળી, સ્કૂલ છોડવાનો દર (Drop Out) નું પ્રમાણ પણ ઘણું મોટું છે. ખાસ કરીને અનુસૂચિત જાતિની કન્યાઓ પ્રવેશ લે છે, તેમાંની મોટાભાગની કન્યાઓ અધવચ્ચે જ શાળા છોડી દે છે.

આમ, આ સમૂહોની સામાજિક આર્થિક અસમાનતા એ ભારતીય લોકશાહી સામેનો મોટો પડકાર છે. આ પછાતપણું અને અસમાનતાઓ દૂર કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ પર્યાપ્ત પ્રગતિ થઈ શકે તે માટે આ દિશામાં ઘણું કરવાનું બાકી રહે છે.

**આર્થિક અસમાનતા**

આઝાદી સમયે ભારત વિશ્વના ગરીબ દેશો પૈકીનો એક દેશ હતો. આઝાદી પછી પણ ગરીબી અને આર્થિક અસમાનતા એ ભારતની સૌથી મોટી સામાજિક અને આર્થિક સમસ્યા રહી છે. છેલ્લા છ-સાત દાયકા દરમિયાન સરકારે ગરીબી અને આર્થિક અસમાનતા દૂર કરવા અનેક પ્રયાસો કર્યા છે. ગરીબી નિવારણ અભિયાન હાથ ધર્યું છે છતાં હજુ આજે પણ વસતીનો એક મોટો ભાગ ગરીબીની દયનીય અવસ્થામાં જ જીવે છે.

**ગરીબી**

સામાન્ય અર્થમાં જોઈએ તો, તંદુરસ્ત, સ્વસ્થ અને સર્જનાત્મક જીવન જીવવાની તકોનો અભાવ એટલે ગરીબી. બીજા શબ્દોમાં કહીએ તો કોઈપણ વ્યક્તિ કે તેના પરિવારને જીવન જીવવા માટે અત્યંત જરૂરી એવી પ્રાથમિક જરૂરિયાતો જેમકેઃ પોષણયુક્ત ખોરાક, વસ્ત્રો, હવા-ઉજાસવાળા રહેઠાણની સુવિધા, પ્રાથમિક શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેની ઊણપ એટલે ગરીબી.

ગરીબીનું આકલન સામાન્ય રીતે ગરીબીરેખાને આધારે કરવામાં આવતું હોય છે. જોકે, ગરીબીરેખા કોને કહેવાય તે અંગે વિવિધ પ્રકારના મત-મતાંતરો અને વિવિધ દૃષ્ટિકોણ પ્રવર્તે છે. ગરીબી રેખા નક્કી કરતા માપદંડો અંગે પણ અવારનવાર વાદ-વિવાદ સર્જાય છે અને તેથી ગરીબીરેખા અંગેની કોઈ સર્વસામાન્ય વ્યાખ્યા આપી શકાય નહીં. આમ છતાં, આયોજન પંચ (હવે નીતિ આયોગ) દ્વારા કે અન્ય કોઈ સમિતિ કે સંસ્થા દ્વારા વખતોવખત ગરીબીરેખા અંગેની સમજૂતી આપવામાં આવતી હોય છે પરંતુ તેની સર્વસ્વીકૃતિ અંગે હંમેશાં પ્રશ્નાર્થ રહે છે.

**ભારતમાં ગરીબી તથા ગરીબી નિવારણ કાર્યક્રમ**

એક અંદાજ મુજબ, દેશની લગભગ ત્રીજાભાગની વસતી ગરીબીમાં જીવી રહી છે. આ ગરીબીનું પ્રમાણ આખા દેશમાં સરખું નથી. બિહાર, ઝારખંડ, ઓરિસ્સા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશનો કેટલોક ભાગ, પશ્ચિમ બંગાળ અને તમિલનાડુના કેટલાક વિભાગોમાં ગરીબીનું પ્રમાણ સમગ્ર દેશની સરેરાશ કરતાં વધુ છે.

દેશની આર્થિક પરિસ્થિતિ અને વ્યાપક ગરીબીની સમસ્યાથી રાષ્ટ્રીય ચળવળના નેતાઓ ઠીક ઠીક પ્રમાણમાં સભાન હતા. આઝાદી સમયે ગરીબી ઉપરાંત બેરોજગારી, ભૂખમરો, નિરક્ષરતા, સંપત્તિ અને આવકની અસમાનતા વગેરે સમસ્યાઓ પણ હતી. આરંભિક વર્ષોમાં ગરીબીની સમસ્યા અને તેના નિવારણ સંબંધે ગંભીરતાથી વિચાર કરવામાં આવ્યો ન હતો. જેમ જેમ વિકાસ થતો જશે તેમ તેમ ગરીબી ઘટતી જશે, એવી માન્યતા હતી; પરંતુ પરિસ્થિતિમાં લાંબો ફરક ન જણાયો. છેક છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં ગરીબીની સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું અને ગરીબી નિવારણના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા. આ કાર્યક્રમોનો હેતુ ગરીબી રેખા હેઠળ જીવતાં લોકોને ગરીબી રેખાથી ઉપર લાવવાનો તથા તેમનું જીવનધોરણ ઊંચું લાવવાનો છે.

આ સંદર્ભમાં ગ્રામીણ ગરીબો અને જમીન વિહોણા માટે અનેક યોજનાઓ ઘડવામાં આવી છે. સસ્તા દરે અનાજ, બળતણ તેમજ જીવન જરૂરિયાતની અન્ય ચીજ વસ્તુઓ ઉપલબ્ધ થાય તે માટે સરકાર પ્રયત્નશીલ છે. ગરીબો માટે વિવિધ પ્રકારની આવાસ યોજનાઓ પણ અમલમાં છે. ઉપરાંત દુષ્કાળ, અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતો સમયે તેમને જરૂરી રોજગારી અને રાહત મળી રહે તે માટે વિવિધ યોજનાઓ હાથ ધરાઈ છે. વર્ષ 2006 થી અમલમાં આવેલી અને મહાત્મા ગાંધી નેશનલ રુરલ એમ્પલોયમેન્ટ ગેરંટી એક્ટ-(મનરેગા) તરીકે ઓળખાતી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના કુટુંબ દીઠ વર્ષમાં ઓછામાં ઓછા 100 દિવસ સવેતન રોજગારીની બાંયધરી આપે છે અને રોજગારીની તકો ઉપલબ્ધ ન થાય તો નિયત ધોરણે શ્રમિક બેરોજગારી ભથ્થુ ચુકવવાની જોગવાઈ છે. આ યોજનાને વ્યાપકપણે પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. એટલું જ નહીં પરંતુ વિશ્વસ્તરે ભારતની આ યોજનાની નોંધ લેવાઈ રહી છે.

ગરીબી નાબૂદીના વિવિધ કાર્યક્રમો અને પ્રયાસો છતાં પરિસ્થિતિમાં સંતોષકારક સુધારો થયો નથી. આ માટે વહીવટીતંત્રની શિથિલતા, ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ જેવાં કારણો જવાબદાર હોવાનું માની શકાય. સાથે-સાથે કાયદાઓના અમલમાં રાજકીય સંકલ્પશક્તિનો અભાવ, સ્થાપિત હિતોનો પ્રભાવ અને ગરીબ તથા વંચિત સમૂહોમાં જાગૃતિનો અભાવ વગેરે કારણો પણ જવાબદાર ગણાવી શકાય. ટૂંકમાં, વસતીનો મોટો ભાગ હજુ પણ ગરીબીમાં જીવી રહ્યો છે. કૃષિ, ઉદ્યોગ, રસ્તાઓ, વાહનવ્યવહાર, ધંધા-નોકરીઓ, ટેકનોલોજી, સંદેશાવ્યવહાર વગેરે ક્ષેત્રોમાં સારો એવો વિકાસ થયો છે પણ વિકાસનાં ફળ સામાજિક-આર્થિક રીતે પછાત અને વંચિત સમૂહો સુધી અપેક્ષિત રીતે પહોચ્યાં નથી. મોટાભાગના લાભો સમાજના ઉચ્ચવર્ગ અને પ્રભાવશાળી વર્ગો પૂરતા સીમિત રહ્યા છે. ગરીબીના પ્રમાણમાં થોડો ઘટાડો ચોક્કસ થયો છે. પણ અસમાનતા ઘટાડવામાં જોઈએ તેટલી સફળતા પ્રાપ્ત કરી શક્યાં નથી. આમ, ગરીબી અને અસમાનતાનો પડકાર ભારતીય લોકશાહી સામે ઊભો જ છે.

આ રીતે, આપણા સમાજમાં વિવિધ પ્રકારના તણાવો ઊભા થઈ રહ્યા છે અને તે બધા લોકશાહી સામે ગંભીર પડકારો ઊભા કરે છે. બીજી બાજુ, દેશનો મોટો ગરીબ અને વંચિત વર્ગ રાજકીય પરિવર્તન લાવવાની પ્રક્રિયામાં પ્રભાવી ભૂમિકા જરૂર ભજવી શકે તેમ છે. ચૂંટણીઓમાં મતદાન દ્વારા તેમણે સાબિત કર્યું છે કે તેઓ બહુમતીમાં છે અને જો યોગ્ય રીતે સંગઠિત થાય તો ચૂંટણીનાં પરિણામોને પ્રભાવિત કરી શકે છે. સામાજિક અને આર્થિક અસમાનતાઓ વધતી રહેશે કે તેમાં નોંધપાત્ર ઘટાડો નહીં થાય તો સામાજિક તનાવ અને હિંસા વિકરાળ સ્વરૂપ ધારણ કરશે અને તે લોકશાહી માટે મોટો ખતરો ઊભો કરી શકે.

**નિરક્ષરતા**

કોઈપણ સમાજ કે દેશના વિકાસમાં શિક્ષણની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. શિક્ષણ સામાજિક અને આર્થિક વિકાસ પર નિર્ણાયક પ્રભાવ પાડે છે. પ્રબુદ્ધ નાગરિક સમાજના નિર્માણમાં પણ તે સહાયક બને છે. લોકશાહીની સફળતા અને રાષ્ટ્રના વિકાસ માટે શિક્ષણ એ અનિવાર્ય એવી પૂર્વશરત છે. જે દેશોએ સાક્ષરતા અને શિક્ષણનું ઉચ્ચ સ્તર પ્રાપ્ત કર્યું છે તેમણે આર્થિક વિકાસનાં સોપાનો સરળતાથી સિદ્ધ કર્યાં છે. આ રીતે, લોકશાહીની સફળતા અને દેશના વિકાસ માટે શિક્ષણના મહત્ત્વ પર જેટલો ભાર મૂકીએ એટલો ઓછો છે.

આઝાદીના આટલાં વર્ષો બાદ આજે પણ આપણે ત્યાં નિરક્ષરતા વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. જ્યારે આપણે આઝાદ થયા ત્યારે લખી વાંચી શકે એવું અક્ષરજ્ઞાન ધરાવતા લોકોની કુલ સંખ્યા લગભગ 6 કરોડ હતી, મતલબ કે 36 કરોડ લોકોમાંથી 30 કરોડ લોકો નિરક્ષર હતા. જે સાક્ષરતા જોવા મળતી હતી તે કહેવાતી ઉચ્ચજ્ઞાતિઓ અને શહેરી મધ્યમ વર્ગ પૂરતી જ સીમિત હતી. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, લઘુમતીઓ, અન્ય પછાત સમૂહો, મોટાભાગના ગ્રામીણ લોકો અને સ્ત્રીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ સૌથી વધારે હતું. તે સમયે કરોડો લોકોને પાયાનું પ્રાથમિક શિક્ષણ આપવું તે સમયની તાતી જરૂરિયાત હતી, અને તેથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું. તેના પરિણામસ્વરૂપે આપણે સારો એવો સાક્ષરતા દર હાંસલ કરી શક્યા. 2011ની વસતી ગણતરી અનુસાર કુલ સાક્ષરતા દર 74.04 ટકા સુધી પહોંચ્યો છે. તેમાં પુરુષ સાક્ષરતા દર 82.14 ટકા અને સ્ત્રી સાક્ષરતા દર 65.46 ટકા જેટલો છે. નિઃશંકપણે આ એક મોટી સિદ્ધિ ગણાય, પરંતુ આપણી જરૂરિયાત અને અપેક્ષાની દૃષ્ટિએ આપણે લક્ષ્યાંક પ્રાપ્તિમાં ઊણા ઉતર્યા છીએ એવું ચોક્કસપણે કહી શકાય. કારણ કે આજે પણ ભારતમાં નિરક્ષરોની સંખ્યા ઘણી વધારે છે, જે ચિંતાપ્રેરક બાબત તો ખરી જ !

**સાક્ષરતા ભણી આગેકૂચ**

શિક્ષણના મહત્ત્વને પિછાણીને બંધારણના ઘડવૈયાઓએ બંધારણમાં જ તે અંગેની યોગ્ય જોગવાઈઓ કરી હતી. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં કલમ-45 હેઠળ રાજ્યને નિર્દેશ આપવામાં આવ્યો છે કે બંધારણના અમલના દસ વર્ષની અંદર 6 થી 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો પ્રબંધ કરવો.

શિક્ષણની સ્થિતિનો અભ્યાસ કરવા સરકાર દ્વારા રચાયેલા કોઠારી પંચે (1964-66) ભારતની શિક્ષણ સમસ્યા વિશે અધ્યયન કર્યું અને સાર્વજનિક શિક્ષણની અસફળતા પાછળના કેટલાંક કારણો જણાવ્યાં જેમકે; પર્યાપ્ત સંસાધનો અને સુવિધાઓનો અભાવ, વસતીમાં થતો સતત વધારો, કન્યા કેળવણી સામે સંકુચિત માનસિકતા, ગરીબી, માતાપિતાની નિરક્ષરતા અને તેમની ઉદાસીનતા વગેરે.

આધુનિક સમયના પડકારો ઝીલી શકાય તે માટે શિક્ષણપ્રથાને સજ્જ કરવા એક નવી શિક્ષણનીતિ ઘડી કાઢવા શિક્ષણશાસ્ત્રીઓની એક સમિતિ નીમવામાં આવી હતી. તેણે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનો એક દસ્તાવેજ તૈયાર કર્યો. '1986 ની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ' ના આ દસ્તાવેજને સંસદે મંજૂરી આપી. આ નીતિ અંતર્ગત ચૌદ વર્ષ સુધીના તમામ બાળકોનું સાર્વત્રિક શિક્ષણ, શિક્ષણની ગુણવત્તામાં સુધારો, સમાજના નબળા વર્ગોને શિક્ષણ ઉપલબ્ધ થાય એ માટે ખાસ ઉપાયો, નાણાકીય સંસાધનોમાં વૃદ્ધિ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ નીતિના અમલે માટે જુદા-જુદા કાર્યક્રમો ઘડવામાં આવ્યા છે. સમાજના નબળા

વર્ગોના બાળકો શાળામાં દાખલ થાય અને અધવચ્ચે શાળા છોડી ન જાય તે માટે ખાસ પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. શાળામાં જ બાળકોને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે મધ્યાહ્ન ભોજન યોજના દાખલ કરવામાં આવી છે. વખતોવખત તબીબી તપાસ પણ કરવામાં આવે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે કેન્દ્ર સરકાર તરફથી રાજ્યોને ખાસ ગ્રાંટ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ કન્યા કેળવણી પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાથમિક શાળાઓને વધુ સજ્જ કરવાના હેતુથી 1987-88 માં 'ઑપરેશન બ્લેક બોર્ડ' નામે ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 ના ભાગરૂપે 1988થી રાષ્ટ્રીય સાક્ષરતા અભિયાન શરૂ કરવામાં આવ્યું. આ અભિયાનનો હેતુ સંપૂર્ણ સાક્ષરતા સિદ્ધ કરવાનો અને 15 થી 35 વયજૂથના તમામ નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવાનો રહ્યો છે. મોટા પ્રમાણમાં સાક્ષરતા અને પ્રાથમિક શિક્ષણનો ફેલાવો કરવા શાળાઓ ઉપરાંત ઘરઆંગણે અથવા સાર્વજનિક સ્થળોએ અનૌપચારિક શિક્ષણની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્ય માટે સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવવામાં આવ્યો છે અને એમને જરૂરી નાણાકીય સહાય આપવામાં આવે છે. ખાસ કરીને નબળા વર્ગોના બાળકો માટે રાત્રિ-શાળાઓ તથા તેમના રહેઠાણની આસપાસ શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રકારની અનૌપચારિક શિક્ષણ વ્યવસ્થા સાથે નિરંતર શિક્ષણનો કાર્યક્રમ પણ છે. નિરક્ષરતાની સંપૂર્ણ નાબૂદી માટે હાલ સર્વ શિક્ષા અભિયાન કાર્યરત છે.

ભારતના કેટલાંક રાજ્યોમાં સાક્ષરતાનો દર ઘણો ઊંચો છે વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ, કેરળ (94%), લક્ષદ્વીપ (91.85%), મિઝોરમ(91.33%), ગોવા (88.70%), જ્યારે કેટલાંક રાજ્યોમાં તે ઘણો નીચો છે જેમકે ઝારખંડ (66.41%), અરુણાચલપ્રદેશ (65.38%), બિહાર (61.80%) ગુજરાતમાં સાક્ષરતા દર 78.30% છે. સમગ્ર દેશમાં સાક્ષરતાની સરેરાશ ટકાવારી 74.04% છે તેમાં પણ સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે. આમ, આ બધા પ્રયાસો છતાં હજુ આપણે સંપૂર્ણ સાક્ષરતાના લક્ષ્યાંકને સિદ્ધ કરી શક્યા નથી.

ભારતનો એકપણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહે તે માટે રાઈટ-ટુ-એજ્યુકેશન (RTE) અંગેનો કાયદો આપણે ત્યાં વર્ષ 2010 થી અમલમાં છે. શિક્ષણનું આગવું મહત્ત્વ ધ્યાને લેતાં તે મૂળભૂત હકની યાદીમાં સ્થાન પામ્યો. આ ઉપરાંત આપણી મૂળભૂત ફરજોમાં પણ જણાવવામાં આવ્યું છે કે પોતાના છ થી ચૌદ વર્ષના પાલ્યને શિક્ષણ પ્રાપ્ત થાય તે જોવાની ફરજ વાલીની રહેશે. આમ, શિક્ષણ મેળવવાના હકને મૂળભૂત હકનું સ્થાન આપીને આપણે શિક્ષણની મહત્તા પિછાણી છે. એટલું જ નહીં પરંતુ મૂળભૂત ફરજમાં પણ આ બાબતને સમાવિષ્ટ કરીને વિશેષ સભાનતા કેળવવાનો પ્રયત્ન કર્યો છે.

ટૂંકમાં, એવું કહી શકાય કે આપણે સંપૂર્ણ સાક્ષરતાની પ્રાપ્તિના લક્ષ્યાંકને સિદ્ધ કરવા તથા શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા સહિયારો પુરુષાર્થ કરવો પડશે અને તો જ આપણે આપણી લોકશાહીને વધુ મજબૂત બનાવી શકીશું.

### પ્રાદેશિક અસમતુલા

ભારત અનેક પ્રકારની વિવિધતાઓ ધરાવતો દેશ છે. આ વિવિધતા વચ્ચે એકતા સિદ્ધ કરવાનો અને જાળવી રાખવાનો ભગીરથ પુરુષાર્થ આપણે સ્વાતંત્ર્ય પછી હાથ ધર્યો છે. આ આપણે ત્યારે જ સિદ્ધ કરી શકીએ જ્યારે જુદા-જુદા પ્રદેશો વચ્ચે અસમતુલા ઓછી કરીને દેશનો સમતોલ વિકાસ સાધી શકીએ.

દેશના જુદા-જુદા પ્રદેશો વચ્ચે વ્યક્તિદીઠ આવક, શિક્ષણની માત્રા, આરોગ્ય અને જનસુખાકારીની સવલતો, વાહનવ્યવહાર અને સંપર્કનાં સાધનો, રોજગારીની તકો, ઉદ્યોગોનું પ્રમાણ વગેરે બાબતોમાં મોટો તફાવત હોય તો તેને સામાન્ય રીતે પ્રાદેશિક અસમતુલા કહી શકાય.

### પ્રાદેશિક અસમતુલા ઊભી થવા પાછળનાં પરિબળો

ભારતમાં પ્રાદેશિક અસમતુલા ઊભી થઈ તે પાછળ ઘણાં કારણો અને પરિબળો જવાબદાર છે. જેમાં સંસ્થાનવાદી વારસો, શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણની માત્રા, વાહનવ્યવહારનાં સાધનોમાં અસમતોલ વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓમાં અસમાનતા વગેરેનો સમાવેશ થાય છે. આપણે જાણીએ છીએ તેમ પ્રાદેશિક અસમતુલાનાં મૂળ અમુક અંશે સંસ્થાનવાદી શાસનમાં પડેલાં છે. બ્રિટીશ સરકારને દેશના સર્વાંગી અને સમતોલ વિકાસમાં રસ કે રુચિ ન હતી. તેમનો મુખ્ય હેતુ તો દેશનું આર્થિક શોષણ કરવાનો જ હતો. એ હેતુને ધ્યાનમાં રાખીને દેશના કેટલાક પ્રદેશોના ચોક્કસ વિસ્તારોના વિકાસ પર તેમણે ધ્યાન આપ્યું હતું અને બીજા પ્રદેશોની ઉપેક્ષા કરી હતી. લોકોની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને નહીં પણ વેપાર-ઉદ્યોગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસ કરવામાં તેમને રસ હતો. એ જ રીતે બ્રિટીશ સરકારને જમીન મહેસૂલ ઉઘરાવવામાં જ રસ હતો. તેથી તેણે જમીનદારી નીતિ દાખલ કરી. આ નીતિના પરિણામસ્વરૂપ જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નહીં અને અસમતુલાઓ વધતી ગઈ.

ગઈ બે સદીમાં શરૂ થયેલી શહેરીકરણની પ્રક્રિયાએ પણ પ્રાદેશિક અસમતુલા વધારવામાં મોટો ભાગ ભજવ્યો. બ્રિટીશ શાસનની વેપાર નીતિને કારણે કેટલાંક બંદરો અને તેની આસપાસના વિસ્તારોનો વિકાસ થયો. આ બંદરો આગળ જતાં મોટા શહેરો તરીકે વિકસ્યાં. ખાસ કરીને દરિયાકાંઠાના પ્રદેશોનો વિકાસ ઝડપી બન્યો જ્યારે અંતરિયાળ પ્રદેશો વિકાસમાં પાછળ રહી ગયા. રેલવે, રસ્તાઓ, પુલો, વાહનવ્યવહાર વગેરેના અસમતોલ વિકાસે પણ પ્રાદેશિક અસમતુલા વધારવામાં ભાગ ભજવ્યો છે.

**સમતોલ પ્રાદેશિક વિકાસના પ્રયાસો**

સ્વાતંત્ર્ય બાદ આપણે કેન્દ્રિય આયોજન દ્વારા દેશનો સામાજિક - આર્થિક વિકાસ સિદ્ધ કરવાની વ્યૂહરચના અપનાવી. આયોજનનો એક હેતુ પ્રાદેશિક અસમતુલા ઘટાડવાનો અને દેશનો સમતોલ વિકાસ કરવાનો હતો. આ માટેની મુખ્ય બે એજન્સીઓ હતી : (1) આયોજન પંચ (2) દર પાંચ વર્ષે નીમવામાં આવતું નાણાપંચ.

આયોજન પંચનું મુખ્ય કાર્ય દેશના સામાજિક-આર્થિક વિકાસ માટે પંચવર્ષીય યોજનાઓ ઘડીને સમતોલ આર્થિક વિકાસ કરવાનું હતું. આથી પછાત રાજ્યો અને પ્રદેશોના ઝડપી વિકાસ માટે વધુ ધ્યાન આપવામાં આવે તથા વધુ સાધનો ફાળવવામાં આવે તે જરૂરી હતું. આ આયોજન પંચનું સ્થાન વર્ષ 2015 થી નીતિ આયોગે લીધું છે. હવે તે આયોજનપંચના બદલે નીતિ આયોગ તરીકે ઓળખાય છે.

નાણાપંચ કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે નાણાકીય સાધનોની ફાળવણીના ધોરણો નક્કી કરે છે. તેનો હેતુ પણ પ્રાદેશિક અસમતુલા ઘટાડવાનો છે.

આમ છતાં, ઐતિહાસિક કારણોસર ઊભી થયેલી પ્રાદેશિક અસમતુલાઓ તેમજ આઝાદી બાદ આપણે આયોજન દ્વારા વિકાસની પ્રક્રિયા હાથ ધરી હોવા છતાં હજુ આપણે આ ધ્યેય પૂરેપૂરું સિદ્ધ કરી શક્યા નથી. કૃષિ, ઉદ્યોગો, વાહનવ્યવહારના સાધનો, મૂડીરોકાણ માટેના અનુકૂળ સંજોગો, આંતરમાળખાકીય સુવિધાઓ વગેરે બાબતોમાં રાજ્યના જુદા-જુદા વિસ્તારો વચ્ચે તથા રાજ્ય-રાજ્ય વચ્ચે સારા એવા પ્રમાણમાં તફાવતો જોવા મળે છે. આના કારણે કેટલાંક રાજ્યોમાં વિકાસ ઝડપી રહ્યો છે, તો કેટલાંક રાજ્યોમાં વિકાસની ગતિ ધીમી રહી છે.

**ભાષાવાદ**

ભાષા સામાજિક સંવહન અને વિચારો તેમજ ભાવનાઓના આદાનપ્રદાનનું પ્રભાવશાળી માધ્યમ છે. અમુક પ્રદેશમાં બોલાતી ભાષા તે ભાષા બોલનારાઓમાં એક પ્રકારની એકતા અને તાદાત્મ્યની લાગણી ઊભી કરે છે. ભાષા લોકોને જોડનારી એક મહત્ત્વની કડી છે તો ક્યારેક તે લોકોમાં વિખવાદ ઊભું કરવાનું પરિબળ બની શકે છે. જેમ ભાષા તેને બોલનારાઓને એક સૂત્રે બાંધનારું પ્રભાવશાળી બળ છે તેમ બીજી ભાષાઓ બોલનારાઓથી જુદું પાડનાર, અલગ પાડનાર પ્રભાવશાળી બળ પણ છે. ક્યારેક બહુભાષી રાષ્ટ્રમાં ભાષા વિભાજક પરિબળ બની જાય છે.

ચોક્કસ પ્રદેશમાં રહેતા અને એક ભાષા બોલતા લોકોમાં અમારો પ્રદેશ અને અમારી ભાષા સૌથી શ્રેષ્ઠ છે એવા ગૌરવની લાગણી અનુભવે અને બીજા પ્રદેશ અને ભાષા પ્રત્યે એક પ્રકારની નારાજગી અનુભવે, તેમાંથી જે સંકીર્ણ માનસિકતા ઊભી થાય તેને ભાષાવાદ કહી શકાય. આવો સંકીર્ણ પ્રદેશવાદ અને ભાષાવાદ રાષ્ટ્રીય હિતોને નુકસાન કરે છે તથા લોકશાહી માટે પણ ખતરારૂપ છે.

સ્વાતંત્ર્ય પછી સત્તાવાર ભાષા કઈ રાખવી એ પ્રશ્ન આપણી સમક્ષ ઊભો થયો હતો. બંધારણસભામાં એવું નક્કી કરવામાં આવ્યું કે દેવનાગરી લિપિમાં લખાતી હિન્દી ભાષા આપણી સત્તાવાર ભાષા રહેશે. સાથે-સાથે આઝાદી પછીના પ્રથમ પંદર વર્ષ સુધી અંગ્રેજી ભાષા સત્તાવાર ભાષા તરીકે ચાલુ રહેશે. પણ સત્તાવાર ભાષા તરીકે હિન્દીને વહીવટમાં સ્થાન આપવાના પ્રયાસો શરૂ થયા કે દક્ષિણમાં ખાસ કરીને તમિલનાડુમાં તેનો ઉગ્ર વિરોધ શરૂ થયો. તમિલનાડુમાં તો હિંદી વિરોધી હિંસક આંદોલનો પણ શરૂ થયાં. આના પ્રત્યાઘાત રૂપે ઉત્તર ભારતમાં, ખાસ કરીને ઉત્તરપ્રદેશમાં 'અંગ્રેજી હટાઓ'નું એટલું જ તીવ્ર આંદોલન શરૂ થયું. આમ, 1960 ના દાયકા દરમિયાન ભાષાના પ્રશ્ને ઉત્તર ભારત અને દક્ષિણ ભારત વચ્ચે એવો તો ઉગ્ર વિવાદ ઊભો થયો કે ભાષાના મુદ્દે દેશના ભાગલા તો નહીં પડેને? એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. છેવટે, હિન્દીની સાથે અંગ્રેજીને પણ અનિશ્ચિત સમય સુધી સત્તાવાર જોડિયા ભાષા તરીકે સ્વીકારીને પ્રશ્નનું સમાધાન સાધવામાં આવ્યું.

ભાષાવાર પ્રાંતરચનાના મુદ્દાએ પણ ભારતમાં તીવ્ર ભાષાવાદ અને પ્રદેશવાદ ઊભો કર્યો. 1950 ના દાયકા દરમિયાન ભાષાના ધોરણે રાજ્યોની પુનર્રચનાની માંગણી ઉત્તરોત્તર બળવત્તર બની. આમ, ભાષાના પ્રશ્ને આપણા દેશમાં તીવ્ર વિવાદો અને હિંસક આંદોલનો સર્જાયાં છે. આ ગાળા દરમિયાન ભાષાવાદે વરવું સ્વરૂપ ધારણ કર્યું. એને કારણે જુદી-જુદી ભાષાઓ બોલનારાઓ વચ્ચે કટુતા અને અસહિષ્ણુતાનું વાતાવરણ ઊભું થયું. આજે જોકે ભાષા વિશે અગાઉ જેટલી અસહિષ્ણુતા પ્રવર્તતી નથી.

વર્તમાન સમયમાં ભાષાનો પ્રશ્ન એટલો બધો ગંભીર કે રાષ્ટ્રીય એકતા સામે પડકારજનક જણાતો નથી. હિન્દી ફિલ્મો તથા ટેલિવિઝનની હિન્દી ચેનલોના પ્રભાવ અને દેશના અન્ય પ્રદેશોમાં નોકરી ધંધા અર્થે સ્થળાંતર કરી શકાય તે માટે હિન્દી બોલતા તથા વાંચવા-લખવાનું વલણ વિકસતું જાય છે. વૈશ્વિકીકરણના નવા પ્રવાહોએ અંગ્રેજી ભાષાના ઉપયોગને પ્રચલિત બનાવ્યો છે. તેથી અંગ્રેજી ભાષા શીખવાનું ચલણ વધ્યું છે અને તેનો ફેલાવો પણ દિન-પ્રતિદિન વધતો જાય છે. મધ્યમ તથા ઉચ્ચ વર્ગના લોકો તેમનાં બાળકો અંગ્રેજી માધ્યમમાં ભણે તેવો આગ્રહ રાખતા થયાં છે. આમ, હિન્દી સાથે અંગ્રેજી ભાષાને પણ એટલું જ મહત્ત્વ અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

**પ્રદેશવાદ-પ્રાંતવાદ**

જે ભૌગોલિક વિસ્તાર અથવા પ્રદેશમાં વ્યક્તિનો જન્મ તથા ઉછેર થયો હોય તથા પેઢી દર પેઢી એમ ઘણા લાંબા સમય સુધી જ્યાં વસવાટ કર્યો હોય તે પ્રદેશ સાથે તેનો અમુક પ્રકારનો લાગણીનો સંબંધ બંધાય છે અને એ પ્રદેશમાં રહેતા બીજા લોકો સાથે તે તાદાત્મ્ય અને એકતાની લાગણી અનુભવે છે. આવી લાગણીને આપણે સામાન્ય રીતે પ્રાદેશિકતા અથવા પ્રદેશવાદની લાગણી કહી શકીએ. આ પ્રકારની લાગણી થવી સ્વાભાવિક છે, કારણ કે એ આપણને એક પ્રકારની અસ્મિતા અથવા ઓળખ આપે છે. પરંતુ જ્યારે પોતાના પ્રદેશ માટેનો પ્રેમ તથા લાગણી બીજા પ્રદેશો અને રાષ્ટ્રની અવગણના કરે તેમજ પોતે તેનાથી અલગ અને ચઢિયાતા છે એવી માન્યતા તીવ્ર સ્વરૂપ ધારણ કરે ત્યારે આ પ્રકારની લાગણી લોકશાહી માટે જોખમી બને છે. એમાં પણ જો બીજાઓ પ્રત્યે ધિક્કાર અને અસહિષ્ણુતાની લાગણી ઉમેરાય ત્યારે પ્રદેશવાદી ભાવના નકારાત્મકતાનું સર્જન કરે છે. જે લોકશાહી અને રાષ્ટ્રીય એકતા માટે પડકારનું સ્વરૂપ ધારણ કરે છે.

આપણા દેશમાં પ્રાંતવાદ કે પ્રદેશવાદની લાગણી પેદા થવા અને મજબૂત થવા પાછળ ઘણાં કારણો અને પરિબળો જવાબદાર છે. આવી લાગણી માટે ઐતિહાસિક અને ભૌગોલિક કારણો ઉપરાંત પ્રાદેશિક અસમાનતાઓ પણ કારણભૂત છે. વિકાસની તકોની અસમાન વહેંચણી, પોતાના પ્રદેશ પ્રત્યે ભેદભાવ અને ઓરમાયું વલણ રાખવામાં આવે છે તે પ્રકારની લાગણી, પોતાના વિકાસના ભોગે પોતાના જ કુદરતી સાધનસ્રોતોનો બીજા પ્રદેશો માટે થતો ઉપયોગ, અન્ય પ્રદેશથી આવેલાઓને કારણે પોતાના પ્રદેશમાં પોતે જ લઘુમતીમાં મુકાઈ જશે તેવો ડર, પોતાની આગવી અસ્મિતા ઝાંખી પડી જશે એવી દહેશત, જુદા-જુદા પ્રદેશો વચ્ચે પ્રવર્તતી આર્થિક, રાજકીય અને અન્ય વિષમતાઓ જેવાં અનેક કારણો પ્રદેશવાદ અને તેમાંથી અલગતાવાદની લાગણી મજબૂત બનાવવામાં અગત્યની ભૂમિકા ભજવે છે.

પ્રદેશવાદને લીધે પ્રાદેશિક પક્ષોનો ઉદ્ભવ અને વિકાસ પણ થયો છે. આ પ્રાદેશિક પક્ષો રાષ્ટ્રીયહિતની ઓછી પરંતુ પ્રાદેશિક હિતની તેમજ પ્રાદેશિક અસ્મિતાની ચિંતા વધુ કરે છે. પંજાબમાં અકાલીદળ, તમિલનાડુમાં ડી.એમ.કે (DMK) અને એ.આઈ.એ.ડી.એમ.કે. (AIADMK), આંધ્રપ્રદેશમાં તેલુગુદેશમ્, મહારાષ્ટ્રમાં શિવસેના તથા મનસે (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના), જમ્મુ કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સ અને પી.ડી.પી. (PDP) વગેરે જેવા પ્રાદેશિક પક્ષો અસ્તિત્વમાં આવ્યા છે અને વિકાસ પામ્યા છે. આ પક્ષો પૈકી કેટલાક જે-તે સમયે પોતાના પ્રદેશની સ્વાયત્તતાની માંગણી કરી ચૂકયા છે.

આમ, પ્રદેશવાદે ભારતની રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા સામે કેટલાક પડકાર જરૂર ઊભા કર્યા છે પરંતુ આપણે પ્રાદેશિક સમતુલા સ્થાપવાના પ્રયાસો સતત ચાલુ રાખ્યા છે.

**અલગતાવાદ**

દેશમાંથી છૂટા થવાની ઈચ્છા ધરાવવી એટલે અલગતાવાદ. પ્રદેશવાદ અને અલગતાવાદ એ બે વચ્ચે થોડો ભેદ રહેલો છે. કોઈ વિસ્તારના કે પ્રદેશના લોકો કેટલાંક કારણોસર ભારત રાજ્યના માળખામાં રહીને એટલે કે દેશમાં જ પોતાનું આગવું સ્વાયત્ત એકમ રાજ્ય રચાય એવી માંગણી કરતા હોય અને એ માટે શાંતિમય માર્ગે આંદોલન ચલાવતા હોય ત્યારે આપણે તેને પ્રદેશવાદ કહી શકીએ. પણ જો આવી માંગણી ઉગ્ર બને, હિંસક બને કે બળવાખોરીમાં પરિણમે તથા દેશમાંથી છૂટા થવાનું અને પોતાનું આગવું સ્વતંત્ર રાજ્ય રચવાનું આંદોલન છેડે ત્યારે તે અલગતાવાદનું સ્વરૂપ ધારણ કરે છે. આ રીતે સ્વાયત્ત એકમ રાજ્યની માંગણી અને અલગ થઈને સ્વતંત્ર રાજ્યની માંગણી આ બંનેમાં તફાવત રહેલો છે. સ્વાયત્ત રાજ્યની રચના દેશ સાથે રહીને જ અને દેશમાં જ થાય છે, જ્યારે સ્વતંત્ર રાજ્ય એ દેશથી વિખૂટા પડીને અલગ જ રાજ્યનું અસ્તિત્વ સ્થાપે છે. એટલે કે સ્વતંત્ર રાજ્યની રચનામાં દેશ ખંડિત થાય છે. આ અલગતાવાદ દેખીતી રીતે જ રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે ખતરો ઊભો કરે.

આપણા દેશમાં ભારતીય રાજ્યના માળખામાં રહીને અલગ, સ્વાયત્ત રાજ્યની રચના માટેના આંદોલન ઠીક-ઠીક સંખ્યામાં થયાં છે. આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાત, પંજાબ, હરિયાણા, છત્તીસગઢ, ઉત્તરાખંડ, ઝારખંડ અને તાજેતરમાં તેલંગાણા વગેરે રાજ્યોની રચના સ્વાયત્ત રાજ્યની માંગણીના ભાગરૂપે રચાયા હોવાના દાખલા છે. ભારતની ઉત્તર-પૂર્વે આવેલા આસામ રાજ્યમાં નાગા, મિઝો જેવી આદિવાસી જાતિઓએ દેશથી અલગ અને સ્વતંત્ર રાજ્યો રચવાની લડત ઘણા લાંબા સમય સુધી

ચલાવી. એટલું જ નહીં સશસ્ત્ર બળવાખોરી પ્રવૃત્તિઓ પણ ચલાવી. છેવટે ભારતીય સંઘના ભાગરૂપ અલગ પણ સ્વાયત્ત રાજ્યોની રચના કરીને તેમની માગણીઓ સંતોષવામાં આવી છે. જો કે, આજે પણ કેટલાંક જૂથો દેશથી અલગ સ્વતંત્ર રાજ્યોની રચના માટે બળવાખોર પ્રવૃત્તિઓ ચલાવી રહ્યાં છે.

આઝાદીના આરંભિક દાયકાઓ દરમિયાન દક્ષિણમાં તમિલનાડુ રાજ્યમાં ભારતીય સંઘથી અલગ પડી સ્વતંત્ર 'દ્રવિડીસ્તાન'ની રચના કરવાની માંગણી ઊઠી હતી પણ પાછળથી આ માંગણી પડતી મૂકવામાં આવી. એ જ રીતે જમ્મુ-કશ્મીરમાં શરૂઆતથી જ સ્વતંત્ર કશ્મીરની સ્થાપના કરવા માટેનું આંદોલન ચાલતું રહ્યું છે. બંધારણની કલમ 370 હેઠળ જમ્મુ-કશ્મીર રાજ્યને ભારતીય સંઘમાં ખાસ દરજ્જો આપવામાં આવ્યો છે. આમ છતાં ત્યાં સ્વતંત્ર કશ્મીરની માંગણી કરતાં જુદાં-જુદાં જૂથો છે. પ્રવર્તમાન સમયમાં તો આ જૂથોએ સશસ્ત્ર આતંકવાદી પ્રવૃત્તિઓનો આશરો લીધો છે અને એમને પાકિસ્તાનનો સક્રિય ટેકો પણ મળી રહ્યો છે. જમ્મુ-કશ્મીરનો પ્રશ્ન આપણી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા માટે ખરેખર પડકારરૂપ છે. દેશમાંથી વિખૂટા પડવાની માંગણી કોઈ દેશ સ્વીકારી શકે નહીં અને જો આવી માંગણી કરનારા હિંસા, બળજબરી, ધાકધમકી અને આતંકવાદનો આશરો લે તો રાજ્યએ તેમને કડક હાથે દાબી દેવાં પડે. જરૂર પડે તો રાજ્યએ બળપ્રયોગ પણ કરવો પડે. આમ, પ્રાંતવાદ અને અલગતાવાદી ચળવળો અને તેમાંથી ઊભી થતી હિંસા તથા બળપ્રયોગ લોકશાહી પ્રક્રિયા માટે મુશ્કેલી સર્જે છે.

**રાજકીય હિંસા**

રાજ્ય તરફથી કરવામાં આવતો બળપ્રયોગ અથવા રાજ્ય સામે લોકો દ્વારા આચરવામાં આવતી હિંસાને સામાન્ય રીતે રાજકીય હિંસા તરીકે ઓળખાવી શકાય. રાજ્યમાં આંતરિક અથડામણો કે જૂથ-જૂથ વચ્ચેની હિંસક અથડામણો થાય અથવા અન્ય કોઈ કારણસર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળે તો તેવા સંજોગોમાં રાજ્ય પોલીસદળો, અર્ધલશ્કરી દળો અને છેવટના ઉપાય તરીકે લશ્કરનો સહારો લે છે. તો બીજી બાજુ લોકો પોતાના વિવિધ પ્રકારના અસંતોષ, અજંપા, નિરાશા-હતાશા, વિવિધ પ્રકારની માંગણી એ બધાને વાચા આપવા ક્યારેક હિંસાનો આશરો લે છે. રાજ્ય સામેની હિંસામાં જાહેર મિલકતોને નુકસાન, હુલ્લડો, શેરીલડાઈઓ, હત્યાઓ, ગેરિલાયુદ્ધો, આંતરવિગ્રહો અને છેલ્લે બળવો અથવા સશસ્ત્ર ક્રાંતિનો સમાવેશ થાય છે.

આપણા દેશમાં છેલ્લા કેટલાંક વર્ષોથી રાજ્ય તરફથી આચરવામાં આવતો બળપ્રયોગ અને રાજ્ય સામે લોકો દ્વારા આચરવામાં આવતી હિંસા એમ બંને પ્રકારની હિંસામાં ઉત્તરોત્તર વધારો થયો છે. હિંસા આખરે તો વળતી હિંસાને જ જન્મ આપે છે. હિંસા અથવા બળનો ઉપયોગ જ્યારે પોતાનું ધાર્યુ કરાવવા માટે થાય છે ત્યારે તે ક્યારેક આતંકવાદનું સ્વરૂપ ધારણ કરે છે. આપણે સહુ જાણીએ છીએ કે છેલ્લા કેટલાક સમયથી આતંકવાદની સમસ્યાએ સમગ્ર વિશ્વને ઘેરી લીધું છે. આ વૈશ્વિક સમસ્યા મોટી ચિંતાનો વિષય બની ગયો છે. ભારતમાં જમ્મુ-કશ્મીર, ઉત્તર-પૂર્વીય રાજ્યો અને ભૂતકાળમાં પંજાબ વગેરે આતંકવાદગ્રસ્ત વિસ્તારો છે. આપણા બે ભૂતપૂર્વ વડાપ્રધાનો ઇંદિરા ગાંધી અને રાજીવ ગાંધીની હત્યા પણ આતંકવાદીઓ દ્વારા જ થઈ છે જે આપણે ભૂલવું જોઈએ નહીં. હમણાંથી નકસલવાદીઓ પણ આતંકવાદી પ્રવૃત્તિઓનો આશરો લઈને હિંસાચાર કરી રહ્યાં છે. જેમ સમાજમાં હિંસાચાર અને આતંકવાદ વધે તેમ રાજ્યને વધુ ને વધુ કડક અને આકરાં પગલાં લેવાની ફરજ પડે. સામાપક્ષે જો રાજ્ય પોતાના નાગરિકો પર દમન અને જુલમ ગુજારે તો તે લોકશાહી માટે ક્યારેય પોષક હોઈ શકે નહીં. આવા રાજ્યને આપણે ભાગ્યે જ લોકશાહી રાજ્ય ગણાવી શકીએ.

**જ્ઞાતિવાદ**

જ્ઞાતિવ્યવસ્થા ભારતીય સમાજની વિશિષ્ટતા છે. જ્ઞાતિ એ એવી સામાજિક વ્યવસ્થા છે કે જેમાં વ્યકિતને અર્પિત એટલે કે જન્મજાત દરજ્જો મળે છે. આ દરજ્જો જેમ વ્યકિતને હોય છે તેમ જ્ઞાતિઓને પણ હોય છે. તેથી જ્ઞાતિઓ ઉચ્ચનીચના કોટિક્રમમાં ગોઠવાયેલી હોય છે. તેમાં દરજ્જો બદલી શકાતો નથી. બ્રિટીશ શાસન બાદ જ્ઞાતિ સંસ્થામાં કેટલુંક પરિવર્તન આવ્યું છે. અંગ્રેજી શિક્ષણ વ્યવસ્થા સાથે પશ્ચિમના સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વનાં મૂલ્યો ભારતમાં દાખલ થયાં. ઔદ્યોગિકીકરણને પગલે-પગલે શહેરીકરણ શરૂ થયું. ગામડાથી શહેરોમાં આવતા લોકો એક કારખાનામાં જ્ઞાતિના ભેદભાવ વગર સાથે કામ કરતા થયા. સાથે ચા-નાસ્તો કરતા થયા. બસ અને ગાડીમાં સાથે મુસાફરી કરતા થયા. શહેરોની ગીચતાને લીધે સાથે વસવાટ કરતા થયા. આમ, શહેરી વિસ્તારમાં જ્ઞાતિના ભેદભાવમાં ભારે ઘટાડો થયો છે. આ ઉપરાંત બંધારણ દ્વારા અપાયેલા મૂળભૂત હકોને લીધે પણ જ્ઞાતિના સ્વરૂપમાં પરિવર્તન આવ્યું છે. સ્વતંત્રતા પૂર્વે નિમ્ન ગણાતી જ્ઞાતિઓ પોતાને ઉચ્ચ જ્ઞાતિ ગણાવવા પ્રયત્ન કરતી હતી પણ હવે ભારતના બંધારણમાં નિર્દિષ્ટ અનુસૂચિત જાતિ માટેની ખાસ જોગવાઈઓ જેમકે અનામત બેઠકોને પગલે જ્ઞાતિઓ પોતાને પછાત ગણાવવા માંડી છે.

જ્ઞાતિના હિતોને સંતોષવાના હેતુથી ક્યારેક દબાણ તેમજ જ્ઞાતિના પ્રભાવનો અયોગ્ય ઉપયોગ કરવામાં આવે અથવા પોતાના જ્ઞાતિજનની તરફેણમાં પક્ષપાત કરવામાં આવે ત્યારે તેવા વલણ કે વ્યવહારને સામાન્ય રીતે જ્ઞાતિવાદ તરીકે ઓળખવામાં

આવે છે. જ્ઞાતિવાદ લોકશાહી રાજ્યમાં કોઈપણ રીતે આવકારદાયક ગણાવી શકાય નહીં. જ્ઞાતિવાદની સંકીર્ણ માનસિકતા લોકશાહી મૂલ્યોનું પતન નોતરે છે. લોકશાહીમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના આદર્શો મોખરે હોવા જાઈએ. જ્ઞાતિનાં બંધનો વ્યકિત સ્વાતંત્ર્યને મર્યાદિત કરે છે. એટલું જ નહીં, પરંતુ જ્ઞાતિમાં પ્રવર્તતા ઊંચ-નીચના ભેદ સમાનતાના આદર્શોની ઉપેક્ષા કરે છે તેમજ બંધુત્વની ભાવનાને ઠેસ પહોંચાડે છે. આમ, જ્ઞાતિવાદ લોકશાહી આદર્શોને નુકસાન પહોંચાડે છે.

એ સુવિદિત છે કે જ્ઞાતિએ ભારતીય સમાજને અનેક નાના-મોટા વાડામાં વહેંચી દીધો છે અને તેમાં પણ જ્ઞાતિવાદની ભાવનાને જો પોષણ મળે તો તે રાષ્ટ્રભાવનાને અવશ્યપણે હાનિ પહોંચાડે. જ્ઞાતિવાદને લીધે લોકો વેપાર-ધંધામાં કે નોકરીઓમાં લાયકાતને બદલે પોતાની જ્ઞાતિના ઉમેદવારને પસંદ કરવાનું વલણ ધરાવે છે. તેથી કેટલીકવાર યોગ્ય લાયકાત ધરાવતા કાર્યક્ષમ ઉમેદવાર પોતાના વિકાસની તકથી વંચિત રહે છે. આમ, સમગ્ર વિકાસ પ્રક્રિયા ઉપર અવળી અસરો પડે છે.

**રાજકારણમાં જ્ઞાતિ અને જ્ઞાતિવાદ**

રોટી-બેટી વ્યવહારના સામાજિક કાર્યોમાં જ્ઞાતિની ભૂમિકા મુખ્ય હોય છે, પરંતુ સાર્વત્રિક મતાધિકાર અને બહુમતીના રાજકારણમાં જ્ઞાતિ-જૂથો મહત્ત્વની ભૂમિકા ભજવે છે તેની પણ નોંધ લેવી ઘટે. લોકશાહી રાજ્યવ્યવસ્થામાં નાના-નાના જ્ઞાતિજૂથો રાજકીય હેતુઓ માટે મોટી જ્ઞાતિઓ સાથે જોડાણ કરે છે, તો સામા પક્ષે રાજકીય પક્ષો જ્ઞાતિઓનો ટેકો મેળવવા તેમાં તિરાડો પાડીને તેમનું રાજકીય વિભાજન કરે છે. આમ, જ્ઞાતિ અને રાજકારણ બન્ને એકબીજાને પ્રભાવિત કરે છે. અમુક રાજકીય પક્ષ એક જ્ઞાતિજૂથનો તો બીજો પક્ષ બીજા જ્ઞાતિજૂથનો ટેકો મેળવવા પ્રયત્ન કરે છે. આમ શરૂઆતમાં ભલે જ્ઞાતિ તેની બહુસંખ્યકતાને કારણે રાજકારણને પ્રભાવિત કરે, પણ પાછળથી તે ખુદ રાજકારણથી પ્રભાવિત થાય છે અને જ્ઞાતિ તરીકેનું તેનું બળ અને અસરકારકતા ઓછી થાય છે. ગુજરાતમાં પાટીદારો અને ક્ષત્રિયો આવી બહુસંખ્યક જ્ઞાતિઓના દાખલા છે.

ચૂંટણી ટાણે રાજકીય પક્ષો વોટબેંકને નજર સમક્ષ રાખીને બહુસંખ્યક જ્ઞાતિના ઉમેદવારની જે-તે મતવિસ્તારમાં સામાન્ય રીતે પસંદગી કરે છે. તેનાથી આગળ જઈ ચૂંટણી પ્રચારમાં પણ કયારેક જ્ઞાતિવાદ વ્યકત થતો જોવા મળે છે. સામાપક્ષે વ્યકિત પણ પોતાની જ્ઞાતિના ઉમેદવારને મત આપવાનું વલણ ધરાવે છે, જેથી કરીને જ્ઞાતિજન તરીકે પોતાના હિતો સચવાય. રાજકારણની આંટીઘૂંટીમાં વ્યકિત મોટાભાગે પોતાની જ્ઞાતિ તરફી વલણ ધરાવે છે. આ તમામ આંતરક્રિયાઓ જ્ઞાતિવાદને જન્મ આપે છે અને તેનું પોષણ કરે છે. આ રીતે જ્ઞાતિવાદ ભારતના રાજકારણને મોટાપાયે પ્રભાવિત કરે છે. લોકશાહી રાજકારણનો સ્વસ્થ વિકાસ ઈચ્છનારાઓને આ બધી બાબતો અકળાવી મૂકે તેવી છે.

જ્ઞાતિવાદની સમસ્યાને દૂર કરવા માટેનું એક અત્યંત મહત્ત્વનું અને અસરકારક સાધન જો કોઈ હોય તો તે શિક્ષણ છે. શિક્ષણ ઉપરાંત આધુનિકીકરણની પ્રક્રિયા જેમકે; શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ વગેરે દ્વારા પણ જ્ઞાતિવાદની સંકુચિત અને સંકીર્ણ માનસિકતામાં પરિવર્તન શક્ય છે. સાથે, લોકશાહી મૂલ્યોની સ્થાપના અને તેનો જીવનપ્રણાલી તરીકેનો સ્વીકાર જ જ્ઞાતિવાદની જડ તથા અપરિપક્વ માનસિકતામાંથી મુક્તિ અપાવી શકે.

**કોમવાદ**

કોમવાદ અથવા સાંપ્રદાયિકતા એ આપણી લોકશાહી અને રાષ્ટ્રીય એકતા સામેનો એક મોટો પડકાર છે. એટલું જ નહીં, તેના દ્વારા આપણી સંસ્કૃતિના જે કેટલાંક મૂલ્યો છે જેવાં કે; સહિષ્ણુતા, ઉદારતા, ભાઈચારો અને એખલાસ વગેરેનું ધોવાણ થાય છે.

અમુક સંપ્રદાયમાં માનનારાઓના સમૂહને આપણે 'કોમ' કહીએ છીએ. બીજી રીતે જોઈએ તો પરંપરાગત ધર્મ-સંસ્કૃતિ અને સમાન રીતિ-રિવાજો ધરાવનારા લોકો કોમ તરીકે ઓળખાતા હોય છે. એક કોમના સભ્યો મારાપણાની લાગણી અનુભવતા હોય છે અને આવી લાગણી સ્વાભાવિક પણ છે. પોતાની કોમના ઉત્કર્ષ અને વિકાસ માટે કોઈ વ્યકિત પ્રયાસ કરે એ પણ એટલું જ સ્વાભાવિક છે. પણ જ્યારે એક કોમના લોકો બીજી કોમના લોકોને પોતાનાથી ઉતરતા ગણે, તેમના પ્રત્યે ઘૃણા, તિરસ્કાર તેમજ વેરભાવની દૃષ્ટિ રાખે કે વ્યવહાર કરે ત્યારે કોમવાદ આકાર પામે છે. બીજી રીતે વિચારીએ તો જ્યારે લોકો પર ધર્મનું ઝનૂન છવાઈ જાય છે ત્યારે ધર્માંધતા વિકૃત સ્વરૂપ ધારણ કરે છે અને તે કોમવાદ તરીકે ઓળખાય છે.

રાજ્યના વિસ્તારમાં રહેતા જુદી-જુદી કોમના લોકો વચ્ચે પ્રવર્તતી એકતાને તોડવાનું કાર્ય કોમવાદ કરે છે. કોમવાદ કયારેક હિંસક સ્વરૂપ ધારણ કરે છે. આપણે ત્યાં હિંદુ-મુસ્લિમ વચ્ચેના જે રમખાણો થાય છે તે કોમવાદના ભયાનક સ્વરૂપના દૃષ્ટાંતો પૂરાં પાડે છે. કોમવાદી તકરારો-રમખાણોના કારણે જુદી-જુદી કોમોના લોકો વચ્ચે અંતર પડી જાય છે અને આ અંતર સતત વધતું રહે છે. પરિણામે તેમની વચ્ચે શંકા તેમજ અવિશ્વાસ વધતાં જાય છે જેમાંથી છેવટે હિંસક તોફાનો ફાટી નીકળે છે.

રાજકીય હેતુથી એટલે કે રાજ્યસત્તા મેળવવા, ટકાવવા અને ફેલાવો કરવાના ઉદ્દેશ્યથી જ્યારે કોમવાદી લાગણીને ઉશ્કેરવામાં આવે ત્યારે કોમવાદ રાજકીય સ્વરૂપ ધારણ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે ધર્મનો રાજકીય હેતુ માટે ઉપયોગ

કરવામાં આવે ત્યારે કોમવાદ રાજકીય સ્વરૂપ ધારણ કરે છે અને તે ભયજનક બને છે. આવો કોમવાદ લોકશાહી અને રાષ્ટ્રીય એકતા એમ બન્ને માટે ખતરારૂપ છે. કારણ કે તે અસહિષ્ણુતા ઊભી કરે છે અને સમાજને કોમ-કોમ વચ્ચે વહેંચી દે છે.

ભારતના ભાગલા કરવામાં કોમવાદની ભાવનાએ ભજવેલી ભૂમિકાનું ઈતિહાસ સાક્ષી છે. સ્વાતંત્ર્યની ચળવળ દરમિયાન મુસ્લિમલીગની સ્થાપનાથી હિંદુ અને મુસ્લિમ પ્રજા વચ્ચેના મતભેદ ઉગ્ર બન્યા અને છેવટે ભાગલા દ્વારા પાકિસ્તાનની રચના થઈ જે સર્વવિદિત છે.

આપણા બંધારણમાં ધાર્મિક સ્વાતંત્ર્યને મૂળભૂત હકનો દરજ્જો આપીને બંધારણ ઘડવૈયાઓએ તેમની દીર્ઘદૃષ્ટિનો પરિચય આપ્યો છે. બંધારણના આમુખમાં જ ધર્મનિરપેક્ષતા અને બિનસાંપ્રદાયિકતાના ખ્યાલને સમાવીને તમામ ધર્મ પ્રત્યે સમાન વલણ-વર્તાવ દાખવવાનો સુંદર અભિગમ રજૂ કર્યો છે. આમ, ધર્મનિરપેક્ષતા એ આપણી રાજ્યપ્રથાનો પાયાનો સિદ્ધાંત છે.

**નકસલવાદ**

નકસલવાદ શબ્દ પશ્ચિમ બંગાળના એક નાનકડા ગામ નકસલબારી પરથી અસ્તિત્વમાં આવ્યો છે. જ્યાં ભારતીય સામ્યવાદી પક્ષના નેતાઓ ચારુ મજુમદાર અને કનુ સાન્યાલે 1967 માં સરકારની વિરુદ્ધ સશસ્ત્ર આંદોલન છેડયું હતું. તેઓનું માનવું હતું કે, ભારતીય કામદારો અને કિસાનોની દુર્દશા માટે સરકારી નીતિઓ કારણભૂત છે. આ અન્યાયી નીતિઓને લીધે ઉચ્ચ વર્ગોનું શાસન અને વર્ચસ્વ સ્થપાયું છે. આ શોષણયુકત અને દમનકારી શાસનને સશસ્ત્ર ક્રાંતિ દ્વારા જ ખતમ કરી શકાય.

1967 માં નકસલવાદીઓએ સામ્યવાદી ક્રાંતિકારીઓની એક અખિલ ભારતીય સમન્વય સમિતિની રચના કરી અને સરકાર સામે સશસ્ત્ર બળવો કર્યો. હિંસાવાદી ડાબેરી પંથીઓનું આ સંગઠન નકસલવાદીઓ તરીકે ઓળખાયું. ભારતના પૂર્વીય રાજ્યો પશ્ચિમ બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં તેઓને માઓવાદીના નામે ઓળખવામાં આવે છે. ભારત સરકારે તેમની ગેરકાનૂની પ્રવૃત્તિઓને કારણે તેમને આતંકવાદી જાહેર કર્યા છે. વિશેષ કરીને, પૂર્વીય રાજ્યોના નકસલવાદીઓ ચીનના નેતા માઓ-ત્સે-તુંગની વિચારસરણીથી પ્રભાવિત છે અને તેના પ્રશંસક પણ છે તેથી તેઓ માઓવાદી તરીકે પણ ઓળખાય છે. ભૂમિહીનોને પોતાની જમીન પાછી અપાવવાના તથા જમીનદારોના અત્યાચારોથી ગરીબ તથા બેરોજગાર વર્ગને બચાવવાના હેતુથી નકસલવાદીઓએ હિંસાનું આચરણ શરૂ કર્યું. નકસલવાદીઓ સરકારની નીતિઓ અને સત્તાને સમસ્યાના મૂળ ગણતા હોવાથી આઈ.એ.એસ. અધિકારીઓ, અન્ય ઉચ્ચ અધિકારીઓ, પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ, લશ્કરના સૈનિકો વગેરેને લક્ષ્યાંક બનાવીને તેમની હત્યા કરી રહ્યા છે.

શરૂઆતમાં નકસલવાદનું કેન્દ્રબિંદુ પશ્ચિમ બંગાળ રાજ્ય હતું; પરંતુ ત્યારબાદ આ સંગઠનનો પગપેસારો છત્તીસગઢ, ઓરિસ્સા તેમજ આંધ્રપ્રદેશ સહિત દેશના કેટલાક ગ્રામીણ વિસ્તારો તથા પૂર્વ ભારતના અલ્પવિકસિત વિસ્તારોમાં થયો છે. આજે તો દેશનાં ઘણાંબધાં એકમ રાજ્યો નકસલવાદથી પ્રભાવિત છે.

આમ, નકસલવાદ દ્વારા આચરવામાં આવતી હિંસા ખાસ કરીને સરકારી અધિકારીઓ-કર્મચારીઓની હત્યા દેશની નબળી સલામતી વ્યવસ્થાની ચાડી ખાય છે. સાથે, નકસલવાદીઓનું સમર્થન અને તેનો વિરોધ કરનાર એમ બે વર્ગ ઊભા થયા છે. આમ આ બધી બાબતો રાષ્ટ્રીય એકતા સમક્ષ મોટા પડકારો છે. જોકે, ભારત સરકાર નકસલવાદીઓ સામે કડક હાથે કામ લઈ રહી છે અને તેમની વાજબી માંગણીઓને સંતોષવાના પ્રયત્ન પણ કરે છે.

**આતંકવાદ**

આતંકવાદ-ત્રાસવાદ માટે અંગ્રેજી ભાષામાં વપરાતો શબ્દ Terrorism લેટિન શબ્દ Terror (ટેરર) શબ્દ પરથી ઉતરી આવ્યો છે. આ શબ્દનો અર્થ થાય છે- ‘એવું કાર્ય જે અન્યને કંપાવે અથવા તો ડરાવે.’ સામાન્ય રીતે, આતંકવાદ-ત્રાસવાદનો એવો અર્થ કરવામાં આવે છે કે ભય ફેલાવીને અને ત્રાસ આપીને હેતુ સિદ્ધ કરવાની રીત. આમ, તેમાં આતંક કેન્દ્રસ્થાને હોય છે.

જ્યારે કોઈ વ્યકિત કે વ્યકિતઓનો સમૂહ અથવા તો સંગઠન પોતાના ઉદ્દેશને પાર પાડવા માટે ભય અને ત્રાસ ફેલાવવાના સાધનનો ઉપયોગ કરે છે ત્યારે તે વ્યકિત આતંકવાદી તરીકે અને આ પ્રકારની વ્યકિતઓનો સમૂહ આતંકવાદીઓના જૂથ તરીકે તેમજ આ પ્રકારનું સંગઠન આતંકવાદી સંગઠન તરીકે ઓળખાય છે. સીધા સંઘર્ષથી જ્યારે ધ્યેય પ્રાપ્તિ શકય હોતી નથી ત્યારે આતંકવાદીઓ હિંસક હુમલાઓ કરીને જાનમાલ, સંપત્તિ, વાહન-વ્યવહાર, અગત્યનાં જાહેર સ્થળો-મિલ્કતો, સલામતી રક્ષકો, શસ્ત્ર ભંડારો વગેરેનો વિનાશ કરીને ત્રાસ ફેલાવી દે છે. અલબત્ત, તેમાં ધ્યેયની સફળતાની સંભાવના ખૂબ જ ઓછી હોય છે. પરંતુ, સમગ્ર રીતે ભારે નુક્સાન અને વિનાશ સર્જાય છે. આતંકવાદીઓની આકસ્મિક હુમલા કે આક્રમણો કરવાની વ્યૂહરચનાને કારણે આતંક ફેલાવવામાં તેઓ સફળ થતા હોય છે. પોતાનો હેતુ પાર પાડવા નિર્દોષોની હત્યા કરતાં પણ અચકાતા નથી. કેમકે તેમનું ધ્યેય આતંક ફેલાવવાનું જ હોય છે.

આતંકવાદ મુખ્ય બે સ્તરે જોવા મળે છે. (1) સ્થાનિક સ્તરે : એટલે કે રાજ્યની અંદર અને (2) આંતરરાષ્ટ્રીય સ્તરે એટલે કે એવો આતંકવાદ જે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધરાવતો હોય જેની શાખાઓ વિવિધ રાજ્યોમાં ફેલાયેલી હોય. કેટલાંક રાજ્યો આતંકવાદીઓને આશ્રય આપે છે, તેમને તમામ પ્રકારની મદદ કરે છે, તેમને તાલીમ આપે છે તેમજ તેમનું સમર્થન પણ કરે છે.

આપણે ત્યાં ભારતમાં પણ છેલ્લા કેટલાંક વર્ષોથી આતંકવાદીઓએ કાળો કેર વર્તાવ્યો છે. આઝાદી બાદ લગભગ આજદિન સુધી ભારતના કોઈને કોઈ પ્રદેશ કે વિસ્તારમાં આતંકવાદ દશ્યમાન છે. ક્યારેક નક્સલવાદના સ્વરૂપમાં તો ક્યારેક અલગતાવાદી ચળવળના સ્વરૂપમાં પ્રવર્તે છે. જમ્મુ-કાશ્મીરમાં જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (JKLF) , હિઝબુલ મુઝાહિદીન, હરકત ઉલ-અન્સાર, લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મહમ્મદ જેવાં આતંકવાદી સંગઠનો આતંકવાદી પ્રવૃત્તિઓ ચલાવી રહ્યાં છે. તેમને પડોશી દેશ ટેકો પૂરો પાડે છે જે ઉલ્લેખનીય છે. આ પૈકીના કેટલાંક સંગઠનો તો વૈશ્વિકસ્તરે સક્રિય બન્યાં છે. પૂર્વ ભારતમાં નાગાલેન્ડ, મિઝોરમ અને મણિપુરમાં નાગા નેશનલ કાઉન્સીલ તથા પિપલ્સ લિબરેશન આર્મીની આતંકવાદી પ્રવૃત્તિઓ જાણીતી છે. તેઓને અમુક દેશો દ્વારા શસ્ત્રોની મદદ મળે છે. એંશીના દાયકામાં પંજાબમાં ભિંદરાનવાલે દ્વારા ઓલ ઈન્ડિયા શીખ સ્ટુડન્ટ્સ ફેડરેશન તથા બબ્બર ખાલસા જેવા આતંકવાદી સંગઠનો દ્વારા અલગ ખાલિસ્તાનની માંગણીના ભાગરૂપે આતંકવાદી પ્રવૃત્તિઓ દ્વારા ભારે જાનમાલનું નુક્સાન કરવામાં આવ્યું હતું. હરિયાણા અને દિલ્હી સહિત સમગ્ર ઉત્તર ભારતમાં તેણે ભયાનક સ્વરૂપ ધારણ કર્યુ હતું. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની હત્યા તેમના દ્વારા જ કરવામાં આવી હતી જે એટલું જ દુ:ખદ છે. સમય જતાં આ સંગઠનોનો પણ અંત આવ્યો છે. આ જ રીતે, આસામમાં ઉલ્ફા તથા બોડો અલગતાવાદી જૂથો દ્વારા અવારનવાર આચરવામાં આવતો આતંક આપણા ધ્યાન બહાર નથી. શ્રીલંકામાં અલગ તમિલ રાજ્ય માટે તમિલ ટાઈગર્સ (લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઈલમ-LTTE) દ્વારા ચાલેલો લોહિયાળ સંઘર્ષ આતંકવાદ - ત્રાસવાદનું વરવું દૃષ્ટાંત પૂરું પાડે છે. પુનઃ નોંધનીય છે કે, આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની હત્યા તમિલ ટાઇગર્સની આત્મઘાતી મહિલા દ્વારા થઈ હતી. હાલ આ સંગઠન અસ્તિત્વ ધરાવતું નથી. ટૂંક સમય પહેલાં જ તેનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું છે. આમ, આપણા બે-બે વડાપ્રધાનો આતંકવાદ-ત્રાસવાદનો ભોગ બન્યાં છે.

ભારતમાં વારંવાર થતા શ્રેણીબદ્ધ બોંબ ધડાકા, 13 ડિસેમ્બર 2001ના રોજ ભારતની સંસદ પર આતંકી હુમલો, ગુજરાતમાં ગાંધીનગર ખાતે અક્ષરધામ મંદિર પર થયેલો હુમલો, ત્યારબાદ 26 નવેમ્બર 2008માં મુંબઈની તાજ હોટેલ પરના હુમલાઓ આતંકવાદીઓના જઘન્ય કૃત્યના પુરાવાઓ છે. 11 સપ્ટેમ્બર 2001ના રોજ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર થયેલા આતંકવાદી હુમલાએ અને તેને કારણે થયેલી ભારે ખુવારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી દીધો હતો. જોકે, તેના વળતાં પગલાં રૂપે અમેરિકાએ હુમલા માટે જવાબદાર એવા અલ-કાયદા નામના આતંકવાદી સંગઠન સામે યુદ્ધની કાર્યવાહી કરી. જેમાં તે સંગઠનના નેતા ઓસામા-બિન-લાદેનને ફૂંકી મારવામાં આવ્યો.

હાલ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ આતંકવાદી પ્રવૃત્તિઓ વેગ પકડી રહી છે. આજે મોટાભાગના દેશો માટે તે ચિંતાનો વિષય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આતંકવાદીઓ દ્વારા સ્થપાયેલાં સંગઠનો એકબીજાના સંપર્કમાં રહે છે. સાધનો, માહિતીઓ, નાણાં, શસ્ત્રો વગેરેની આપ-લે કરે છે. એમાં પણ અદ્યતન ઈન્ફર્મેશન ટેકનોલોજી તથા સંદેશાવ્યવહારના ક્ષેત્રે આવેલી અભૂતપૂર્વ ક્રાંતિ દ્વારા ઈન્ટરનેટ તથા મોબાઈલ ફોન સેવાએ તેમને મોકળું મેદાન પૂરું પાડ્યું છે. પરિણામસ્વરૂપ એવી પરિસ્થિતિનું નિર્માણ થઈ ચૂક્યું છે કે આતંકવાદીઓ માટે રાજ્યની સરહદો કોઈ મહત્ત્વ ધરાવતી નથી. સાંપ્રત સમયમાં ઈસ્લામિક સ્ટેટ્સ ઓફ ઈરાક એન્ડ સિરિયા (ISIS) વિશ્વમાં આતંક ફેલાવી રહ્યા છે. તેના વડા અલ-બદર-બગદાદી આતંકવાદી માર્ગે વિશ્વમાં ઈસ્લામનો ફેલાવો કરવા કટ્ટર બન્યા છે.

આંતરરાષ્ટ્રીય આતંકવાદ સામેની લડતમાં સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ -UN) ની ભૂમિકા વિધેયાત્મક રહી છે અને તે આ દિશામાં પોતાનું નેતૃત્વ પૂરું પાડી રહ્યું છે. આતંકવાદનો અંત કેવી રીતે લાવવો તે અંગે સતત વિચારણા ચાલુ જ છે. એટલું ચોક્કસ છે કે જે કારણો આતંકવાદને જન્મ આપતાં હોય તે કારણોને જ દૂર કરવામાં આવે તો આતંકવાદ આપોઆપ જ નાબૂદ થાય. આ ઉપરાંત સમાજમાં રાજકીય, સામાજિક, આર્થિક અસમાનતાઓનું પ્રમાણ ઘટે, જમીન સુધારણાના કાયદાઓનો વ્યવસ્થિત અને પૂરતો અમલ થાય, પોલીસતંત્રનું આધુનિકીકરણ કરવામાં આવે તેમજ કાયદો અને વ્યવસ્થાને જડબેસલાક ગોઠવવામાં આવે તો દેશની અંદર ઊભા થતા આતંકવાદને ડામવામાં કેટલીક સફળતા મળી શકે. ભારત માટે સરહદપારનો આતંકવાદ એક જટિલ સમસ્યા બની ગયો છે. આ રીતે, આપણે આંતરિક અને બાહ્ય એમ બંને સ્તરે આતંકવાદનો સામનો કરી રહ્યા છીએ.

આમ, લોકશાહી પ્રક્રિયાઓ મજબૂત કરીને અને લોકોની સક્રિય સામેલગીરી દ્વારા આપણે આ પડકારોનો સામનો કરી શકીશું. આપણે સૌ એક રાષ્ટ્રના નાગરિકો છીએ એવી પ્રબળ રાષ્ટ્રભાવના આ પડકારોનો સામનો કરવાની પ્રેરણા પૂરી પાડી શકે છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

(1) ભારતમાં સામાજિક અસમાનતા કેવી રીતે જોવા મળે છે ? તેને દૂર કરવા માટેના બંધારણીય ઉપાયોની ચર્ચા કરો.

(2) ભારતમાં સાક્ષરતા વૃદ્ધિ માટે કરવામાં આવતા પ્રયત્નોની ચર્ચા કરો.

(3) ભાષાવાદ તથા પ્રદેશવાદ એ ભારતની રાષ્ટ્રીય એકતા સામે મોટો પડકાર છે - ચર્ચા કરો.

(4) આતંકવાદ અંગે વિસ્તૃત નોંધ લખો.

**2. ટૂંકનોંધ લખો.**

(1) નિરક્ષરતા (2) ગરીબી

(3) જ્ઞાતિવાદ (4) કોમવાદ

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) રાજકીય હિંસાનો અર્થ સમજાવો.

(2) પ્રાદેશિક અસમતુલા એટલે શું? સમજાવો.

(3) પ્રદેશવાદ તથા અલગતાવાદ વચ્ચેનો તફાવત જણાવો.

(4) રાજકારણ અને જ્ઞાતિ એકબીજાને કઈ રીતે પ્રભાવિત કરે છે?

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

(1) ભારતીય લોકશાહી સમક્ષના પડકારો જણાવો.

(2) નક્સલવાદનો ઉદ્ભવ ક્યાંથી થયો ?

(3) શિક્ષણ મેળવવાનો અધિકાર (RTE)નો અમલ ક્યારથી થયો ?

(4) ભારતમાં થયેલા બે મુખ્ય આતંકવાદી હુમલાઓ જણાવો.

(5) નક્સલવાદીઓને અન્ય બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) અનુસૂચિત જાતિ એ કેવા પ્રકારની કેટેગરી છે? ☐

(અ) સામાન્ય (બ) બંધારણીય (ક) સરળ (ડ) એકપણ નહીં.

(2) ડી.એમ.કે. કયા રાજ્યનો પ્રાદેશિક પક્ષ છે? ☐

(અ) ગુજરાત (બ) મહારાષ્ટ્ર (ક) તમિલનાડુ (ડ) પંજાબ

(3) બંધારણની કઈ કલમ હેઠળ જમ્મુ-કશ્મીર રાજ્યને ખાસ દરજ્જો આપવામાં આવ્યો છે? ☐

(અ) 270 (બ) 370 (ક) 470 (ડ) 570

(4) 'ઑપરેશન બ્લેક બોર્ડ'ની ઝુંબેશ કોની સાથે સંકળાયેલી છે? ☐

(અ) પ્રાથમિક શિક્ષણ (બ) માધ્યમિક શિક્ષણ (ક) ઉચ્ચ શિક્ષણ (ડ) પ્રૌઢ શિક્ષણ

(5) નક્સલવાદનો ઉદ્ભવ કયા રાજ્યમાંથી થયો હતો? ☐

(અ) બિહાર (બ) રાજસ્થાન (ક) પશ્ચિમ બંગાળ (ડ) કેરલ

### પ્રવૃત્તિ

સમૂહ ચર્ચા ગોઠવો :

- લોકશાહીને સફળ બનાવવાના ઉપાયો.
- આતંકવાદને દૂર કરવાના ઉપાયો.

●

# 4 વિકાસ અને લોકશાહી

સ્વતંત્રભારતે રાજકીય લોકશાહીની સાથે આર્થિક અને સામાજિક વિકાસનું સ્વપ્ન સેવેલું. આ માટે ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના વડે રાજ્યને આર્થિક અને સામાજિક વિકાસ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે. આપણે સામાજિક-આર્થિક વિકાસ દ્વારા લોકશાહીને મજબૂત બનાવવાની છે. લોકશાહીની સમજૂતી આપતાં યુએસએના પ્રમુખ અબ્રાહમ લિંકને કહેલું, 'લોકશાહી એ લોકોની, લોકો માટે અને લોકો વડે ચાલતી સરકાર છે.' આમ, લોકશાહીમાં લોકો કેન્દ્રમાં છે. લોકશાહી એ સરકાર હોવા ઉપરાંત એક જીવનરીતિ પણ છે. તેથી લોકશાહીમાં વિકાસ એટલે વ્યકિતમાત્રનો વિકાસ. વિકાસ માટે લોકોની સક્રિય સામેલગીરી કે ભાગીદારી હોય તો જ વિકાસ અર્થપૂર્ણ બને અને છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચી શકે જેને ગાંધીજીએ અંત્યોદય કહ્યો હતો.

**સામાજિક-આર્થિક વિકાસનો અર્થ**

વિકાસ એટલે માત્ર વૃદ્ધિ નહીં, વિકાસ એ સતત ચાલતી અને અત્યંત જટિલ પ્રક્રિયા છે. વિકાસની આ પ્રક્રિયા બે માર્ગે ચાલતી હોય છે; સ્વાભાવિક કે કુદરતી વિકાસને માર્ગે અને આયોજિત વિકાસને માર્ગે. વિકાસ સમયના પ્રવાહ સાથે અને સમાજમાં અભાનપણે સામાજિક પરિવર્તનની સાથે થતો રહે છે, જ્યારે આયોજિત વિકાસ એ સભાનપણે રાજ્ય દ્વારા થતો વિકાસ છે.

આપણે આયોજિત વિકાસમાં સામાજિક અને આર્થિક પાસાનો અભ્યાસ કરવાના છીએ. સામાજિક વિકાસ એ સમાજના સંગઠન અને તેની કાર્યપ્રણાલીનો થતો વિકાસ છે, જ્યારે આર્થિક વિકાસ એ રાષ્ટ્રીય આવક, માથાદીઠ આવક, રોજગારીની વધતી તકો, ઔદ્યોગિકીકરણ, આધુનિકીકરણ અને શહેરીકરણનો નિર્દેશ કરે છે. આ સામાજિક અને આર્થિક વિકાસના નિર્દેશકો માનવ વિકાસને પણ વ્યકત કરે છે.

**ભારતમાં સામાજિક-આર્થિક વિકાસના ધ્યેય**

અભ્યાસીઓના મતે ભારતમાં સામાજિક-આર્થિક વિકાસના ધ્યેય નીચે પ્રમાણે છે.

(1) રાષ્ટ્રીય આવકમાં વૃદ્ધિ કરવી, વિકાસના દરમાં વૃદ્ધિ કરવી.

(2) જુદા-જુદા માનવસમૂહો વચ્ચે અને વર્ગો વચ્ચે આર્થિક અસમાનતા ઘટાડવી.

(3) સંપત્તિ અથવા ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ અટકાવવું તથા સમાજના વ્યાપક હિતમાં તેનો ઉપયોગ કરવો.

(4) ગરીબી નિવારણના ઉપાયો હાથ ધરવા.

(5) રોજગારીની તકો વધારવી અને તે માટેનાં સાધનો વિકસાવવાં.

(6) મનુષ્ય ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે શિક્ષણ, આરોગ્ય અને પાયાની સુવિધાવાળા રહેઠાણની પૂરતી સુવિધા ઊભી કરવી.

(7) પર્યાવરણનું રક્ષણ અને સંવર્ધન કરવું.

(8) સમાજના આરક્ષિત અને વંચિત સમૂહોના વિકાસ માટે સઘન કાર્યક્રમો હાથ ધરવા.

**આયોજન પંચ**

ઉપર્યુક્ત સામાજિક-આર્થિક વિકાસના ધ્યેયો સિદ્ધ કરવા આયોજન પંચની રચના 1950 માં કરવામાં આવી હતી. પં. જવાહરલાલ નેહરૂની સરકારે કેબિનેટના ઠરાવથી આયોજન પંચની રચના કરી હતી. તેથી તે 'બંધારણેતર' સંસ્થા હતી. આ ઉપરાંત નાણાપંચ એ બંધારણીય સંસ્થા હતી અને છે. આ બંને સંસ્થાઓના માર્ગદર્શન અને સહાય વડે આપણે તેર પંચવર્ષીય યોજનાઓ પૂરી કરી છે. આ સાથે આપણે સામાજિક-આર્થિક વિકાસના ક્ષેત્રે ઘણી સિદ્ધિઓ મેળવી છે.

સામાજિક અને આર્થિક વિકાસ માટે આયોજન પંચ સમાજવાદી ઢબે વિકાસ માટે વધુ ઉપયોગી સંસ્થા હતી. 1991 પછી ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના નવા પ્રવાહોવાળી નવી અર્થનીતિ માટે વધુ મોકળાશવાળી સંસ્થા માટેનું ચિંતન શરૂ થયું. તેમાંથી આયોજન પંચને સ્થાને 'નીતિ આયોગ' નામની નવી સંસ્થાનો જન્મ થયો છે.

## નીતિ આયોગ

1 લી જાન્યુઆરી 2015 ના રોજ  વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગ નામની નવી સંસ્થાની સ્થાપના થઈ છે. ( ધ નેશનલ ઇન્સ્ટિટયુટ ફોર ટ્રાન્સફોરમિંગ ઇન્ડિયા-NITI (નીતિ)) એ ભારત સરકારની નીતિઘડતર માટેની 'થિન્ક ટેન્ક' છે. તે પણ બંધારણેતર સંસ્થા છે.

## નીતિ આયોગની સ્થાપનાના હેતુ

'નીતિ આયોગ' ની સ્થાપનાના હેતુ નીચે પ્રમાણે રાખવામાં આવ્યા છે.

(1) દેશના સામાજિક અને આર્થિક પ્રશ્નોને લગતી નીતિઓનું ઘડતર, લોકશાહીયુક્ત ચર્ચા વિચારણા અને નિષ્ણાતોના માર્ગદર્શનથી કરવું.

(2) ઝડપથી પલટાતા જતા વિશ્વમાં ભારતને યોગ્ય સ્થાન અપાવવું.

(3) રાજ્યસરકારોને આર્થિકનીતિ ઘડતરમાં સામેલ થવા પ્રોત્સાહન આપી ભાગીદાર બનાવવી. આમ પાયામાંથી ટોચ તરફનો અભિગમ રાખવો.

(4) તેનો એક મહત્ત્વનો હેતુ કેન્દ્ર-રાજ્ય સંબંધોને સુધારવાનો છે. આ માટે તે 'સહકારયુકત હરીફાઈવાળું' સમવાયતંત્ર વિકસાવવા માંગે છે.

(5) વિકાસ માટે રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરવું.

(6) ભારત વૈવિધ્યસભર દેશ છે. તેનાં રાજ્યો સામાજિક અને આર્થિક વિકાસના વિવિધ તબક્કામાં છે. તેથી તેમના વિકાસ માટે અગાઉના આયોજન પંચનો એકજ સ્વરૂપનો અભિગમ ઉપયોગી નથી એમ નીતિ આયોગ માને છે.

આ હેતુઓને સિદ્ધ કરવા નીતિ આયોગનું સંગઠન એક ચિંતન કરતી સંસ્થા (થિન્ક ટેન્ક) અથવા મંચ (ફોરમ) સ્વરૂપનું છે. તેના સંગઠનની રચનામાં નીચે પ્રમાણેની બાબતોનો સમાવેશ થાય છે.

(ક) ભારતના વડાપ્રધાન તેમના હોદ્દાની રૂએ તેના અધ્યક્ષ રહેશે.

(ખ) તેની સંચાલક પરિષદ (મેનેજમેન્ટ કાઉન્સીલ) તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાયબ રાજ્યપાલોની બનેલી રહેશે.

(ગ) પ્રાદેશિક પરિષદો જે તે પ્રદેશમાં આવતા રાજ્યોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાયબ રાજ્યપાલોની બનેલી રહેશે. તેની બેઠક એક કરતાં વધુ રાજ્યો અથવા પ્રદેશના ચોક્કસ પ્રશ્નોની તથા અન્ય બાબતોની વિચારણા માટે મળે છે. આ પ્રાદેશિક પરિષદોની બેઠકનું સંચાલન નીતિ આયોગના અધ્યક્ષ અથવા તેમના પ્રતિનિધિ દ્વારા કરવામાં આવશે.

(ઘ) તેના સંગઠનમાં સબંધિત જ્ઞાન ધરાવનાર નિષ્ણાતો, વિશેષજ્ઞો અને પ્રેક્ટિશનરની નિમણૂક વડાપ્રધાન ખાસ આમંત્રિત તરીકે કરશે.

## નીતિ આયોગમાં સભ્યોના સ્થાન નીચે પ્રમાણે રહેશે

(i) અધ્યક્ષ (ચેરપર્સન) વડાપ્રધાન.

(ii) પૂર્ણકાલીન ત્રણ સભ્યો જેમાં અર્થશાસ્ત્રી, ડી.આર.ડી.ઓ. (ડીફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન) ના પૂર્વ વડા અને કૃષિવિષયક નિષ્ણાતનો સમાવેશ થશે.

(iii) ખંડસમયના સભ્યો જેમાં વધુમાં વધુ બે અગ્રણી યુનિવર્સિટીના સંશોધન સંગઠનમાંથી અને બીજા સંબંધિત સંસ્થાઓમાંથી હોદ્દાની રૂએ સભ્ય બનશે. આ ખંડસમયના સભ્યો વારાફરતી બદલાતા રહેશે.

(iv) હોદ્દાની રૂએ સભ્યો:- વડાપ્રધાન દ્વારા પ્રધાનમંડળમાંથી નિમણૂક પામેલા ચાર સભ્યો.

(v) મુખ્ય કારોબારી અધિકારી ભારત સરકારના સેક્રેટરી કક્ષાના હશે. જેમની નિમણૂક વડાપ્રધાન ચોક્કસ સમય માટે કરશે.

(vi) વધારાના સેક્રેટરીઓની નિમણૂક જરૂર પ્રમાણે થશે.

## મુખ્ય વિશેષતાઓ

નીતિ આયોગની મુખ્ય વિશેષતાઓ નીચે પ્રમાણે ગણાવી શકાય.

- ❖ નીતિ આયોગ બંધારણેતર સંસ્થા છે. તે કેબિનેટના ઠરાવથી 1 લી  જાન્યુ. 2015 ના રોજ અમલમાં આવી છે.
- ❖ તેનું સ્વરૂપ  ચિંતનાત્મક સંસ્થા (થિન્ક ટેન્ક) અથવા મંચ (ફોરમ) સ્વરૂપનું છે.
- ❖ તે જૂના આયોજન પંચ કરતાં ગતિશીલ હશે. કારણ કે તે દેશના જુદા-જુદા પ્રદેશોના પ્રશ્નોના આધારે પરિષદોના માધ્યમથી વિકાસના પ્રશ્નોની ચર્ચા કરશે.

❖ તે રાજ્યો માટે કેન્દ્રમાંથી આયોજન કરવાને બદલે તમામ રાજ્યોના મુખ્યપ્રધાનો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાયબ રાજ્યપાલોની બનેલી પરિષદ દ્વારા સામાજિક, આર્થિક વિકાસ માટેની નીતિ અને કાર્યક્રમો ઘડે છે.
❖ તે 1991 થી ભારતે સ્વીકારેલ ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના પ્રવાહોની અનુરૂપ સંસ્થા છે, તેથી તે સ્પર્ધાત્મક વિશ્વમાં ભારતને યોગ્ય સ્થાન અપાવશે તેવી અપેક્ષા છે.
❖ તે કેન્દ્ર-રાજ્યોના સહયોગથી વિકાસ માટેની નીતિ ઘડનાર અને મતભેદ નિવારણ કરનારી સંસ્થા છે.
❖ તે દેશના વિકાસ માટે આગામી ૧૫ વર્ષનું વિઝન ધ્યાનમાં રાખીને કામ કરે છે.

સમયના પ્રવાહ સાથે આ સંસ્થા કેટલી અસરકારક ભૂમિકા ભજવે છે તે ચકાસવા હજુ રાહ જોવી પડશે. જોકે એ નોંધવું જરૂરી છે કે બદલાયેલી વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે કદમ મિલાવવાની જરૂર છે. વળી તે ભારતના સમવાયતંત્રને પોષક છે.

આવા આયોજિત વિકાસ માટે દેશમાં કેટલીક એજન્સીઓ કાર્યરત છે જે નીચે પ્રમાણે છે.

**જિલ્લા વિકાસ એજન્સીઓની ભૂમિકા**

મહાત્મા ગાંધીએ લોકશાહી વિકેન્દ્રીકરણ અને નિમ્નસ્તરના લોકોના સશકિતકરણ ઉપર ભાર મૂકયો હતો. તેમના વિચારોને સાકાર કરવા 1957 માં ભારત સરકારે સ્વ. બળવંતરાય મહેતાના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરેલી. આ સમિતિએ વિકાસ કાર્યોમાં લોકભાગીદારી વધારવા ત્રિસ્તરીય પંચાયતીરાજની ભલામણ કરેલી. આ ભલામણ પ્રમાણે રાજ્યોએ પોતાને અનુકૂળ એવા પંચાયતીરાજની સ્થાપના કરી છે. 1978 માં ભારત સરકારે પંચાયતીરાજના અમલના મૂલ્યાંકન માટે નીમેલ સ્વ. અશોક મહેતા સમિતિએ તેના અહેવાલમાં વિકાસકાર્યો માટે રાજ્યસ્તરની નીચે વિકેન્દ્રીકરણનું પ્રથમ બિંદુ જિલ્લો હોવો જોઈએ તેવી ભલામણ કરેલી. આ ઉપરાંત અન્ય અભ્યાસીઓએ પણ વિકાસ માટે જિલ્લાના એકમને પ્રાધાન્ય આપતાં નીચેના કારણો આપ્યાં છે.

(1) જિલ્લો સ્થાનિક લોકોથી નિકટનું એકમ છે.
(2) તે આયોજન એકમ તરીકે કામ કરી શકે એટલો વિસ્તૃત હોય છે.
(3) ઐતિહાસિક કારણોસર જિલ્લો વહીવટનું એક અસરકારક એકમ રહ્યો છે.
(4) મહેસૂલ, જમીન રેકોર્ડ, સિંચાઈ, રહેઠાણો, રસ્તાઓ, વીજળીકરણ, સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, આરોગ્ય વગેરે બાબતોને લગતી માહિતી જિલ્લાકક્ષાએ ઉપલબ્ધ છે.
(5) રાજ્ય સરકારોના મોટાભાગના ખાતાઓ અને વિભાગોનાં પ્રાદેશિક દફતરો જિલ્લા મથકે આવેલાં હોય છે.
(6) જિલ્લા વહીવટથી લોકો પરિચિત હોવાથી આયોજન અને વિકાસનું એકમ જિલ્લો હોય એ બધી રીતે યોગ્ય છે.

જિલ્લાકક્ષાની વિકાસ એજન્સીઓ પોતાનાં કાર્યો સુચારુ ઢબે કરે તે માટે જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ જે તે જિલ્લાના વિધાનસભ્યો અને સંસદસભ્યો, કામદારમંડળોના પ્રતિનિધિઓ, ઉદ્યોગ સાહસિકો અને બેન્કોના પ્રતિનિધિઓનો સમાવેશ આ એજન્સીઓમાં થાય છે.

**73 મા અને 74 મા બંધારણીય સુધારા અને જિલ્લા વિકાસ એજન્સીઓ**

1992 માં વડાપ્રધાન નરસિંહરાવની સરકારના શાસનકાળ દરમિયાન ભારતના બંધારણમાં કરેલ 73 મા અને 74 મા બંધારણીય સુધારાઓ અતિ અગત્યના છે. આ બંને સુધારાએ અનુક્રમે 73 મા બંધારણીય સુધારાએ પંચાયતીરાજ અને 74 મા બંધારણીય સુધારાએ નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓને બંધારણીય દરજ્જો આપ્યો છે. બંધારણમાં તેમની રચના, તેમની નિયમિત ચૂંટણીઓ, નાણાકીય જોગવાઈ અને કાર્યો અંગે સ્પષ્ટતા કરાઈ છે. આમ થવાથી જિલ્લાવિકાસ કાર્યો વધુ ઘનિષ્ટ અને કાર્યક્ષમ બની શકશે. એટલું જ નહીં, આ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સરપંચ, પ્રમુખ અને મેયર જેવા નિર્ણાયક પદોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સ્ત્રીઓ માટે અનામતની જોગવાઈ કરવામાં આવી છે. આમ થવાથી વિકાસના લાભ પ્રત્યેક સમૂહને પહોંચશે તેવી અપેક્ષા છે. તેનાથી આ સમૂહોની ભાગીદારી પણ વધશે.

આયોજન પંચના સ્થાને 1 લી જાન્યુ. 2015 થી 'નીતિ આયોગ' અસ્તિત્વમાં આવ્યું છે ત્યારે તેણે વિકાસ કાર્યોનો મોટોભાર રાજ્યોને સોંપ્યો છે. 13 મા નાણાપંચની ભલામણોને આધારે રાજ્યોને 30 ટકા ને બદલે 42 ટકા નાણાં હવે ફાળવ્યાં છે. 2017 થી પંચવર્ષીય યોજનાઓ નીકળી જશે છતાં વાર્ષિક અંદાજપત્ર દ્વારા આગામી વર્ષના વિકાસકાર્યો પૂરતું પણ આયોજન તો કરવું પડશે ત્યારે રાજ્યોના મુખ્ય એકમ તરીકે જિલ્લાનું સ્થાન અને ભૂમિકા વિકાસ કાર્યો માટે મહત્ત્વનાં રહેવાનાં જ છે.

## નબળા તેમજ વંચિતવર્ગોનો વિકાસ

જ્યારે આપણે સામાજિક-આર્થિક વિકાસની વાત કરીએ ત્યારે તે માનવવિકાસની વાત છે. કોઈપણ દેશમાં બધા માનવો સમાન હોતા નથી, તેથી લોકશાહી રાજ્ય માટે એ જરૂરી છે કે નબળા માનવ સમૂહોની વધુ સંભાળ લેવાય. પ્રો.જહોન રોલ્સના ન્યાયના સિદ્ધાંત પ્રમાણે સમાજના પાછળ રહી ગયેલા લોકોને વધુ મદદ કરવામાં આવે તો એ અન્યને અન્યાય ગણાતો નથી. ભારતમાં નબળા વર્ગોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, મહિલાઓ, લઘુમતીઓ, બાળકો અને દિવ્યાંગોનો સમાવેશ થાય છે.

અહીં આપણે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, અન્ય પછાત સમૂહો અને મહિલાઓના વિકાસની વિચારણા કરવાના છીએ.

### અનુસૂચિત જાતિઓ

સદીઓથી ભારતની જ્ઞાતિ વ્યવસ્થામાં અસ્પૃશ્ય ગણાતી જ્ઞાતિઓનો સમાવેશ ભારતના બંધારણે અનુસૂચિત જાતિઓમાં કર્યો છે. 2011ની વસતી ગણતરી પ્રમાણે તેમની વસતી દેશમાં 16.6% છે. ધર્મ સુધારકો, સમાજ સુધારકો અને સ્વાતંત્ર્ય સંગ્રામના નેતાગણે આ જ્ઞાતિઓના ઉત્કર્ષ માટે પ્રયત્નો કર્યા હતા. બંધારણમાં આ માટે જોગવાઈ કરાઈ અને સ્વતંત્ર ભારતની સરકારોએ આ માટે કાર્યક્રમો અમલમાં મૂક્યા છે.

### અનુસૂચિત જનજાતિઓ

સદીઓથી જંગલો, ડુંગરો અને અંતરિયાળ પ્રદેશોમાં રહેતા લોકોને સામાન્ય રીતે આદિવાસીઓ તરીકે ઓળખવામાં આવે છે. 2011ની વસતી ગણતરી પ્રમાણે દેશમાં તેમની વસતી 8.6% છે. સામાજિક-આર્થિક વિકાસની દૃષ્ટિએ તેઓ ઘણા પાછળ છે. બંધારણમાં તેમનો અનુસૂચિત જનજાતિઓ તરીકે સ્વીકાર થયો છે.

### બંધારણીય અને કાયદાકીય જોગવાઈઓ

આ બન્ને માનવસમૂહોના રક્ષણ તથા વિકાસ માટે બંધારણમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે, જે નીચે પ્રમાણે છે.

(1) બંધારણની કલમ 17 અસ્પૃશ્યતાની નાબૂદી કરે છે અને તેના આચરણ ઉપર પ્રતિબંધ મૂકે છે.

(2) 1955 નો અસ્પૃશ્યતાને ગુનો જાહેર કરતો કાયદો સંસદે ઘડેલો છે. 1976 માં આ કાયદાનો વ્યાપ વધારાયો છે.

(3) 1989 માં અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ સામેના અત્યાચારો રોકતો કાયદો ઘડાયો છે.

(4) સમાનતાનો મૂળભૂત હક ભારતના તમામ નાગરિકોને સ્પર્શે છે.

(5) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આ સમૂહોના રક્ષણ અને કલ્યાણ માટે રાજ્યને માર્ગદર્શન આપે છે.

(6) આ બન્ને માનવસમૂહો માટે લોકસભા અને વિધાનસભાઓમાં વસતીને ધોરણે અનામત બેઠકો અપાઈ છે.

(7) સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં પણ તેમને માટે અનામત બેઠકો રખાઈ છે.

(8) 1990 માં 65 મા બંધારણીય સુધારા દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે રાષ્ટ્રીય પંચની રચના કરાઈ. 2003 માં થયેલ બંધારણીય સુધારાથી અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અલગ રાષ્ટ્રીય પંચો બનાવાયાં છે. આ બન્ને પંચોએ આ જાતિઓના હકોના રક્ષણ અને અમલ માટે તથા વિકાસ માટે કેન્દ્ર તથા રાજ્ય સરકારોને સલાહ સૂચનો આપ્યાં છે.

(9) કેન્દ્ર સરકાર નિયુક્ત સ્વ. દિલીપસિંહ ભુરિયા સમિતિએ અનુસૂચિત જનજાતિઓના લોકોના કુદરતી સંસાધનો ઉપરના હક્કો માટે ખાસ સૂચનો કર્યાં. સમિતિએ જણાવ્યું કે 50% કે તેથી વધુ વસતીવાળા આદિવાસી વિસ્તારોની પંચાયતોમાં સરપંચ, પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દા આ સમૂહોને માટે અનામત રાખવા જોઈએ જેનો અમલ થયો છે.

### વિકાસ કાર્યક્રમો

અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓનો સામાજિક અને આર્થિક વિકાસ થાય, વિવિધ ક્ષેત્રોમાં તેઓ સજ્જ થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ નીતિ ઘડી છે અને કાર્યક્રમો અમલી બનાવ્યા છે. દા.ત. કેન્દ્ર સરકારની વસતી વિષયક નીતિ, મહિલા સશક્તિકરણની નીતિ તથા રાજ્ય સરકારની પ્રાદેશિક ભાષાને મહત્ત્વ આપવાની નીતિ, સરકારી નોકરીઓમાં પ્રાદેશિક લોકોને પ્રાથમિકતા આપવાની નીતિ વગેરે. આવા કાર્યક્રમોમાં ખાસ કરીને શિક્ષણ, કૌશલ્યનું નિર્માણ, નોકરીઓની તકો અને જે વિસ્તારમાં તેમની વસતી કેન્દ્રિત થઈ છે તેવા વિસ્તારનો સમાવેશ થાય છે. તેમની સજ્જતા વધારવા તાલીમ વર્ગોની વ્યવસ્થા કરાઈ છે. તેમને સ્વરોજગારી મળે તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે. તેમને રાહત દરે લોન પણ અપાય છે.

'ઇન્દિરા આવાસ યોજના', 'સરદાર આવાસ યોજના' અને 'જવાહર રોજગાર યોજના'ના લાભ, આ બન્ને માનવસમૂહોને ખાસ મળે તે માટે કાર્યક્રમ હાથ ધરાયા છે. તેમને પીવાના પાણીની વ્યવસ્થા, શૌચાલય અને વીજળી જેવી પાયાની સુવિધાઓ અપાય તે માટે કાળજી લેવાઈ રહી છે.

**અન્ય પછાત સમૂહો**

ભારતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ ઉપરાંત સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત સમૂહો છે. તેમને 'અન્ય પછાત વર્ગો' તરીકે ઓળખાવાયા છે. આવા સમૂહોના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો પંચની નિમણૂક કરી શકે છે. કેન્દ્ર સરકારે અન્ય પછાત વર્ગો માટે 1953 માં કાકા કાલેલકરના અધ્યક્ષપદે પ્રથમ પંચ નીમ્યું હતું. જોકે તેના અહેવાલને સરકારે સ્વીકાર્યો ન હતો. 1978 માં અન્ય પછાત જાતિઓ માટે કેન્દ્ર સરકારે બિન્દેશ્વરી પ્રસાદ મંડલની અધ્યક્ષતામાં પંચ નીમ્યું હતું. 1990 માં વી.પી.સિંઘની મોરચા સરકારે આ પંચની ભલામણોનો સ્વીકાર કરેલો.

1992 માં કેન્દ્ર સરકારે પછાત વર્ગો માટેના નાણાં અને વિકાસ સંબધી કોર્પોરેશનની રચના કરી છે. આ કોર્પોરેશને અન્ય પછાત જ્ઞાતિઓના બાળકો માટે શિષ્યવૃતિ, છાત્રાલયોની સગવડ, જાહેર પરીક્ષાઓ માટે કોચિંગની સગવડ અને આ ક્ષેત્રોમાં કામ કરતાં સ્વૈચ્છિક સંગઠનોને મદદ કરવાનું સ્વીકાર્યુ છે.

ગુજરાતની વાત કરીએ તો અન્ય પછાત વર્ગો માટે 1973 માં બક્ષીપંચની નિમણૂક રાજ્ય સરકારે કરેલી. આ પંચના અહેવાલનો સ્વીકાર કરી અમલ કરાયો છે.

**મહિલા વિકાસ**

મહિલાઓ માનવ સમાજનું અર્ધુ અંગ છે. આમ છતાં વિશ્વના મોટાભાગના સમાજોની જેમ ભારતમાં સદીઓથી મહિલાઓ નબળા વર્ગની સ્થિતિમાં રહી છે. સ્વતંત્રતા પછી ભારતના રાજ્ય બંધારણે મહિલાઓને સમાન મૂળભૂત હક્કો આપ્યા છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોએ મહિલાઓ પ્રત્યે ભેદભાવ ભર્યું વર્તન દાખવવામાં ન આવે, તેમને સમાન કામ માટે સમાન વેતન મળે, તેમના આરોગ્યની જાળવણી થાય, શોષણ ન થાય, પ્રસૂતિ સમયે જરૂરી રજાઓ ચાલુ પગારે અપાય તેવી બાબતો સૂચવી છે. 1976 માં બંધારણમાં ઉમેરાયેલ મૂળભૂત ફરજોમાં 'મહિલાઓની ગરિમા અથવા ગૌરવને હાનિ પહોંચાડે કે અપમાનિત કરે એવો વ્યવહાર નહીં કરવાની પ્રત્યેક નાગરિકની ફરજ દર્શાવવામાં આવી છે.'

**મહિલા કલ્યાણ અને વિકાસ નીતિઓ**

મહિલા કલ્યાણ અને વિકાસ માટેના પ્રયાસો બે સ્વરૂપે હાથ ધરાયેલા છે.

(ક) કાયદા ઘડતર અને તેનો અમલ (ખ) કલ્યાણકારી કાર્યક્રમો ઘડવા અને તેનો અમલ

**(ક) કાયદા ઘડતર અને તેનો અમલ**

સ્વતંત્રતાના 65 વર્ષોમાં મહિલાઓને સમાનતા અપાવવા અને તેમના કલ્યાણ માટે સંસદે નીચે પ્રમાણે કાયદા ઘડ્યા છે.

(1) 1954 નો 'ખાસ લગ્ન વિષયક ધારો'
(2) 1955 નો હિન્દુ લગ્ન ધારો
(3) 1961 નો દહેજ પ્રતિબંધક ધારો
(4) 1961 નો શ્રમિક કે નોકરી કરતી સ્ત્રીને પ્રસૂતિ સમયે ચાલુ પગારે રજાનો ધારો.
(5) 1971 નો ગર્ભપાત પ્રતિબંધક ધારો.
(6) 1976 નો સમાન ભથ્થા મેળવવાનો ધારો.
(7) 1978 નો બાળવિવાહ પ્રતિબંધક ધારો.
(8) 1984 નો દહેજ પ્રતિબંધક(સુધારા) ધારો.
(9) 1986 નો મુસ્લિમ મહિલા ધારો.
(10) 1987 માં સતીપ્રથા પ્રતિબંધક ધારામાં સુધારો.
(11) 1994 ગર્ભપરીક્ષણ પ્રતિબંધક ધારો.
(12) 2002 મહિલા યૌનસતામણી પ્રતિબંધક ધારો.
(13) 2005 માં હિન્દુ વારસા ધારામાં સુધારો કરી પુત્રીને પુત્રની જેમજ પિતાની મિલકતમાં ભાગીદાર બનાવાઈ.
(14) 2005 નો ઘરેલુ હિંસા-સ્ત્રી સુરક્ષા ધારો.
(15) 2013 નો મહિલાઓને કામના સ્થળે જાતીય સતામણી રોકતો ધારો.
(16) 2013 નો ફોજદારી કાયદામાં સુધારો કરતો ધારો (સ્ત્રીઓ ઉપર એસિડ ફેંકવો, અનિચ્છાએ ફોટોગ્રાફ્સ લેવો, તેઓના માન-સન્માનના રક્ષણ માટે શિક્ષાત્મક જોગવાઈઓ કરતો ધારો.)

આ ઉપરાંત ભારતીય ફોજદારી ધારામાં બળાત્કારને ગંભીર ગુનો ગણી કડક સજાની જોગવાઈ કરાઈ છે. આવા કિસ્સાને ધ્યાનમાં લઈને 2015 માં સંસદે પુખ્ત ઉંમર 18 થી ઘટાડીને 16 કરી છે. ન્યાયતંત્રે પણ મહિલાઓના હિતોના રક્ષણ માટે ચુકાદા આપ્યા છે. સર્વોચ્ચ અદાલતે 1997 માં તેના એક ચુકાદામાં મહિલાઓની જાતીય સતામણી રોકવા ખાસ સૂચનો કર્યાં છે.

**(ખ) કલ્યાણકારી કાર્યક્રમો**

અત્યાર સુધી થયેલી 13 પંચવર્ષીય યોજનાઓમાં મહિલા અને બાળકલ્યાણના અનેક કાર્યક્રમો અમલી બનાવાયા છે. 1953 માં ભારત સરકારે કેન્દ્રીય-સામાજિક કલ્યાણ સમિતિ આવા કાર્યક્રમોના નિરીક્ષણ માટે નીમી હતી. 1995 માં કેન્દ્ર કક્ષાએ મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરાઈ. 1986 માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડાઈ જેમાં કન્યા કેળવણી અને મહિલા સ્વરોજગારીને પ્રોત્સાહન આપતાં પગલાં લેવાયાં. 1995 માં 'ઇન્દિરા મહિલા યોજના' અમલમાં મુકાઈ જે પાયાના સ્તરે મહિલાઓને સંગઠિત કરીને નિર્ણય પ્રક્રિયામાં સામેલ કરવાના હેતુવાળી હતી. 1998 માં 'ગ્રામીણ મહિલા વિકાસ અને સશક્તિકરણ યોજના' સ્ત્રીઓને ગ્રામ્ય સ્તરે સ્વરોજગારીને પ્રોત્સાહન આપવાના હેતુ વાળી હતી.

રાજ્યસ્તરે જુદા જુદા રાજ્યોએ મહિલા વિકાસ અને બાળ કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. ગુજરાત રાજ્યનો વિચાર કરીએ તો હાલમાં (2016) મહિલા ઉદ્યોગ તાલીમ યોજના, કૃષિ તાલીમ યોજના, સખીમંડળ યોજના, ચિરંજીવ યોજના, કુંવરબાઈનું મામેરુ યોજના, સરસ્વતી સાધના યોજના, સ્વયંસિદ્ધિ યોજના, કિશોરી શક્તિ યોજના, બેટી બચાવો-માતૃવંદના યોજના, શક્તિમંડળ યોજના, બાલિકા સમૃદ્ધિ યોજના, મહિલા વૃદ્ધાશ્રમ અને નારી અદાલત વગેરે મહિલાઓની સ્થિતિના વિકાસ અને સુરક્ષાનું કામ કરી રહેલ છે. 2015માં મહિલાઓની સુરક્ષા માટે અભયમ્ હેલ્પલાઈન (ફોન નં-181) શરૂ કરાઈ છે ઉપરાંત કન્યા કેળવણી પ્રાથમિક શાળાથી અનુસ્નાતક સુધી નિઃશુલ્ક અપાય છે.

ગુજરાતમાં પ્રાથમિક શાળાઓની વિદ્યાસહાયકની જગ્યાઓ અને સ્થાનિક સરકારના કર્મચારીઓમાં મહિલાઓને 33% અનામતનો અમલ થઈ ચૂક્યો છે હવે રાજ્ય સરકારના કર્મચારીઓની ભરતીમાં પણ 33% મહિલા અનામત જગ્યાઓની વ્યવસ્થા વિસ્તરી છે.

**મહિલા સશક્તિકરણ-આંદોલન**

આપણે આગળ વિચારણા કરી તે પ્રમાણે બંધારણે આપેલ મૂળભૂત હકો, રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, સંસદના કાયદા અને ન્યાયતંત્રના ચુકાદા તેમજ સરકારની નીતિ અને વિકાસના કાર્યક્રમોએ મહિલાઓને આગળ આવવામાં સહાય કરી છે. આમ છતાં હજુ પણ ક્યાંક-ક્યાંક મહિલાઓ ઉપર અત્યાચારો થયાનું જાણવા મળે છે. એટલું જ નહીં, તેઓ વિકાસની તકોથી પણ વંચિત રહ્યાનું માલૂમ પડે છે.

આ પરિસ્થિતિએ એક નવા ચિંતનને જન્મ આપ્યો છે અને તે છે મહિલા સશક્તિકરણ. મહિલા સશક્તિકરણ એટલે મહિલાઓ પોતાના હકો તથા હિતોની જાળવણી માટે બીજા પર આધાર ન રાખે અને સ્વાવલંબી બને તેને સશક્તિકરણ કહે છે. મહિલા સશક્તિકરણ એ એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયા દ્વારા સતત એવા પ્રયત્નો થતા રહે છે, જેનાથી મહિલાઓ પોતાની સમસ્યાઓનો સામનો કરવા અને પોતાને થતા અન્યાયો સામે લડવા સશક્ત બને. આમ થવાથી મહિલાઓ તેમને મળેલા હકો ભોગવી શકે અને તેમનો વિકાસ થાય તે માટે સબળ બને. આ દિશામાં આગળ વધવા 1990 માં સંસદે રાષ્ટ્રીય મહિલા પંચ અધિનિયમ બનાવ્યો તેની જોગવાઈથી જાન્યુ. 1992 માં મહિલા પંચની રચના કરાઈ, જે મહિલાઓના વિકાસ અને સુરક્ષા માટે ચિંતન કરી સરકારને સૂચનો આપે છે. 1992 માં 73 મા અને 74 મા બંધારણીય સુધારા દ્વારા મહિલાઓને સ્થાનિક સરકારોમાં 33% અનામત બેઠકો અને નિર્ણાયક હોદ્દા અપાયા. જેથી મહિલાઓ રાજકીય ભાગીદારીમાં નિર્ણાયક ફાળો આપતી થઈ. ગુજરાત સહિત કેટલાંક રાજ્યોમાં 2015 થી સ્થાનિક સરકારોમાં મહિલા અનામત બેઠકો 33%થી વધારી 50% કરાઈ છે.

2001 માં ભારત સરકારે મહિલા સશક્તિકરણની નીતિ જાહેર કરી, જે મહિલાઓના સર્વાંગી વિકાસ માટે તેઓ જાતે શક્તિશાળી બને તેવું હાર્દ ધરાવનારી છે. 2002 ના વર્ષને આપણે 'મહિલા સશક્તિકરણ વર્ષ' તરીકે ઉજવ્યું. કેન્દ્ર તથા રાજ્ય સરકારોના મહિલા સશક્તિકરણના પ્રયત્નોમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક અનેક મહિલા સંગઠનોએ પણ સૂર પુરાવ્યો છે. 2011 ની વસતી ગણતરી પ્રમાણે દેશમાં 1000 પુરુષોએ મહિલાઓની સંખ્યા 919 છે. સાક્ષરતાનું પ્રમાણ પુરુષોમાં 82.14% છે જ્યારે મહિલાઓમાં 65.46% છે. આ બાબત બતાવે છે કે મહિલા વિકાસ અને મહિલા કલ્યાણ માટેના અનેક પ્રયત્નો છતાં આ દિશામાં ઘણું કરવાનું બાકી છે. આ માટે મહિલા સશક્તિકરણની પ્રક્રિયા વધુ ઘનિષ્ઠ બનાવવી પડશે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

(1) વિકાસ એટલે શું? વિકાસ માટેના નીતિ આયોગની સમજૂતી આપો.
(2) ભારતમાં વિકાસ માટેની વિવિધ એજન્સીઓની ચર્ચા કરો.
(3) વિકાસ અને લોકશાહીનો સંબંધ સવિસ્તાર સ્પષ્ટ કરો.
(4) મહિલા વિકાસ અને મહિલા કલ્યાણ માટેના પ્રયત્નોનું મૂલ્યાંકન કરો.
(5) મહિલા સશક્તિકરણની પ્રક્રિયાની વિગતે સમજૂતી આપો.

**2. ટૂંકનોંધ લખો.**

(1) વિકાસ
(2) નીતિ આયોગ
(3) મહિલા કલ્યાણના કાર્યક્રમો
(4) મહિલા સશક્તિકરણ
(5) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિકાસની જોગવાઈઓ
(6) જિલ્લા વિકાસ એજન્સીઓની ભૂમિકા

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

(1) વિકાસ એટલે શું?
(2) આયોજન પંચ શા માટે રદ કરાયું?
(3) નીતિ આયોગની રચના શા માટે કરાઈ ?
(4) મહિલા વિકાસ એટલે શું?
(5) મહિલા સશક્તિકરણ એટલે શું?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) આયોજન પંચની રચના ક્યારે કરાયેલી ? ☐
(અ) 1947 (બ) 1955 (ક) 1962 (ડ) 1950

(2) નીતિ આયોગની રચના ક્યારે કરાઈ ? ☐
(અ) 2008 (બ) 2014 (ક) 2015 (ડ) 2016

(3) મહિલા સશક્તિકરણ એટલે શું? ☐
(અ) મહિલાઓને શારીરિક રીતે તાકતવર બનાવવી.
(બ) મહિલાઓને આર્થિક તકો આપવી.
(ક) મહિલાઓ પોતે તેમના હક્કો માટે લડી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું.
(ડ) ઉપર્યુક્ત તમામ

(4) ગુજરાતમાં અન્ય પછાત વર્ગો માટે કયું પંચ નિમાયેલું ? ☐
(અ) ભુરીયા પંચ (બ) બક્ષીપંચ (ક) કાલેલકર પંચ (ડ) મંડલ પંચ

(5) રાષ્ટ્રીય સ્તરે અન્ય પછાત વર્ગો માટે કયું પંચ નિમાયેલું? ☐
(અ) સરકારીયા પંચ (બ) બક્ષીપંચ (ક) કોઠારી પંચ (ડ) બિન્દેશ્વરી પ્રસાદ મંડલ પંચ

(6) અનુસૂચિત જનજાતિના વિકાસ માટે કયું પંચ નિમાયેલું? ☐
(અ) દિલીપસિંહ ભુરીયા પંચ (બ) સરકારીયા પંચ (ક) માંડલ પંચ (ડ) રાણે પંચ

### પ્રવૃત્તિ

- ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની મુલાકાત ગોઠવવી.
- તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી સાથે ચર્ચાસભા ગોઠવવી.
- જિલ્લા વિકાસ એજન્સીની મુલાકાત ગોઠવવી.

# 5 શાંતિ અને વિકાસ

શાંતિ મનુષ્ય માત્રના અસ્તિત્વ અને વિકાસ માટે મહત્ત્વની છે. શાંતિ સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસને વ્યકત કરે છે. રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થી માટે શાંતિનો અભ્યાસ અગત્યનો છે. કારણ કે નાગરિકના સર્વતોમુખી વિકાસ માટે રાજ્યમાં આંતરિક અને બાહ્ય શાંતિ જળવાય તે જરૂરી છે. તેથી જ રાજ્યના ઉદ્ભવ અને વિકાસની સાથે કાયદો અને વ્યવસ્થા એ તેનું અગત્યનું કાર્ય રહ્યું છે. રાજ્યની આંતરિક શાંતિની જેમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ શાંતિ અત્યંત જરૂરી છે.

**શાંતિ : અર્થ, વ્યાખ્યા અને વિભાવના**

વ્યકિત, સમાજ, રાજ્ય અને વિશ્વ માટે શાંતિ જરૂરી હોવાથી પ્રાચીન સમયથી શાંતિ અંગેનું ચિંતન થતું રહ્યું છે. આ ચિંતનના પરિણામ સ્વરૂપે શાંતિનો અર્થ સ્પષ્ટ કરવા તત્ત્વચિંતકો, સમાજસુધારકો, કાયદાના અભ્યાસીઓ અને રાજ્યશાસ્ત્રીઓએ પ્રયત્ન કર્યા છે.

ભારતની વાત કરીએ તો સંસ્કૃત સાહિત્યમાં માનવમનની શાંતિ, પૃથ્વી ઉપર શાંતિ, સમુદ્ર અને અંતરિક્ષમાં શાંતિ તથા બ્રહ્માંડમાં શાંતિનો વિચાર કરાયો છે. સામાજિક કાર્યોનો પ્રારંભ શાંતિ મંત્રોથી થાય છે. શાંતિનો અર્થ સ્પષ્ટ કરતાં પ્રોફે. કવીન્સે રાઇટ જણાવે છે કે, ''શાંતિ એ સમાજની એવી અવસ્થા છે, જેમાં આંતરિક રૂપે તેના સભ્યો તથા બાહ્યરૂપે તેના અન્ય સમુદાયો સાથેના સંબંધોમાં વ્યવસ્થા અને ન્યાયનો પ્રભાવ વર્તાતો હોય છે.''

શાંતિની વિભાવના સ્પષ્ટ કરવા માટે કેટલાક ચિંતકોએ કરેલા પ્રયત્નોને આપણે નીચે પ્રમાણે સમજી શકીએ.

**શાંતિ અંગેના ગાંધીજીના વિચારો**

ભારતમાં અને વિશ્વમાં શાંતિ અંગેનું ચિંતન કરવામાં અને તે માટે પ્રયત્નો કરવામાં ગાંધીજીનું પ્રદાન અગ્રસ્થાને છે. તેમણે પ્રત્યેક પ્રકારના શોષણમાંથી માનવીની મુકિતને શાંતિની પરિસ્થિતિ તરીકે ઓળખાવી હતી. શોષણરહિત સમાજની રચના માટે હિંસાનો તેમણે વિરોધ કર્યો હતો. ગાંધીજી કહેતા કે, ''સત્ય અને અહિંસા મારા પ્રાણ છે. તેના વિના હું જીવી શકું નહિ.'' સ્વતંત્રતા સંગ્રામ દરમ્યાન ચૌરીચૌરી ગામે અમુક લોકોએ કેટલાક પોલીસોને જીવતા સળગાવ્યા ત્યારે ગાંધીજીએ સત્યાગ્રહ સ્થગિત કરતાં કહ્યું હતું કે ''મેં હિમાલય જેટલી મોટી ભૂલ કરી.'' તેમણે કરેલ સર્વોદય સમાજની કલ્પનામાં કોઈ કોઈનું શોષણ કરતું ન હોય અને શાંતિપૂર્ણ વ્યવસ્થા હશે તેવી વાત કરી હતી.

**શાંતિ અંગેના કાર્લ માર્કસના વિચારો**

કાર્લ માર્કસ માનતા હતા કે એક વ્યકિતનું બીજી વ્યકિત દ્વારા તથા એક રાષ્ટ્રનું બીજા રાષ્ટ્ર દ્વારા શોષણ અટકશે ત્યારે જ શાંતિ સ્થપાશે. પરંતુ આ શોષણ અટકાવવા માટે ગાંધીજીના અહિંસાના માર્ગની વિરુદ્ધ કાર્લ માર્કસે હિંસાનું સમર્થન કર્યું હતું. તેમનું માનવું હતું કે મૂડીપતિઓ અને જમીનદારો તેમની મિલ્કતની માલિકી હિંસા વગર છોડશે નહિ. હિંસા દ્વારા જૂની શોષણયુકત સમાજ વ્યવસ્થા તોડીને વર્ગવિહીન સમાજરચના સ્થપાશે ત્યારે જ સમાનતા આવશે અને શાંતિ સ્થપાશે.

**શાંતિ અંગે વુડ્રો વિલ્સનના વિચારો**

પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારે નરસંહાર અને મિલ્કતનો નાશ થયો હતો. આવું ભયાનક વિશ્વયુદ્ધ જ નહિ પણ યુદ્ધમાત્ર રોકાય તે માટેનું ચિંતન યુ.એસ.ના રાષ્ટ્રપ્રમુખ વુડ્રો વિલ્સને કરેલું. તેમણે વિશ્વશાંતિ માટે 14 મુદ્દાનો કાર્યક્રમ આપ્યો. તેમાં એક મહત્ત્વનો મુદ્દો રાષ્ટ્રસંઘ (લીગ ઓફ નેશન્સ) ની સ્થાપનાનો હતો. વિશ્વના દેશો પરસ્પરના પ્રશ્નો યુદ્ધ દ્વારા નહિ પરંતુ શાંતિપૂર્ણ ચર્ચા વિચારણા દ્વારા ઉકેલે તો જ વિશ્વશાંતિ જળવાય એમ તેઓ માનતા હતા. આ રાષ્ટ્રસંઘ કેટલાક કારણોસર નિષ્ફળ જતાં બીજું વિશ્વયુદ્ધ થયું. બીજા વિશ્વયુદ્ધ બાદ 1945 માં સ્થપાયેલ સંયુકતરાષ્ટ્ર (યુએન) આજે વિશ્વશાંતિ જાળવવા મહત્ત્વના પગલાં લઈ રહ્યું છે. અને તેથી યુએન દ્વારા 21 સપ્ટેમ્બરને વિશ્વશાંતિ દિન તરીકે ઉજવવામાં આવે છે.

**શાંતિ અંગે જહોન ગાલ્ટુંગના વિચારો**

આજે શાંતિની સ્થાપના માટેના વિચારો માટે પ્રોફે. જહોન ગાલ્ટુંગના વિચારોને મહત્ત્વ અપાઈ રહ્યું છે. તેમણે હિંસાના અભાવને શાંતિપૂર્ણ વ્યવસ્થા તરીકે ઓળખાવી છે. પ્રોફે. ગાલ્ટુંગ હિંસાના બે પ્રકાર પાડે છે. (i) પ્રત્યક્ષ હિંસા અને (ii) સમાજગત હિંસા.

**(i) પ્રત્યક્ષ હિંસા**

પ્રોફેસર ગાલ્ટુંગ પ્રત્યક્ષહિંસાના અભાવને નકારાત્મક શાંતિ કહે છે. તેમના મતે નકારાત્મક શાંતિમાં પ્રત્યક્ષ હિંસાની ગેરહાજરી હોય છે. પ્રત્યક્ષ હિંસામાં રાષ્ટ્રો વચ્ચેના યુદ્ધો, જુદા-જુદા સામાજિક સમુદાયો વચ્ચેનાં સંઘર્ષો, જુદી-જુદી કોમો વચ્ચેના રમખાણો વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુદ્ધો માટેની તૈયારીઓ, શસ્ત્રોનો વ્યાપાર, લશ્કરીજૂથો રચવા, પ્રત્યક્ષ રીતે શારીરિક નુક્સાન કરવું જેમકે; ભોંકવું, પીસવું, બાળવું, ચીરવું વગેરે. માનવીય અસ્તિત્વ માટે જરૂરી ભૌતિક સાધનોનો નાશ કરવો વગેરે પણ પ્રત્યક્ષ હિંસાના ઉદાહરણો છે.

**(ii) સમાજગત હિંસા**

પ્રોફેસર ગાલ્ટુંગ સમાજગત હિંસાના અભાવને સકારાત્મક શાંતિ કહે છે. તેમના મતે સમાજગત હિંસા એટલે એવા પ્રકારની અન્યાયી સામાજિક વ્યવસ્થા કે જેના દ્વારા પ્રત્યક્ષ હિંસાની પરિસ્થિતિઓ ઉભી થાય. તેઓ સમાજગત હિંસાના ચાર લક્ષણો દર્શાવે છેઃ (ક) શોષણ (ખ) બળજબરીપૂર્વક પ્રવેશ (ગ) ભાગલા પાડવા (ઘ) એક તરફ (હાંસિયામાં) ધકેલી દેવું.

સમાજગત હિંસાની પરિસ્થિતિઓમાં રાષ્ટ્રો, સમુદાયો અને વ્યક્તિઓનો અન્યાયી સામાજિક માળખાને લીધે સમુચિત વિકાસ થઈ શકતો નથી. ગુલામી પ્રથા અને રંગભેદની નીતિ એ સમાજગત હિંસાના ઉદાહરણો છે. આજે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીયસ્તરે ગરીબો અને અમીરો વચ્ચેની અસમાનતા તે પણ એક પ્રકારની સમાજગત હિંસા છે.

આમ, શાંતિનો અર્થ, તેની વ્યાખ્યા અને શાંતિ અંગેના જુદા જુદા ચિંતકોના વિચારોનો અભ્યાસ કર્યા બાદ શાંતિના વિચારને કેવી રીતે સાકાર કરી શકાય તેની સમજ આપણે નીચે પ્રમાણે મેળવી શકીશું.

**રાજ્યમાં શાંતિ સ્થાપવા માટેની પૂર્વશરતો**

(1) **લોકશાહી વ્યવસ્થા :** જેમાં લોકો પોતાના પ્રશ્નો સરકાર સામે રજૂ કરવા સ્વતંત્ર હોય છે. તેઓ પોતાની માંગણીઓ સંતોષવા મુકત રીતે રાજકીય ભાગીદારી  આપી શકે છે. જરૂર પડે સરકારનો વિરોધ કરી શકે છે.

(2) **માનવ હકોની જાળવણી :** માનવીને માનવ તરીકે મળતા હકો, માનવી મુકત રીતે ભોગવી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

(3) **કાયદાનું શાસન :** કાયદાના શાસનમાં કાયદા સમક્ષ તમામ નાગરિકો સમાન હોય છે. કાયદાના ભંગ બદલ કોઈપણ નાગરિકની ધરપકડ કરી તેને ન્યાયતંત્ર સમક્ષ રજૂ કરાય છે.

(4) **સ્વતંત્ર અને તટસ્થ ન્યાયતંત્ર :** રાજ્ય નાગરિકોને મૂળભૂત હકો આપે છે. આ મૂળભૂત હકોનું રક્ષણ લોકશાહીમાં સ્વતંત્ર અને તટસ્થ ન્યાયતંત્ર દ્વારા થાય છે.

(5) **સામાજિક ન્યાય :** સમાજમાં વ્યકિત માત્રનું ગૌરવ જળવાય, કોઈના તરફ અસમાનતા ભર્યો વ્યવહાર ન કરાય.

(6) **વિકાસમાં સૌની ભાગીદારી :** રાજ્યના અને સમાજના વિકાસનાં ફળ સૌ માનવીને સમાન રીતે મળે.

(7) **સલામતી :** રાજ્ય અને સમાજ નાગરિક અને વ્યકિતની સલામતી જળવાય તેવી પરિસ્થિતિ પૂરી પાડે. આમ થાય તો નાગરિક અને વ્યકિતનો સર્વતોમુખી વિકાસ થઈ શકે.

(8) **યુદ્ધને બદલે ચર્ચા દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો ઉકેલ :** આ માટે યુએન આજે શાંતિપૂર્ણ રીતે પ્રશ્નો ઉકેલવાનો આંતરરાષ્ટ્રીય મંચ પૂરો પાડે છે.

(9) **સ્વતંત્ર અને તટસ્થ સંચારના માધ્યમો :** રાજ્યમાં અને વિશ્વમાં શાંતિ જાળવવા માટે સંચારના માધ્યમોએ નીડરપણે તથા તટસ્થ રીતે ઘટનાઓ અને સમસ્યાઓને પ્રસારિત-પ્રકાશિત કરવી જાઈએ.

આમ, ઉપર્યુક્ત આ શરતોનો અમલ થાય તો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિની સ્થાપના થઈ શકે, એમ અભ્યાસીઓનું માનવું છે.

**યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા કઈ શરતો જરૂરી છે?**

યુદ્ધની પરિસ્થિતિ માનવજાત અને માનવ સંસ્કૃતિ માટે અભિશાપરૂપ છે. આમ છતાં પ્રાચીન સમયથી રાજ્યો-રાજ્યો વચ્ચે યુદ્ધ થતાં રહ્યાં છે. આ યુદ્ધો ન થાય તે માટેનું ચિંતન પણ પ્રાચીન સમયથી થતું રહ્યું છે. પ્રશ્ન એ થાય છે કે યુદ્ધ જો કોઈ રાજ્ય માટે અનિવાર્ય બને તો તેને ન્યાયોચિત ઠેરવવા કઈ શરતો જરૂરી ગણાવી શકાય? આ અંગે વિચાર કરતાં પ્રાચીન ભારતના બે મહાકાવ્યો રામાયણ અને મહાભારત નજર સમક્ષ આવે છે. બન્ને અમૂલ્ય ગ્રંથોનો અભ્યાસ કરીએ તો જણાય છે કે, પહેલાં તો યુદ્ધ નિવારવા પ્રયત્ન થયો છે. આખરે જ્યારે યુદ્ધ થયેલા છે ત્યારે તે 'અધર્મ'નો નાશ કરવા અને 'ધર્મ'ની સ્થાપના માટે ગણવામાં આવેલાં. તેથી તે ધર્મયુદ્ધ તરીકે ઓળખાવાયેલાં છે. ચાણક્યે પોતાના ગ્રંથ કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં 'યુદ્ધ અને સંધિ' બન્નેના લાભ સરખા હોય તો સંધિ કરીને શાંતિ સ્વીકારવાની સલાહ આપી છે.

આંતરરાષ્ટ્રીય રાજકારણ અને શાંતિ અંગેના અભ્યાસીઓના મતે યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા માટે કેટલીક મહત્ત્વની શરતો છે, જે નીચે પ્રમાણે છે.

(1) રાજ્યની એકતા અને અખંડિતતા સામે બાહ્ય પડકાર ઊભો થયો હોય, જેનો શાંતિપૂર્ણ પ્રયત્નોથી હલ થઈ શકે તેમ ન હોય ત્યારે રાજ્ય પોતાના અને નાગરિકોના સંરક્ષણ માટે યુદ્ધ કરી શકે છે.

(2) રાજ્યના નાગરિકો કે વિશ્વના કેટલાક રાજ્યોના નાગરિકોના માનવહકો સામે ગંભીર ખતરો ઊભો થાય તેવી કોઈ ક્રાંતિ થઈ હોય, જેમકે 'ઈસ્લામિક સ્ટેટ' સંગઠન દ્વારા સિરિયા અને ઈરાકમાંથી શરૂ થયેલ હિંસા સામે અને અગાઉ અફઘાનિસ્તાનમાં તાલિબાનોના અત્યાચારો સામે 'નાટો' (નોર્થ એટલાંટિક ટ્રિટી ઓર્ગેનાઈઝેશન) દેશોએ કરેલ યુદ્ધ.

(3) કોઈપણ રાજ્ય યુદ્ધ માટે ભારે ઘાતકશસ્ત્રો વિકસાવી રહ્યું હોય અને તેનાથી અન્ય રાજ્ય કે રાજ્યોની સુરક્ષા અને શાંતિ જોખમાતી હોય જે આખરે વિશ્વશાંતિ માટે પણ ખતરારૂપ હોય તો આવા રાજ્ય સામે યુદ્ધ જાહેર કરવું એ ન્યાયોચિત ગણાવી શકાય. જેમકે જર્મની, જાપાન અને ઈટાલી સામે 'મિત્રદેશો' (યુ.કે., ફ્રાંસ, સોવિયેત સંઘ, અમેરિકા)નું 1939 માં શરૂ થયેલું યુદ્ધ આખરે બીજું વિશ્વયુદ્ધ બનેલું. મિત્રદેશોની દૃષ્ટિએ જર્મની, જાપાન અને ઈટાલી સામેનું એ યુદ્ધ ન્યાયોચિત હતું.

(4) જ્યારે કોઈ રાજ્ય ઉપર તેના શાંતિપૂર્ણ રીતે જીવન જીવતા નાગરિકોના જીવનને ખતરામાં મૂકતા ત્રાસવાદી હુમલા થતા હોય ત્યારે રાજ્ય તેમની સામે યુદ્ધ જાહેર કરી શકે છે. જેમકે 11 સપ્ટેમ્બર 2001ના અમેરિકન વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને પેન્ટેગોન ઉપરના ત્રાસવાદી હુમલાને લીધે યુએસએના પ્રમુખ જ્યોર્જ બુશે ત્રાસવાદ વિરુદ્ધ યુદ્ધ જાહેર કરેલું જેને યુએન દ્વારા પણ મંજૂરી અપાયેલી.

(5) કોઈ રાજ્યનો પ્રદેશ અન્ય રાજ્ય દ્વારા ઝૂંટવાઈ ગયો હોય અથવા મિલકત લૂંટાઈ ગઈ હોય તો તેવા રાજ્ય સામે યુદ્ધ જાહેર કરી શકાય છે. જેમકે 1962 માં ચીને અને 1965 માં પાકિસ્તાને ભારતના કેટલાક પ્રદેશ ઉપર કબ્જો કર્યો હતો ત્યારે ભારતે તેમની સામે યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું. જોકે યુદ્ધને ન્યાયોચિત ઠેરવનારી ઉપર્યુક્ત શરતો કેટલીકવાર આત્મલક્ષી હોય છે. જેમકે 1962 માં ચીન-ભારતના યુદ્ધ અંગે ચીનનો દાવો છે કે પહેલ ભારતે કરી હતી. આમ યુદ્ધ ક્યારે ન્યાયોચિત ગણાય તે પુરવાર કરવું મુશ્કેલ છે.

યુદ્ધ માનવ અને સંપત્તિને પારાવાર નુકસાન કરનારું હોય છે. આમ, પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ અનેક યાતનાઓ આપનારાં હતાં.

## શાંતિના સંદર્ભમાં નિઃશસ્ત્રીકરણ અને વિશ્વશાંતિ

રાજ્યને આંતરિક બાબતોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તથા બાહ્ય સુરક્ષા માટે પરંપરાગત શસ્ત્રોની જરૂર હોય છે. આવાં શસ્ત્રો લગભગ અનિવાર્યપણે જરૂરી છે. પરંતુ માનવજાત માટે અતિ હાનિકારક એવા અણુ-પરમાણુશસ્ત્રો તથા રાસાયણિક અને જૈવિકશસ્ત્રોનો નાશ કરવો જરૂરી છે. તેથી આવાં શસ્ત્રો ક્રમશઃ ઘટાડીને છેવટે તેનો નાશ કરવાની પ્રક્રિયા એ નિઃશસ્ત્રીકરણ છે. નિઃશસ્ત્રીકરણનો અર્થ રાજ્યને શસ્ત્રવિહીન કરવું એવો થતો નથી.

પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધની ભયાનકતાએ નિઃશસ્ત્રીકરણના ખ્યાલ અને વિશ્વશાંતિની અનિવાર્યતા ઉપર ભાર આપ્યો છે. કલિંગ રાજ્ય ઉપરના આક્રમણ પછી ભારે નરસંહારથી વ્યથિત સમ્રાટ અશોકે કરેલ શસ્ત્ર ત્યાગ એ રાજ્યસ્તરની ઘટના હતી. પરંતુ વૈશ્વિક સ્તરે 1899 માં હેગ ખાતે 28 રાજ્યોની પરિષદે ઝેરી ગેસ અને વિનાશક શસ્ત્રો ઉપર પ્રતિબંધ મૂકવા પ્રથમવાર ઠરાવ કરેલો.

## અણુશસ્ત્રો અને નિઃશસ્ત્રીકરણ

માનવ સમાજના શાંતિપૂર્ણ જીવન અને વિશ્વનાં રાજ્યો વચ્ચે શાંતિપૂર્ણ સંબંધોની સ્થાપના થાય તે માટે અણુશસ્ત્રોના નિઃશસ્ત્રીકરણ ઉપર ભાર અપાય છે. આ માટે અભ્યાસીઓ નીચે પ્રમાણેની દલીલ કરે છે.

**(1) આ શસ્ત્રો ભારે વિનાશકશક્તિ વાળાં છે :** વિશ્વયુદ્ધનો અંત લાવવા અમેરિકાએ જાપાનના હિરોશિમા અને નાગાસાકી એમ બે મોટાં શહેરો ઉપર અણુબોંબ ફેંકેલા. આ અણુબોંબે જે વિનાશ સર્જેલો તેના કરતાં અનેકગણો વિનાશ સર્જી શકે તેવા અણુશસ્ત્રો સંયુક્તરાજ્ય અમેરિકા, રશિયા અને ચીન ઉપરાંત ભારત તથા પાકિસ્તાન જેવા ઘણા દેશો બનાવી ચૂક્યા છે ત્યારે પાકિસ્તાન અને ઉત્તરકોરિયા જેવા નાના રાજ્યોના અણુશસ્ત્રો આતંકવાદી જૂથોના કબ્જામાં જઈ શકે તેવી શક્યતા ઊભી થઈ છે. આમ થાય તો ભારે વિનાશ અને જાનહાનિ સર્જાવાની ભીતિ ઊભી થઈ શકે છે.

**(2) લશ્કરી ખર્ચમાં વધારો :** 1945 પછી એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના અનેક દેશોએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી છે. આ નવોદિત રાજ્યો લાંબા સમયની ગુલામીને લીધે આર્થિક અને સામાજિક રીતે પાછળ રહી ગયેલાં, આવાં રાષ્ટ્ર-રાજ્યોએ તેમના લશ્કરી ખર્ચમાં ઘટાડો કરીને તેમના વિકાસ માટે નાણાં ખર્ચવાં જોઈએ. પરંતુ ઠંડાયુદ્ધના વિવિધ તબક્કા દરમ્યાન મહાસત્તાઓએ અનેકવાર આ દેશોને પક્ષકાર બનાવીને તેમને શસ્ત્રીકરણ માટે પ્રોત્સાહિત કર્યા હતા. આમ તેમનો લશ્કરી ખર્ચ વધતાં તેઓ દેવાદાર બન્યાં છે. આ સ્થિતિનો ઉપાય નિઃશસ્ત્રીકરણમાં જ છે.

**(3) અણુશસ્ત્રોના ઉત્પાદક દેશો શસ્ત્રીકરણને પ્રોત્સાહન આપે છે :** 1945 પછી યુ.એસ.એ., સોવિયેતસંઘ, બ્રિટન, ફ્રાન્સ અને ચીન જેવાં રાષ્ટ્ર-રાજ્યો અણુશસ્ત્રોના ઉત્પાદક બન્યાં. તેઓ બજારની શોધ માટે વિકાસશીલ નવોદિત રાજ્યો વચ્ચે નાનાં-મોટાં યુદ્ધોને પ્રોત્સાહન આપતા રહ્યાં છે. વિકાસશીલ રાજ્યોના શસ્ત્રીકરણે ભારત-પાકિસ્તાન, આરબ-ઇઝરાયેલ અને ઈરાન-ઈરાક વચ્ચે અવાર-નવાર યુદ્ધો થયાં. આમ થવાથી આ રાજ્યોના સૈનિકો તથા લોકોની જાનહાનિ થતી રહી સાથે-સાથે તેમની આર્થિક નુકસાનીમાં પણ વધારો થતો રહ્યો.

**(4) મહાસત્તાઓને આર્થિક બોજ :** બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી યુ.એસ.એ. અને સોવિયેતસંઘ વચ્ચે તરત જ 'ઠંડુયુદ્ધ' શરૂ થયેલું. ઠંડુયુદ્ધ એ માનસિક તંગદિલીભરી પરિસ્થિતિ છે. તેમાં બંને પક્ષકારો કે રાજ્યો પ્રત્યક્ષ રીતે યુદ્ધના મેદાનમાં ઉતરતા નથી પરંતુ તેઓ યુદ્ધની તૈયારીઓ કરે છે, નવા શસ્ત્રોની શોધ કરે છે. આ ઠંડા યુદ્ધમાં એકબાજુ યુ.એસ.એ. તરફી જૂથમાં નવોદિત રાજ્યોને જોડવા પ્રયત્નો શરૂ થયા. બીજી બાજુ અગાઉના સોવિયેતસંઘે પણ આવા પ્રયત્ન પોતાના જૂથને મજબૂત બનાવવા શરૂ કર્યા. તેમાંથી નવોદિત રાજ્યોને આર્થિક મદદ અને લશ્કરી સુરક્ષાનું રાજકારણ શરૂ થયું. આ સાથે બન્ને મહાસત્તાઓ વચ્ચે શસ્ત્ર હરીફાઈ શરૂ થઈ. જેને કારણે વિનાશક અણુશસ્ત્રોનો જથ્થો વધતો ગયો. તેમાંથી આખરે બન્ને મહાસત્તાઓને આર્થિક બોજનો અહેસાસ શરૂ થયો. જેમાં અગાઉના સોવિયેત સંઘને વધુ અસર થઈ. તેથી બન્ને મહાસત્તાઓ વચ્ચે નિઃશસ્ત્રીકરણ માટે વાર્તાલાપ, રાજ્યોના વડાઓની મુલાકાતો અને સમજૂતિઓ થઈ.

### નિઃશસ્ત્રીકરણ માટેના પ્રયાસો

નિઃશસ્ત્રીકરણના પ્રયાસોને આપણે બે વિભાગોમાં જોઈ શકીએ (ક) આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા થયેલ પ્રયાસો (ખ) રાષ્ટ્ર રાજ્યો દ્વારા થયેલી પહેલ.

### (ક) આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા થયેલ નિઃશસ્ત્રીકરણના પ્રયાસો

આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યો-રાજ્યો વચ્ચેના મતભેદો અને સમસ્યાઓ યુદ્ધ દ્વારા નહિ પરંતુ ચર્ચા વિચારણા દ્વારા ઉકેલવી જોઈએ. આ સંદર્ભમાં વિશ્વશાંતિ માટે નિઃશસ્ત્રીકરણનો પ્રયાસ સૌ પ્રથમ 1899 માં અને ત્યારબાદ 1907 માં હેગ ખાતે ભરાયેલ પરિષદોમાં હાથ ધરાયો હતો. પ્રથમ પરિષદમાં 26 અને બીજી પરિષદમાં 44 રાજ્યોએ ભાગ લીધો હતો.

આમ છતાં અનેક કારણોસર 1914 માં પ્રથમ વિશ્વયુદ્ધ થયું. યુએસએના પ્રમુખ વુડ્રો વિલ્સનના 14 મુદ્દાના કાર્યક્રમને પગલે રાષ્ટ્રસંઘ (લીગ ઓફ નેશન્સ)ની રચના થઈ. તેનો મુખ્ય હેતુ યુદ્ધને અટકાવવાનો તથા શાંતિ અને સલામતીની સ્થાપનાનો હતો. રાષ્ટ્રસંઘે વિશ્વશાંતિ માટે કેટલાક ચોક્કસ પ્રયાસો કર્યા. પરંતુ કેટલાંક કારણોસર રાષ્ટ્રસંઘ નિષ્ફળ ગયો અને બીજું વિશ્વયુદ્ધ થયું. બન્ને વિશ્વયુદ્ધોની ભયાનકતાનું પુનરાવર્તન ન થાય તે માટે 1945 માં સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ. આ સંસ્થા આજે 'સંયુક્તરાષ્ટ્ર (યુએન)' તરીકે ઓળખાય છે.

યુએનની સામાન્ય સભાની પ્રથમ બેઠકમાં જ (1946) નિઃશસ્ત્રીકરણ માટે સઘન વિચારણા કરી અને અણુશક્તિપંચની રચના માટે નિર્ણય કરવામાં આવ્યો. 1959 માં સોવિયેતસંઘના પ્રસ્તાવથી આ પંચનું સભ્યપદ તમામ રાજ્યો માટે શક્ય બન્યું. તેમાં પ્રથમ 10 સભ્યો અને પછી 18 સભ્યો બનાવાયા. આ પંચે 1962 માં જ અણુપ્રયોગ અંશતઃશસ્ત્ર નિયંત્રણ સંધિ અને ત્યારબાદ કેટલાંક પ્રક્ષેપાસ્ત્રો (મિસાઈલ)ના જથ્થા ઉપર નિયંત્રણ મૂકતી સંધિઓ કરી. સંયુક્તરાષ્ટ્રે 1970 ના દાયકાને નિઃશસ્ત્રીકરણના દાયકા તરીકે ઉજવ્યો. 1975 માં યુએન સામાન્ય સભામાં સોવિયેતસંઘે અને પછી ચીને પણ પ્રક્ષેપાસ્ત્ર હરીફાઈ ઘટાડવા પ્રસ્તાવો મૂકેલા. 1986 ના વર્ષને 'શાંતિ માટેના આંતરરાષ્ટ્રીય વર્ષ' તરીકે યુએને ઓળખાવ્યું. નવેમ્બર 1998 માં ભારતે યુએનમાં પરમાણુશસ્ત્રોના ઘટાડા માટેનો ઠરાવ રજૂ કરેલો.

### (ખ) રાજ્યો દ્વારા નિઃશસ્ત્રીકરણ માટે થયેલી પહેલ

વિશ્વના ઘણાં રાજ્યોએ પણ યુદ્ધોની વિનાશકતાથી બચવા પોતે આગળ આવી નિઃશસ્ત્રીકરણ માટે આગવા પ્રયાસો કર્યા છે. 1945 માં જ યુ.એસ.એ., બ્રિટન તથા કેનેડાએ અણુશસ્ત્રોની વિનાશકતાને ધ્યાને લઈને 'યુનાઈટેડ નેશન કમિશન' માટેની દરખાસ્ત રજૂ કરી હતી. 1953 માં યુ.એસ.એ.ના પ્રમુખ આઈઝન હુવરે 'શાંતિ માટે અણુ' ની જાહેરાત કરેલી. 1972 માં સોવિયેતસંઘ અને યુ.એસ.એ. દ્વારા પ્રક્ષેપાસ્ત્રોમાં ઘટાડો કરતી સંધિ પર સહી કરવામાં આવી. 1974 માં અન્ય રાજ્યોને અણુસત્તા બનતાં રોકવા અને અણુશસ્ત્રના ભૂગર્ભ પ્રયોગો ઉપર મર્યાદા મૂકતી સંધિ બે મહાસત્તાઓ વચ્ચે થઈ. સોવિયેતસંઘે 1981 સુધીમાં 270 જૂના પ્રક્ષેપાસ્ત્રો અને યુ.એસ.એ. દ્વારા 1985 સુધીમાં '32બી' નામના બાવન જેટલા બોમ્બરોનો નાશ કરવાનું સ્વીકાર્યું.

1982 માં સ્ટાર્ટ-1 (સ્ટ્રેટેજિક આર્મસ રિડકશન ટ્રિટી-1) અને 1991 માં સ્ટાર્ટ-2 દ્વારા યુએસએ અને સોવિયેતસંઘે ક્રમશઃ અણુશસ્ત્રોના ઘટાડા માટે સંધિ કરી. 1991માં સોવિયેતસંઘના વિઘટન સમયના પ્રમુખ મિખાઈલ ગોર્બાચોવે અને ત્યારબાદ રશિયન પ્રમુખ પુતિને રશિયાને આર્થિક બેહાલીમાંથી ઉગારવા સ્વેચ્છાએ અણુશસ્ત્રોમાં ઘટાડો કરીને ઠંડાયુદ્ધનો અંત આણ્યો છે.

1974 માં અને ત્યારબાદ 1998 માં અણુપ્રયોગ કર્યા પછી ભારત અણુસત્તા બન્યું છે. જોકે ભારતે અણુશક્તિનો રચનાત્મક માર્ગે વિકાસ કરવાની પ્રતિબદ્ધતા બતાવી છે.

આમ સંયુક્ત રાષ્ટ્ર અને સભ્ય રાજ્યોની પહેલથી નિઃશસ્ત્રીકરણના અનેક પ્રયાસો થયા છે અને થતા રહેશે. પરંતુ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં હજુ રાજ્યો વચ્ચે પરસ્પર અવિશ્વાસ ચાલુ છે. આ અવિશ્વાસ સદંતર દૂર કરવો પણ મુશ્કેલ છે. આમ છતાં એમ કહી શકાય કે આજે પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ સમયનો યુદ્ધનો ઉન્માદ ઘટ્યો છે. ક્યાંક ઉત્તરકોરિયા જેવા રાજ્યો માત્ર લશ્કરી તૈયારીઓમાં વ્યસ્ત જણાય છે. ચીનની વિસ્તારવાદી પ્રવૃત્તિઓ વધતી જાય છે. 'ઈસ્લામિક સ્ટેટ' જેવા લોહિયાળ આતંકી સંગઠનોનો ખોફ પણ જોવા મળે છે. આમ છતાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના આર્થિક પ્રવાહોએ અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી તથા હવાઈ સેવાના ઝડપી વિકાસને લીધે વિશ્વ નાનકડા ગામડામાં ફેરવાઈ ગયું છે. રાષ્ટ્રોની સરહદો ધૂંધળી બની છે. રાજ્યો પરસ્પરાવલંબી બનતાં જાય છે. વિશ્વ નાગરિકતાનો આદર્શ વાસ્તવમાં સાકાર બનતો જાય છે. તેથી વિશ્વશાંતિના માર્ગે વિશ્વસમાજની કૂચ આગળ વધતી રહે તે માટે અવરોધો હટાવવાના પ્રયત્નો સંયુક્તરાષ્ટ્ર અને સભ્ય રાજ્યો દ્વારા ચાલુ રાખવા પડશે.

### વિકાસ એટલે શું? તેનો અર્થ અને વ્યાખ્યા

પશ્ચિમમાં ઔદ્યોગિક ક્રાંતિને પગલે ઔદ્યોગિકીકરણ, આધુનિકીકરણ અને શહેરીકરણની પ્રક્રિયા શરૂ થઈ. ત્યારબાદ જથ્થાબંધ તૈયાર થતા માલ માટે એશિયા તથા આફ્રિકામાં બજાર શોધાયાં તે સાથે સંસ્થાનવાદી અને સામ્રાજ્યવાદી શોષણ શરૂ થયું.

પ્રથમ અને બીજા વિશ્વયુદ્ધ બાદ ક્રમશઃ એશિયા, આફ્રિકા તથા લેટિન અમેરિકામાં સંસ્થાનોએ સ્વતંત્રતા પ્રાપ્ત કરી, આ નવોદિત રાજ્યો જેને આપણે વિકાસસીલ રાજ્યો તરીકે ઓળખીએ છીએ. તેના વિકાસની ચર્ચા આપણે હવે કરીશું.

**વિકાસનો અર્થ :** વિકાસનો અર્થ તપાસીએ ત્યારે બે બાબતો મહત્ત્વની બને છે. (i) વિકાસનો અર્થ માત્ર આર્થિક વૃદ્ધિ નથી, તે જટિલ ખ્યાલ છે. તેમાં પર્યાવરણ, ટેક્નોલોજી, આર્થિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક એમ બધાં પાસાઓનો વિચાર કરવામાં આવે છે અને (ii) વિકાસની પ્રક્રિયાનું મુખ્ય કેન્દ્ર માનવ છે. જેમાં માનવ જરૂરિયાતો, સાંસ્કૃતિક અસ્મિતા અને સામાજિક તથા ભૌતિક પર્યાવરણમાં થતા ફેરફારોને માનવ સંબંધોના સંદર્ભમાં જોવામાં આવે છે.

વિકાસના આ અર્થને ધ્યાનમાં લઈને વિકાસશીલ રાજ્યોના વિકાસને આપણે તપાસીશું. 1974 માં વિશ્વબેંકે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે વિકાસશીલ રાજ્યોની માથાદીઠ આવક 50% કરતાં વધી છે. પરંતુ આ આવક રાજ્યો-રાજ્યો વચ્ચે અને રાજ્યમાં આર્થિક- સામાજિક સમૂહો વચ્ચે અસમાન હતી. શહેરોના છૂટક મજૂરો, અર્ધબેકાર લોકો અને ગ્રામ્ય વિસ્તારના નાના ખેડૂતો, ખેતમજૂરો તથા અન્ય મજૂરીમાં જોડાયેલા લોકો તેમની પાયાની જરૂરિયાતો પણ પૂરતા પ્રમાણમાં સંતોષી શક્તા ન હતા. આ પરિસ્થિતિમાં વિકાસશીલ રાજ્યોના આર્થિક વિકાસ માટે વચગાળાના સમયમાં વિકસિત રાજ્યોની મૂડી અને વિદેશી રોકાણ કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓ, અદ્યતન ટેક્નોલોજી, સંચાલનનું જ્ઞાન, બજાર સેવાની માહિતી અને વિશેષ તાલીમ આપી કુશળ કારીગરો અને કર્મચારીઓનું નિર્માણ કરી શકાશે. આની પાછળ વિકાસશીલ રાજ્યોનો વિકાસ થશે એવો ઉદ્દેશ્ય હતો. તેમાં કેટલીક સફળતા પણ મળી છે, પરંતુ વિકાસશીલ દેશોની વસતીનો ઘણો ભાગ હજુ અવિકસિત છે અથવા ગરીબીની રેખા નીચે જીવે છે.

વિકાસશીલ રાજ્યોમાં પણ વિકાસના લાભ સમાજના તમામ માનવસમૂહો સુધી પહોંચે તે જરૂરી છે. આ માટે આર્થિક વિકેન્દ્રીકરણ અને લોકભાગીદારી જરૂરી છે. સમાજના તમામ લોકોને જાહેર પ્રશ્નોના નિર્ણય ઘડતરમાં ભાગીદારી અપાય તો જ રાજકીય સમાનતાની સાથે આર્થિક સમાનતા લાવી શકાય તેમ છે.

જ્યારે આપણે વિકાસની વાત કરીએ છીએ ત્યારે વિકાસ પર્યાવરણની સુરક્ષા સાથે થવો જોઈએ. પશ્ચિમના વિકસિત રાજ્યોએ વિકાસ માટે કુદરતી સ્રોતનો એટલો બેફામ ઉપયોગ કે દુરુપયોગ કર્યો છે કે હવે સૃષ્ટિ સમતુલાના પ્રશ્નો ઊભા થયા છે. હવે તો પૂર્વના દેશો ચીન અને ભારત પણ તે જ માર્ગે જણાય છે.

## સર્વગ્રાહી વિકાસનું આધુનિક મોડેલ

1972 માં 'કલબ ઑફ રોમ' નામની આંતરરાષ્ટ્રીય સ્વૈચ્છિક સંસ્થા (NGO-એન.જી.ઓ.)એ 'ધ લિમિટ ટુ ગ્રોથ' નામે વિશ્વના વિકાસની પરિસ્થિતિ અંગે અહેવાલ આપેલો. આ અહેવાલમાં જણાવાયેલું કે વિકાસ માટે કુદરતી સંપત્તિનો વિનાશ હાલના દરે ચાલુ રહેશે તો આગામી એકસો વર્ષમાં પૃથ્વી વિનાશની સીમાએ પહોંચી જશે. આ અભ્યાસે વિશ્વમાં વિકાસ અને પર્યાવરણ અંગે મોટી ચર્ચા જગાડી. તેમાંથી સર્વગ્રાહી વિકાસના આધુનિક મોડેલ માટેનું ચિંતન શરૂ થયું. પર્યાવરણના ભોગે કોઈ વિકાસ નહીં, તમામ લોકોની પાયાની જરૂરિયાત સંતોષાય તથા સમાજ અને રાજ્યનો આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય વિકાસ થાય એ પરિસ્થિતિને 'સર્વગ્રાહી વિકાસ' તરીકે ઓળખાવી શકાય.

1983 માં સંયુક્તરાષ્ટ્રોએ નોર્વેના પૂર્વ વડાપ્રધાન શ્રીમતી બ્રુટલેન્ડના અધ્યક્ષપદે એક પંચની સ્થાપના કરેલી. આ પંચે 1987 ના તેના 'આપણું સામાન્ય ભવિષ્ય' નામના અહેવાલમાં જણાવેલું કે આપણે વિકાસ માટે ખૂબજ વિસ્તૃત દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ. તેમાં વિકાસશીલ અને વિકસિત તમામ રાજ્યોને સૃષ્ટિ સમતુલા જાળવીને વિકાસ કરવાની અપીલ કરાઈ. અહેવાલમાં એમ પણ કહેવાયું કે સૃષ્ટિની સમતુલા જળવાશે તો જ વિકાસ ટકાઉ અથવા ચિરંતન બનશે. વિકાસનું આ મૉડેલ દૂરના ભવિષ્ય સુધી ઉપયોગી હશે. જ્યારે વિકાસ પ્રકૃતિ સાથે સંવાદિત હોય, એટલે કે પ્રકૃતિનું વધુ પડતું શોષણ થતું ન હોય અને તે લોકકેન્દ્રી અને લોકાભિમુખ હોય, તમામ લોકોની પાયાની જરૂરિયાતો સંતોષાતી હોય તથા વર્તમાન અને ભાવિપેઢીના હિતો વચ્ચે સંતુલન જાળવતો હોય ત્યારે તે વિકાસને ટકાઉ વિકાસ કહી શકાય.

## વર્તમાન અને ભાવિ પેઢી વચ્ચે વિકાસના દાવાનું સંતુલન

1970 ના દાયકામાં પશ્ચિમના રાજ્યોએ આર્થિક વિકાસ માટે આંધળી દોટ મૂકેલી. તેઓ એમ માનતા થઈ ગયેલા કે આર્થિક વિકાસ કરવો હશે તો પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર ચાલવાનું નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને શ્રીમતી બ્રુટલેન્ડ પંચે જણાવેલું કે આ રીતે વિશ્વનો વિકાસ થવાનો હશે તો ભાવિ પેઢી માટે કશું બચશે નહિ. તેથી વર્તમાન પેઢી તેના હિતો માટે કુદરતી સંપત્તિનો એવી રીતે ઉપયોગ કરે જેથી ભાવિ માનવપેઢીના હિતોની જાળવણી થઈ શકે. આવો વિકાસ બીજા શબ્દોમાં ટકાઉ વિકાસ છે. જે ભવિષ્યની માનવપેઢીઓના હિતોનું રક્ષણ થાય તે રીતે જ વર્તમાન માનવપેઢીને કુદરતી સંસાધનોના ઉપયોગની તે અનુમતિ આપે છે. વિશ્વબેંકે તેના 1992 ના અને 2003 ના અહેવાલમાં આવા ટકાઉ માનવ વિકાસનું સમર્થન કરેલું છે.

આમ માનવજાત અને સમગ્ર જીવસૃષ્ટિ તથા વિશ્વશાંતિ માટે સર્વગ્રાહી અને ટકાઉ-વિકાસ મહત્ત્વની બાબત છે. આવો સર્વગ્રાહી વિકાસ કુદરતી સ્રોતોની જાળવણી સાથે ભવિષ્યની માનવપેઢીના હિતોની કાળજી લેનારો હશે. પશ્ચિમમાં વિકસેલ હરિયાળી વિચારધારા (Green Ideology) ના સમર્થકોએ પણ આ જ બાબતનું સમર્થન કરેલું છે. તેમના મતે આર્થિક વિકાસ પર્યાવરણની સુરક્ષા કરવાવાળો તેમજ સામાજિક જવાબદારીવાળો તથા લોકભાગીદારીવાળો અને અહિંસાના મૂલ્યોનું જતન કરવાવાળો હશે.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

(1) શાંતિ એટલે શું? શાંતિની વિભાવના સવિસ્તાર સમજાવો.

(2) યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા જરૂરી શરતોની સમજૂતી આપો.

(3) નિઃશસ્ત્રીકરણ એટલે શું? શાંતિના સંદર્ભમાં નિઃશસ્ત્રીકરણની ચર્ચા કરો.

(4) વિકાસનો અર્થ આપો અને તેની વિભાવના સમજાવો.

(5) શાંતિ અંગેના ગાંધીજી અને કાર્લ માર્ક્સના વિચારોની તુલના કરો.

**2. ટૂંક નોંધ લખો.**

(1) શાંતિની વિભાવના

(2) નિઃશસ્ત્રીકરણ

(3) વિશ્વશાંતિ

(4) વિકાસનું આધુનિક મોડેલ

(5) શાંતિ અંગેના વુડ્રો વિલ્સનના વિચારો

(6) શાંતિ અંગેના પ્રો. જહોન ગાલ્ટુંગના વિચારો

**3. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ લખો.**

(1) શાંતિ એટલે શું?

(2) યુદ્ધને ન્યાયોચિત ઠેરવવા કોઈ બે શરતો જણાવો.

(3) નિઃશસ્ત્રીકરણ એટલે શું?

(4) ટકાઉ-વિકાસ કોને કહેવાય?

(5) વિશ્વશાંતિ એટલે શું?

(6) સર્વગ્રાહી વિકાસનું આધુનિક મૉડેલ કોને કહે છે?

(7) વર્તમાન અને ભાવિપેઢી વચ્ચે વિકાસના દાવાનું સંતુલન ક્યારે થાય?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) શાંતિના ખ્યાલના ખ્યાતનામ અભ્યાસી કોણ ગણાય છે? ☐

(અ) જહોન ગાલ્ટુંગ (બ) અબ્રાહમ લિંકન (ક) હ્યુગો ગ્રોશિયસ (ડ) સોક્રેટિસ

(2) પ્રો. જહોન ગાલ્ટુંગે કેટલા પ્રકારની હિંસાના અભાવને શાંતિ ગણાવી છે? ☐

(અ) ત્રણ પ્રકાર (બ) બે પ્રકાર (ક) ચાર પ્રકાર (ડ) છ પ્રકાર

(3) નિઃશસ્ત્રીકરણ એટલે શું? ☐

(અ) શસ્ત્રોનો વેપાર બંધ કરવો. (બ) અણુશસ્ત્રોમાં ક્રમશઃ ઘટાડો

(ક) શસ્ત્રો પર નિયંત્રણ (ડ) ઉપરના તમામ

(4) ટકાઉ-વિકાસનો ખ્યાલ કોણે આપ્યો? ☐

(અ) બ્રુટલેન્ડ પંચ (બ) સરકારીયા પંચ (ક) કોઠારી પંચ (ડ) રાણે પંચ

(5) વિશ્વશાંતિ માટે રાષ્ટ્રસંઘ (લીગ ઓફ નેશન)ની રચનાની ભલામણ કોણે કરી હતી ? ☐

(અ) અબ્રાહમ લિંકન (બ) વુડ્રો વિલ્સન (ક) જહોન કેનેડી (ડ) રોનાલ્ડ રેગન

**પ્રવૃત્તિ**

- નિઃશસ્ત્રીકરણના લાભો વિશે ચર્ચાસભા યોજવી.
- વિકાસના ખ્યાલ અંગે ચર્ચાસભા યોજવી.

●

# 6 ભારત અને વિશ્વ

વિશ્વના બધા દેશો ભેગા મળીને આંતરરાષ્ટ્રીય સમાજ બને છે. આધુનિક સમયમાં વિશ્વનો કોઈપણ દેશ આંતરરાષ્ટ્રીય સમાજથી અલિપ્ત રહી શકે તેમ નથી. છેલ્લા બે દાયકાઓ દરમિયાન થયેલ સાઈબર ક્રાંતિ, સંવહન અને વાહન વ્યવહારના સાધનોનો ઝડપી વિકાસ વગેરેએ દેશના સીમાડાઓ ઓગાળીને 'વૈશ્વિક ગ્રામ'નો ખ્યાલ પ્રસ્તુત કર્યો છે. સતત વધતા જતા વૈશ્વિક વેપારના કારણે દેશો વચ્ચેનું પરસ્પરાવલંબન વધ્યું છે.

દરેક રાષ્ટ્રને પોતાનાં રાષ્ટ્રીય હિતો હોય છે. દરેક રાષ્ટ્ર પોતાની એકતા, અખંડિતતા, સાર્વભૌમત્વ, સલામતી, સંરક્ષણ અને વિકાસ ઝંખે છે. પોતાના રાષ્ટ્રના નાગરિકોનું રક્ષણ અને કલ્યાણ દરેક રાષ્ટ્ર ઈચ્છે છે. તેમજ આંતરરાષ્ટ્રીય સમાજમાં પોતાના દેશનું સન્માન-આત્મ ગૌરવ, મોભો તથા પ્રતિષ્ઠા વધારવા પ્રયત્ન કરે છે. પોતાના રાષ્ટ્રીય હિતોનું સંરક્ષણ અને સંવર્ધન થાય એ બાબત ધ્યાનમાં રાખીને દરેક રાષ્ટ્ર પોતાના ધ્યેયોને સિદ્ધ કરવા વિશ્વના અન્ય રાષ્ટ્રો સાથે સંબંધો બાંધે છે. વિશ્વનું દરેક રાષ્ટ્ર પોતાના રાષ્ટ્રીય હિતો અને ધ્યેયોને પ્રાપ્ત કરવાના હેતુસર અન્ય રાષ્ટ્ર સાથે રાજદ્વારી સંબંધો નિર્ધારિત કરવા અને જાળવવા કોઈ ચોક્કસ પ્રકારની નીતિ અને કાર્ય યોજના અમલમાં મૂકે છે, જેને વિદેશનીતિ કહેવામાં આવે છે.

દરેક રાષ્ટ્ર પોતાની આશાઓ અને આકાંક્ષાઓ સંતોષવા તથા વિદેશનીતિના નવા આયામો સર કરવા પોતાની ક્ષમતા અનુસાર મથે છે. પોતાના રાષ્ટ્રીય હિતોને સંતોષવા આંતરરાષ્ટ્રીય સમાજ, રાજકારણ અને સંગઠનોમાં સક્રિય બનીને વિશ્વ રાષ્ટ્રોના સત્તા-માળખાં અને નિર્ણય ઘડતરની પ્રક્રિયાને પ્રભાવિત કરવા પ્રયત્ન કરે છે; પરંતુ દરેક દેશની સક્રિયતા અને પ્રભાવની માત્રા તેમની વિવિધ પ્રકારની ક્ષમતા અને સ્થિતિ-સંજોગો અનુસાર જુદી-જુદી હોય છે. વર્તમાન સમયમાં આંતરરાષ્ટ્રીય સંબંધો અને રાજકારણમાં વસતી, વિસ્તાર, કુદરતી સંસાધનો, વિજ્ઞાન અને છેલ્લી ઢબની ટેકનોલોજીનો વિકાસ, આર્થિક વિકાસ, બજાર વગેરે જેવા પ્રભાવક પરિબળો નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યાં છે.

### ભારતની વિદેશનીતિના પાયાના સિદ્ધાંતો

દરેક રાષ્ટ્ર પોતાની વિદેશનીતિના ઘડતર અને અમલ માટે ચોક્કસ પાયાના સિદ્ધાંતોને અનુસરે છે. અહિંસા, સંઘર્ષને બદલે સહકાર, શાંતિ અને કલ્યાણ, વસુધૈવ કુટુંબકમ્ જેવા સાંસ્કૃતિક મૂલ્યોએ ભારતની વિદેશનીતિને પ્રભાવિત કરી છે. આધુનિક કલ્યાણ રાજ્યના સિદ્ધાંતોને વ્યક્ત કરતા ભારતના બંધારણમાં આપવામાં આવેલા રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં પણ અનુચ્છેદ 51 અંતર્ગત આંતરરાષ્ટ્રીય સંબંધો અને વ્યવહારોની બાબતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જે અનુસાર ભારતીય રાજ્ય આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની ઉન્નતિ, રાષ્ટ્રો વચ્ચે ન્યાયી તથા માનભર્યા સંબંધો નિભાવવા, સંગઠિત પ્રજાઓના એકબીજા સાથેના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિને લગતી ફરજો પ્રત્યેનો આદર વધારવા અને લવાદી દ્વારા આંતરરાષ્ટ્રીય તકરારોનું નિવારણ કરવા પ્રયત્નશીલ રહેવાની નેમ રાખવામાં આવી છે.

### (1) બિન જોડાણવાદ

બીજા વિશ્વ યુદ્ધના અંત પછી સમગ્ર વિશ્વ બે છાવણીઓમાં વહેંચાઈ ગયું હતું. એક જૂથમાં યુ.એસ.એ. અને પશ્ચિમ યુરોપના તેના સાથી રાષ્ટ્રો તથા બીજા જૂથમાં સોવિયેતસંઘ અને પૂર્વ યુરોપના રાષ્ટ્રો, એમ દ્વિધ્રુવી વિશ્વ વ્યવસ્થા અસ્તિત્વમાં આવી. બન્ને મહાસત્તાઓ અણુશસ્ત્રો ધરાવતી હતી. બન્ને મહાસત્તાઓ વચ્ચેનું પ્રત્યક્ષ યુદ્ધ સહિયારો વિનાશ નોંતરે તેમ હતું. પરિણામે બન્ને મહાસત્તાઓએ પરસ્પર સીધો લશ્કરી સંઘર્ષ કરવાનું ટાળ્યું. આમ છતાં યુ.એસ.એ. અને સોવિયેતસંઘ વચ્ચે વિચારધારા અને સત્તા માટેની તીવ્ર હરીફાઈ 1947 થી 1990 સુધી ચાલી જેને ઠંડુયુદ્ધ (Cold War) તરીકે ઓળખવામાં આવે છે. અમેરિકા વિશ્વમાં મૂડીવાદ અને બજાર આધારિત અર્થતંત્રનો પ્રચાર - પ્રસાર કરવા ઈચ્છતું હતું. સોવિયેત રશિયા વિશ્વમાં સામ્યવાદ અને સામ્યવાદી આર્થિક વિકાસના મોડેલનો પ્રચાર - પ્રસાર કરવા ઈચ્છતું હતું. યુ.એસ.એ. અને સોવિયેતસંઘ બન્ને ત્રીજા વિશ્વના દેશોને પોતપોતાના જૂથમાં જોડવા માંગતા હતા. તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરૂએ બન્ને જૂથો પૈકી કોઈ જૂથ સાથે જોડાયા વિના 'બિનજોડાણવાદ'ની નીતિ અપનાવી. બિનજોડાણવાદની નીતિ એ તટસ્થતાની નીતિ ન હતી. આ સાથે બિનજોડાણવાદી ચળવળનું સમર્થન બીજા ઘણા દેશોએ કર્યું. ઠંડા યુદ્ધનો અંત આવ્યો હોવા છતાં આજે પણ 'બિનજોડાણવાદ' પ્રસ્તુત છે તેમ ઘણા વિચારકો માને છે.

### (2) સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો વિરોધ

ભારત સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદનો વિરોધ કરે છે. ભારતે બ્રિટીશ સામ્રાજ્યવાદનો ભોગ બનીને તેના માઠાં પરિણામ ભોગવ્યાં હતાં. આથી ભારતે હિંસા, દમન અને શોષણ વિરોધી નીતિ અપનાવી છે. ભારતે રાષ્ટ્રીય મુક્તિ ચળવળ દરમિયાન પણ સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ સામે વિરોધનો સૂર ઉઠાવ્યો હતો. આપણે રાષ્ટ્રોને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવી રાષ્ટ્રોની સ્વતંત્રતામાં વિશ્વાસ ધરાવીએ છીએ. ભારતે હંમેશાં સામ્રાજ્યવાદનો ભોગ બનેલાં રાષ્ટ્રો પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરી છે અને સ્વતંત્ર થવા મથતાં રાષ્ટ્રોને રાજકીય અને નૈતિક સમર્થન તેમજ સહાય પૂરી પાડી છે. ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશની સ્વાતંત્ર્ય ચળવળમાં ભારતે ભજવેલી ભૂમિકા આનું ઉદાહરણ છે.

### (3) રંગભેદની નીતિ તેમજ જાતિવાદનો વિરોધ

ભારત દેશ  સમાનતા, સ્વતંત્રતા, ન્યાય જેવા લોકશાહી મૂલ્યોમાં શ્રદ્ધા ધરાવે છે. આથી રંગભેદની નીતિનો વિરોધ કરે છે. જ્ઞાતિ, જાતિ, રંગ વગેરે જેવી સંકુચિત બાબતોને આધારે મનુષ્યને અન્યાય કરી શકાય નહિ. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રહીને રંગભેદની નીતિ સામે લડત ચલાવી હતી અને કાળા-ગોરાના ભેદને દૂર કરાવવામાં સફળ થયા હતા. ભારતે દક્ષિણ આફ્રિકાની સરકારે કરેલા માનવ અધિકારોના ભંગનો વિરોધ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતે સદાય માનવતાવાદી અભિગમ અપનાવવા પોતાનો અવાજ ઉઠાવ્યો છે.

### (4) વિશ્વના દેશો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો

ભારતે વિશ્વના સત્તાજૂથોના પ્રભાવમાં આવ્યા સિવાય દુનિયાના તમામ રાષ્ટ્રો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો બાંધવાનો પ્રયત્ન કર્યો છે. ઠંડા યુદ્ધ દરમિયાન સત્તાજૂથોથી દૂર રહી બધાં જ રાષ્ટ્રો સાથે મિત્રતા કેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. તેમજ અમેરિકા અને સોવિયેતસંઘ સાથે પણ બિનશરતી સંબંધો બાંધીને વિકાસમાં સહાય મેળવવાના પ્રયાસો કર્યા હતા. આપણે વિશ્વના નાનાં-મોટાં તમામ રાષ્ટ્રો સાથે સંબંધો ગાઢ બનાવી શાંતિ અને સમૃદ્ધિમાં સહયોગ સાધવા પ્રયત્ન કર્યો છે, અને તેમાં ઠીક ઠીક પ્રમાણમાં સફળતા પણ મળી છે. ભારતને પહેલેથી આજ સુધી એશિયાના રાષ્ટ્રો પ્રત્યે વિશેષ લગાવ રહ્યો છે. આપણા પડોશી રાષ્ટ્રો સાથે સરહદ અને અન્ય કેટલીક બાબતોને લઈને સમસ્યાઓ હોવા છતાં એકંદરે સંબંધો સકારાત્મક રહ્યા છે. ભારતે દક્ષિણ એશિયાનાં રાષ્ટ્રો સાથે પરસ્પર સહકાર સાધી સહિયારા વિકાસ માટે પહેલ કરી છે. દુનિયાનાં રાષ્ટ્રો સાથે મૈત્રીભર્યા સંબંધોથી ભારતના આર્થિક વિકાસને વેગ મળ્યો છે. સાથોસાથ સંરક્ષણ અને સલામતીનાં હિતો પણ સધાયાં છે.

### (5) સંયુક્ત રાષ્ટ્રસંઘ અને આંતરરાષ્ટ્રીય કાયદાનું સમર્થન

ભારતે પ્રથમ અને દ્વિતીય વિશ્વ યુદ્ધના ભયાનક પરિણામો નજરે જોયાં છે, એટલે ભારતે વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવા અથાક પ્રયત્નો કર્યા છે તેમજ યુનોની સ્થાપનામાં રસ લઈને પહેલેથી જ સ્થાપક સભ્ય અને ચુસ્ત સમર્થક રહ્યું છે. વિશ્વમાં શાંતિ જાળવવાના યુનોના પગલાંને ભારતે પ્રખર ટેકો આપ્યો છે અને આંતરરાષ્ટ્રીય તકરારોના નિરાકરણમાં સક્રિય રસ લીધો છે. ભારતે આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કર્યું છે અને તેના અમલને સમર્થન પૂરું પાડ્યું છે. ભારતે સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ મેળવવા પોતાનો દાવો મજબૂત કર્યો છે. યુ.એન. દ્વારા આર્થિક, સામાજિક, આરોગ્ય, માનવ અધિકારો, માનવ વિકાસ, પર્યાવરણ વગેરે અંગે કરેલા પ્રયાસોમાં પણ ભારતે યોગ્ય સાથ સહકાર આપ્યો છે.

### (6) શાંતિમય રીતે વિવાદોનો ઉકેલ અને વિશ્વ શાંતિ

ભારત રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચેના પ્રશ્નોનું નિરાકરણ લોકશાહી ઢબે અને શાંતિમય રીતે લાવવામાં શ્રદ્ધા ધરાવે છે. ભારતે સ્વાતંત્ર સંગ્રામ પણ અહિંસક માર્ગે લડીને આઝાદી પ્રાપ્ત કરી હતી. ગાંધીજીના સત્ય અને અહિંસાના સિદ્ધાંતોની અસર ભારતની વિદેશનીતિમાં પણ જોવા મળે છે. રાજ્યો વચ્ચે ઉત્પન્ન થતા ઝઘડાઓનો ઉકેલ યુદ્ધનો આશ્રય લીધા વિના પરસ્પર વાટાઘાટો દ્વારા લાવી શકાય છે તેમ ભારત સ્પષ્ટ માને છે. વિકાસ અને સમૃદ્ધિ માટે વિશ્વમાં શાંતિ પ્રવર્તે તે બાબત અનિવાર્ય છે. અને કાયમી વિશ્વશાંતિની જાળવણી માટે યુદ્ધોને તિલાંજલિ આપવી આવશ્યક છે. ભારતે કાશ્મીરની સમસ્યાને યુદ્ધનો આશ્રય લીધા વિના યુનોના માધ્યમથી અને મંત્રણા દ્વારા ઉકેલવા પ્રયત્ન કર્યો છે. પાકિસ્તાન દ્વારા અવારનવાર સરહદ પર કરવામાં આવતા છમકલાં કે ઘૂસણખોરી અંગે પણ ભારતે સંયમ જાળવ્યો છે.

### (7) પંચશીલના સિદ્ધાંતો

ભારતની વિદેશનીતિ પર પંચશીલના આદર્શોની અસરો જોવા મળે છે. ભારતે યુદ્ધ નહિ પણ શાંતિ પર ભાર મૂક્યો છે.

જે આદર્શો આંતરરાષ્ટ્રીય વ્યવહારના નિયમો તરીકે પંડિત જવાહરલાલ નેહરૂએ રજૂ કર્યા, જેને પંચશીલના સિદ્ધાંતો તરીકે ઓળખવામાં આવે છે. આ પાંચ સિદ્ધાંતો આ પ્રમાણે છે. (i) એકબીજા રાષ્ટ્રોની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વને માન આપવું (ii) બિન આક્રમણ (iii) બીજા રાજ્યની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરવો (iv) પરસ્પર લાભ અને સમાનતા (v) શાંતિમય સહઅસ્તિત્વ. પંચશીલના સિદ્ધાંતોનો સૌ પ્રથમ સ્વીકાર 1954 માં ભારતના વડાપ્રધાન નેહરૂ અને ચીનના વડા ચાઉ-એન-લાઈ દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઈન્ડોનેશિયાના બાન્ડુગ ખાતે વર્ષ 1955 માં એશિયા અને આફ્રિકાના રાજ્યોનું સંમેલન યોજાયું હતું. જે બાન્ડુગ પરિષદ તરીકે ઓળખાય છે. તેમાં 29 રાજ્યોએ ભાગ લીધો હતો. આ બાન્ડુગ પરિષદમાં પણ પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કરવામાં આવ્યો.

**(8) સાધન શુદ્ધિનો આગ્રહ**

ગાંધીજી સાધન શુદ્ધિના અત્યંત આગ્રહી હતા. તેથી ગાંધી વિચારની અસર ભારતની વિદેશનીતિ પર પણ જોવા મળે છે. ભારત કોઈપણ પ્રકારના અયોગ્ય સાધનો મારફતે પોતાની વિદેશનીતિના ધ્યેયો સિદ્ધ કરવા માંગતું નથી; પરંતુ લોકશાહી ઢબે પોતાના ધ્યેયો પરિપૂર્ણ કરવા ઇચ્છે છે. ભારત બિનલોકશાહી સાધનોના માધ્યમથી પોતાનો વિકાસ, સલામતી કે આંતરરાષ્ટ્રીય રાજકારણ પર પ્રભુત્વ જમાવવા ઇચ્છતું નથી. ભારત માને છે કે શુદ્ધ સાધનોના માધ્યમ થકી જ યોગ્ય સાધ્ય પ્રાપ્ત કરી શકાય છે.

## ભારતની વિદેશનીતિને ઘડનારાં પરિબળો

કોઈપણ દેશની વિદેશનીતિ શૂન્યાવકાશમાં સર્જન પામતી નથી. વિદેશનીતિના ઘડતરમાં અનેક પ્રકારના આંતરિક તથા બાહ્ય પરિબળો મહત્ત્વનો ભાગ ભજવે છે. આમાંના કેટલાંક પરિબળો સ્થાયી હોય છે, તો વળી કેટલાંક પરિબળો બદલાતાં રહેતાં હોય છે.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્થિતિ-સંજોગોમાં બદલાવ થતાં વિદેશનીતિની નીતિવિષયક બાબત પણ બદલાતી હોય છે. વિશ્વ વ્યવસ્થા અને આંતરરાષ્ટ્રીય સત્તા સંતુલનમાં ફેરફાર થતાં ભારતે પોતાની વિદેશનીતિમાં પરિવર્તન કર્યું છે. ઠંડાયુદ્ધનો અંત આવતાં વિશ્વ વ્યવસ્થા 'એક ધ્રુવી' બની. અમેરિકા પોતાની રાષ્ટ્રીય તાકાતના કારણે સમગ્ર વિશ્વમાં પ્રભાવશાળી બન્યું. આથી ભારતે પોતાની મહત્ત્વકાંક્ષા સાકાર કરવા અમેરિકા સાથેના દ્વિપક્ષીય સંબંધો વધુ સુદૃઢ કર્યા છે. સાથોસાથ મહત્ત્વની વિશ્વસત્તાઓ એવા રશિયા, ચીન, જાપાન સાથેના સંબંધોને પણ વધુ મજબૂત કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. રાષ્ટ્રના આંતરિક સત્તા-માળખાં અને નેતૃત્વમાં પરિવર્તન થતાં નીતિવિષયક બાબતમાં પરિવર્તન થાય છે.

### (1) ભૌગોલિક પરિબળો

#### (ક) ભારતનું ભૌગોલિક સ્થાન

દક્ષિણ એશિયામાં ભારતનું ભૌગોલિક સ્થાન મહત્ત્વનું છે. વિશાળ ઉપખંડીય પરિમાણ ધરાવતા ભારત દેશની ઉત્તરે હિમાલય પર્વતમાળા, દક્ષિણ ભારતની પૂર્વમાં બંગાળનો ઉપસાગર, પશ્ચિમમાં અરબ સાગર અને દક્ષિણમાં હિંદ મહાસાગર એમ ચોતરફથી તેની સરહદો કુદરતી સીમાઓથી અંકાયેલી અને રક્ષાયેલી છે. ભારતનું વિશિષ્ટ ભૌગોલિક સ્થાન આશીર્વાદરૂપ, તો ક્યારેક અભિશાપરૂપ પણ સાબિત થયું છે. પર્વતીય અને દરિયાઈ સીમાઓને કારણે તેમજ એશિયાના અન્ય દેશોની સરખામણીએ પ્રમાણમાં સારી ભૌગોલિક ફળદ્રુપતાના કારણે તે અનેક આક્રમણનો તેમજ બ્રિટનના સામ્રાજ્યવાદનો ભોગ પણ બન્યું છે. ભારતે ઉત્તરે હિમાલય અને દક્ષિણે દરિયાઈ સરહદ સુરક્ષા ક્ષેત્રે જોઈએ તેવી જાગૃતિ દાખવી ન હોવાથી તેના માઠાં પરિણામો પણ ભોગવવા પડ્યાં છે.

#### (ખ) વિસ્તાર

ભૂપૃષ્ઠની દૃષ્ટિએ ભારત ઉચ્ચ પર્વતીય પ્રદેશ, ઉચ્ચ પ્રદેશ, મેદાનો, ગાઢ જંગલો, રણપ્રદેશ એમ અનેક વિવિધતા ધરાવતો દેશ છે. વિશ્વમાં વિસ્તારની દૃષ્ટિએ ભારતનો સાતમો ક્રમ છે. ભારતનો વિસ્તાર 32,87,263 વર્ગ કિ.મી. છે. તેની ઉત્તર-દક્ષિણ લંબાઈ 3,214 કિ.મી. અને પૂર્વ-પશ્ચિમ લંબાઈ 2,933 કિ.મી. છે. હિમાલય પર્વતમાળા અને દ્વીપકલ્પીય ઉચ્ચ પ્રદેશ વચ્ચે કાંપથી પથરાયેલા ઉત્તરના વિશાળ ફળદ્રુપ મેદાનો ભારતની સમૃદ્ધિમાં વધારો કરે છે. ભારત આશરે 7,516 કિ.મી. દરિયાઈ સરહદ તથા 15,200 કિ.મી. જમીન સરહદ ધરાવે છે. દરિયાઈ પડોશી દેશો ભારતના આર્થિક તથા સલામતી માટે ખૂબ જ મહત્ત્વના હોવાથી તેમની સાથે સંબંધો સુધારવા સઘન પ્રયત્નો કરી રહ્યા છીએ.

#### (ગ) વસતી

ભારત વસતીની દૃષ્ટિએ વિશ્વમાં ચીન પછી બીજા નંબરનું સ્થાન ધરાવે છે. વસતી ગણતરી-2011 પ્રમાણે ભારતની કુલ વસતી 1,21,01,93,422 છે. જેમાં 62,37,24,248 પુરુષો અને 58,64,69,174 સ્ત્રીઓનો સમાવેશ થાય છે. વિશ્વની કુલ

વસતીના છઠ્ઠા ભાગની વસતી ભારતીયોની છે. ભારત આજે વિશ્વનો સૌથી યુવાન દેશ બન્યો છે. કારણકે ભારતની 65 % વસતી 35 વર્ષથી નીચેની વયના યુવાનોની છે. ભારત વસતીની દૃષ્ટિએ વિશાળ હોવાથી મોટું બજાર પૂરું પાડે છે. વિશ્વના વિકસિત દેશો પણ આ જ કારણે ભારત સાથે સંબંધ રાખવા અને જાળવવા તત્પર રહે છે.

ભારતની વિશાળ જનસંખ્યાને વસતી વધારાની સમસ્યા તરીકે ગણવામાં આવે છે. જોકે કુદરતી સંપત્તિ કરતાં જનસંખ્યાનું પ્રમાણ વિશેષ હોવાથી જનશક્તિ તરીકે તે માત્ર ભારતના જ નહિ, પરંતુ વિશ્વના વિકાસમાં ફાળો આપી શકે તેમ છે.

### (ઘ) કુદરતી સંસાધન અને આબોહવા

કુદરતી સંપત્તિ રાષ્ટ્રીય તાકાતનો આધાર છે. વિપુલ માત્રામાં કુદરતી સ્રોતની ઉપલબ્ધિ દેશના ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં સહાયક બને છે. પૂરતા પ્રમાણમાં કુદરતી સંપત્તિ પ્રાપ્ય ન હોય તો ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી કાચામાલ માટે અન્ય દેશો પર નિર્ભર રહેવું પડે છે. ભારતમાં કુદરતી સંપત્તિનો વિપુલ ભંડાર રહેલો છે. ખનીજ સંપત્તિની બાબતમાં ભારત સમૃદ્ધ રાષ્ટ્ર છે. લોખંડ, કોલસો, અબરખ વગેરેના ઉત્પાદન અને નિકાસમાં આપણો દેશ વિશ્વ કક્ષાએ મોખરાનું સ્થાન ધરાવે છે. ભારતમાં કાંપના ફળદ્રુપ મેદાનો, ગાઢ જંગલો, ખનીજ સંપત્તિ, નદીઓ અને દરિયાઈ જળ સંપત્તિ પ્રચૂર માત્રામાં ઉપલબ્ધ છે. ભારતની દક્ષિણે આવેલ વિશાળ મહાસાગરોમાં રહેલી ક્ષમતાઓને ઉજાગર કરીને દરિયાઈ અર્થતંત્રને વિકસાવીને સમૃદ્ધિમાં વધારો કરવાના પ્રયત્નો પણ થઈ રહ્યાં છે. ભારત આજુબાજુના એશિયાઈ રાષ્ટ્રો કરતાં ઠીક-ઠીક પ્રમાણમાં સાનુકૂળ આબોહવા ધરાવે છે. ભારતમાં ઉષ્ણકટિબંધીય આબોહવા છે. ભારતમાં આવેલ ફળદ્રુપ જમીન અને અનુકૂળ આબોહવાએ ભારતના દૃષ્ટિકોણને આક્રમક કરતાં રક્ષણાત્મક બનાવ્યો છે.

### (2) વિજ્ઞાન અને ટેક્નોલોજી

મૂળભૂત જ્ઞાનના વ્યાવહારિક ઉપયોગને ટેક્નોલોજી કહેવામાં આવે છે. પોતાની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવા માટે માનવ સતત નવા જ્ઞાનની શોધમાં અને નવા શોધાયેલા જ્ઞાનનો વ્યવહારુ ઉપયોગ કરવામાં સતત પ્રયત્નશીલ હોય છે. આદિયુગથી અનુઆધુનિકયુગ સુધી જ્ઞાન ઉપાર્જન અને તેના ઉપયોગની પરંપરા નિરંતર ચાલતી રહી છે. આધુનિક જ્ઞાન અને છેલ્લામાં છેલ્લા ઢબની ટેક્નોલોજીએ વિશ્વ સમાજ ઉપર પ્રભુત્વ જમાવવા અને આંતરરાષ્ટ્રીય રાજકારણને પ્રભાવિત કરવા ભૌગોલિક પરિબળો કરતાં પણ મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી રાષ્ટ્રની લશ્કરી અને આર્થિક તાકાત તરીકે ચાવીરૂપ નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે. અમેરિકાને છેલ્લામાં છેલ્લી ઢબની ટેક્નોલોજી ધરાવવાને કારણે વિશ્વ રાજકારણમાં વર્ચસ્વ સ્થાપવામાં સફળતા મળી છે. આ જ રીતે જાપાન પણ ભૌગોલિક દૃષ્ટિએ નાનું હોવા છતાં તેણે ટેક્નોલોજી ક્ષેત્રે સાધેલી અસાધારણ સિદ્ધિને કારણે મહત્ત્વની સત્તા તરીકે ઉભરી આવ્યું છે.

ભારતે આણ્વિક ઊર્જા, સંવહન અને અવકાશ ક્ષેત્રે કરેલ સંશોધન અને વિકાસે રાષ્ટ્રીય તાકાતમાં વધારો કર્યો છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ વડાપ્રધાન જવાહરલાલ નેહરૂ દ્વારા ભારતમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને અગ્રિમતા આપવામાં આવી હતી. નેહરૂએ હોમી ભાભા જેવા વૈજ્ઞાનિકોની મદદથી આણ્વિક ઊર્જા, અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે સર્વોત્કૃષ્ટ પ્રગતિ કરવા લાંબા ગાળાની કાર્યયોજના ઘડી હતી. ઇન્દિરા ગાંધીએ 1974 માં પોખરણ ખાતે અણુપરીક્ષણ કરીને વિશ્વને ભારતની શક્તિનો પરિચય કરાવ્યો. ભારતના વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈ દ્વારા પણ 1998 માં પોખરણ-2 અણુપરીક્ષણ દ્વારા ભારતની અણુશક્તિનું પુનરાવર્તન કરવામાં આવ્યું. ભારતે અણુઊર્જા, અવકાશ વિજ્ઞાન, બાયોટેક્નોલોજી, માહિતી અને સંવહન ટેક્નોલોજી વગેરે ક્ષેત્રે કરેલા નોંધપાત્ર પ્રદાન બદલ તેણે દક્ષિણ એશિયામાં મહત્ત્વની પ્રાદેશિક સત્તા તરીકે સ્થાન હાંસલ કર્યું છે.

### (3) આર્થિક વિકાસ

વિશ્વના રાજકારણમાં છેલ્લા બે-ત્રણ દાયકાથી આર્થિક બાબતો કેન્દ્રગામી બની છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વેપાર પ્રભાવક પરિબળ તરીકે ચાવીરૂપ ભૂમિકા ભજવી રહ્યો છે. વિદેશનીતિને અસર કરતાં પરિબળોમાં આર્થિક શક્તિનો સમાવેશ થાય છે. રાષ્ટ્રમાં કયા તબક્કાનો આર્થિક વિકાસ થયો છે તે મહત્ત્વની બાબત છે. આધુનિક અર્થતંત્રનો વિકાસ કરવા માટે રાષ્ટ્રો વચ્ચેનું પરસ્પરાવલંબન વધે છે. ભારતે સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ નોંધપાત્ર દિશામાં આર્થિક વિકાસ સાધ્યો છે. ભારત ખેતીપ્રધાન દેશ છે. હરિયાળી ક્રાંતિના પરિણામસ્વરૂપ ભારતે ખાદ્ય પાકોના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા મેળવી છે. ખેતીની સાથોસાથ પશુપાલન વ્યવસાય પણ સારા પ્રમાણમાં વિકાસ પામ્યો છે. શ્વેત ક્રાંતિની સફળતાએ ભારતને વિશ્વમાં દૂધ ઉત્પાદક દેશ તરીકેનું મહત્ત્વનું સ્થાન અપાવ્યું છે. શાકભાજી અને ફળોના ઉત્પાદનમાં પણ ભારતે વિશ્વમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું છે. ભારતીય અર્થતંત્ર

કૃષિ પ્રધાન હોવા છતાં ઔદ્યોગિક ક્ષેત્રે પણ સારો વિકાસ સાધ્યો છે.

### (4) ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણ

ઐતિહાસિક પરંપરાઓ અને સાંસ્કૃતિક મૂલ્યોની પશ્ચાદ્‌ભૂમિકામાં વર્તમાન વિદેશનીતિનો પિંડ બંધાય છે. ભારતીય સંસ્કૃતિ એ યુગો જૂની વિશ્વની પ્રાચીનતમ્ સંસ્કૃતિ પૈકીની એક છે, તેથી તેના સાંસ્કૃતિક અને સભ્યતાનાં મૂલ્યો વિદેશનીતિમાં પણ પ્રતિબિંબિત થાય છે. 21 મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાના ભારતના આગ્રહને દુનિયાના દેશો તરફથી જે પ્રકારે અભૂતપૂર્વ સમર્થન મળ્યું છે તેને ભારતની ‘સર્વે સન્તુ નિરામયા’ (બધા નીરોગી રહો) સંસ્કૃતિને ગૌરવ પ્રદાન કર્યું છે.

### બિનજોડાણવાદની નીતિમાં ભારતની ભૂમિકા

ભારતની બિનજોડાણવાદની નીતિની ચર્ચા કરીએ તે પહેલાં બિનજોડાણની નીતિનો અર્થ સમજીએ. બીજા વિશ્વ યુદ્ધ પછી સામ્યવાદી અને પશ્ચિમના મૂડીવાદી લોકશાહી લશ્કરી જૂથો વચ્ચે શરૂ થયેલા ઠંડાયુદ્ધમાં કોઈપણ લશ્કરી જૂથમાં જોડાવાના કોઈ રાજ્યના ઈન્કારને બિનજોડાણની નીતિ તરીકે ઓળખાવી શકીએ. જોકે, બિનજોડાણની નીતિ આના કરતાં કંઈક વિશેષ છે.

બિનજોડાણવાદની નીતિ હેઠળ દરેક પ્રકારના લશ્કરી જૂથ કે જોડાણનો વિરોધ કરવામાં આવતો નથી, પરંતુ ઠંડાયુદ્ધના સંદર્ભમાં થયેલા જોડાણનો વિરોધ કરવામાં આવે છે. આમ, આ નીતિ એક ચોક્કસ સમયે, ચોક્કસ સંજોગોમાં ઘડાયેલી નીતિ છે. બિનજોડાણવાદ અલગતાવાદથી જુદી છે. બિનજોડાણવાદની નીતિ ઠંડાયુદ્ધના સંદર્ભમાં ઊભા થતા લશ્કરી સંબંધો સિવાયના રાજકીય, આર્થિક એમ બધા જ પ્રકારના સંબંધોને સ્વીકારે છે. બીજા શબ્દોમાં કહીએ તો બિનજોડાણવાદની નીતિ રાજકીય નિષ્ક્રિયતાની નીતિ નથી. સાથોસાથ એમ પણ કહેવું જોઈએ કે બિનજોડાણવાદની નીતિ તટસ્થતાની નીતિ પણ નથી.

આઝાદી પછીના નેહરૂજીના ભાષણોને લક્ષમાં લઈએ તો ભારતની વિદેશનીતિના ત્રણ ધ્યેયો તેમણે નક્કી કર્યા હતા.

(i) પ્રાદેશિક એકતાનું રક્ષણ અને નીતિ ઘડતરની સ્વાયત્તતા

(ii) આંતરરાષ્ટ્રીય શાંતિની જાળવણી અને વિકાસ

(iii) ભારતનો આર્થિક વિકાસ.

બિનજોડાણની નીતિને આ ધ્યેયો સિદ્ધ કરવા માટેની વ્યૂહરચના કે સાધન તરીકે ગણાવી શકાય. બિનજોડાણની નીતિના ત્રણ લક્ષણો આ પ્રમાણે હતાં. (ક) પશ્ચિમી દેશોના કે સામ્યવાદી જૂથમાં જોડાવાનો ઈન્કાર (ખ) વિદેશનીતિના ક્ષેત્રમાં વિવેકબુદ્ધિ કે ડહાપણથી નિર્ણયો લેવા (ગ) બધા દેશો સાથે મૈત્રી.

પ્રશ્ન એ છે કે ભારતની વિદેશનીતિના ત્રણ ધ્યેયો સિદ્ધ કરવામાં બિનજોડાણવાદની નીતિ કઈ રીતે મદદ કરી શકે? નેહરૂને મતે ભારતની એકતા જાળવવામાં બિનજોડાણની નીતિ ચોક્કસ મદદરૂપ થવાની હતી. બિનજોડાણની નીતિને બદલે કોઈપણ એક સર્વોચ્ચ સત્તાના જૂથ તરફ ઢળવાનો પ્રયત્ન, સંઘર્ષો સર્જીને દેશની એકતા માટે મુશ્કેલી ઊભી કરે એમ હતું. કારણ કે આપણા દેશમાં યુ.એસ.એ. અને સોવિયેતસંઘ એમ બંને તરફી તત્ત્વો હતાં. બિનજોડાણની વ્યૂહરચના આપણને આપણા પડોશીઓ પાકિસ્તાન અને ચીન તરફથી ઊભા થતા ભય સામે પણ મદદરૂપ થઈ હતી. બિનજોડાણની વ્યૂહરચનાથી ભારતને જ નહિ પણ વિશ્વને પણ લાભ થશે અને જોડાણથી તો વિશ્વશાંતિ જોખમાશે એમ નેહરૂ માનતા હતા.

આર્થિક વિકાસની દૃષ્ટિએ પણ બિનજોડાણવાદની નીતિ ઉપયોગી હતી. કારણ કે બિનજોડાણની નીતિ શાંતિની નીતિ હતી અને આર્થિક વિકાસ માટે શાંતિ જરૂરી છે. આ ઉપરાંત બિનજોડાણવાદને કારણે ભારતને બંને સર્વોચ્ચ સત્તા તરફથી આર્થિક મદદ મળી શકે એમ હતી. આથી ભારતે બિનજોડાણવાદની નીતિ અપનાવી હતી.

### ભારત અને તેનાં પડોશી રાષ્ટ્રો

અહીં આપણે ભારત અને તેનાં પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધોની ચર્ચા કરીશું.

### ભારત-પાકિસ્તાન સંબંધો

ભારતે પાકિસ્તાન સાથે આઝાદીથી માંડીને આજ પર્યંત શાંતિ તથા મિત્રતાપૂર્ણ સંબંધો જાળવવા પ્રયત્નો કર્યા છે. આમ છતાં બંને દેશો વચ્ચેના સંબંધોમાં અનેક ચઢાવ-ઉતાર આવ્યા છે. વર્ષ 1947 માં થયેલા ભારત-પાકિસ્તાન ભાગલા સમયે જ વૈમનસ્યના કેટલાંક બીજ રોપાયાં હતાં. સ્વતંત્રતા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવા છતાં બંને દેશો વચ્ચે વર્ષ 1965 અને વર્ષ 1971 ના મોટાં યુદ્ધો તથા વર્ષ 1999 નું કારગીલ યુદ્ધ એમ ત્રણ યુદ્ધો લડાઈ ચુક્યાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર સમસ્યાનો મુદ્દો અનેક પ્રયત્નો કરવા છતાં આજ સુધી વણઉકલ્યો જ રહ્યો છે.

અને બંને રાષ્ટ્રો વચ્ચેના  તનાવનું મુખ્ય કેન્દ્ર બન્યો છે.  અંકુશ રેખા, ઘૂસણખોરી, આતંકવાદ જેવા મુદ્દાઓને લઈને પણ બંને દેશો વચ્ચેના સંબંધોમાં કડવાશ ઉત્પન્ન થઈ રહી છે. બંને દેશો વચ્ચેના પ્રશ્નોનો દ્વિ-પક્ષીય વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. આમ છતાં તેમાં આંશિક સફળતા મળી છે. ભારત-પાકિસ્તાન વચ્ચે ટ્રેન તથા બસ સેવા શરૂ કરીને બંને રાષ્ટ્રો વચ્ચે વિશ્વાસ નિર્માણ કરનારાં પગલાં પણ લેવામાં આવ્યાં છે. તાજેતરમાં બંને રાષ્ટ્રોના વડાપ્રધાનો એકબીજા દેશની મુલાકાત દ્વારા આતંકવાદ તથા હિંસાથી મુક્ત હકારાત્મક અને શાંતિ ભર્યા માહોલમાં દ્વિ-પક્ષીય વાટાઘાટો દ્વારા બંને દેશો વચ્ચેના સંબંધોમાં આડે આવતા અંતરાયોને દૂર કરવા સહમત થયા છે તે સરાહનીય બાબત છે. બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત કરી પરસ્પર વેપાર વધારવાના પણ પ્રયત્નો થઈ રહ્યા છે.

### ભારત-નેપાળ સંબંધો

ભારત અને નેપાળના સંબંધો વર્ષો જૂના છે. સ્વાતંત્ર્યોત્તર ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોને મૈત્રીપૂર્ણ બનાવવા માટે વર્ષ 1950માં બન્ને રાષ્ટ્રો વચ્ચે શાંતિ અને મૈત્રી સમજૂતી કરવામાં આવી હતી. એ સંધિ અનુસાર બંને રાષ્ટ્રોએ પરસ્પર સહકાર સાધી એકબીજાના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને માન આપી તેનું જતન થાય તેવા પ્રયત્નો કરવાનું સ્વીકાર્યું છે.

ભારત અને નેપાળ વચ્ચે ધાર્મિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, પરંપરા એમ દરેક સ્તરે ઘણી સામ્યતા જોવા મળે છે. નેપાળ એ વિશ્વનું એકમાત્ર હિન્દુરાષ્ટ્ર હતું. આથી સાહજિક રીતે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો હકારાત્મક બન્યા હતા. ભારતે નેપાળને શિક્ષણ, રોજગારી, આરોગ્ય, વીજળી, રસ્તાઓ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા માટે શક્ય તેટલી સહાય કરીને પડોશી ધર્મ નિભાવ્યો છે. આમ છતાં છેલ્લા ઘણાં વર્ષોથી ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો વણસ્યા હતા, જે ફરીથી સારા થયા છે.

ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોમાં કડવાશ લાવનાર કેટલીક બાબતો જોઈએ તો છેલ્લા કેટલાક વર્ષોથી એવી પરિસ્થિતિનું નિર્માણ થયું જેણે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં અંતરાય અને કડવાશ ઊભી કરી છે. નેપાળમાં માઓવાદીઓનું વર્ચસ્વ વધી રહ્યું છે. નેપાળની આર્થિક અને રાજકીય બાબતોમાં ચીનની દરમિયાનગીરી અને પ્રભુત્વ વધી રહ્યાં છે. નેપાળમાં ચાલી રહેલા મધેશી આંદોલને પણ બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં મીઠાશના બદલે ખારાશ લાવી છે. નેપાળના તરાઈ વિસ્તારમાં રહેલા મધેશીઓને ભારતનું સમર્થન હોવાની નેપાળને શંકા છે. નેપાળ રાષ્ટ્ર નાનું હોવા છતાં ભારતની સલામતી અને વ્યૂહાત્મક રીતે તેનું મહત્ત્વ ઘણું છે. તાજેતરમાં પરસ્પરના મતભેદો ભૂલીને બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત અને મૈત્રીપૂર્ણ કરવા એક નવા યુગનો પ્રારંભ કરવા બંને રાષ્ટ્રોએ પહેલ કરી છે.

### ભારત-ચીન સંબંધો

ભારત અને ચીન વસતીની દૃષ્ટિએ વિશ્વના સૌથી મોટાં બે રાષ્ટ્રો હોવા ઉપરાંત અર્થતંત્ર અને વિકાસની બાબતમાં પણ સૌથી મોટાં વિકાસશીલ રાષ્ટ્રો છે. વિશ્વમાં શાંતિ, સ્થિરતા તથા વિકાસ સાધવાની બાબતમાં બંને રાષ્ટ્રોનો લગભગ સમાન અભિગમ અને પ્રયત્નો રહ્યા છે.

ભારત-ચીન સંબંધોમાં અનેક ચઢાવ-ઉતાર પણ આવ્યા છે. 1950 ના દસકામાં ભારત અને ચીનના સંબંધો એકંદરે સારા રહ્યા હતા. વર્ષ 1954 માં બંને રાષ્ટ્રોએ પરસ્પરના વ્યવહાર અને સંબંધોમાં પંચશીલના સિદ્ધાંતો સ્વીકાર્યા હતા. બંને રાષ્ટ્રો શાંતિ અને વિકાસની સહિયારી શોધમાં ભાઈચારાના સંબંધો નિભાવવા આતુર હતા. પરંતુ વર્ષ 1962 ના ભારત-ચીન યુદ્ધની ઘટનાએ બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં કડવાશ જન્માવી. ત્યારબાદ બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો નિરંતર સુધરતા રહ્યા છે. તાજેતરમાં ભારત-ચીન સંબંધોમાં એક નવા યુગની શરૂઆત થઈ છે. બંને રાષ્ટ્રો વચ્ચે સીમા વિવાદ, સરહદ ઉલ્લંઘન જેવી નાની-મોટી સમસ્યાઓ પ્રવર્તે છે. પરંતુ આવી સમસ્યાઓને બાજુમાં મૂકી બંને રાષ્ટ્રો પરસ્પર સાથ સહકાર દ્વારા સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા સહમત થયાં છે. તાજેતરમાં ચીનના પ્રમુખ શી ઝીનપીંગની ભારતની સફળ મુલાકાતથી બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા માટે હકારાત્મક વાતાવરણનું સર્જન થયું છે.

### ભારત-બાંગ્લાદેશ સંબંધો

બાંગ્લાદેશ એ દક્ષિણ એશિયામાં આવેલું ભારતનું મહત્ત્વનું પાડોશી રાષ્ટ્ર છે. બાંગ્લાદેશનો ઉદ્‌ભવ વર્ષ 1971 માં થયો છે. તેના પહેલાં તે પૂર્વ પાકિસ્તાનનો ભાગ હતો. ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ બન્ને રાષ્ટ્રો એકમેકથી જોડાયેલાં છે અને સમાન સાંસ્કૃતિક વારસો ધરાવે છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદ અને સરહદ પરથી ભારતમાં થતી લોકોની ઘૂસણખોરી જેવી કેટલીક સમસ્યાઓ હોવા છતાં એકંદરે બન્ને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો મિત્રતાપૂર્ણ રહ્યા છે. ભારતે બાંગ્લાદેશ સાથે સારા પડોશી તરીકેના સંબંધો જાળવી રાખ્યા છે. ભારતે બાંગ્લાદેશને પાણી, વીજળી તેમજ આંતર માળખાકીય સુવિધાઓના વિકાસ

માટે યોગ્ય સહકાર આપી બન્ને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષી સંબંધોને મજબૂત કરવા પ્રયત્ન કર્યો છે. તાજેતરમાં વર્ષ 2015 માં ભારતના વડાપ્રધાને બાંગ્લાદેશની મુલાકાત લઈ તેની સાથે વિવિધ કરારો દ્વારા સંબંધોને મજબૂત કરવા પ્રયત્ન કર્યો હતો. છેલ્લા કેટલાક સમયથી બન્ને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષી વેપારમાં પણ નોંધપાત્ર વધારો થયો છે તેમજ બન્ને રાષ્ટ્રો આતંકવાદ જેવી ભયાનક વૈશ્વિક સમસ્યાનો સાથે મળીને સામનો કરવા સહમત થયાં છે. તાજેતરમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં ગુણાત્મક સુધારો થયો છે. બાંગ્લાદેશમાં ભારતના કેટલાક લોકો ચોક્કસ વિસ્તાર (એન્કલેવ)માં રહેતા હતા. એ જ રીતે ભારતમાં બાંગ્લાદેશના કેટલાક લોકો ચોક્કસ વિસ્તારમાં વસવાટ કરતા હતા. આ અંગે પરસ્પર વાટાઘાટો ઘણા લાંબા સમયથી ચાલતી હતી અને છેવટે તેનું શાંતિમય સમાધાન કરવામાં આવ્યું. 31 જુલાઈ, 2015 ના રોજ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સરહદક્ષેત્રે પ્રવર્તતી એન્કલેવ (પોતાના દેશની અંદર વિદેશી સત્તાનો મુલક)ની સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો છે. બાંગ્લાદેશમાં રહેલા 111 ભારતીય એન્કલેવ અને ભારતમાં રહેલા 51 બાંગ્લાદેશી એન્કલેવનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું.

**ભારત-શ્રીલંકા સંબંધો**

ભારત અને શ્રીલંકા ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમીપતા ધરાવે છે. શ્રીલંકાનો માત્ર એક જ પડોશી દેશ ભારત છે. હિંદ મહાસાગરમાં બંને રાષ્ટ્રોના સમાન વ્યૂહાત્મક અને સલામતીના હિતો રહેલાં છે. આઝાદીના સમયથી લઈને અત્યાર સુધી ભારત-શ્રીલંકા સંબંધો એકંદરે શાંતિપૂર્ણ અને સહકારપૂર્ણ રહ્યા છે. જનતા પક્ષના શાસન દરમિયાન શ્રીલંકા સાથેના સંબંધો સુધારવા વિશેષ પ્રયત્ન થયા. ઈન્દિરા ગાંધીના શાસનકાળ દરમિયાન પણ બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને જાળવી રાખવા પ્રયત્ન થયો. વર્ષ 1982 માં તત્કાલીન રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડી દ્વારા શ્રીલંકાની મુલાકાત લેવામાં આવી. શ્રીલંકામાં તામિલ અને સિંહાલી લોકો વચ્ચે વંશીય સંઘર્ષ ઘણા લાંબા સમય ચાલ્યો અને પરિણામે શ્રીલંકામાં ગૃહયુદ્ધને કારણે ભારે અશાંતિ સર્જાઈ હતી. પડોશી રાષ્ટ્ર શ્રીલંકામાં ચાલતા ગૃહયુદ્ધનો અંત લાવી શાંતિ સ્થાપવા માટે તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ જયવર્ધને વચ્ચે સમજૂતી થઈ અને જેના ભાગ રૂપે ભારતે શ્રીલંકામાં ભારતીય શાંતિ રક્ષકદળ મોકલ્યું હતું. ભારતે શ્રીલંકામાં ચાલતા ગૃહયુદ્ધનો રચનાત્મક ઢબે ઉકેલ લાવવા શક્ય તમામ પ્રયાસ કર્યા છે. ભારતે હંમેશાં પડોશી દેશોમાં શાંતિ જાળવવાના પ્રયાસો કર્યા છે. એશિયાની સ્થિરતા અને સમૃદ્ધિમાં વધારો કરવા ઉપરાંત સલામતીના ક્ષેત્રે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં સાતત્ય જળવાઈ રહે તે બાબત મહત્ત્વની છે. ભારત અને શ્રીલંકા વચ્ચેના વેપારી સંબંધોને મજબૂત કરવા વર્ષ 1998 માં મુક્ત વેપાર અંગેનો કરાર પણ કરવામાં આવ્યો છે. શ્રીલંકાના વર્ષ 2015 માં નવા ચૂંટાયેલા વડાપ્રધાન વિક્રમા નાયકે ભારતની મુલાકાત લઈ બંને રાષ્ટ્રો વચ્ચેના ઉષ્માભર્યા સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવા નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

**ભારત અને અન્ય રાષ્ટ્રો :** ભારતના પડોશી રાષ્ટ્રો ઉપરાંત અમેરિકા, રશિયા વગેરે જેવા મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રો સાથેના સંબંધો જોઈએ.

**ભારત અને અમેરિકાના સંબંધો**

ભારત સ્વતંત્ર થયું ત્યારથી ઠંડાયદ્ધના અંત સુધી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ઠીક-ઠીક રહ્યા છે તેમ કહી શકાય. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાના સોવિયેત સંઘ સાથેના સત્તા અને વર્ચસ્વના સંઘર્ષમાં અમેરિકા ભારતને પોતાના સત્તાજૂથમાં જોડવા ઉત્સુક હતું પરંતુ ભારતે બિનજોડાણની નીતિ અપનાવતાં અમેરિકાને ભારત પ્રત્યે અણગમો પેદા થયો. મધ્ય-પૂર્વના વિસ્તારમાં સોવિયેત સંઘના ફેલાવાને અટકાવવાના મુખ્ય હેતુથી વર્ષ 1955 માં સેન્ટો (Central Treaty Organizatioán-CENTO) ની રચના કરવામાં આવી. તે એક લશ્કરી સંગઠન હતું. શરૂઆતમાં તે બગદાદ કરાર તરીકે ઓળખાતું હતું. ઈરાન, ઈરાક, પાકિસ્તાન, તુર્કી અને યુ.કે. એમ પાંચ રાષ્ટ્રો તેના સભ્યો હતાં. પાકિસ્તાન સેન્ટોનું સભ્ય બનતાં અમેરિકા તરફથી પાકિસ્તાનને આર્થિક અને લશ્કરી મદદ મળવાનું શરૂ થતાં અમેરિકા અને ભારતના સંબંધોમાં વધુ એક તિરાડ પડી. અમેરિકાનો પાકિસ્તાન તરફી ઝુકાવ વધતાં તેના પ્રત્યાઘાત સ્વરૂપે ભારતે સોવિયેત સંઘ તરફ દોસ્તીનો હાથ લંબાવ્યો. વર્ષ 1979 માં સેન્ટો CENTO નું વિસર્જન થયું.

વર્ષ 1962 ના ભારત-ચીન યુદ્ધ દરમિયાન અમેરિકાએ ભારતનું ખુલ્લુ સમર્થન કરી આર્થિક અને લશ્કરી સહાય પૂરી પાડી. પરંતુ વર્ષ 1963 પછી ફરી પાછા ભારત-અમેરિકા સંબંધોમાં ઓટ આવી. વર્ષ 1971 ના ભારત-પાકિસ્તાન યુદ્ધમાં અમેરિકાએ પાકિસ્તાનના પક્ષે રહીને તમામ પ્રકારની મદદ પૂરી પાડી. આથી ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો વધુ વણસ્યા. ઠંડાયુદ્ધના અંત સુધી બંને રાષ્ટ્રોના સંબંધોમાં અનેક ચઢાવ-ઉતાર આવ્યા. ઠંડાયુદ્ધના અંત પછી સોવિયેત યુનિયનનું પતન થતાં વિશ્વ વ્યવસ્થા એકધ્રુવી બની. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે કોઈ કાયમી દુશ્મન હોતું નથી. માત્ર પોતાના રાષ્ટ્રીય હિતો જ કાયમી હોય છે, તે નાતે ભારતે પોતાની વિદેશનીતિમાં બદલાવ લાવી અમેરિકા સાથેના સંબંધો સુધારવા

પ્રયત્નો શરૂ કર્યા.

એન.ડી.એ. સરકારના સમયગાળા દરમિયાન વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈ દ્વારા પોખરણ ખાતે અણુ પરીક્ષણ કરવામાં આવ્યું. આથી અમેરિકાએ ભારતની ભારે ટીકા કરી ભારત પર આર્થિક પ્રતિબંધો લાદી, તમામ પ્રકારની સહાય આપવાનું બંધ કર્યું. પરંતુ ભારત જેવા રાષ્ટ્ર સાથે કાયમી કડવાશ રાખવી અમેરિકાને પોષાય તેમ ન હતું. આથી અમેરિકાએ ભારત પરના પ્રતિબંધો હટાવી લીધા. વર્ષ 2000 માં અમેરિકાના પ્રમુખે ભારતની મુલાકાત લઈ દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા સંબંધો સુધારવા પ્રયત્ન કર્યો. અમેરિકાના પ્રમુખપદે જ્યોર્જ ડબલ્યુ બુશ સત્તારૂઢ થતાં તેમણે ભારત સાથે ઉષ્માભર્યા સંબંધો વિકસાવવા પ્રયાસ કરી ભારત-અમેરિકા સંબંધોમાં એક નવા હકારાત્મક પ્રકરણની શરૂઆત કરી.

છેલ્લા એક દાયકાથી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. બંને લોકશાહી રાષ્ટ્રો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી વિશ્વમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા લાવશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. તાજેતરમાં ભારતના વડાપ્રધાને વર્ષ 2014 અને વર્ષ 2015માં લીધેલી અમેરિકાની મુલાકાત તેમજ ભારતના 66 મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં મુખ્ય મહેમાન તરીકે અમેરિકાના પ્રમુખ બારાક ઓબામાની હાજરી બન્ને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવાનો નિર્દેશ કરે છે.

### ભારત અને રશિયાના સંબંધો

ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિથી લઈને આજ સુધી ભારત અને રશિયા વચ્ચેના સંબંધો મધુર અને મૈત્રીપૂર્ણ રહ્યા છે. ભારતે બિનજોડાણવાદી નીતિ સ્વીકારી હોવા છતાં તેના રશિયા સાથેના સંબંધો અકબંધ અને સકારાત્મક રીતે જળવાઈ રહ્યા છે. ઠંડાયુદ્ધ દરમિયાન ભારત અને સોવિયત સંઘ વચ્ચે વર્ષ 1971માં શાંતિ, મિત્રતા અને સહકાર અંગે સંધિ કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં રશિયાએ ભારતનો સાચો મિત્ર બની તમામ ક્ષેત્રમાં હંમેશાં સાથ-સહકાર આપ્યો છે. ઠંડાયુદ્ધની સમાપ્તિ બાદ ભારતે પોતાની વિદેશનીતિમાં થોડું પરિવર્તન આણી અમેરિકા, જાપાન અને દક્ષિણ-એશિયાનાં રાષ્ટ્રો સાથે સંબંધો મજબૂત કરવા પ્રયત્નો કર્યા હોવા છતાં ભારત અને રશિયાના સંબંધોમાં કોઈપણ ઊણપ આવી નથી. રાજકીય, લશ્કરી, આર્થિક, વ્યૂહાત્મક એમ તમામ બાબતે ભારત અને રશિયાના સંબંધો સુમેળભર્યા જળવાઈ રહી બંને રાષ્ટ્રોને પરસ્પર સહકાર સાંપડ્યો છે.

ભારતને રશિયા તરફથી સંરક્ષણ, પરમાણુ ઊર્જા, વિજ્ઞાન અને ટેક્નોલોજી, અવકાશ સંશોધન, તેલ અને કુદરતી વાયુ, ફાર્મસી જેવા મહત્ત્વના ક્ષેત્રોમાં યોગ્ય સહકાર પ્રાપ્ત થયો છે. ખાસ કરીને ભારતની લશ્કરી તાકાતને મજબૂત કરવામાં રશિયાનો સિંહફાળો રહ્યો છે. ભારત અને રશિયા વચ્ચેના દ્વિપક્ષીય વેપારમાં પણ ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. યુનો, બ્રિક્સ, જી-20 જેવા આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં પણ ભારતને રશિયા તરફથી સમર્થન મળતું રહ્યું છે. ભારતના યુનોની સલામતી સમિતિમાં કાયમી સભ્યપદ અંગેના દાવાનું રશિયાએ જાહેરમાં મજબૂત સમર્થન કર્યું છે. બંને રાષ્ટ્રોના વડાઓ દ્વારા પરસ્પર મુલાકાતોથી રશિયાના પ્રમુખ વ્લાદીમિર પુતિનની ભારતની મુલાકાતે તેમજ ભારતના વડાપ્રધાનની રશિયાની મુલાકાતે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને બળ પૂરું પાડ્યું છે તેમજ ભારત અને રશિયા વચ્ચેની દ્વિપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી બંને રાષ્ટ્રોના રાષ્ટ્રીયહિતોને પોષક સાબિત થઈ શકે તેમ છે.

### ભારત અને સાર્ક દેશો

દક્ષિણ એશિયાના સાત દેશો ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, શ્રીલંકા, ભૂતાન તથા માલદીવ એમ સાત રાષ્ટ્રોએ સાથે મળીને વર્ષ 1985 માં સાઉથ એશિયન એસોસિયેશન ફોર રિજીયોનલ કૉ-ઑપરેશન-સાર્ક (SAARC)ની સ્થાપના કરી છે. તેનું મુખ્ય મથક નેપાળના કાઠમંડુ ખાતે રાખવામાં આવ્યું છે. તેની સ્થાપના સમયે સાત સભ્ય રાષ્ટ્રો હતાં. બાદમાં અફઘાનિસ્તાન જોડાતાં હાલમાં કુલ આઠ સભ્ય રાષ્ટ્રો છે.

### સાર્કના હેતુઓ આ પ્રમાણે છે :

(ક) દક્ષિણ એશિયાના લોકોનું કલ્યાણ અને લોકોના જીવન ધોરણમાં ગુણાત્મક સુધારો કરવો.

(ખ) દક્ષિણ એશિયા પ્રદેશના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસને વેગ આપવો.

(ગ) પ્રદેશના લોકોને ગૌરવમય જીવન અને ક્ષમતા અનુસાર વિકાસની તક પૂરી પાડવી

(ઘ) દક્ષિણ એશિયાના રાષ્ટ્રો વચ્ચે સામૂહિક આત્મનિર્ભરતા લાવવી.

(ચ) રાષ્ટ્રો વચ્ચે પરસ્પર વિશ્વાસ સંપાદિત કરવો.

(છ) એકસમાન હેતુઓ અને ઉદ્દેશો ધરાવતા આંતરરાષ્ટ્રીય સંગઠનોને સહકાર આપવો વગેરે.

આમ, ઉપર્યુક્ત હેતુઓ સિદ્ધ કરવાના આશયથી સાર્કની સ્થાપના કરવામાં આવી છે.

સાર્કને સફળ બનાવવા માટે ભારતે તેની સ્થાપનાથી લઈને કાયમ માટે રચનાત્મક ભૂમિકા ભજવી છે. આમ છતાં

સાર્કના સભ્ય રાષ્ટ્રોના દ્વિપક્ષીય મતભેદોને કારણે સાર્કના ધ્યેયો અપેક્ષિત માત્રામાં સિદ્ધ થઈ શક્યા નથી તે પણ વાસ્તવિકતા છે. ભારતે દ્વિપક્ષીય મતભેદોને નિવારવા માટે શક્ય તમામ પ્રયાસો કર્યા છે. સાર્કના બીજા સભ્ય રાષ્ટ્રોની તુલનામાં ભારત વિશાળ કદ અને ક્ષમતા ધરાવે છે. ભારત વસતી, વિસ્તાર, આર્થિક વિકાસ, લશ્કરી તાકાત એમ અનેક ક્ષેત્રે ચડિયાતું સ્થાન ધરાવે છે. આથી સાર્કના સભ્ય રાષ્ટ્રો ભારત પાસે સંબંધો અને વ્યવહારમાં મોટાભાઈની જેમ ઉદારતાની નીતિની અપેક્ષા રાખે છે. ભારતે સાર્કના સભ્ય રાષ્ટ્રો સાથે થોડી ઉદારતાની નીતિ પણ અપનાવીને સંબંધો સાચવવા પ્રયત્ન કર્યો છે. ભારતે સભ્ય રાષ્ટ્રો સાથે કરેલી સંધિઓમાં લાભની બાબતમાં થોડું જતું કરવાની ભાવના રાખી છે. દા.ત. પાણીના પ્રશ્ને ભારત-બાંગ્લાદેશ વચ્ચે થયેલી સંધિમાં ભારતે ઉદારતા બતાવી હતી.

વર્ષ 2014 માં ભારતની એન.ડી.એ. સરકારના વડાપ્રધાનના શપથવિધિ સમારંભમાં સાર્ક દેશોને આમંત્રણ આપીને ભારતના સાર્ક દેશો સાથેના સંબંધોમાં સકારાત્મક વળાંક આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સાર્કના સભ્ય રાષ્ટ્રો તરફથી પણ તેનો સારો પ્રતિસાદ મળતાં સાર્ક રાષ્ટ્રો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે તેવો આશાવાદ સેવાય છે. ભારતે હકારાત્મક દૃષ્ટિકોણ અપનાવીને પડોશી રાષ્ટ્રો સાથે સંબંધો મજબૂત કરવા હંમેશાં પહેલ કરી છે.

સાર્કની સમજૂતી પ્રાપ્ત કર્યા પછી મહત્ત્વના કેટલાક સંગઠનોની માહિતી મેળવીએ.

**(1) બ્રિક્સ (BRICS)**

બ્રિક્સ એ બ્રાઝિલ (Brazil), રશિયા (Russia), ઈન્ડિયા (India), ચીન (China) અને સાઉથ આફ્રિકા (South Africa)-BRICS એમ પાંચ રાષ્ટ્રોનું બનેલું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. શરૂઆતમાં તે બ્રિક તરીકે ઓળખાતું હતું. પરંતુ 2010 માં સાઉથ આફ્રિકા આ જૂથમાં જોડાતાં તે બ્રિક્સ તરીકે ઓળખાય છે. પાંચેય સભ્ય રાષ્ટ્રોના નામના પ્રથમ મૂળાક્ષર પરથી તેનું બ્રિક્સ (BRICS) નામકરણ થયું છે. જૂથના સભ્ય રાષ્ટ્રો વચ્ચે વેપાર-વાણિજ્ય, રાજકીય અને સાંસ્કૃતિક એમ વિવિધ ક્ષેત્રે સહકાર સાધી, આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય ઘટનાઓ પર પ્રભાવ પાડવાના તથા વૈશ્વિક સ્તરે ઉદ્‌ભવતા રાજકીય, સલામતી અને આર્થિક પડકારોનો સામૂહિક રીતે સામનો કરવાના હેતુસર બ્રિક્સની રચના કરવામાં આવી છે. બ્રિક્સના સભ્ય રાષ્ટ્રો વિશ્વની કુલ વસતી, વિશ્વ ઘરેલું ઉત્પાદન, કુલ ઘરેલું ઉત્પાદન, વેપાર વગેરેની દૃષ્ટિએ પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે મહત્ત્વનું યોગદાન અને પ્રભાવ ધરાવે છે. બ્રિક્સના સભ્ય રાષ્ટ્રોને વિવિધ પ્રકારની યોજનાઓ માટે નાણાકીય ધિરાણ અને સહાય મળી રહે તે હેતુસર બ્રિક્સ દ્વારા ન્યૂ ડેવલપમેન્ટ બૅંકની પણ સ્થાપના કરવામાં આવી છે. જેનું મુખ્ય કાર્યાલય ચીનના શાંઘાઈ ખાતે રાખવામાં આવ્યું છે.

સૌ પ્રથમ 2006 માં જૂથના સભ્ય રાષ્ટ્રોના વિદેશ મંત્રીઓ ન્યૂયોર્ક ખાતે મળ્યા હતા. ત્યારબાદ 16 મી જૂન 2009 ના રોજ રશિયા ખાતે બ્રિકની પ્રથમ પૂર્ણ કક્ષાની શિખર પરિષદ યોજાઈ હતી. દર વર્ષે અગાઉથી નિર્ધારિત સમય અને સ્થળે કોઈ સભ્ય રાષ્ટ્રના યજમાન પદે તેનું શિખર સંમેલન મળે છે.

**(2) G-4**

ભારત, બ્રાઝિલ, જાપાન અને જર્મની એમ ચાર રાષ્ટ્રોએ પરસ્પર સહકાર અને સમર્થન આપવાના હેતુથી રચવામાં આવેલું સંગઠન G-4 (Group-4)ના નામે ઓળખાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી સમિતિમાં કાયમી સભ્ય પદ મેળવવા એકબીજાને સમર્થન પૂરું પાડવાના મુખ્ય આશયથી આ સંગઠન રચવામાં આવ્યું છે. જૂથના ચારેય સભ્ય રાષ્ટ્રોએ સલામતી સમિતિમાં બે વર્ષ માટે ચૂંટાતા બિનકાયમી સભ્ય તરીકે ઘણો લાંબો સમય કામ કર્યું છે. જૂથના ચારેય સભ્ય રાષ્ટ્રોનો વૈશ્વિકસ્તરે રાજકીય અને આર્થિક બાબતોમાં નોંધપાત્ર માત્રામાં પ્રભાવ વધ્યો હોવાથી યુનોની સલામતી સમિતિમાં તેમને કાયમી સભ્ય પદ મળવું જોઈએ તેવી તેમની માંગણી છે. સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિનું વિસ્તરણ કરી જૂથના ચારેય સભ્યોનો તેમાં કાયમી સભ્ય તરીકે સમાવેશ કરવા તેમણે સૂચન કર્યુ છે.

**(3) G-20**

વીસ રાષ્ટ્રોના આંતરરાષ્ટ્રીય સંગઠનને G-20 તરીકે ઓળખવામાં આવે છે. આર્થિકનીતિ અંગે આંતરરાષ્ટ્રીય સંકલન સાધવાના હેતુસર વર્ષ 1999 માં તેની સ્થાપના કરવામાં આવી છે. યુરોપિયન સંઘ સહિત યુ.એસ.એ., રશિયા, બ્રિટન, ચીન, ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, ભારત, બ્રાઝિલ, જાપાન, જર્મની વગેરે મહત્ત્વના વીસ રાષ્ટ્રો તેના સભ્ય રાષ્ટ્રો છે. દર વર્ષે તેનું વાર્ષિક સંમેલન યોજાય છે. પ્રથમ શિખર સંમેલન વર્ષ 2008 માં યુ.એસ.ના વોશિંગ્ટન (ડી.સી.) ખાતે યોજવામાં આવેલ હતું. વર્ષ 2015 ના શિખર સંમેલનનું યજમાન પદ તુર્કીએ સ્વીકાર્યું હતું. શિખર સંમેલનોમાં આર્થિક અને નાણાકીય નીતિ વિષયક મહત્ત્વના મુદ્દાઓ ઉપર અભ્યાસ, સમીક્ષા અને ઉચ્ચસ્તરીય ચર્ચા-વિચારણા કરવામાં આવે છે. આર્થિકનીતિ અંગે આંતરરાષ્ટ્રીય સંકલન સાધી, આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાની ઉન્નતિ માટે પ્રયત્ન કરવામાં આવે છે.

## (4) યુરોપિયન સંઘ (EU)

યુરોપિયન સંઘ એ યુરોપના રાષ્ટ્રોનું બનેલું આર્થિક અને રાજકીય સંગઠન છે. વર્તમાન યુરોપિયન સંઘનો ઉદ્ભવ વર્ષ 1958 માં અમલમાં આવેલી રોમની સંધિ અંતર્ગત થયો છે. વર્ષ 1958 માં ફ્રાંસ, વેસ્ટ જર્મની, બેલ્જિયમ, લકઝમબર્ગ, ઈટાલી અને નેધરલેન્ડ એમ છ રાષ્ટ્રો મળીને પરસ્પર આર્થિક ક્ષેત્રે સહયોગ સાધવા યુરોપિયન આર્થિક સમુદાય (Europian Economic Community) અને અણુ ઊર્જા ક્ષેત્રે સહયોગ સાધવા યુરોપિયન અણુ ઊર્જા સમુદાય (Europian Atomic Energy Community) ની સ્થાપના કરી. ત્યારબાદ તેના નામ અને નીતિઓમાં વિવિધ સંધિઓ દ્વારા પરિવર્તન થતું રહ્યું છે, તેમજ તેની સભ્ય સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. યુરોપનાં રાષ્ટ્રો વચ્ચે સ્પર્ધા અને સંઘર્ષના સ્થાને સહકાર અને શાંતિ સ્થપાય તેમજ યુરોપના દેશોમાં સ્થાયી લોકશાહી અને માનવ અધિકારો અને ન્યાય આધારિત શાસન વ્યવસ્થા તથા કાયદાનું શાસન સ્થપાય વગેરે ઉમદા હેતુઓને સિદ્ધ કરવા માટે યુરોપિયન સંઘની સ્થાપના કરવામાં આવી છે. યુરોપિયન સંઘના સભ્ય રાષ્ટ્રો વચ્ચે લોકો, સામાન, સેવાઓ અને મૂડીનું પરસ્પર મુક્ત રીતે આદાન-પ્રદાન થઈ શકે, એક જ મુક્ત બજાર અને એક જ ચલણી નાણું પ્રવર્તે તેવા પ્રયત્નો અને જોગવાઈઓ કરવામાં આવી છે. યુરોપિયન સંઘના યુરોએરિયા કે યુરોઝોન તરીકે ઓળખાતા 19 રાષ્ટ્રોમાં સામાન્ય ચલણ તરીકે યુરોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. હાલમાં તેના સભ્ય રાષ્ટ્રોની સંખ્યા 28 છે. યુરોપિયન સંઘને યુરોપમાં સુલેહ શાંતિ જાળવવા તથા લોકશાહી અને માનવ અધિકારોના સંવર્ધન બદલ વર્ષ 2012 માં નોબલ પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું છે.

## મુખ્ય વૈશ્વિક સમસ્યા પરત્વે ભારતનો અભિગમ : માનવ અધિકારો, નિ:શસ્ત્રીકરણ અને વૈશ્વિકીકરણ

અહીં આપણે માનવ અધિકારો, નિ:શસ્ત્રીકરણ અને વૈશ્વિકીકરણ જેવા વિશ્વના મહત્ત્વના અને મુખ્ય પ્રશ્નો પરત્વે ભારતીય અભિગમની ચર્ચા કરીશું.

## માનવ હકો-અધિકારો અંગે ભારતનો અભિગમ

મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક હકોનો હકદાર બને છે, માટે આ હકોને 'માનવહકો' તરીકે ઓળખવામાં આવે છે. વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે અધિકારો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અધિકારો દ્વારા વ્યક્તિને પોતાની ક્ષમતા અને અપેક્ષા અનુસાર વિકાસ કરવા માટેનું હકારાત્મક વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. આથી કહી શકાય કે અધિકારો એટલે એવા પ્રકારનું હકારાત્મક વાતાવરણ કે જેમાં રહીને વ્યક્તિ પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે. રાજ્ય દ્વારા વ્યક્તિને આવું વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. 10 ડિસેમ્બર, 1948 ના રોજ સંયુક્ત રાષ્ટ્ર (યુએન-UN) ની મહાસભાએ 'માનવહકોની વૈશ્વિક ઘોષણા' (યુનિવર્સલ ડેકલેરેશન ઓફ હ્યુમન રાઈટ્સ)ને સ્વીકૃતિ આપી, તેમાં બધા જ માનવહકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આની પાછળનો મુખ્ય હેતુ એવી પરિસ્થિતિ સર્જવાનો છે કે વિશ્વનાં રાજ્યો અગત્યના હકોનો સ્વીકાર કરીને પોતાના નાગરિકને તે આપે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે થયેલ માનવહકોનો સ્વીકાર હકોનું મહત્ત્વ દર્શાવે છે. તેથી જ આપણે 10 મી ડિસેમ્બરને 'માનવ અધિકાર દિન' તરીકે મનાવીએ છીએ.

ભારત, વ્યક્તિના અધિકારોમાં વિશ્વાસ ધરાવે છે અને તેથી પોતાના રાષ્ટ્રના નાગરિકોના માનવ અધિકારોના જતન માટે પ્રયત્નશીલ છે. આ ઉપરાંત ભારતે વિશ્વના નાગરિકોના માનવ અધિકારોના સંરક્ષણ અને સંવર્ધન માટે હિમાયત કરી છે. એટલું જ નહીં વિશ્વના નાગરિકોના માનવ અધિકારોના પાલન માટે સંનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. ભારત, સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવ અધિકાર ઘોષણા પત્રમાં વિશ્વાસ ધરાવે છે તેમજ તેના અમલ અને રક્ષણ માટે હંમેશાં પ્રયત્નો કર્યા છે. વિશ્વમાં પ્રવર્તતા જાતીય ભેદભાવનો કાયમ વિરોધ કર્યો છે તેમજ વિશ્વના દેશોમાં અસ્તિત્વ ધરાવતા જાતીય ભેદભાવોની નાબૂદી માટે ભારતે પોતાનો ફાળો આપ્યો છે.

## નિ:શસ્ત્રીકરણ અંગે ભારતનો અભિગમ

વિશ્વમાં શાંતિ અને સલામતીની સ્થાપના અને જાળવણી માટે નિ:શસ્ત્રીકરણ ખૂબ જ મહત્ત્વની બાબત છે. વિશ્વનાં રાષ્ટ્રો વચ્ચે જોવા મળતી વિવિધ પ્રકારનાં શસ્ત્રો વધારવાની સ્પર્ધા વિશ્વમાં અશાંતિ અને અસલામતીનો માહોલ સર્જે છે. વિશ્વનાં રાષ્ટ્રો વચ્ચે શસ્ત્રીકરણની જે દોટ શરૂ થઈ છે તે ખરેખર ચિંતાનો વિષય છે. અણુશસ્ત્રો ક્ષણમાં વિનાશ કરી શકે તેમ છે માટે વિશ્વમાંથી ઘાતક અને વિનાશક શસ્ત્રો નાબૂદ થાય તે અત્યંત જરૂરી છે. આમ, નિ:શસ્ત્રીકરણ દ્વારા જ વિશ્વ પ્રગતિ સાધી શકે તેમ છે.

સામાન્ય રીતે નિ:શસ્ત્રીકરણ એટલે સામૂહિક વિનાશ કરનારાં શસ્ત્રોની સંપૂર્ણ નાબૂદી તેવો અર્થ કરી શકાય. નિ:શસ્ત્રીકરણ એ એવી પ્રક્રિયા છે જેમાં શસ્ત્રોનો ઘટાડો, નિયંત્રણ અને નાબૂદી કરવાનું કાર્ય હાથ ધરવામાં આવે છે. નિ:શસ્ત્રીકરણમાં શસ્ત્રોનો ઘટાડો અને નાબૂદી ઉપરાંત રાષ્ટ્રોના લશ્કરી દળોના કદમાં પણ ઘટાડો કરવા પર ભાર મૂકવામાં આવે છે.

પ્રથમ વિશ્વ યુદ્ધ બાદ રાષ્ટ્રસંઘ (લીગ ઓફ નેશન્સ) દ્વારા નિઃશસ્ત્રીકરણ માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પણ નિઃશસ્ત્રીકરણની દિશામાં સઘન પ્રયત્નો થઈ રહ્યા છે. નિઃશસ્ત્રીકરણ અંગે હેગ શાંતિ પરિષદથી લઈને અત્યાર સુધી ઘણી શિખર પરિષદો યોજાઈ છે. શિખર પરિષદોમાં નિઃશસ્ત્રીકરણ અંગેની ચર્ચા વિચારણામાં ભારતે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘની સામાન્ય સભામાં નિઃશસ્ત્રીકરણ વિષે ચર્ચા કરી, આ અંગે વિશ્વ જનમત કેળવવા પ્રયત્નો કર્યા છે. ભારત વિશ્વશાંતિના ધ્યેયને વરેલું હોવાથી નિઃશસ્ત્રીકરણની હિમાયત કરે છે. ભારત અણુ ઊર્જાનો ઉપયોગ શાંતિ અને લોકોના કલ્યાણ અર્થે કરવામાં માને છે.

## વૈશ્વિકીકરણના સંદર્ભમાં રાજ્યની ભૂમિકા

ભારતે વર્ષ 1991 પછી નવી આર્થિક નીતિ અમલમાં મૂકી છે. નવી આર્થિક નીતિના ભાગરૂપે ભારતમાં ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણનો આરંભ લગભગ એકસાથે થયો છે. એટલે એ ત્રણેય પ્રક્રિયાઓ હેઠળ રાજ્યની ભૂમિકા શી હોવી જોઈએ એની થોડી ચર્ચા કરીએ.

ઉદારીકરણ અને ખાનગીકરણ આપણા અર્થતંત્રના આંતરિક પાસાંને વધુ સ્પર્શે છે. જ્યારે વૈશ્વિકીકરણ તેના બાહ્ય પાસાંને વધુ સ્પર્શે છે. જોકે આ બન્ને પાસાંઓ અને ત્રણે પ્રક્રિયાઓ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલી છે અને એકબીજાને અસર કરે છે. વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણ કોને કહેવાય તે અંગે ટૂંકમાં ખ્યાલ મેળવીએ.

સામાન્ય રીતે વૈશ્વિકીકરણને આર્થિક દૃષ્ટિએ મૂલવવામાં આવે છે. આથી કહી શકાય કે વૈશ્વિકીકરણ એટલે એવી પ્રક્રિયા જેમાં રાષ્ટ્રીય અર્થતંત્રનું આંતરરાષ્ટ્રીય અર્થતંત્રો સાથે એકીકરણ કરવામાં આવે છે.

ઉદારીકરણ એટલે સરકારી નિયંત્રણો દૂર કરવાં. ઉદારીકરણની નીતિ દ્વારા રાષ્ટ્રમાં આર્થિક વિકાસને વેગ આપવાના હેતુસર વેપાર, ઉદ્યોગો વગેરેને લગતા સરકારી નીતિ-નિયમો, નિયંત્રણો વગેરે હળવા કરવામાં આવે છે. લાયસન્સ-પરમીટ રાજ દૂર કરવામાં આવે છે તેમજ ઉદ્યોગો, વેપાર વગેરે માટે મંજૂરી મેળવવાની સરકારી જટિલ પ્રક્રિયા હળવી કરવામાં આવે છે. આયાત-નિકાસ પરના જકાતદર દૂર કરવામાં આવે છે અથવા તેમાં ઘટાડો કરવામાં આવે છે.

ખાનગીકરણ એટલે જાહેર સાહસોનું ખાનગી સાહસોમાં રૂપાંતરણ કરવું. ખાનગીકરણની પ્રક્રિયામાં રાજ્યની માલિકીના અથવા રાજ્ય હસ્તક ચાલતા ઉદ્યોગો, સેવાઓ, વ્યાપાર વગેરેનું ખાનગી ક્ષેત્રમાં રૂપાંતર કરવામાં આવે છે. ચીજવસ્તુઓ, સેવાઓ વગેરેના ઉત્પાદન, વિતરણ, ભાવ નિયમન વગેરેમાં રાજ્યનો હસ્તક્ષેપ ઘટે છે.

પ્રથમ તો આપણે એક બાબતનો સ્વીકાર કરવો જોઈએ કે આપણી બધી સમસ્યાઓનો ઉકેલ રાજ્ય લાવી શકે તેમ નથી, તેમ એકલું બજાર પણ લાવી શકે તેમ નથી. બન્નેની કેટલીક મર્યાદાઓ છે. જ્યાં રાજ્ય બિનકાર્યસાધક અને બિનકાર્યક્ષમ પુરવાર થાય ત્યાં બજારે ભૂમિકા ભજવવી જોઈએ અને જ્યાં બજાર ન પહોંચે અથવા નિષ્ફળ જાય ત્યાં રાજ્યે ભૂમિકા ભજવવી જોઈએ. એટલું નિશ્ચિત છે કે જ્યાં રાજ્ય નિષ્ફળ જાય ત્યાં ઘેરી કટોકટી ઊભી થયા વિના રહે નહિ. સમાજના વ્યાપક હિતમાં અને નબળા-વંચિત આરક્ષિત સમૂહોના ઉત્કર્ષ અને કલ્યાણ માટે કેટલાંક ક્ષેત્રોમાં રાજ્યની ભૂમિકા મહત્ત્વની રહે છે. એ ભૂમિકા અને કાર્યો બજારને હવાલે કરી શકાય નહિ.

વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના વર્તમાન તબક્કામાં રાજ્યની ભૂમિકા ઘટતી નથી પણ બદલાય છે. કેટલાંક ક્ષેત્રોમાંથી તે ભલે પીછે હટ કરે પણ કેટલાંક અત્યંત મહત્ત્વનાં ક્ષેત્રોમાં તેણે વધુ સક્રિય ભૂમિકા ભજવવાની છે. વૈશ્વિકીકરણનો ધસમસતો પ્રવાહ રોકાયો રોકાવાનો નથી. અનેક કારણો અને પરિબળોનું એ પરિણામ છે. જે પ્રવાહો અને પરિબળોએ એને જન્મ આપ્યો છે અને વેગ આપ્યો છે તે ઠીક-ઠીક લાંબા સમય સુધી ચાલુ રહેવાના છે. એના લાભ અને ગેરલાભ બન્ને છે. આપણા જેવા વિકાસશીલ દેશોને ગેરલાભ થવાની વધુ સંભાવના છે. એણે મોટો પડકાર ઊભો કર્યો છે તો તક પણ પૂરી પાડી છે. જો વૈશ્વિકીકરણને આપણે રોકી શકવાના ન હોઈએ તો એ પડકારને ઝીલી લેવા માટે આપણી ક્ષમતાઓ અને સજ્જતાઓમાં વધારો કરવો જોઈએ અને રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે રાજ્યે અસરકારક ભૂમિકા ભજવવી જોઈએ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) ભારતની વિદેશનીતિના પાયાના સિદ્ધાંતો સમજાવો.

(2) ભારતની વિદેશનીતિને ઘડનારાં પરિબળો જણાવો.

(3) ભારતના પડોશી રાષ્ટ્રો સાથેના સંબંધોની ચર્ચા કરો.

(4) બિનજોડાણવાદ એટલે શું? બિનજોડાણવાદની નીતિમાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરો.

**2. ટૂંક નોંધ લખો :**

(1) બિનજોડાણવાદ (2) ભારત-પાકિસ્તાન સંબંધો

(3) સાર્ક (4) G-20

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) વિદેશનીતિ એટલે શું?

(2) બ્રિક્સ શું છે?

(3) પંચશીલના સિદ્ધાંતો કયા છે?

(4) ભારતે શા માટે બિનજોડાણવાદની નીતિ અપનાવી ?

**4. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) પંચશીલના સિદ્ધાંતોનો સૌ પ્રથમ સ્વીકાર ક્યારે કરવામાં આવ્યો ? ☐

(અ) 1952 (બ) 1954 (ક) 1956 (ડ) 1958

(2) ભારતની દક્ષિણે કયો મહાસાગર આવેલો છે ? ☐

(અ) પ્રશાંત મહાસાગર (બ) હિંદ મહાસાગર (ક) અરબ સાગર (ડ) બંગાળનો ઉપસાગર

(3) ભારત વસતીની દૃષ્ટિએ વિશ્વમાં કયું સ્થાન ધરાવે છે ? ☐

(અ) પ્રથમ (બ) બીજું (ક) ત્રીજું (ડ) સાતમું

(4) કયા દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે ? ☐

(અ) 20 મી જૂન (બ) 21મી જૂન (ક) 26 મી જૂન (ડ) 1લી જૂન

(5) સાર્કનું વડું મથક ક્યાં આવેલું છે ? ☐

(અ) દિલ્હી (બ) કાઠમંડુ (ક) લાહોર (ડ) ઢાકા

(6) નીચેના પૈકી કયું રાષ્ટ્ર સાર્કનું સભ્ય નથી ? ☐

(અ) ભારત (બ) ચીન (ક) નેપાળ (ડ) પાકિસ્તાન

(7) વર્ષ 2009 માં બ્રિક્સની પ્રથમ પૂર્ણ કક્ષાની શિખર પરિષદ ક્યાં યોજાઈ હતી ? ☐

(અ) ભારત (બ) રશિયા (ક) ચીન (ડ) બ્રાઝિલ

(8) યુરોપિયન સંઘના કુલ સભ્ય રાષ્ટ્રોની સંખ્યા કેટલી છે ? ☐

(અ) 24 (બ) 26 (ક) 28 (ડ) 30

**પ્રવૃત્તિ**

- ચર્ચાસભા ગોઠવો-ભારતની બિનજોડાણવાદની નીતિની પ્રસ્તુતતા.

●

# 7 સંયુક્ત રાષ્ટ્ર

મનુષ્યો પોતાની જરૂરિયાતો સંતોષવા માટે જુદી-જુદી સંસ્થાઓની રચના કરે છે. સંયુક્ત રાષ્ટ્ર ( United Nations Organization- U.N.O., હવે માત્ર U.N. તરીકે ઓળખાય છે) પણ એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જુદાં-જુદાં રાષ્ટ્રોએ મળીને આ સંસ્થાનું નિર્માણ કર્યુ છે. પોતાના ધ્યેયો સિદ્ધ કરવા માટે સભ્ય રાષ્ટ્રો અવાર-નવાર મળે છે. દરેક રાષ્ટ્રને આ સંસ્થાના સભ્ય બનવું કે નહિ તે અંગેનો નિર્ણય લેવાની સ્વતંત્રતા છે. કોઈ રાષ્ટ્રને યુ.એન. ના સભ્ય બનવા માટે ફરજ પાડી શકાતી નથી. એટલું જ નહીં, યુ. એન. નું કોઈ સભ્યરાષ્ટ્ર પોતાના સભ્યપદનો ત્યાગ પણ કરી શકે છે.

**સંયુકત રાષ્ટ્રની સ્થાપના માટેનાં જવાબદાર પરિબળો**

1914 થી 1918 દરમ્યાન જુદાં-જુદાં રાજ્યો વચ્ચે પ્રથમ વિશ્વયુદ્ધ લડાયું. વિશ્વરાજકારણમાં આ ઘટના અભૂતપૂર્વ હતી. આ યુદ્ધના અંતે ફરીથી વિશ્વયુદ્ધ ન થાય તે માટે, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા, આંતરરાષ્ટ્રીય સહકારમાં વૃદ્ધિ કરવા, રાજ્યો વચ્ચે ખુલ્લા અને ન્યાયી સંબંધો સ્થાપવા, આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન થાય તથા ન્યાયની જાળવણી થાય તે માટે રાષ્ટ્રસંઘ નામની સંસ્થા ( The League of Nations) ની રચના કરવામાં આવી હતી. પરંતુ આ સંસ્થા મોટાભાગે તેના હેતુઓ સિદ્ધ કરવામાં નિષ્ફળ રહી.

1939 થી 1945 દરમ્યાન બીજું વિશ્વયદ્ધ થયું જેમાં મોટી સંખ્યામાં માનવસંહાર થયો. આવો માનવસંહાર આ પૂર્વે ક્યારેય થયો ન હતો. જેના પરિણામે એક એવી સંસ્થાની જરૂરિયાત ઊભી થઈ જે ભવિષ્યમાં લોકોને યુદ્ધની પીડાથી બચાવે. આ અનિવાર્યતાને ધ્યાનમાં લેતાં બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જ સંયુકત રાષ્ટ્રસંઘ ( U.N.) નામની સંસ્થાની રચના માટે મંત્રણાઓ શરૂ થઈ. આ મંત્રણાઓના અંતે 26 જૂન, 1945 ના રોજ સાનફ્રાન્સિસ્કો પરિષદમાં સંયુકત રાષ્ટ્રસંઘના ખતપત્ર (ચાર્ટર) પર એકાવન સભ્યરાજ્યોએ સહી કરી અને તેનો સ્વીકાર કર્યો તથા 24 મી ઓકટોબર, 1945 ના દિવસે સંયુકતરાષ્ટ્રસંઘ નામની સત્તાવાર જાહેરાત સાથે આ સંસ્થા અસ્તિત્વમાં આવી. તેથી 24 મી ઓકટોબરના દિવસને સંયુકતરાષ્ટ્ર દિન ( U.N. Day) તરીકે ઓળખવામાં આવે છે.

આ સંસ્થાના ખતપત્રમાં 19 પ્રકરણો અને 111 કલમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. સંયુકત રાષ્ટ્રોનું મુખ્ય મથક યુ. એસ.માં ન્યુયોર્ક શહેર ખાતે છે.



સંયુકત રાષ્ટ્ર પોતાની પોસ્ટ ઓફિસ ધરાવે છે અને પોતાની ટપાલ ટિકિટો બહાર પાડે છે.

સંયુકતરાષ્ટ્રના મહત્ત્વના હેતુઓ ટૂંકમાં નીચે પ્રમાણે છે.

1. ભવિષ્યમાં લોકોને યુદ્ધની પીડાથી બચાવવા.
2. માનવ હક્કોમાં દૃઢ વિશ્વાસ ઉત્પન્ન કરવો.
3. સમગ્ર માનવ જાતના આર્થિક અને સામાજિક વિકાસને વેગ આપવો.
4. સમાનહક્કો તેમજ પ્રજાના આત્મનિર્ણયના સિદ્ધાંતના આધારે રાષ્ટ્રો વચ્ચે મૈત્રીભર્યા સંબંધો સ્થાપવા.

**સંયુકતરાષ્ટ્રના પાયાના સિદ્ધાંતો :**

આ સંસ્થાના મહત્ત્વના સિદ્ધાંતો નીચે પ્રમાણે છે.

1. સાર્વત્રિક સમાનતાના સિદ્ધાંત પ્રમાણે સભ્ય રાષ્ટ્રોની સમાનતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. તેને અનુસરીને જ 'એક સભ્યરાજ્ય એક મત' નો સ્વીકાર તથા અમલ કરવામાં આવ્યો છે. છતાં પણ સલામતી સમિતિમાં પાંચ કાયમી સભ્ય

રાજ્યોની વ્યવસ્થાનું નિર્માણ કરીને તેમજ તેમને નિષેધાધિકાર (Veto Power) ની સત્તા આપીને તત્કાલીન વાસ્તવિકતાનો સ્વીકાર પણ કરવામાં આવ્યો છે.

2. તમામ સભ્યોએ ખતપત્ર દ્વારા સ્વીકારેલી જવાબદારીઓ વફાદારીપૂર્વક બજાવવી તેવું સ્વીકારવામાં આવ્યું છે.
3. તમામ સભ્યરાજ્યોએ પોતાના આંતરરાષ્ટ્રીય મતભેદોને શાંતિમય ઉપાયો દ્વારા ઉકેલવા.
4. સભ્યરાજ્યોએ પોતાના આંતરરાષ્ટ્રીય સંબંધો એવી રીતે કેળવવા કે જેથી કોઈ અન્ય સભ્યરાજ્યની પ્રાદેશિક એકતા સામે કે રાજકીય સ્વાતંત્ર્ય સામે ધમકી કે બળનો ઉપયોગ ન કરવો પડે.
5. ખતપત્ર અનુસાર જે કોઈ કામગીરી હાથ ધરવામાં આવે તેમાં તમામ સભ્યરાજ્યોએ સહાય કરવી, જે રાજ્ય સામે સંયુક્તરાષ્ટ્ર પગલાં લે તે રાજ્યને મદદ કરવી નહીં.
6. કોઈ પણ રાજ્યની આંતરિક બાબતોમાં સંયુક્તરાષ્ટ્ર કોઈ દખલ કરશે નહીં.
7. સંયુક્તરાષ્ટ્રના સભ્ય ન હોય તેવાં રાજ્યો પણ આ સિદ્ધાંતો પ્રમાણે વર્તે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા પ્રયાસ કરવો.





**સંયુક્તરાષ્ટ્રનાં અંગો, રચના અને કાર્યો :**

સંયુક્તરાષ્ટ્ર પોતાના હેતુઓને સારી રીતે સિદ્ધ કરી શકે તે માટે તેનાં જુદાં-જુદાં અંગોની રચના કરવામાં આવી છે. જે નીચે પ્રમાણે છે.

**(1) સામાન્ય સભા ( General Assembly )**

સંયુક્તરાષ્ટ્રના તમામ સભ્યરાજ્યો આ સભાનું સભ્યપદ મેળવે છે. સભ્યપદ મેળવવા માટે સલામતી સમિતિની ભલામણ અનિવાર્ય ગણાય છે, તે પછીથી જ સામાન્યસભા તે રાજ્યને સભ્યપદ આપે છે. હાલ 2016માં સામાન્યસભાની સભ્યસંખ્યા 193 છે. 14 જુલાઈ 2011 ના રોજ દક્ષિણ સુદાન સંયુક્ત રાષ્ટ્રોનું સભ્ય બન્યું. આ સભામાં દરેક સભ્યરાજ્ય પાંચ કરતાં વધુ પ્રતિનિધિઓ મોકલી શકે નહીં. દર વર્ષે સામાન્યસભાની બેઠક મળે છે. જેમાં પ્રસ્તુત મુદ્દે દરેક સભ્યરાજ્યને એક જ મત આપવાનો અધિકાર છે. સામાન્યસભાની દરેક બેઠકની શરૂઆતમાં 1 પ્રમુખ અને 21 ઉપપ્રમુખોની ચૂંટણી કરવામાં આવે છે.

સામાન્યસભા સંયુક્તરાષ્ટ્રના ખતપત્રનું કાર્યક્ષેત્ર જે બાબતો તથા પ્રશ્નોને આવરી લે છે, તે અંગે તેમજ સંયુક્તરાષ્ટ્રોના બીજા અંગોની સત્તાઓ અને કાર્યો સંબંધે ચર્ચા કરે છે. વિશ્વશાંતિ જળવાય, માનવઅધિકારોનું રક્ષણ અને જતન થાય અને આંતરરાષ્ટ્રીય કાયદાનો વિકાસ થાય તે માટે પ્રયત્નો કરે છે. તે સંયુક્તરાષ્ટ્રોના અન્ય અંગોના સભ્યોની ચૂંટણી કરે છે. દા.ત. સલામતી સમિતિના દસ બિનકાયમી સભ્યોની, આંતરરાષ્ટ્રીય ન્યાયની અદાલતના 15 ન્યાયાધીશોની તેમજ સલામતી સમિતિની ભલામણ પછી મહામંત્રીની ચૂંટણી કરે છે. જ્યારે સંયુક્તરાષ્ટ્રોના ખતપત્રમાં ફેરફાર કરવાની જરૂર જણાય ત્યારે 2/3 સભ્યોની બહુમતીથી સામાન્યસભા ફેરફાર કરી શકે છે. આ ઉપરાંત સંયુક્તરાષ્ટ્રના અંદાજપત્રને મંજૂરી આપવાની કામગીરી બજાવે છે.

**(2) સલામતી સમિતિ ( Security Council )**

સંયુક્તરાષ્ટ્રના આ અંગની રચના કુલ 15 સભ્યોથી થાય છે. જેમાં 5 કાયમી સભ્યો છે. જેવા કે-યુ.એસ., રશિયા, યુ.કે., ફ્રાંસ અને ચીન. આ કાયમી સભ્યો એ અર્થમાં કાયમી ગણાય છે કે સંયુક્તરાષ્ટ્રોનું અસ્તિત્વ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી તેમનું સભ્યપદ ચાલુ રહેશે. આ કાયમી સભ્યો બિનકાયમી સભ્યો કરતાં વિશેષ સત્તા ધરાવે છે. દા.ત. નિષેધાધિકાર (Veto Power). સલામતી સમિતિના કાયમી સભ્ય દેશને નકારાત્મક મત આપવાની અસાધારણ સત્તા એટલે ‘વીટો’ (Veto). આ સંસ્થામાં 10 બિનકાયમી સભ્યો હોય છે. બિનકાયમી સભ્યોની ચૂંટણી સામાન્યસભા 2/3 બહુમતીથી બે વર્ષના સમયગાળા માટે કરે છે. નિવૃત્ત થતું સભ્યરાજ્ય તરત જ આ અંગનું સભ્યપદ મેળવી શકે નહીં. સલામતી સમિતિ સતત કાર્યરત રહે છે. જ્યારે કાર્યવાહીને લગતી બાબતો અંગે નિર્ણય લેવાનો હોય ત્યારે 15 માંથી 9 સભ્યોની સંમતિ જરૂર ગણાય છે. જેમાં 5 કાયમી સભ્યોની સંમતિ અનિવાર્ય ગણાય છે. મતદાન વખતે જો આ 5 માંથી કોઈ એક મહાસત્તા ગેરહાજર રહે તો તેણે વીટો સત્તાનો ઉપયોગ કર્યો ગણાતો નથી. સલામતી સમિતિના પ્રમુખપદની સમયમર્યાદા એક મહિનાની રાખવામાં આવી છે. આ સમિતિના સભ્યરાજ્યો તેમના નામના અંગ્રેજી વર્ણમાળાના ક્રમ (Alphabetic Order) પ્રમાણે અનુક્રમે પ્રમુખપદ મેળવે છે.

સલામતી સમિતિનું મુખ્ય કામ વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું છે. તે કોઈપણ તકરાર અંગે કે યુદ્ધ તરફ દોરી જતી પરિસ્થિતિ અંગે તપાસ કરી શકે છે. સંયુકતરાષ્ટ્રોમાં નવા રાજ્યને સભ્યપદ આપવું કે નહિ તે અંગેનો તેમજ ચાલુ સભ્યનો બહિષ્કાર કરવા અંગેનો નિર્ણય લેવાનું કાર્ય પણ તે કરે છે. સલામતી સમિતિ સામાન્યસભાના સહકારથી આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

**(3) આર્થિક અને સામાજિક સમિતિ ( The Economic and Social Council)**

આ સમિતિની સભ્યસંખ્યા 54 છે. સામાન્ય સભાના 2/3 સભ્યો દ્વારા તેના સભ્યરાજ્યોની ચૂંટણી થાય છે. આ સભ્યોમાંથી 1/3 સભ્યો એટલે 18 સભ્યો દર વર્ષે નિવૃત્ત થાય છે. બીજી રીતે કહીએ તો 18 સભ્યો દર વર્ષે ત્રણ વર્ષ માટે ચૂંટાય છે. જે સભ્યો નિવૃત્ત થાય છે તેઓ ફરીથી સભ્યપદ મેળવવા માટે યોગ્ય ગણાય છે. વર્ષમાં બે વખત તેની બેઠક મળે છે અને હાજર રહેલ તથા મતદાન કરતા સભ્યોની બહુમતીથી નિર્ણય લેવાય છે. આર્થિક અને સામાજિક સમિતિ કેટલીક આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સંકળાયેલી છે જેવી કે; આંતરરાષ્ટ્રીય અણુશક્તિપંચ (International Atomic Energy Agency -IAEA), સંયુક્તરાષ્ટ્રની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (United Nations Educational Scientific and Cultural Organization - UNESCO), તથા વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organization - WHO) વગેરે.

આંતરરાષ્ટ્રીયક્ષેત્રે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સ્વાસ્થ્ય વગેરે બાબતોનો અભ્યાસ હાથ ધરી તે અંગે અહેવાલો તૈયાર કરે છે અને આ કાર્યો સાથે સંબંધ ધરાવતી સંયુકતરાષ્ટ્રોની અન્ય સંસ્થાઓને તથા સભ્યરાજ્યોને તે સંદર્ભમાં ભલામણો કરે છે.

**(4) વાલીપણાની સમિતિ ( Trusteeship Council )**

સ્વ-શાસન પ્રાપ્ત કર્યું ન હોય તેવા સંસ્થાનોના વહીવટની જવાબદારીઓ જે સભ્યરાજ્યોએ લીધી હોય તેમણે પોતાની જવાબદારીઓ અદા કરતી વખતે ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે- આવા પ્રદેશોની પ્રજાના હિતો અતિમહત્ત્વના છે. વહીવટ સંભાળતા સભ્યરાજ્યોએ સંસ્થાનોના વાલી તરીકેની ફરજ બજાવવાની છે અને પોતાની દેખરેખ નીચેના સંસ્થાનો ઝડપથી સ્વ-શાસન પ્રાપ્ત કરે તે દિશામાં પ્રયત્નો કરવાના છે. આ પ્રમાણે સંસ્થાનો સ્વતંત્રતા પ્રાપ્ત કરી સાર્વભૌમ રાજ્યો બને તે દિશામાં આ સમિતિ કામગીરી બજાવે છે. વાલીપણા સમિતિની રચના આ પ્રમાણે થાય છે : (1) સંસ્થાનોનો વહીવટ સંભાળતા બે સભ્ય રાજ્યો (2) સલામતી સમિતિના કાયમી સભ્યરાજ્યોમાંથી જેઓ સંસ્થાનોનો વહીવટ ન કરતા હોય તેમનો અને (3) જે સભ્યરાજ્યોને સામાન્યસભા ત્રણ વર્ષ માટે આ સમિતિમાં ચૂંટે તેવા સભ્યરાજ્યો.

આ સમિતિની બેઠક દર વર્ષે મળે છે. જે સભ્યરાજ્યો સંસ્થાનોનો વહીવટ કરતા હોય તેમણે તે અંગેનો અહેવાલ વાલીપણા સમિતિને સોંપવાનો હોય છે અને આ સમિતિ તેના પર વિચારણા કરે છે. જે સભ્યરાજયો સંસ્થાનોનો વહીવટ કરતા હોય (અર્થાત્ જેમણે વાલીપણું સ્વીકાર્યું છે તેવા સભ્યરાજ્યો) તેમની સંમતિ પછી આ સમિતિ સંસ્થાનોની મુલાકાત લે છે અને સભ્યરાજયોએ કરેલા કાર્યોની સમીક્ષા કરે છે.

**(5) આંતરરાષ્ટ્રીય અદાલત ( International Court of Justice )**

ન્યાય અને આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતોને અનુસરીને આંતરરાષ્ટ્રીય મતભેદો અથવા તકરારોનો ઉકેલ લાવવાનો છે. આ હેતુને સિદ્ધ કરવા માટે કાયદા નિષ્ણાતોની સમિતિની ભલામણને અનુલક્ષીને આંતરરાષ્ટ્રીય સંધિ દ્વારા આંતરરાષ્ટ્રીય અદાલતની રચના કરવામાં આવેલી છે. આ અદાલતના ન્યાયાધીશોની ચૂંટણી જે-તે દેશની રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા સિવાય કરવામાં આવે છે. જેઓ પોતાના રાજ્યમાં અદાલતનો ઉચ્ચ હોદ્દો ધારણ કરવાની ક્ષમતા ધરાવતા હોય અથવા તો જેઓ આંતરરાષ્ટ્રીય કાયદાના ઊંડા અભ્યાસી હોય તેમને આ સંસ્થાનો હોદ્દો ધારણ કરવા માટે યોગ્ય ગણવામાં આવે છે. આ અદાલતના ન્યાયાધીશોની કુલ સંખ્યા 15 ની છે. એક સભ્યરાજ્યમાંથી એક કરતાં વધારે ન્યાયાધીશની ચૂંટણી કરવામાં આવતી નથી. સામાન્ય સભા અને સલામતી સમિતિ અલગ-અલગ બેઠકમાં તેમની ચૂંટણી કરે છે. ન્યાયાધીશોની સમયાવધિ નવ વર્ષની છે અને આ સમય પૂરો થતાં જ તેઓ ફરીથી ચૂંટાવા માટે યોગ્ય ગણાય છે. આ અદાલત વેકેશન સિવાય સતત ચાલુ રહે છે.

આ અદાલત એક પ્રમુખ અને એક ઉપપ્રમુખની ત્રણ વર્ષ માટે ચૂંટણી કરે છે. આ અદાલતની કાર્યવાહી માટે ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષાને માન્ય રાખવામાં આવી છે. અદાલતી કાર્યવાહી દરમિયાન જો કોઈ પક્ષ આ સિવાયની બીજી ભાષાનો ઉપયોગ કરવાની માંગણી કરે તો તેઓ મંજૂરી આપે છે. ન્યાયાધીશોની બનેલી બેન્ચમાં બહુમતીથી નિર્ણય લેવાય છે. જ્યારે બન્ને પક્ષે સમાન સંખ્યામાં મત પડે છે ત્યારે પ્રમુખ પોતાનો નિર્ણાયક મત (Casting Vote) આપે છે.

આ અદાલતના મુખ્ય કાર્યો આ પ્રમાણે છે,

1. આંતરરાષ્ટ્રીય કાયદાનું અર્થઘટન તથા અમલ કરવો.
2. ફરિયાદ આવે ત્યારે તે અંગે નિર્ણય આપવો.
3. સંયુકત રાષ્ટ્રનું કોઈપણ અંગ કે તેની સંસ્થા કોઈ કાનૂન બાબત અંગે સલાહ માંગે તો સલાહ આપવી.

## (6) સચિવાલય ( Secretariat )

સંયુક્ત રાષ્ટ્રની વહીવટી જવાબદારી સચિવાલય સંભાળે છે. મહામંત્રી ( Secretary General ) તેના મુખ્ય વહીવટી અમલદાર ગણાય છે. મહામંત્રીની નિમણૂક સલામતી સમિતિની ભલામણ પછી સામાન્ય સભા પાંચ વર્ષ માટે કરે છે. મહામંત્રીને તેમનાં કાર્યોમાં અગિયાર અંડર સેક્રેટરી જનરલ તથા પાંચ આસિસ્ટન્ટ સેક્રેટરી જનરલ સહાય કરે છે. આ કર્મચારીઓની પસંદગી થયા પછી તેઓ રાષ્ટ્રીય વફાદારીથી પર બનીને કાર્યો કરે છે. તેથી તેમને આંતરરાષ્ટ્રીય સનદી અમલદારો તરીકે ઓળખવામાં આવે છે. તે અમલદારો સંયુક્ત રાષ્ટ્રની બહાર આવેલી કોઈપણ સંસ્થા કે રાજ્ય તરફથી સૂચનાઓ મેળવી શકતા નથી.

સંયુક્તરાષ્ટ્રના મહામંત્રીને યુ.એન. દ્વારા ખૂબ જ મહત્ત્વની કામગીરી સોંપવામાં આવી છે. વિશ્વશાંતિ જાળવવાની દિશામાં પહેલ કરવાનો અધિકાર મહામંત્રીને આપવામાં આવ્યો છે. મહામંત્રી આંતરરાષ્ટ્રીય અદાલત સિવાયના ચાર રાજકીય અંગોની તમામ બેઠકોમાં મુખ્ય વહીવટી અધિકારી તરીકે હાજરી આપે છે. આ અંગો મહામંત્રીને જે કામગીરી સોંપે તે તેમણે બજાવવાની હોય છે. દર વર્ષે મહામંત્રી સચિવાલયની કામગીરીનો અહેવાલ સામાન્ય સભા સમક્ષ રજૂ કરે છે.

**સંયુક્તરાષ્ટ્ર સમક્ષના પડકારો અને સફળતા :**

હેતુ અને સિદ્ધાંતોના સંદર્ભમાં યુ.એન. એ જે પડકારોનો સામનો કરવો પડે છે તે આ પ્રમાણે છે.

- ❖ ત્રાસવાદ અને વંશીય અથડામણોનો વધતો જતો ખતરો તથા શરણાર્થીઓના પ્રશ્નો
- ❖ માનવહકોના ભંગની નિરંતર બનતી ઘટનાઓ
- ❖ જેમાં લોકોની સક્રિય અને અર્થપૂર્ણ સામેલગીરી હોય તેવી લોકશાહી રાજકીય વ્યવસ્થાના સાર્વત્રિક સ્વીકારનો અભાવ
- ❖ વૈશ્વિક પર્યાવરણ સામે ઊભો થતો ગંભીર ખતરો
- ❖ વ્યાપક ગરીબી અને ભૂખમરાની વધતી જતી સમસ્યા
- ❖ અણુશસ્ત્રો, રાસાયણિકશસ્ત્રો તથા જૈવિકશસ્ત્રોનું ઉત્પાદન અને વિસ્તરણ

આજસુધી ત્રીજું વિશ્વયુદ્ધ ન થયું એ જ સંયુક્ત રાષ્ટ્રની સૌથી મોટી સફળતા ગણાવી શકીએ. સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના પછી ત્રીજું વિશ્વ યુદ્ધ થઈ શકે એવી કેટલીક ઘટનાઓ બની હતી. જેમ કે,

**(I) બર્લિન કટોકટી :-** બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીની હાર થતાં USSR-યુ.એસ.એસ.આર.(Union of Soviet Socialist Republic - સોવિયેત યુનિયન), ફ્રાંસ, યુ.એસ.એ. અને યુ.કે.ના લશ્કરોએ જર્મનીનો કબજો કર્યો હતો. આ ચારેય દેશોના લશ્કરો જર્મનીમાં ઘુસી ગયા હતાં અને એક પણ રાષ્ટ્ર પોતાનો અધિકાર જતો કરવા તૈયાર ન હતું. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુ.કે., યુ.એસ.એ. અને સોવિયેત સંઘ વચ્ચે યાલ્ટા અને પોસ્ટડામ ખાતે જર્મની સંબંધે સમજૂતીઓ થઈ હતી. યાલ્ટા સમજૂતી પ્રમાણે જર્મનીનું ત્રણ વિભાગમાં વિભાજન કરવાનો નિર્ણય લેવાયો હતો તે પ્રમાણે પૂર્વ જર્મની પર યુ.એસ.એસ.આર. ના અધિકારક્ષેત્રનો સ્વીકાર થયો, જ્યારે પશ્ચિમ જર્મનીનું યુ.કે., યુ.એસ.એ. અને ફ્રાંસના અધિકારક્ષેત્રમાં વિભાજન કરવાનું નક્કી થયું હતું. પરંતુ યુ.એસ.એસ.આર.ના અધિકારક્ષેત્રમાં આવેલા પૂર્વ જર્મનીમાં રહેલા બર્લિન શહેરને પણ ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યું હતું. પૂર્વ બર્લિન પર યુ.એસ.એસ.આર. નો જ્યારે પશ્ચિમ બર્લિનના ત્રણ ભાગ પાડી તેમના પર યુ.એસ.એ., યુ.કે. અને ફ્રાંસનો અંકુશ સ્થાપવામાં આવ્યો હતો.

1947 થી બંને સત્તાજૂથો (યુ.એસ.એસ.આર. અને સામ્યવાદી દેશોનું જૂથ તથા યુ.એસ.એ. અને મૂડીવાદી દેશોનું જૂથ) વચ્ચે જર્મની અંગે મતભેદ શરૂ થયો, અને સમગ્ર જર્મની અંગે નિર્ણયો લેવા માટે ચાર સત્તાઓની બનેલી અંકુશ પરિષદ 1948 માં તૂટી પડી. પશ્ચિમ જર્મનીમાં યુ.કે., યુ.એસ.એ. અને ફ્રાંસે આર્થિક અને રાજકીય એકીકરણ કરવાની દિશામાં પગલાં લેવાનું શરૂ કર્યું અને પશ્ચિમ જર્મનીમાં નાણાકીય ચલણનો સુધારો દાખલ કર્યો. પરંતુ સમગ્ર બર્લિનમાં આ સુધારો દાખલ કરી શકાયો નહીં, કારણ કે ત્યાં યુ.એસ.એસ.આર. એ પોતાના તરફથી ચલણી સુધારો દાખલ કર્યો હતો. પશ્ચિમ બર્લિનમાં પ્રવેશવાનો માર્ગ પૂર્વ જર્મનીમાંથી પસાર થતો હતો જેના પર યુ.એસ.એસ.આર.નો અંકુશ હતો. પરિણામે યુ.એસ.એસ.આર. એ પોતાના વિભાગમાં લાગુ કરેલ ચલણના સુધારાની રક્ષા માટે પશ્ચિમ બર્લિનની આસપાસ નાકાબંધીનો અમલ શરૂ કર્યો.

પશ્ચિમી સત્તાઓ માટે આ ખુલ્લો પડકાર હતો. પોતાની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોવાથી આ અંગે નક્કર જવાબ આપ્યા વિના છુટકો ન હતો. આમ, બન્ને સત્તાજૂથો જર્મનીમાં બર્લિન માટે સામ-સામે આવી જવાથી જે કટોકટી સર્જાઈ હતી તેને બર્લિન કટોકટી કહે છે. આ અંગે સંયુક્તરાષ્ટ્રની સલામતી સમિતિમાં પણ પ્રશ્ન ઉઠાવાયો હતો. આ કટોકટીને હળવી બનાવી રાખવામાં સંયુક્તરાષ્ટ્રએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

**(II) સુએઝ નહેરનો પ્રશ્ન :** 1956 માં ઈજિપ્તના કર્નલ નાસરે સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કરતાં યુ.કે. અને ફ્રાન્સના આર્થિક હિતો જોખમાવાને કારણે આ બન્ને રાજ્યો અને ઈઝરાયેલે દુશ્મનાવટને કારણે ઈજિપ્ત પર આક્રમણ કર્યું ત્યારે યુ.એસ.એસ.આર. એ ઈજિપ્તને પ્રોત્સાહન આપતાં વિશ્વશાંતિ ભયમાં મુકાઈ હતી. બિનજોડાણવાદી રાજ્યોએ આ ત્રણે રાજ્યોના સૈનિકોને ઈજિપ્તમાંથી પાછા ખેંચી લેવા અને સુએઝ નહેર માટે આંતરરાષ્ટ્રીય પોલીસદળની સ્થાપના કરવાનો ઠરાવ પસાર કર્યો.

સંયુકતરાષ્ટ્રના કટોકટીદળની પ્રથમ ટુકડી ઇજિપ્તમાં મોકલવામાં આવી અને સામાન્ય સભાએ ત્રણે રાજ્યોને ઇજિપ્તમાંથી સૈનિકો પાછા ખેંચી લેવાનું કહ્યું. તેથી બ્રિટન અને ફ્રાંસે પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા પણ ઇઝરાયલે તેમ ન કર્યું. પરિણામે ઇઝરાયેલને આર્થિક અને લશ્કરી મદદ આપવાનું તમામ રાજ્યો બંધ કરે તેવો ઠરાવ પસાર કરાતાં ઇઝરાયેલે પણ પોતાના સૈનિકો પાછા ખેંચી લીધા. આમ આ સમસ્યાને હલ કરવામાં સંયુકતરાષ્ટ્રને સફળતા મળી.

**(III) ક્યુબાની કટોકટી :** ક્યુબા એ મધ્ય અમેરિકામાં આવેલો મોટો ટાપુ છે. ત્યાં 1959 માં ફિડલ કાસ્ટ્રો સત્તા પર આવ્યા. ફિડલ કાસ્ટ્રો યુ.એસ.એસ.આર. તરફી હોવાને કારણે 1960 માં ક્યુબાને યુ.એસ.એસ.આર. એ અણુશાસ્ત્રો આપવાની જાહેરાત કરી. પરિણામે યુ.એસ.એ. ની સલામતી ભયમાં મુકાવાને કારણે પ્રમુખ કેનેડીએ 1962 માં વળતાં પગલાં તરીકે ક્યુબા ફરતી નાકાબંધી જાહેર કરી. જેથી ક્યુબામાં લશ્કરી થાણાઓને અણુશસ્ત્રોથી સુસજજ કરનારી સામગ્રી ત્યાં આવી શકે નહીં. આમ, બે મહાસત્તાઓ સામ-સામે આવી જતાં ઠંડાયુદ્ધમાં વેગ આવ્યો ને ત્રીજા વિશ્વયદ્ધની શકયતા ઊભી થાય તેવી પરિસ્થિતિ નિર્માણ પામી. સંયુકતરાષ્ટ્રના મહામંત્રી ઉથાંટે યુ.એસ.એસ.આર.ના રાજનેતા કૃષ્ચોવ, યુ.એસ.એ.ના પ્રમુખ કેનેડી તથા ક્યુબાના રાજનેતા કાસ્ટ્રો વચ્ચે સમજૂતી સધાય તે માટેની ભૂમિકા પૂરી પાડીને વિશ્વશાંતિ જાળવવામાં અગત્યની ભૂમિકા ભજવી.

**(IV) નિઃશસ્ત્રીકરણ અંગેના પ્રયત્નો :** 1969 માં સંયુકતરાષ્ટ્રએ રાસાયણિક ને જીવાણુશસ્ત્રોનો ઉપયોગ કરવો એ આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ છે તેવું જાહેર કર્યુ. સંયુકતરાષ્ટ્રએ 1970 ના દાયકાને નિઃશસ્ત્રીકરણના દાયકા તરીકે જાહેર કર્યો. 5 મી માર્ચ, 1970 ના રોજ અણુબિનપ્રસારણ સંધિ અમલમાં આવી અને 100 જેટલાં રાજ્યોએ તેના પર સહી કરી. તે નિઃશસ્ત્રીકરણની દિશામાં ભરાયેલું મહત્ત્વનું પગલું હતું.

**(V) સ્ત્રી સશક્તિકરણની દિશામાં પ્રયત્નો :** 1975 થી 1985 ના દાયકાને સ્ત્રીઓના દાયકા તરીકે સંયુકતરાષ્ટ્રએ ઘોષણા કરી હતી. જેને પરિણામે વિશ્વની મોટાભાગની સરકારોએ સ્ત્રીઓના વિકાસ માટે સંસ્થાઓ સ્થાપી છે.

આ ઉપરાંત એન્ટાર્કટીક વિસ્તારમાં લશ્કરી પ્રવૃત્તિઓ અને અણુપ્રયોગો નહીં કરવાનું સ્વીકારીને તથા લેટિન અમેરિકાને અણુમુકત વિસ્તાર જાહેર કરી વિશ્વશાંતિ જાળવવામાં સંયુકતરાષ્ટ્રએ અમૂલ્ય ફાળો આપ્યો છે. એશિયા- આફ્રિકામાં અનાજ અને દવાઓની સહાય કરીને ભૂખમરા તેમજ રોગચાળા સામે સુરક્ષા પૂરી પાડીને માનવતાના કાર્યો કર્યાં છે. નિરાશ્રિતો માટે સંયુકતરાષ્ટ્રના હાઈકમિશનરનું કાર્યાલય The Office of the United Nations High Commissioner for Refugees (UNHCR) જેવી સંસ્થાઓ પણ વિવિધક્ષેત્રે સેવાઓ આપી રહી છે. શરણાર્થીઓના હિતમાં આ સંસ્થાએ કરેલાં કાર્યો માટે 1954 માં અને 1981 માં શાંતિ માટેના એમ કુલ બે નોબલ પુરસ્કાર આ સંસ્થાને મળ્યા છે. આ સંસ્થાનું વડુ મથક જિનેવા-સ્વિટ્ઝરલેન્ડ ખાતે છે.

**સંયુકતરાષ્ટ્રમાં ભારતની ભૂમિકા :**

સંયુકતરાષ્ટ્રની સ્થાપના થઈ ત્યારથી જ ભારત એની સાથે ગાઢ રીતે સંકળાયેલું રહ્યું છે. આ વિશ્વસંસ્થાના ધ્યેયો અને પાયાના સિદ્ધાંતોને સુસંગત રહીને ભારતે તેની વિદેશનીતિ ઘડી છે અને એ રીતે તેનો અમલ કર્યો છે. ભારતે પોતાના રાષ્ટ્રીયહિતો જાળવીને સંયુકતરાષ્ટ્રની વિવિધ પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે અને સૌએ તેની કદર પણ કરી છે.

આપણા બંધારણની કલમ-51 જણાવે છે કે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી વધે તેમજ આંતરરાષ્ટ્રીય તકરારોનું શાંતિમય રીતે સમાધાન થાય તે દિશામાં સરકારે પ્રયાસો કરવા. આમ, સંયુકત રાષ્ટ્રોના ધ્યેયોનો પડઘો આપણા બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ઝિલાયો છે.

ભારતે ત્રાસવાદ, સંસ્થાનવાદ, સામ્રાજ્યવાદ, રંગભેદ અને જાતિવાદ સામેના વિરોધમાં અગ્રણી ભૂમિકા ભજવી છે. ટ્યુનિશિયા, અલ્જિરિયા અને મોરોક્કો જેવા ફ્રેન્ચ સંસ્થાનોને સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય તે માટેના પ્રયાસોને ભારતે ટેકો આપ્યો છે. દક્ષિણ આફ્રિકાની રંગભેદ વિરોધી ચળવળોમાં ભારતે ટેકો આપ્યો હતો.

સંયુકતરાષ્ટ્ર પાસે પોતાનું કાયમી સૈન્ય હોતું નથી આથી જ્યારે-જ્યારે શાંતિ સ્થાપવા માટે આંતરરાષ્ટ્રીય સૈન્યની જરૂર ઊભી થઈ છે ત્યારે ત્યારે ભારતે પોતાનું સૈન્ય મોકલીને શાંતિ સ્થાપક તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગાઝા, સાઇપ્રસ, કોંગો જેવા દેશોમાં ઊભી થયેલી કટોકટી વખતે ભારતે પોતાનું સૈન્ય મોકલીને શાંતિ સ્થાપવામાં મદદ કરી છે. કોરિયાના યુદ્ધમાં ઘવાયેલા સૈનિકોની સારવાર કરવા ભારતે ડૉકટરોની ટીમ મોકલી હતી. કોરિયાના યુદ્ધવિરામ પછી તેના ઉપર દેખરેખ રાખવા માટે નીમવામાં આવેલા તટસ્થ દેશોના કમિશનના અધ્યક્ષ તરીકે ભારતે મહત્ત્વની ભૂમિકા ભજવેલી. એ જ રીતે વિયેતનામ, લાઓસ, કમ્બોડિયા અને ફ્રાન્સ વચ્ચે થયેલ યુદ્ધવિરામનો અમલ કરવા માટે નીમવામાં આવેલા આંતરરાષ્ટ્રીય કમિશનના અધ્યક્ષપદે પણ ભારતે નોંધપાત્ર ભૂમિકા ભજવેલી. આમ, 1950 અને 1960 ના દાયકા દરમ્યાન જુદા-જુદા દેશોમાં ઊભી થયેલી ગંભીર કટોકટીઓ વખતે શાંતિસ્થાપક અને યુદ્ધવિરામનો અમલ કરાવનાર એક તટસ્થ અને નિષ્પક્ષ રાષ્ટ્ર તરીકે ભારતે ઘણી મહત્ત્વની કામગીરી બજાવી છે.

ભારતે હંમેશાં નિઃશસ્ત્રીકરણને ટેકો આપેલો છે. પરમાણુશસ્ત્રોના સંપૂર્ણ નિઃશસ્ત્રીકરણની જોરદાર હિમાયત ભારતે કરી છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે શાંતિ, સહકાર અને સમજણના સેતુઓ રચાય તો લશ્કરો પાછળ થતો મબલખ ખર્ચ ઘટાડી શકાય અને શસ્ત્રીકરણ પાછળ ખર્ચાતા નાણાં તથા સંસાધનોનો ઉપયોગ લોકોના આર્થિકવિકાસ માટે કરી શકાય એવું ભારત સતત માનતું આવ્યું છે.

સંયુક્તરાષ્ટ્રની સલામતી સમિતિના બિનકાયમી સભ્યપદે ભારત ઘણીવાર ચૂંટાઈ આવ્યું છે. વાલીપણા સમિતિના સભ્યપદે ભારતે બાર વર્ષ સુધી કામગીરી બજાવી છે. 1952 માં સામાન્યસભાના અધિવેશનના પ્રમુખ તરીકે શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત ચૂંટાઈ આવેલાં. યુનેસ્કોના અધ્યક્ષ તરીકે ડૉ. રાધાકૃષ્ણન, આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયમૂર્તિઓ તરીકે ડૉ. નગેન્દ્ર સિંહ અને આર.એસ. પાઠકે પોતાની સેવાઓ આપેલી છે. હાલ, વર્ષ 2016માં ન્યાયમૂર્તી શ્રી દલવીર ભંડારી આંતરરાષ્ટ્રીય અદાલતમાં ન્યાયાધીશ તરીકે સેવા આપી રહ્યાં છે. તેઓશ્રી 27 એપ્રિલ 2012થી આ પદ પર નિયુક્ત થયાં છે.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો**

(1) સંયુક્તરાષ્ટ્રની સ્થાપના માટેના જવાબદાર પરિબળો જણાવો.
(2) સંયુક્તરાષ્ટ્રના હેતુઓ જણાવો.
(3) સંયુક્તરાષ્ટ્રના પાયાના સિદ્ધાંતો જણાવો.
(4) સંયુક્તરાષ્ટ્ર સામે કયા પડકારો છે ?

**2. ટૂંકનોંધ લખો.**

(1) સામાન્ય સભા (2) સલામતી સમિતિ
(3) વાલીપણા સમિતિ (4) ક્યુબાની કટોકટી
(5) સુએઝ નહેરનો પ્રશ્ન (6) બર્લિન કટોકટી

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) નિષેધાધિકાર એટલે શું ?
(2) આર્થિક અને સામાજિક સમિતિનાં કાર્યો જણાવો.
(3) સંયુક્તરાષ્ટ્રના મહામંત્રીની ભૂમિકા જણાવો.

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં જવાબ આપો.**

(1) સંયુક્તરાષ્ટ્રની સ્થાપના ક્યારે થઈ?
(2) સંયુક્તરાષ્ટ્રના ખતપત્રમાં કેટલાં પ્રકરણો અને કલમો છે?
(3) સલામતી સમિતિના કાયમી સભ્યોનાં નામ જણાવો.
(4) આંતરરાષ્ટ્રીય અદાલતમાં કેટલા ન્યાયાધીશો બેસે છે? તેમના હોદ્દાની મુદત જણાવો.

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) કયા દિવસને યુ.એન. દિવસ તરીકે ઓળખવામાં આવે છે? ☐
(અ) 12 ઓક્ટોબર (બ) 24 ઓક્ટોબર
(ક) 02 ઓક્ટોબર (ડ) 21 ઓક્ટોબર

(2) સંયુક્તરાષ્ટ્રનું મુખ્ય મથક કયાં આવેલું છે? ☐
(અ) ન્યુયોર્ક, યુ.એસ. (બ) નવી દિલ્હી, ભારત
(ક) હેગ, નેધરલેન્ડ (ડ) જીનેવા, સ્વિટ્ઝરર્લેન્ડ

(3) સૌપ્રથમ કેટલાં રાજ્યોએ સહી કરીને સંયુક્ત રાષ્ટ્રનો સ્વીકાર કરેલો? ☐
(અ) 15 (બ) 25 (ક) 52 (ડ) 51

**પ્રવૃત્તિ**

- સંયુક્ત રાષ્ટ્રની પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ ઈન્ટરનેટના માધ્યમથી વિદ્યાર્થીઓને બતાવવા.
- વિદ્યાર્થીઓને વિશ્વના રાજકીય નકશાનું નિરીક્ષણ કરાવવું.
- આંતરરાષ્ટ્રીય કટોકટી- સમસ્યાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવી.

●

# 8 પર્યાવરણ અને વૈશ્વિક રાજકારણ

પર્યાવરણ એટલે સજીવોના અસ્તિત્વ અને વિકાસ પર અસર કરતાં બાહ્ય રાસાયણિક, જૈવિક અને ભૌતિક પરિબળો. જેવાં કે; હવા, પાણી, જમીન, સૂર્યપ્રકાશ, ખોરાકનો પુરવઠો. આ ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક બાબતોનો પણ તેમાં સમાવેશ થાય છે.

રાજ્યના વિકાસનો આધાર પણ તેને મળેલાં આંતરરાષ્ટ્રીય પર્યાવરણ, તેની ભૂગોળ, નદીઓ, સરોવરો, ખનીજો, સમુદ્રકિનારો વગેરે પર હોય છે. રાજ્યો પોતાની ટેકનોલોજી અને જ્ઞાનનો ઉપયોગ કરીને પર્યાવરણમાં ઇચ્છિત પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરતાં હોય છે. રાજ્યની અંદરનું પર્યાવરણ અને રાજ્ય બહારનું પર્યાવરણ બંને તેના વિકાસ અને અસ્તિત્વ પર અસર કરે છે.

કુદરતમાંથી મળતા, મનુષ્યસર્જિત ન હોય એવા પદાર્થો કે ઊર્જા, જેનો મનુષ્યો પોતાનું અસ્તિત્વ ટકાવવા અને વિકાસ માટે ઉપયોગ કરે છે, તેને કુદરતી સંસાધનો કહેવાય. દા.ત. પાણી, સૂર્યપ્રકાશ, વનસ્પતિ, પશુ-પક્ષીઓ, જંતુઓ, સૂક્ષ્મજીવાણુઓ, ફૂગ, ખનીજો વગેરે.

આ કુદરતી સંસાધનો મુખ્યત્વે બે પ્રકારના હોય છે.

(૧) **પુનઃપ્રાપ્ય સંસાધનો :** પુનઃપ્રાપ્ય સંસાધનો એટલે જે સંસાધનોનો અનેકવાર ઉપયોગ કરી શકાય તેવાં સંસાધનો, દા.ત. સૂર્યપ્રકાશ, પવન વગેરે.

(૨) **પુનઃઅપ્રાપ્ય સંસાધનો :** પુનઃઅપ્રાપ્ય સંસાધનો એટલે જેનો એકવાર ઉપયોગ કર્યા પછી તેનું સ્વરૂપ બદલાય છે જેથી તે જ સ્વરૂપે તેનો ફરીથી ઉપયોગ થઈ શકતો નથી. દા.ત. કોલસો, ખનીજતેલ વગેરે.

કુદરતી સંસાધનોનાં બીજી રીતે પણ બે પ્રકાર પાડી શકાય.

(ક) જૈવિક (Biotic) કુદરતી સંસાધનો :-

દા.ત. વનસ્પતિ, પ્રાણીઓ, વનસ્પતિજન્ય અને પ્રાણીજન્ય પદાર્થો.

(ખ) અજૈવિક (Abiotic) કુદરતી સંસાધનો :-

દા.ત. હવા,પાણી, સૂર્યપ્રકાશ, રેતી વગેરે.

## કુદરતી સંસાધનોની ઉપયોગિતા

વાતાવરણમાંથી આપણને શ્વાસોશ્વાસ માટે પ્રાણવાયુ મળે છે. વનસ્પતિની વૃદ્ધિ માટે કાર્બનડાયોક્સાઈડ મળે છે. જલાવરણમાંથી આપણને પીવા માટે, ઘરવપરાશ માટે, સિંચાઈ માટે પાણી મળે છે. ઉપરાંત માછલીઓ, સમુદ્રીઘાસ જેવા ખાદ્ય સંસાધનો મળે છે. મૃદાવરણ એ આપણને ભોજન આપનાર ખેતીનો આધાર છે. માટીના સૂક્ષ્મપોષકતત્વો વનસ્પતિની વૃદ્ધિ માટે જરૂરી છે. મૃદાવરણમાંથી આપણને પથ્થર, રેતી અને કપચી મળે છે, જે બાંધકામમાં વપરાય છે. જ્યારે ખનીજતેલ, કોલસો, ગેસ વગેરે મશીનો અને ઉદ્યોગો ચલાવવા તથા ઘર માટે ઊર્જા પૂરી પાડવા માટે ઉપયોગી છે. ઉપરાંત મોટી સંખ્યામાં એવાં ખનીજો મળે છે જેની ઉપર આપણા ઉદ્યોગો આધારિત છે. જીવાવરણમાંથી વનસ્પતિ અને પાલતુ પ્રાણીઓ પાસેથી આપણને મળતા પદાર્થો જે આપણી ભોજનની , વસ્ત્રોની, ઈંધણની, બાંધકામ માટે ઈમારતી લાકડાની જરૂરિયાતો પૂરી પાડે છે.

આજે વિશ્વમાં દિન-પ્રતિદિન વધતી જતી વસ્તીને કારણે આ કુદરતી સંસાધનો પર ભારણ વધી રહ્યું છે. ભવિષ્યમાં લોકો તેનો ઉપયોગ કરી શકે તે માટે વસ્તીવધારા પર નિયંત્રણ મૂકવાની, કુદરતી સંસાધનોનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની અને તેનું સંરક્ષણ કરવાની અનિવાર્યતા ઊભી થઈ છે. બીજું, ઊર્જાની વધતી જરૂરિયાતોને પૂરી કરવા અને કુદરતી સંસાધનોના રક્ષણ માટે પવનચક્કીઓ, જળશકિતનો ઉપયોગ, સૂર્યઊર્જાનો ઉપયોગ, સમુદ્રની ભરતીથી પ્રાપ્ત થતી ઊર્જાનો ઉપયોગ, ભૂતાપ ઊર્જા, ગોબર ગેસ વગેરેનો ઉપયોગ કરી શકાય. 9 મી માર્ચ 2015 ના રોજ અબુધાબીથી સોલાર ઈમ્પલ્સ-2 નામનું વિમાન વિશ્વપ્રવાસે નીકળ્યું હતું. વિશ્વના ઘણાં બધાં દેશો અને શહેરોની મુલાકાત કરી આ વિમાન 26 જુલાઈ 2016 ના રોજ અબુધાબી પરત ફર્યું છે. સૂયઊર્જાથી સંચાલિત આ વિમાન ક્લીન ટેક્નોલોજીનો ઉત્તમ નમૂનો ગણાવી શકાય.

## કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે આપણી ભૂમિકા

જરૂર ન હોય ત્યારે વીજળીથી ચાલતાં ઉપકરણો બંધ કરવાં, બલ્બ અને ટ્યૂબોને સાફ રાખવાં, વિદ્યુત ઉપકરણો- જેવાં કે; ટેલિવિઝન વગેરેને સ્ટેન્ડબાય ન રાખવાં.

રસોઈ માટે પ્રેશરકુકર અને સૂર્યકુકરનો ઉપયોગ કરવો. રસોઈ બનાવતી વખતે વાસણો ઢાંકવાં જેથી ભોજન રાંધવામાં ઓછો સમય લાગે છે ને ઊર્જાની બચત થાય છે.

સાઈકલનો ઉપયોગ કરવો, પ્લાસ્ટિકનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો, કચરો બાળવો નહિ, ફટાકડા ફોડવા નહિ, તળાવો-સરોવરો અને નદીઓને પ્રદૂષિત ન કરવાં, પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવો, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરોનો અનિવાર્ય હોય તો જ અને ત્યારે જ ભલામણ કરાયેલી માત્રામાં જ ઉપયોગ કરવો.




## રાજ્ય માટે કુદરતી સંસાધનોનું મહત્ત્વ

રાજ્ય માટે કુદરતી સંસાધનોનું મહત્ત્વ છે. સમુદ્રકિનારો, નદીઓના પાણી, ફળદ્રુપ જમીન, કોલસાના ભંડારો, ખનીજતેલના ભંડારો વગેરે જેવા કુદરતી સંસાધનો મેળવવા અને પોતાની પાસેના કુદરતી સંસાધનોને ટકાવવા રાજ્યો વચ્ચે વર્ષોથી સંઘર્ષો થતા આવ્યા છે અને તે માટે રાજકારણ ખેલાતું આવ્યું છે. આને ભૂ- રાજકારણ (Geo-Politics) કહેવાય છે. વિશ્વમાં 100 દેશ એવા છે જે 13 મોટી નદીઓ અને સરોવરોના પાણીમાં ભાગીદારી ધરાવે છે. ભૌગોલિક રીતે ઉપરવાસમાં રહેલા દેશો નીચાણવાળા દેશોમાં પાણીપુરવઠો પહોંચાડવામાં અવરોધો ઉત્પન્ન કરી શકે જેને કારણે વિશ્વમાં રાજકીય અસ્થિરતા પેદા થઈ શકે. જેમકે, ઇથિયોપિયા અને ઇજિપ્ત વચ્ચે નાઇલ નદી માટે, ભારત અને બાંગ્લાદેશે ગંગાના પાણીના ઉપયોગ માટે પહેલેથી જ સમજૂતી કરાર કરી લીધા છે. એક જ દેશની અંદર પણ આ માટે સંઘર્ષો થતા જોવા મળે છે. જેમકે, ભારતમાં કર્ણાટક અને તામિલનાડુ કાવેરી નદીના પાણી માટે ઝઘડે છે, કર્ણાટક અને આંધ્રપ્રદેશની વચ્ચે કૃષ્ણા નદીના પાણી માટે વિવાદ થઈ રહ્યો છે.

## વિશ્વરાજકારણ સામે કટોકટીઓ

માનવજાતનો ઇતિહાસ જોઈએ તો તેમાં શાંતિ અને સાંસ્કૃતિક વિકાસની સાથે સાથે સંઘર્ષો અને કટોકટીઓ પણ જોવા મળે છે. એક યા બીજા પ્રકારની કટોકટીઓ વિશ્વરાજકારણની એક વાસ્તવિકતા રહી છે. જેમકે,

### (1) આર્થિક કટોકટી

કુદરતી સંસાધનો પર નિયંત્રણ કરવા માટે અને નિયંત્રણ ટકાવી રાખવા માટે રાજ્યો અંદરો-અંદર યુદ્ધો કરતા આવ્યાં છે. વ્યાપાર માટે બજારો મેળવવા તથા કાચોમાલ મેળવવા માટેના વિસ્તારો મેળવવા સંઘર્ષો થયા. બીજા વિશ્વયુદ્ધ પછી બે આર્થિક વિચારધારાઓ-સામ્યવાદ અને મૂડીવાદ વચ્ચેના સંઘર્ષે વિશ્વને મહદઅંશે બે ભાગમાં વહેંચી દીધું હતું. આજે વિશ્વમાં વિકસિત દેશો અને વિકાસશીલ દેશો વચ્ચે આર્થિક અસમાનતા જોવા મળે છે. આ અસમાનતાને દૂર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. બહુરાષ્ટ્રીય કંપનીઓનું વર્ચસ્વ વધ્યું છે અને રાજ્યોનું આંતરિક તેમજ બાહ્ય સાર્વભૌમત્વ નબળું પડતું જાય છે. વૈશ્વિકીકરણના યુગમાં બજાર આંતરરાષ્ટ્રીય બન્યું છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ અને રાષ્ટ્રીય કંપનીઓ વચ્ચે તથા બહુરાષ્ટ્રીય કંપનીઓ વચ્ચે અંદરો અંદર સ્પર્ધા વધી છે. શકિતશાળી કંપનીઓનો દબદબો વધી રહ્યો છે જે વિશ્વરાજકારણને પ્રભાવિત કરે છે. એમાં પણ શસ્ત્ર ઉત્પાદન કરતી કંપનીઓ વિશ્વ રાજકારણને વધારે પ્રભાવિત કરે છે. બજારો એકબીજા સાથે સંકળાયેલાં હોવાથી મૂડી અને ટેક્નોલોજીની હેરફેર વધી હોવાથી તેજી અને મંદીની અસર સમગ્ર વિશ્વ પર પડે છે. જેને નિયંત્રિત કરનાર કોઈ એક વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે.

**(2) સાંસ્કૃતિક કટોકટી**

વિશ્વ સાંસ્કૃતિક રીતે પણ વહેંચાયેલું છે. એકબાજુ ધાર્મિક કટ્ટરતાવાદ વધતો જાય છે, તો બીજી બાજુ ટેલિવિઝન, સોશ્યલ મીડિયાના વધતા જતા પ્રસારને કારણે આધુનિકીકરણનો વ્યાપ પણ વધી રહ્યો છે. એક બાજુ લોકશાહીમૂલ્યો, માનવહક્કો, વિજ્ઞાન અને બીજી બાજુ અસમાનતા, ધાર્મિક કટ્ટરતા વચ્ચે ટક્કર થતી જોવા મળે છે. વિશ્વ સામે આ એક નવી સાંસ્કૃતિક કટોકટી અસ્તિત્વમાં આવી છે જેને શિક્ષણ દ્વારા બિનસાંપ્રદાયિક મૂલ્યોના પ્રચાર-પ્રસારથી હળવી કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે.

વૈશ્વિકીકરણ અને પ્રસાર માધ્યમોના પ્રસારને લીધે વ્યકિત અને રાજ્યો વિશ્વ સાથે જોડાયેલાં છે અને જોડાઈ રહ્યાં છે જેના પરિણામે ઓળખની કટોકટી પણ કેટલાક સમુદાયો અનુભવી રહ્યા છે. આ વૈશ્વિકીકરણની સ્વાભાવિક પ્રતિક્રિયા છે.

**(3) રાજકીય કટોકટી**

વિશ્વરાજકારણે અત્યાર સુધીમાં સંસ્થાનવાદ, સામ્રાજયવાદ, પ્રથમ વિશ્વયુદ્ધ, બીજું વિશ્વયુદ્ધ, ઠંડુ યુદ્ધ અને વિચારધારાઓનો સંઘર્ષ તેમજ ત્રાસવાદ જેવી અનેક રાજકીય કટોકટીઓનો સામનો કર્યો છે. આ કટોકટીઓના ઉદ્ભવ માટે અનેક પરિબળો જવાબદાર છે. જેમકે, કુદરતી સંસાધનો મેળવવા માટેના રાજ્યો વચ્ચેના સંઘર્ષો, ધાર્મિક કટ્ટરતા, જાતિવાદ, વિચારધારાઓનો સંઘર્ષ, આતંકવાદી સંગઠનો, બહુરાષ્ટ્રીય કંપનીઓ વચ્ચેની ગળાકાપ સ્પર્ધા, શસ્ત્રો બનાવનારી કંપનીઓ વચ્ચેની સ્પર્ધા વગેરે.

ઉત્તર કોરિયાએ અણુશસ્ત્રો બનાવ્યાં છે અને દૂર અંતર સુધી ફેંકી શકાય તેવા પ્રક્ષેપાસ્ત્રો (મિસાઈલ)ના પ્રયોગ પણ કરે છે તે એક ચિંતા ઉપજાવનારી બાબત છે. કેટલાંક રાજ્યો આતંકવાદને, ધાર્મિક કટ્ટરતાને પોષે છે તે બાબત પણ આજે અન્ય રાજ્યો માટે ચિંતાનો વિષય બન્યો છે. વિશ્વરાજકારણમાં ચીનનો વધતો જતો પ્રભાવ ચીનના પાડોશી રાજ્ય-ભારત, તાઈવાન, જાપાન વગેરે માટે પડકારરૂપ બન્યો છે.

**પર્યાવરણીય આંદોલન (વૈશ્વિક અને રાષ્ટ્રીય)**

હવે આપણે વૈશ્વિક અને રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણના રક્ષણ માટે થયેલાં આંદોલનો અને પ્રયત્નોની ચર્ચા કરીશું.

પર્યાવરણ અને રાજકારણ વચ્ચે ગાઢ સંબંધ જોવા મળે છે. વિશ્વ રાજકારણ અને પર્યાવરણ વચ્ચે આંતરક્રિયાનો સંબંધ છે. વિશ્વ રાજકારણ પર્યાવરણને પ્રભાવિત કરે છે, તો પર્યાવરણીય સમસ્યાઓ રાષ્ટ્રો-રાષ્ટ્રો વચ્ચેના સંબંધો એટલે કે આંતરરાષ્ટ્રીય રાજકારણને પણ પ્રભાવિત કરે છે.

વિશ્વના ઇતિહાસ તરફ દૃષ્ટિ કરીએ તો સ્પષ્ટ થાય છે કે વિશ્વનાં રાજ્યો વચ્ચે જોવા મળતા સહકાર કે સંઘર્ષના કેન્દ્રમાં જળ, જમીન અને કુદરતી સંપત્તિ રહેલાં છે. સંસ્થાનવાદ અને સામ્રાજયવાદના ઉદ્ભવ માટે જવાબદાર પરિબળો પૈકીનું મહત્ત્વનું પરિબળ કુદરતી સંસાધનોની પ્રાપ્તિ હતું. કુદરતી સંપત્તિ પોતાના રાષ્ટ્રના નાગરિકો અને ઉદ્યોગોની જરૂરિયાતો સંતોષે છે અને રાષ્ટ્રને શકિતશાળી બનાવે છે. આથી કુદરતી સંપત્તિ મેળવવા માટે શકિતશાળી રાજ્યો બીજાં રાજ્યો પર આધિપત્ય જમાવવા પ્રયત્ન કરે છે અને વિશ્વરાજકારણની વ્યવસ્થામાં પરિવર્તન આવે છે. યુરોપનાં રાજ્યો જેવાં કે બ્રિટન, ફ્રાંસ, હોલેન્ડ વગેરેએ સંસ્થાનવાદી નીતિ અપનાવી, યુરોપની બહારનાં રાજ્યો પર આધિપત્ય જમાવવા પ્રયત્ન કર્યો હતો. ઔદ્યોગિક ક્રાંતિ પછી યુરોપના રાજ્યોમાં કાચામાલની ભારે અછત સર્જાઈ. આથી કાચામાલની જરૂરિયાત અને ઉત્પાદિત તૈયાર માલના વેચાણ માટે આવશ્યક બજાર જરૂરી હોઈ તેમણે એશિયા અને આફ્રિકાના રાષ્ટ્રોને ગુલામ બનાવ્યા અને કુદરતી સંસાધનોનું ઘણું શોષણ કર્યું. સંસ્થાનો મેળવવાની હરીફાઈને કારણે યુરોપનાં રાજ્યો વચ્ચે યુદ્ધો પણ થયા.

વર્તમાન વિશ્વ રાજકારણમાં પણ ખનિજ તેલ અને કુદરતી વાયુ કેન્દ્રમાં છે. પશ્ચિમ એશિયાના ઘણાં રાજ્યોમાં કુદરતી સંપત્તિ અને ખાસ કરીને ખનિજ તેલના વિપુલ ભંડારો આવેલા છે. આથી વિશ્વ મહાસત્તાઓ ખાસ કરીને યુ.એસ.એ. દ્વારા આવાં રાજ્યો પર રાજકીય પ્રભાવ વધારવા પ્રયત્નો થઈ રહ્યા છે. તેને તેલીયું રાજકારણ (Politics of Oil) કહેવામાં આવે છે. કુદરતી સંપત્તિની વિપુલ માત્રા ધરાવતા આફ્રિકાના પણ કેટલાંક રાજ્યો પર વિશ્વ મહાસત્તાઓ પોતાનો પ્રભાવ પાથરી રહી છે. ચીન દ્વારા દક્ષિણ ચીન સમુદ્ર પર પોતાનો પ્રભાવ વધારવાના પ્રયત્નોથી વિશ્વ રાજકારણમાં સંઘર્ષ અને તનાવની પરિસ્થિતિ સર્જાઈ છે.

**વૈશ્વિક સ્તરે પર્યાવરણીય આંદોલન**

વિશ્વ અત્યારે પર્યાવરણીય કટોકટીના સૌથી મોટા અને ગંભીર પડકારનો સામનો કરી રહ્યું છે. વિકસિત રાષ્ટ્રો હોય કે વિકાસશીલ રાષ્ટ્રો હોય, અમીર હોય કે ગરીબ હોય તમામ તેનો ભોગ બન્યાં છે. ગાંધી વિચાર અને

પર્યાવરણ નામના પુસ્તકમાં તેના લેખક લખે છે કે, -''પર્યાવરણની આપત્તિઓએ ભૌગોલિક, સાંસ્કૃતિક, વૈચારિક કે રાજકીય સરહદોને અવગણી, જાણે સમગ્ર સૃષ્ટિને પોતાના ભરડામાં લીધી છે.''

માનવ અને પર્યાવરણ વચ્ચે ગાઢ સંબંધ છે. માનવી પોતાની મૂળભૂત જરૂરિયાતો નૈસર્ગિક સ્રોતોમાંથી સંતોષી શક્યો છે. માનવીની યોગ્ય અને ન્યાયી જરૂરિયાતો સંતોષવા નૈસર્ગિક સ્રોતો પૂરતા પ્રમાણમાં હતા અને માનવ અને પ્રકૃતિ વચ્ચેના સંબંધોમાં સમતોલન પણ હતું. પરંતુ માનવીની લોભ અને સંગ્રહખોર વૃત્તિએ પ્રકૃતિનું વધુ પડતું શોષણ અને વિનાશ કર્યો. માનવ અને પ્રકૃતિ વચ્ચેનો સંબંધ ભૂલીને તેમજ આવનારી પેઢીનો સહેજ પણ વિચાર કર્યા વિના માત્ર ભૌતિક અને આર્થિક વિકાસ સાધવાની ઘેલછાના વિપરીત પરિણામોએ વર્તમાન પર્યાવરણની ગંભીર કટોકટીને જન્મ આપ્યો છે. આજની વર્તમાન પેઢીની સમૃદ્ધિ અને સુખાકારીનો જ વિચાર કરીને, પર્યાવરણની બિલકુલ પરવા કર્યા વિના પ્રાકૃતિક સંસાધનોનું જે પ્રકારે અતિશય શોષણ કર્યું તેનાં દુષ્પરિણામો ભોગવવાનો વારો આવ્યો છે. મનુષ્યોએ પ્રાકૃતિક પ્રક્રિયાઓમાં વધુ પડતો હસ્તક્ષેપ કર્યો, આથી પર્યાવરણની સમતુલા ખોરવાઈ. પરિણામે માનવજીવનના અસ્તિત્વ અને સાતત્ય સામે ખતરો પેદા થયો છે.

વિશ્વમાં થઈ રહેલો વસતી વધારો, ઔદ્યોગિકીકરણ, શહેરીકરણ, ભૌતિક અને આર્થિક વિકાસને વેગ આપવા માટે નૈસર્ગિક સંસાધનોનો અવિચારી અને બેફામ ઉપયોગ, સમૃદ્ધ જીવનશૈલી, પર્યાવરણની દરકાર કર્યા વિના માત્ર ઉપભોગતાવાદી સંસ્કૃતિ તરફની દોટ વગેરેને કારણે કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$), મિથેન ($CH_4$), નાઈટ્રસ ઓક્સાઈડ ($N_2O$), સલ્ફર હેક્સાફ્લોરાઈડ ($SF_6$), હાઈડ્રોફ્લોરો કાર્બન્સ (HFCs), ક્લોરોફ્લોરો કાર્બન(CFC) જેવા ગ્રીન હાઉસ વાયુઓ તરીકે ઓળખાતા ઝેરી વાયુઓનું પ્રમાણ વાતાવરણમાં અતિશય વધ્યું. તેના પરિણામે વૈશ્વિક તાપમાનમાં વધારો (ગ્લોબલ વોર્મિંગ) અને જલવાયુ પરિવર્તન (ક્લાયમેટ ચેન્જ) જેવી ગંભીર સમસ્યાઓનું સર્જન થયું. તેના કારણે સમગ્ર વિશ્વ અત્યારે અવાર-નવાર પૂર, દુષ્કાળ, ચક્રવાત, ભૂસ્ખલન, હિમપ્રપાત, કમોસમી વરસાદ વગેરે જેવી કુદરતી આફતોનો સામનો કરી રહ્યું છે.

**પર્યાવરણીય કટોકટી માટે જવાબદાર કોણ ?**

પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિનું જીવન જોખમમાં મૂકનાર પર્યાવરણીય કટોકટીના ઉદ્ભવ માટે જવાબદાર કોણ તે ચર્ચાનો વિષય છે. આ અંગે વિકસિત રાષ્ટ્રો અને વિકાસશીલ રાષ્ટ્રોના દૃષ્ટિકોણ અલગ છે. વિકાસશીલ રાષ્ટ્રો માને છે કે પર્યાવરણની સમસ્યા માટે વિકસિત રાષ્ટ્રો જવાબદાર છે. ઉત્તર ગોળાર્ધના વિકસિત રાષ્ટ્રો જ પર્યાવરણના સૌથી મોટા પ્રદૂષકો છે. આથી પ્રદૂષણ નિર્મૂલનની કિંમત તેમણે ચૂકવવી જોઈએ. ઔદ્યોગિક ક્રાંતિ પછી ઉત્તર ગોળાર્ધના વિકસિત રાષ્ટ્રોએ જે પ્રકારે ઝડપથી અને પર્યાવરણની કાળજી લીધા વિના ભૌતિક, આર્થિક, વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ સાધ્યો, તેના પરિણામે ત્યાં પ્રદૂષણનો જન્મ થયો. દક્ષિણ ગોળાર્ધના કેટલાંક રાષ્ટ્રોએ તો વિકાસની હજુ શરૂઆત જ કરી છે.

બીજી બાબત એ છે કે ઉત્તર ગોળાર્ધના વિકસિત રાષ્ટ્રોએ ઘણાં વર્ષો દક્ષિણ ગોળાર્ધના રાષ્ટ્રો પર શાસન કર્યું છે. શાસન દરમિયાન નૈસર્ગિક સંસાધનોનું પણ શોષણ કર્યું છે અને વિકસિત થયાં છે. આથી વિકસિત રાષ્ટ્રોએ વિકાસશીલ રાષ્ટ્રોના વિકાસ અને પર્યાવરણના સંરક્ષણ માટે આર્થિક સહાય કરવી જોઈએ. ઉત્તર ગોળાર્ધના વિકસિત રાષ્ટ્રો માને છે કે પ્રદૂષણ માટે દક્ષિણ ગોળાર્ધના રાષ્ટ્રોમાં થઈ રહેલો વસતી વધારો, ગરીબી, ગંદકી વગેરે જવાબદાર છે.

પર્યાવરણની સમસ્યા અંગેના ભિન્ન દૃષ્ટિબિંદુઓ જોયા પછી કહી શકાય કે વિકાસ અને પર્યાવરણ એક સિક્કાની બે બાજુ છે. પર્યાવરણનું રક્ષણ કર્યા સિવાય ટકાઉ વિકાસ કરી શકાય નહીં. પર્યાવરણના સંરક્ષણ અને સંવર્ધન અંગે વિશ્વના રાજ્યોમાં છેલ્લા કેટલાંક વર્ષોથી જાગૃતિ આવી રહી છે. વિશ્વનાં રાજ્યો વચ્ચે પર્યાવરણનું દોહન નહિ પરંતુ જતન અને પર્યાવરણની જાળવણી કરીને વિકાસ કરવા અંગે સર્વસંમતિ સધાઈ રહી છે. પૃથ્વી પર વધી રહેલા તાપમાન અને જલવાયુ પરિવર્તનને કારણે સર્જાયેલી ગંભીર સમસ્યાઓ અને તેની ભયાનક અસરોથી છૂટકારો મેળવવા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સઘન પ્રયત્નો થઈ રહ્યા છે. તેનો થોડો વિગતે ખ્યાલ મેળવીએ.

1960 ના દાયકા બાદ વિશ્વનાં રાષ્ટ્રોમાં પર્યાવરણ બાબતે ચિંતા, ચિંતન અને ચળવળ શરૂ થયાં. વર્ષ 1970 માં 22 મી એપ્રિલે 'પૃથ્વી દિવસ' (Earth Day) ની યુ.એસ.એ.માં ઉજવણી કરવામાં આવી અને પર્યાવરણ જાગૃતિ લાવવાનો પ્રયત્ન થયો. અત્યારે વિશ્વના લગભગ તમામ રાષ્ટ્રોમાં પર્યાવરણ બચાવવાના સમર્થનમાં 22 એપ્રિલનો દિવસ 'પૃથ્વી દિવસ' (Earth Day) તરીકે ઉજવાય છે. પર્યાવરણીય કટોકટીના રાજકીય તત્ત્વોની છણાવટ કરતાં કહી શકાય કે વિશ્વ સમક્ષ ઉદ્ભવેલ પર્યાવરણીય કટોકટીને હલ કરવા માટે ત્રણ પ્રકારે પ્રયત્નો શરૂ થયા.

**(1) સિદ્ધાંતકારો દ્વારા પર્યાવરણલક્ષી ચિંતન**

કેટલાક ચિંતકો દ્વારા જુદા-જુદા પુસ્તકોના સ્વરૂપે પર્યાવરણલક્ષી ચિંતન રજૂ થયું. તેણે પર્યાવરણ બાબતે વૈચારિક ક્રાંતિ

લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. નવજાગૃતિ બાદ સિદ્ધાંતકારોએ આપેલા આર્થિક, સામાજિક, રાજકીય સિદ્ધાંતો માનવ કેન્દ્રી હતા. તેમણે માનવ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. માનવ-માનવ વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ કરી, શાસ્ત્રીય ઢબે સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ તેમણે જાણે-અજાણે માનવ અને પર્યાવરણ વચ્ચેના સંબંધોની ઉપેક્ષા કરી. સમાજવાદ, સામ્યવાદ, ઉદારમતવાદ, મૂડીવાદ જેવા સિદ્ધાંતો પર્યાવરણીય કટોકટીને ઉકેલવામાં ઊણા ઉતર્યા. વિશ્વ સમક્ષ ઉપસ્થિત થયેલ પર્યાવરણીય કટોકટીનો ઉકેલ લાવવામાં તે નિષ્ફળ રહ્યા. આથી પર્યાવરણલક્ષી રાજકીય સિદ્ધાંત વિકસાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. પર્યાવરણલક્ષી ચિંતન રજૂ કરનાર અમેરિકાના પર્યાવરણવિદ્ અને જીવશાસ્ત્રી રેચેલ કાર્સન, મુરે બુક્ચીન, જર્મન-અમેરિકન ફિલસૂફ અને સમાજશાસ્ત્રી હર્બટ મારકુઝ, જર્મનીના વિશ્વ પ્રસિદ્ધ ફિલસૂફ અને સમાજશાસ્ત્રી હેબરમાસ વગેરેનો ફાળો મહત્ત્વનો ગણી શકાય. તેમના પ્રકાશિત થયેલા ચિંતનાત્મક લખાણોએ વૈશ્વિક પર્યાવરણીય ચળવળને પ્રેરણા પૂરી પાડી. સાથોસાથ તે સમયમાં પ્રકાશિત થયેલા કેટલાક અહેવાલોએ પણ પર્યાવરણલક્ષી ચર્ચાઓ અને નીતિઓ અંગે પ્રોત્સાહન પૂરું પાડ્યું. જેમકે, વર્ષ 1987માં સંયુક્ત રાષ્ટ્રસંઘના પર્યાવરણ અને વિકાસ અંગેના વિશ્વ પંચ દ્વારા 'અવર કોમન ફ્યુચર' નામે અહેવાલ પ્રસિદ્ધ થયો. આ અહેવાલ બ્રુટલેન્ડ અહેવાલ તરીકે પણ જાણીતો છે. પ્રસ્તુત અહેવાલમાં પર્યાવરણ અને વિકાસના મુદ્દાઓ સાંકળીને ટકાઉ વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો.

**(2) સંગઠનાત્મક રીતે થયેલા પ્રયાસો**

સંયુક્ત રાષ્ટ્રો દ્વારા પર્યાવરણ, વન અને વન્ય જીવોના સંરક્ષણ માટે પ્રયત્નો શરૂ થયા. 1972 માં મળેલી સ્ટોકહોમ પરિષદથી લઈને 2015 માં પેરિસ ખાતે મળેલ જલવાયુ પરિવર્તન પરિષદ દરમિયાન પર્યાવરણીય સમસ્યાઓને હલ કરવા પ્રયાસો થયા. સંયુક્ત રાષ્ટ્રો દ્વારા યોજાયેલા કેટલાંક મહત્ત્વના સંમેલનોનો ઉલ્લેખ નીચે મુજબ છે.

**સ્ટોકહોમ પરિષદ**

માનવ પર્યાવરણના જતન અને ઉન્નતિ માટે સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) દ્વારા વર્ષ 1972 માં સ્ટોકહોમ ખાતે પરિષદ યોજાઈ. પરિષદમાં કુદરતી સંસાધનો અને વન્યજીવનનું રક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ, પર્યાવરણ અને વિકાસ વચ્ચેના સંઘર્ષને દૂર કરવા માટે સુગ્રથિત અને તાર્કિક આયોજન, વિજ્ઞાન અને ટેકનોલોજીનો પર્યાવરણની સુધારણા માટે ઉપયોગ, વિકાસશીલ રાષ્ટ્રોને પર્યાવરણના રક્ષણ અને વ્યવસ્થાપન માટે આર્થિક સહાય કરવી વગેરે જેવા મહત્ત્વના 26 સિદ્ધાંતો અંગે ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું. વિશ્વનાં રાષ્ટ્રો માનવ પર્યાવરણની જાળવણી માટે મહત્ત્વની બાબતો પર સહમત થયાં. આધુનિક પર્યાવરણનો પાયો નાંખનાર સ્ટોકહોમ પરિષદે વિશ્વનાં રાષ્ટ્રોને પર્યાવરણ સંબંધી નીતિઓ અને કાર્યક્રમો ઘડવામાં અગત્યની રૂપરેખા પૂરી પાડી તેમ કહી શકાય.

**સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (UNEP)**

વિશ્વનાં રાષ્ટ્રોને પર્યાવરણને સાનુકૂળ હોય તેવી નીતિઓનું ઘડતર તથા તેના અમલમાં સહકાર આપવાના મુખ્ય હેતુસર સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (યુનાઈટેડ નેશન્સ એનવાયર્નમેન્ટ પ્રોગ્રામ-UNEP)ની વર્ષ 1972 માં સ્થાપના કરવામાં આવી. તેનું મુખ્ય કાર્યાલય નૈરોબી ખાતે આવેલું છે.

સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ પર્યાવરણની જાળવણી માટે રાષ્ટ્રો અને લોકોને નેતૃત્વ, પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડે છે. વૈશ્વિક, પ્રાદેશિક અને રાષ્ટ્રીય પર્યાવરણીય સ્થિતિ અને પ્રવાહોનું મૂલ્યાંકન કરવું, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સાધનો વિકસાવવાં, પર્યાવરણના સુવ્યવસ્થાપન માટે સંસ્થાઓને મજબૂત કરવી વગેરે જેવાં મહત્ત્વનાં કાર્યો તેના દ્વારા હાથ ધરવામાં આવે છે. પર્યાવરણીય પ્રશ્નો અંગે વૈશ્વિક જાગૃતિ લાવવાના હેતુસર 5મી જૂનના દિવસને 'વિશ્વ પર્યાવરણ દિવસ' (World Environment Day) તરીકે ઉજવવામાં આવે છે.

**પૃથ્વી સંમેલન (Earth Summit), 1992**

વિવિધ પ્રકારનાં પ્રદૂષણોને કારણે પર્યાવરણને નુકસાન થઈ રહ્યું છે. પૃથ્વી પર પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે, જે પ્રત્યેક સજીવ માટે ખતરારૂપ સાબિત થઈ શકે તેમ છે. આથી આ અંગે ચર્ચા કરી, તેનો નક્કર ઉકેલ લાવવાની દિશામાં આગળ વધવા માટે વિશ્વનાં રાષ્ટ્રોનું વિશાળ સંમેલન વર્ષ 1992 માં યોજાયું. આ સંમેલન બ્રાઝિલના રિયો ડિ જાનેરો ખાતે યોજવામાં આવ્યું હતું. આથી તેને રિયો પરિષદ તરીકે પણ ઓળખવામાં આવે છે. સંમેલનમાં ઝેરી વાયુઓ ઉત્સર્જન કરતી ઉત્પાદનની પદ્ધતિઓમાં પરિવર્તન લાવવું, અશ્મિ બળતણ જેવા હાનિકારક ઊર્જાસ્રોતોનો વૈકલ્પિક ઊર્જા સ્રોત શોધી તેનો ઉપયોગ કરવો, વ્યક્તિગત કે ખાનગી વાહનોના બદલે જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ કરવો, જલવાયુ પરિવર્તન અંગે સંમેલન યોજવું વગેરે જેવા મહત્ત્વના પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી. પરિષદમાં જલવાયુ પરિવર્તન અને જૈવિક વિવિધતા વિષયક મહત્ત્વના કરાર થયા. તેમજ પર્યાવરણના સંરક્ષણ માટે કાર્યલક્ષી આયોજન અંગે મહત્ત્વનો દસ્તાવેજ એવો એજન્ડા-21 રજૂ

કરવામાં આવ્યો.

**ક્યોટો પ્રોટોકોલ**

ક્યોટો પ્રોટોકોલ એ વૈશ્વિક તાપમાન વધારો અને જલવાયુ પરિવર્તન માટે જવાબદાર એવા ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરવા અંગેની આંતરરાષ્ટ્રીય સંધિ છે. વર્ષ 1994 થી અમલમાં આવેલી યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન (UNFCC) સંધિને નક્કર સ્વરૂપ આપવા જાપાનના ક્યોટો ખાતે સંધિ કરવામાં આવી. જે 'ક્યોટો પ્રોટોકોલ' તરીકે ઓળખાય છે. ક્યોટો પ્રોટોકોલનો 11 ડિસેમ્બર 1997 ના રોજ સ્વીકાર કરવામાં આવ્યો અને 16 ફેબ્રુઆરી 2005 થી તેનો અમલ શરૂ થયો. ક્યોટો પ્રોટોકોલની જોગવાઈઓનું પાલન કરવું પક્ષકારો માટે કાયદાકીય રીતે બંધનકર્તા છે.

ક્યોટો પ્રોટોકોલમાં 1990 ના વર્ષને આધારવર્ષ ગણી ચોક્કસ સમય મર્યાદામાં સામૂહિક રીતે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં 5.2 ટકા ઘટાડો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો. ઔદ્યોગિક રાષ્ટ્રો માટે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડા માટે વર્ષ 2008 થી 2012 ની સમય મર્યાદા નિશ્ચિત કરવામાં આવી. પ્રથમ સમયગાળો પૂરો થવાથી વર્ષ 2012 માં કતારના દોહા ખાતે ક્યોટો પ્રોટોકોલના નિયમોના અમલ અને લક્ષ્યાંક અંગે મુદત વધારવામાં આવી. ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં ઘટાડો કરવાનો બીજો સમયગાળો વર્ષ 2013 થી 2020 નિર્ધારિત કરાયો છે.

**સંયુક્ત રાષ્ટ્ર જલવાયુ પરિવર્તન સંમેલન, 2015**

વિશ્વમાં વધી રહેલી જલવાયુ પરિવર્તનની સમસ્યાને ડામવા માટે વર્ષ 2015માં ફ્રાંસના પેરિસ ખાતે સંયુક્ત રાષ્ટ્ર જલવાયુ પરિવર્તન સંમેલન યોજાયું હતું. વિશ્વનાં બધાં જ રાષ્ટ્રો જલવાયુ પરિવર્તન (ક્લાયમેટ ચેન્જ) ની સમસ્યાના નિવારણ માટે સહમત થયાં.

પેરિસ સંમેલનમાં પૃથ્વીના સરેરાશ તાપમાનમાં ઘટાડો કરવા બધાં જ રાષ્ટ્રોએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. જલવાયુ પરિવર્તન માટે જવાબદાર ઝેરી વાયુઓ અને ખાસ કરીને કાર્બન ઉત્સર્જનના ઘટાડા પર ભાર મૂકવામાં આવ્યો. વિશ્વના સરેરાશ તાપમાનને ઘટાડવાનો પણ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો.

**(3) લોક ચળવળો**

1960 ના દાયકા બાદ પર્યાવરણના સંરક્ષણ માટે લોક ચળવળો પણ વેગવંતી બની. ભારતમાં જંગલ અને પર્યાવરણ બચાવવા ચીપકો આંદોલન થયું. જેની અસર સમગ્ર ભારત ઉપરાંત બીજાં રાષ્ટ્રો પર પણ થઈ. યુ.એસ. અને યુરોપમાં પર્યાવરણના સંરક્ષણ માટે ગ્રીન ચળવળે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી પ્રવર્તમાન આર્થિક તથા સામાજિક વ્યવસ્થાને પડકારી. આ આંદોલનકારીઓ ગ્રીન્સ (Greens) તરીકે ઓળખાયા. તેમના મતે પ્રવર્તમાન વ્યવસ્થામાં પરિવર્તન લાવવાથી પર્યાવરણલક્ષી વિકાસ શક્ય નથી. આથી સમગ્ર માળખાં અને અભિગમમાં મૂળભૂત પરિવર્તન લાવવું જોઈએ.

આથી કહી શકાય કે, પર્યાવરણની ગંભીર સમસ્યાના ઉકેલ માટે વૈશ્વિક સ્તરે, પ્રાદેશિક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરે જાગૃતિનું પ્રમાણ વધ્યું છે. દરેક રાષ્ટ્ર પણ આ દિશામાં બનતા પ્રયાસો કરી રહ્યું છે. વિશ્વનાં રાષ્ટ્રોની સરકારો ઉપરાંત બિનસરકારી સંગઠનો પણ પર્યાવરણની જાગૃતિ અંગે સતત ક્રિયાશીલ રહ્યાં છે. પર્યાવરણના સંરક્ષણ માટે કાર્ય કરતા આંતરરાષ્ટ્રીય બિનસરકારી સંગઠન એવા 'વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર' (WWF) ની કામગીરી સરાહનીય ગણાવી શકાય. તેમજ ગ્રીનપીસ તરીકે જાણીતું વિશ્વનું બિનસરકારી સંગઠન પણ પર્યાવરણના જતન માટે વૈશ્વિક સ્તરે નોંધપાત્ર દિશામાં કામ કરી રહ્યું છે. બ્રિટન, જર્મની જેવા કેટલાંક રાષ્ટ્રોમાં ગ્રીન પાર્ટી પણ ઊભી થઈ છે.

**પર્યાવરણના રક્ષણ માટે ભારતમાં થયેલા પ્રયાસો**

ભારત દેશ વૈદિક સમયથી પર્યાવરણ પ્રેમી રહ્યો છે. વૈદિક સમયમાં પ્રકૃતિનાં તત્ત્વોને દેવતાનું સ્થાન આપવામાં આવતું હતું. આજે પણ ભારતીય સમાજમાં વૈદિક પરંપરા એટલી જ પ્રસ્તુત અને પ્રચલિત છે. ભારતમાં પર્યાવરણને ધાર્મિક માન્યતાઓ સાથે સાંકળીને પર્યાવરણનું જતન કરવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં નદીને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. વડ, પીપળો, આસોપાલવ, તુલસી વગેરે જેવાં વૃક્ષ અને છોડને દેવ તરીકેનું સ્થાન આપીને પવિત્ર અને પૂજનીય માનવામાં આવ્યાં છે. આ બધી ધાર્મિક માન્યતાઓ પાછળ સમાજનો પ્રકૃતિ પ્રત્યેનો અતૂટ પ્રેમ અને આરોગ્ય પ્રત્યેની સભાનતા વ્યક્ત થાય છે.

આપણે જાણીએ છીએ કે પર્યાવરણ અને માનવજીવન પરસ્પર ગાઢ રીતે સંકળાયેલાં છે. માનવજીવનને તંદુરસ્ત, સુખ-શાંતિ અને સમૃદ્ધિવાળું બનાવવું હોય તો ઈકોલોજીકલ સમતુલા (Ecological Balance) જળવાઈ રહે તે ખૂબ જ મહત્ત્વની બાબત છે. ભારતમાં પણ છેલ્લા કેટલાક દાયકાઓથી હવા, પાણી, અવાજ, જમીન વગેરેના પ્રદૂષણની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. પર્યાવરણ અને વિકાસ વચ્ચે તંદુરસ્ત સમતુલા જાળવીને વિકાસ કેવી રીતે કરવો એ ભારત માટે મોટો પડકાર

છે. આથી આ દિશામાં પ્રયત્નો કરવામાં આવ્યા છે.

ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ પર્યાવરણ અને તેની સમતુલા જાળવવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. આપણા બંધારણના રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં અનુચ્છેદ-48 (A) હેઠળ પર્યાવરણનું જતન અને તેમાં સુધારણા કરવાની જોગવાઈ છે. દેશના જંગલો તેમજ વન્યજીવોની રક્ષા કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ બંધારણના અનુચ્છેદ 51-A(g) પ્રમાણે જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની દરેક નાગરિકની મૂળભૂત ફરજ ગણવામાં આવી છે.

પર્યાવરણની ગંભીર સમસ્યાને દૂર કરવા અને પર્યાવરણની સમતુલાને પુનઃસ્થાપિત કરવા સરકાર દ્વારા પણ ભગીરથ પ્રયત્નો થયા છે. સરકારે તે અંગેની નીતિઓ-કાયદાઓ અને કાર્યક્રમો ઘડીને તેનો અસરકારક રીતે અમલ કરવાનું કાર્ય આરંભ્યું. ભારતમાં અલગ જંગલ અને પર્યાવરણ મંત્રાલય શરૂ કરવામાં આવ્યાં. ભારત સરકાર દ્વારા વન અને પર્યાવરણના સંરક્ષણ અંગે કેટલાક કાયદાઓ પણ ઘડવામાં આવ્યા છે. જેમકે, વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એકટ - 1972, એન્વાયરન્મેન્ટ (પ્રોટેક્શન) એકટ-1986 વગેરે. ભારત સરકાર દ્વારા જંગલોના રક્ષણ અને સંવર્ધન માટે વર્ષ 1988 માં નેશનલ ફોરેસ્ટ પોલિસી પણ ઘડવામાં આવી. ગુજરાત સરકાર દ્વારા પણ પર્યાવરણ અને જંગલોના જતન અને આબોહવા પરિવર્તનના પડકારનો સામનો કરવા ક્લાયમેટ ચેન્જ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે.

ભારતમાં પર્યાવરણના રક્ષણ માટે ઘણા કાયદાઓ ઘડવામાં આવ્યા છતાં પર્યાવરણની સમસ્યા હલ થઈ શકી નથી. પર્યાવરણના કાયદાઓ, નીતિઓ, કાર્યક્રમો વગેરેનો અસરકારક અમલ ન થાય અથવા સ્થાપિત હિતો દ્વારા સરકારની પર્યાવરણ સંબંધી નીતિવિષયક બાબતો અને નિર્ણયોને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે પર્યાવરણના જતન માટે લોકમત સંગઠિત થાય છે અને સરકારને પર્યાવરણની જાળવણી માટે તેમજ અસરગ્રસ્તોને ન્યાય અપાવવા માટે અસરકારક પગલાં લેવાની ફરજ પાડવામાં આવે છે. સરકાર યોગ્ય પ્રતિભાવ ન આપે તો તે માટે જન આંદોલન શરૂ થાય છે. પ્રકૃતિ સાથે લોકોની ધાર્મિક માન્યતાઓ, આરોગ્ય, રોજગારી, વસવાટ વગેરે સંકળાયેલાં હોય છે. આથી સરકાર કે સ્થાપિત હિતો દ્વારા પર્યાવરણનું રક્ષણ કરવાના બદલે ભક્ષણ શરૂ થાય છે, ત્યારે સ્થાનિક રહીશો, પર્યાવરણ ક્રિયાશીલો, બિનસરકારી સંગઠનો વગેરે દ્વારા તેનો વિરોધ થાય છે, જે આગળ વધતાં આંદોલનનું સ્વરૂપ ધારણ કરે છે. ભારતમાં પર્યાવરણ બચાવવા માટેના જે આંદોલનો થયાં તેના કેન્દ્રમાં જળ, જમીન અને જંગલ રહ્યાં છે. વનો અને વન્યજીવોનું સંરક્ષણ કરવાના બદલે વનકટાઈ શરૂ થાય છે ત્યારે સ્થાનિક લોકો આવી બાબત સહન કરી શકતા નથી અને જંગલોના રક્ષણ માટે આંદોલનો શરૂ કરે છે. વૃક્ષોને કપાતાં બચાવવા અને વન્યજીવોના રક્ષણ માટે પોતાના પ્રાણોનું બલિદાન આપતાં સહેજ પણ અચકાતા નથી. જંગલોના રક્ષણ માટે ભારતમાં એવા ઘણાં આંદોલનો થયાં જેમાં લોકોએ પોતાના જીવનની આહુતિ આપી. આવું જ એક આંદોલન એટલે ચીપકો આંદોલન. ચીપકો આંદોલન વિશે થોડો વિગતે ખ્યાલ મેળવીએ.

### (1) ચીપકો આંદોલન

વન અને વન્યજીવોના રક્ષણ માટેનું ચીપકો આંદોલન ખૂબ જ પ્રસિદ્ધ છે. આ આંદોલન વર્ષ 1970 માં ઉત્તરાંચલ રાજ્યના તેહરી ગઢવાલ જિલ્લામાં થયું હતું. ભારત સરકાર દ્વારા આ વિસ્તારમાં નવા માર્ગોના નિર્માણ માટે અવરોધરૂપ બનતાં વૃક્ષોને કાપવાનો નિર્ણય કરવામાં આવ્યો. નવા રસ્તાઓ બનાવવા માટે કોન્ટ્રાકટરે ધડાધડ વૃક્ષો કાપવાનું શરૂ કર્યું.

લીલાંછમ વૃક્ષોને કપાતાં જોઈને સ્થાનિક લોકોમાં રોષ ભભૂકી ઊઠયો. ગઢવાલના અંતરિયાળ ગામોમાં રેનીના વૃક્ષો કાપવા કોન્ટ્રાકટરના મજૂરો ગયા ત્યારે મહિલાઓએ તેનો વિરોધ કર્યો. પરંતુ મહિલાઓના વિરોધની અવગણના કરી મજૂરો વૃક્ષોને કાપવા મક્કમ રહેતાં આખરે મહિલાઓ વૃક્ષોને આલિંગન કરીને ચોંટી ગઈ. મહિલાઓએ 'વૃક્ષો કાપતા પહેલાં અમને કાપો' તેવો લલકાર કર્યો. આખરે વૃક્ષો કાપવાની કામગીરી પડતી મુકાઈ. મહિલાઓએ હિંમત દાખવી જીવના જોખમે વૃક્ષોનું રક્ષણ કર્યું. ત્યારબાદ આ ચળવળ સમગ્ર વિસ્તારમાં અને બીજાં રાજ્યોમાં પણ પ્રસરી. સુંદરલાલ બહુગુણા, ચંડીપ્રસાદ, ગૌરાદેવી વગેરે જેવા પર્યાવરણ પ્રેમીઓએ ચળવળને નેતૃત્વ પૂરું પાડયું. ચીપકો આંદોલને ભારત અને વિશ્વના લોકોને અહિંસક અને સત્યાગ્રહના માર્ગે પર્યાવરણનું રક્ષણ કરવાની પ્રેરણા પૂરી પાડી. ચીપકો આંદોલન ભાવિ પર્યાવરણીય આંદોલનનું પ્રેરણાસ્રોત્ર બની રહ્યું.

ચીપકો આંદોલન બાદ દેશભરમાં પર્યાવરણના રક્ષણ માટેની લોકોમાં જાગૃતિ વધી અને અન્ય રાજ્યોમાં પણ જુદાં જુદાં કારણોસર પર્યાવરણ બચાવવા માટે આંદોલનો થયાં. જેમાં વર્ષ 1980 માં બિહારમાં શરૂ થયેલું જંગલ બચાવો આંદોલન, વર્ષ 1973 માં કેરલ રાજ્યમાં સાયલન્ટ વેલી પ્રોજેકટ આંદોલન, વર્ષ 1982 માં શરૂ થયેલું નવ ધાન્ય આંદોલન, વર્ષ 1985થી શરૂ થયેલું નર્મદા બચાવો આંદોલન વગેરે મુખ્ય ગણાવી શકાય.

પર્યાવરણના રક્ષણ માટે થયેલા સાયલન્ટ વેલી આંદોલન અને નર્મદા બચાવો આંદોલન વિશે પણ થોડો વિગતે ખ્યાલ મેળવીએ.

### (2) સાયલન્ટ વેલી બચાવો આંદોલન

સાયલન્ટ વેલી એ કેરળના પાલક્કાડ જિલ્લામાં આવેલો વન વિસ્તાર છે. સરકાર દ્વારા કુંતીપુઝ (Kunthipuzha) નદી પર બંધ બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો. બંધ પર શરૂ કરવામાં આવનાર હાઇડ્રોઇલેક્ટ્રીક પ્રોજેક્ટ દ્વારા વીજળીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવાનું આયોજન હતું, પરંતુ તેના કારણે વન અને પર્યાવરણને મોટો ખતરો પેદા થાય તેમ હતો. સાયલન્ટ વેલી વિસ્તારમાં રહેલી અલભ્ય વનરાજી અને દુર્લભ જીવસૃષ્ટિનું જીવન જોખમાય તેમ હતું. આથી કેરળ શાસ્ત્ર સાહિત્ય પરિષદ દ્વારા બંધનો વિરોધ કરવામાં આવ્યો અને પર્યાવરણના રક્ષણ માટે જનજાગૃતિ ફેલાવવામાં આવી. સ્થાનિક લોકોએ તેને સમર્થન આપી આંદોલનમાં જોડાયા. વર્ષ 1973 માં શરૂ થયેલું આંદોલન ધીમે ધીમે વેગ પકડવા લાગ્યું. સરકાર દ્વારા પ્રોજેક્ટની ઉચ્ચસ્તરીય તપાસ અર્થે નિમાયેલી સમિતિએ પણ પ્રોજેક્ટના લીધે પર્યાવરણને નુકસાન થવાનો અભિપ્રાય આપ્યો. આથી તત્કાલીન  વડાપ્રધાન દ્વારા પ્રોજેક્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. આખરે પ્રોજેક્ટ પડતો મુકાતાં સરકાર દ્વારા વર્ષ 1984 માં વન્ય જીવો અને પર્યાવરણના રક્ષણાર્થે સાયલન્ટ વેલીને રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યો.

### (3) નર્મદા બચાવો આંદોલન

નર્મદા નદી પર મોટો બંધ બાંધવાની યોજના શરૂ કરવામાં આવી. સરદાર સરોવર બંધને કારણે વીજળી ઉત્પાદન અને લાખો લોકોને પીવાનું પાણી મળી રહે તેવા ઉદ્દેશ સાથે શરૂ થયેલ આ યોજનાનો પર્યાવરણ ક્રિયાશીલો દ્વારા વિરોધ કરવામાં આવ્યો. વર્ષ 1985 થી શરૂ થયેલા નર્મદા બચાવો આંદોલનમાં કેટલાક સ્થાનિક લોકો અને અમુક બિન-સરકારી સંગઠનો પણ જોડાયાં. સરદાર સરોવર ડેમને કારણે વિસ્થાપિતોના પુનઃવસનનો મોટો પ્રશ્ન સર્જાયો. વિસ્થાપિતોના પુનઃવસન, સ્થાનિક પર્યાવરણને નુકસાન અને ડૂબમાં ગયેલી જમીન વગેરે મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને નર્મદા બચાવો આંદોલન શરૂ થયું. જોકે ગુજરાત સરકાર દ્વારા વિસ્થાપિતોનો પ્રશ્ન હલ કરાયો છે. તેમજ નર્મદાના કારણે લાખો લોકોને પીવાનું પાણી મળ્યું છે. કેટલાક વિસ્તારોમાં સિંચાઈ માટે પણ નર્મદાનું પાણી મળવાથી સૂકો વિસ્તાર નવપલ્લવિત થયો છે. સાથોસાથ ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ સુધરી છે.

આમ, પર્યાવરણની સમતુલા જાળવવા અને પ્રદૂષણને રોકવા માટે પર્યાવરણ પ્રેમી નાગરિકોના વ્યકિતગત પ્રયાસો, સક્રિય કાર્યકરો, સમૂહ માધ્યમો વગેરે મહત્ત્વની અને નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યાં છે. ભારતમાં પર્યાવરણના જતન અને પ્રદૂષણના નિયંત્રણ માટે ન્યાયતંત્રની ભૂમિકા બિરદાવવા લાયક છે. ભારતમાં અદાલતીય સક્રિયતાના કારણે પર્યાવરણ અને પર્યાવરણીય અધિકારોનું જતન થઈ શક્યું છે.

અંતમાં કહી શકાય કે, પર્યાવરણીય સમસ્યાઓ સ્થાનિક કક્ષાએથી શરૂ કરીને વૈશ્વિકકક્ષા સુધી ઊભી થઈ રહી છે. એટલે તેના ઉપાયો પણ વૈશ્વિક સ્તરના વિચારવા જોઈએ અને તેનો અમલ કરવો જોઈએ. આ દૃષ્ટિએ જોઈએ તો પર્યાવરણીય સમસ્યાઓ વધુને વધુ પ્રમાણમાં વૈશ્વિક સંદર્ભ ધરાવતી થઈ છે. કોઈ એક પ્રદેશ કે કોઈ એક રાષ્ટ્ર અથવા રાષ્ટ્રોનો એક સમૂહ પર્યાવરણીય સમસ્યાનો ઉકેલ લાવી શકે તેમ નથી. તે માટે રાષ્ટ્રોએ વૈશ્વિક સ્તરે ચર્ચાઓ કરવી જોઈએ અને તેના ઉકેલો શોધવાનો પ્રયાસ કરવો જાઈએ. આમ, પર્યાવરણ એક વૈશ્વિક સમસ્યા હોવાથી વિશ્વ રાજકારણને પ્રભાવિત કરે તે સમજી શકાય તેમ છે.

વૈશ્વિકીકરણના આજના યુગમાં બધાં રાષ્ટ્રોએ પોતપોતાની નૈતિક જવાબદારી સમજીને પર્યાવરણમાં ઉત્તરોત્તર જે હાનિકારક ફેરફારો થઈ રહ્યા છે, જેને જળવાયુ પરિવર્તન પણ કહેવામાં આવે છે તેનો સામનો કરવો જોઈએ તેમજ તેના ટૂંકા અને લાંબાગાળાના ઉપાયો વિશે ચર્ચા વિચારણા કરીને સહમતી સાધવાનો પ્રયાસ કરવો જોઈએ. જળવાયુ પરિવર્તનની અસર વત્તા ઓછા પ્રમાણમાં બધાં રાષ્ટ્રોને થઈ રહી છે અથવા થવાની છે એટલે સૌ રાષ્ટ્રોએ તેનું નિયમન કરવા માટે સહિયારો પ્રયાસ કરવાની જરૂર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ સંદર્ભમાં પરિષદો મળી છે અને મળવાની છે. તેમાં દરેક રાષ્ટ્રએ જળવાયુ પરિવર્તનમાં ઓછામાં ઓછા ફેરફારો થાય તેવા પ્રકારની નીતિ અપનાવવી જોઈએ. પૃથ્વી પરની જીવસૃષ્ટિને ટકાવી રાખનારાં જે પરિબળો છે તેમાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે, તેનું નિવારણ કોઈ એક રાષ્ટ્ર લાવી શકે તેમ નથી અને તે દૃષ્ટિએ તેનો વૈશ્વિક સ્તરે પ્રયત્ન થવો જોઈએ.

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

(1) કુદરતી સંસાધનોની ઉપયોગિતા જણાવો.

(2) કુદરતી સંસાધનોના રક્ષણ માટે આપણી વ્યક્તિ તરીકે શું ભૂમિકા હોવી જોઈએ?

(3) રાજ્ય માટે કુદરતી સંસાધનોનું શું મહત્ત્વ છે?

**2. ટૂંકનોંધ લખો.**

(1) વિશ્વ રાજકારણ સામે આર્થિક કટોકટી

(2) વિશ્વ રાજકારણ સામે સાંસ્કૃતિક કટોકટી

(3) વિશ્વ રાજકારણ સામે રાજકીય કટોકટી

(4) ચીપકો આંદોલન

**3. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) કુદરતી સંસાધનો કોને કહેવાય ?

(2) પુનઃ પ્રાપ્ય સંસાધનો એટલે શું ?

(3) પુનઃ અપ્રાપ્ય સંસાધનો એટલે શું ?

(4) જૈવિક અને અજૈવિક કુદરતી સંસાધનોનાં ઉદાહરણો આપો.

**4. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

(1) જલાવરણમાંથી મળતાં કુદરતી સંસાધનો જણાવો.

(2) વાતાવરણમાંથી મળતાં કુદરતી સંસાધનો જણાવો.

(3) મૃદાવરણમાંથી મળતાં કુદરતી સંસાધનો જણાવો.

**5. સાચો વિકલ્પ પસંદ કરી બાજુના ખાનામાં દર્શાવો.**

(1) કર્ણાટક અને તમિલનાડુ વચ્ચે કઈ નદીના પાણી માટે વિવાદ ચાલે છે? ☐

(અ) ગંગા (બ) નર્મદા (ક) કાવેરી (ડ) કૃષ્ણા

(2) ઈથિયોપીયા અને ઈજિપ્ત વચ્ચે કઈ નદીના પાણીની વહેંચણી થયેલી છે? ☐

(અ) ગંગા (બ) નાઈલ (ક) એમેઝોન (ડ) ઝાંબેજી

(3) સુંદરલાલ બહુગુણા કયા આંદોલન સાથે સંકળાયેલા છે? ☐

(અ) નર્મદા બચાવો (બ) ગંગા બચાવો (ક) ચીપકો આંદોલન (ડ) કાવેરી જળ વિવાદ

### પ્રવૃત્તિ

- વિદ્યાર્થીઓને ગોબર ગેસ પ્લાન્ટ, પવનચક્કી, સૌરઊર્જા પ્લાન્ટ, જળવિદ્યુત કેન્દ્ર જોવા લઈ જઈ શકાય.
- સૂર્યકુકરનો ઉપયોગ કરી બતાવવો.
- જે વિદ્યાર્થીઓ પેટ્રોલનાં વાહનો લઈને આવે છે તેમને સાઇકલ લઈને શાળાએ આવવા પ્રોત્સાહિત કરવા.
- વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવો.
- વિદ્યાર્થીઓને ભારતનો રાજકીય નકશો બતાવી ભારતની ભૌગોલિક સીમા અને સીમા વિવાદો અંગે માહીતગાર કરવા.

● ● ●